# પ્રતિમા પૂજન

પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર.

# પ્રતિમા પૂજન

લેખક
પ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણીવર

પ્રકાશક
સ્મૃતિ ગ્રંથ સમિતિ—મુંબઈ

પત્રવ્યવહારનું સરનામું
પી. બી. જૈન
૭-ખરીદીયા એપાર્ટમેન્ટ, વાસણા બસ સ્ટેન્ડ પાછળ અમદાવાદ-380007.

પ્રાપ્તિસ્થાન.

સોમચંદ ડી. શાહ જીવનનિવાસ સામે પાલીતાણા.
પાર્શ્વનાથ પુસ્તક ભંડાર તળાટીરોડ પાલીતાણા.
સરસ્વતી પુસ્તક ભંડાર રતનપોળ હાથીખાના અમદાવાદ-૧.
જશવંતલાલ ગીરધરલાલ દોશીવાડાની પોળ અમદાવાદ-૧.
પાર્શ્વ પ્રકાશન નીશાપોળ ઝવેરીવાડ અમદાવાદ-૧.
સેવન્તીલાલ વી જૈન. ૨૦, મહાજનગલી-ઝવેરીબજાર મુંબઈ-૨.

આવૃતિ-૩ જી.

કિંમત-૧૬-૦૦

મુદ્રક.

સરસ્વતી કંપોઝ,
ખાનપુર, અમદાવાદ.

# પ્રકાશકીય

દેવ–ગુરૂ–ધર્મના અસીમ પ્રભાવે તેમજ પરમોપકારી, પરમ પૂજ્ય, સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તથા પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી **પ્રદ્યોતન સૂરીશ્વરજી** મહારાજાના શુભાશિષથી, પ.પૂ. પંન્યાસજી ભગવંત **શ્રી ભદ્રંકરવિજયજી** ગણિવરશ્રીના સ્વર્ગવાસ પછી પણ તેઓશ્રીની વિશ્વ કલ્યાણકર કૃતિઓનું પ્રકાશન ચાલુ રહેલ છે.

આત્માને યૌવન બક્ષનારી આ કૃતિઓનું પ્રકાશન યથા સમયે થતું હોવા પાછળ સ્વ. પ. પૂ. **પં. ભગવંત** તથા સ્વ. આચાર્યદેવ **શ્રી કુંદકુંદસૂરીશ્વરજી** મહારાજની અદશ્ય કૃપાનો અતિ મૂલ્યવાન ફાળો છે.

પ.પૂ.પં. ભગવંતના સહજ વાત્સલ્યમાં સ્થાન પામીને કૃતકૃત્યતા અનુભવતા પૂજ્ય મુનિરાજ શ્રી **વજ્રસેનવિજયજી** મહારાજ સાહેબનો આ તથા બીજા પ્રકાશનોમાં પણ અનુમોદનીય ફાળો છે. જે ચીવટ અને લગનથી તેઓશ્રી પ. પૂ.પં. ભગવંતનાં વિશ્વોપકારી લખાણોને સુસંકલિત કરે છે તે ખરેખર અનુમોદનીય છે.

કોઈ પ્રકાશન કેવળ એક હાથે થઈ શકતું નથી. તેમાં અનેક મહાનુભાવોના વિવિધ પ્રકારના સહયોગની જરૂર રહે છે.

તે રીતે દ્રવ્ય–સહાયકો પણ જોઈએ છે. તેવા સહાયકોમાં **શ્રી હિંમતમલજી રૂગનાથમલજી, શ્રી. સી. કે. મહેતા, શ્રી સી. કે. શાહ, શ્રી શશીકાંતભાઈ કે. મહેતા, શ્રી બાબુભાઈ કડીવાલા, શ્રી નલિન કે. શાહ તથા સ્નેહલભાઈ** આદિ મુખ્ય સહાયકો છે તથા બીજા પણ અનેક સહાયકોનાં સહાયથી અત્યાર સુધીનાં પ્રકાશનો થયાં છે. જેમને યાદ કરતાં કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

જ્યારે આ પ્રકાશનના મૂળમાં મુખ્ય દ્રવ્ય–સહાયક શ્રી **સી. કે. મહેતા છે.** શરૂનાં પ્રકાશનોમાં પણ તેમનો સહકાર રહ્યો છે.

આ '**પ્રતિમા–પૂજન**'ની બીજી આવૃત્તિની જેમ આ ત્રીજી આવૃત્તિ પણ તેમના સહકારથી પ્રગટ થઈ રહી છે. જે તેમની શ્રી જિનેશ્વર પરમાત્મા તથા પ.પૂ.પં ભગવંત પ્રત્યેની અનુપમ ભક્તિ સૂચવે છે.

આ પુસ્તક વધુ ગ્રાહ્ય અને રોચક બને તે માટે પ્રકરણો નાના નાના કર્યા છે અને થોડો ક્રમ ફેરફાર કર્યો છે. આ કાર્યમાં પૂ. મુનિ **શ્રી પૂર્ણચન્દ્રવિજયજી** ગણિવર તેમજ **શ્રી મફતલાલ સંઘવી**નો મહત્ત્વનો ફાળો છે. વળી પૂ. મુનિરાજ **શ્રી હેમપ્રભવિજયજી**એ પણ આ પ્રકાશનમાં સારી સહાય કરી છે.

મનનીય આ પુસ્તકનું સુંદર મુદ્રણ કાર્ય, ઝડપથી પૂરું કરવા માટે શ્રી **અશ્વિનભાઈએ** સારી જહેમત ઉઠાવી છે.

મુદ્રણ સિવાયના પ્રકાશન કાર્યમાં શ્રી **ફકીરભાઈનો** પણ સારો સહકાર મળ્યો છે.

કોઈ પણ ઉત્તમ કાર્યમાં સહયોગ આપનારા સહુનો આભાર માનવાની સાથે સાથ તેને નિર્વિઘ્ને પૂરું પાડવામાં અચૂક સહાયક **શાસનદેવ** આદિ પ્રત્યે કૃતજ્ઞભાવ વ્યક્ત કરીએ છીએ.

તેમજ સાકાર આ વિશ્વમાં આકારની (પ્રતિમાની) પૂજા કેટકેટલી સ્વ-પરોપકારક છે, તે વાત હૃદયસાત્ કરવા માટે આ પુસ્તકના પ્રત્યેક પેજમાં પૂજા પ્રેમથી મનને પરોવવાની ભલામણ છે.

વિશ્વના સર્વ જીવોના આત્મીય એવા પ. પૂ. **પં. ભગવંતની** અન્ય કૃતિઓને તેમજ બીજા અપ્રકાશિત લખાણોને પણ ગ્રન્થસ્થ કરવાની અમારી ભાવનામાં શ્રી જિનશાસનપ્રેમી મહાનુભાવોનો આવો જ સહયોગ મળી રહેશે એવો વિશ્વાસ છે.

# આ યુગના યોગી

(આ પુસ્તકના સર્જકશ્રીનો ટૂંક પરિચય)

**આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી, કૃતિથી કામણગાર એક એકથી અધિકી અજોડતાના અવતાર સમા એવા પૂ. પન્યાસજી મહારાજનો પરિચય આ પુસ્તકનાં વાંચકોને પણ મળે તે હેતુથી આ લેખ રજુ કરેલ છે.**

કાળના કેલેન્ડર પર જ્યારે–જ્યારે વૈશાખનો મહિનો અને એનો અજવાળી ચૌદસનો દિવસ આવીને ઉભો રહેશે, ત્યારે–ત્યારે એક મહાપુરૂષની પુણ્ય સ્મૃતિ વધુ ઘેરી બન્યા વિના નહિ રહે! એ મહા–વિભૂતિનું પુણ્યનામ છે: પૂજ્ય પંન્યાસજી મહારાજ **શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર!** જૈન જગતમાં **પંન્યાજી–મહારાજ'ના** લાડીલા સંબોધનથી ખૂબ જ જાણીતા–માનીતા બનેલા એઓશ્રીના 'નામ–કામ'ની સ્મૃતિ એક રોમાંચક-ઈતિહાસનાં કેટલાંય પાનાઓને આંખ સામે ઉપસાવી જાય એવી છે.

સંવત ૧૯૫૯થી સંવત ૨૦૩૬ સુધીના ૭૭ વર્ષના કાળસાગરતા કિનારે પોતાના ચરણ ચિન્હો મૂકી જનારા પુણ્ય–પુરૂષોમાં પૂજ્ય પંન્યાસજી મહારાજ અનેક રીતે અનોખા જ નહિ, અજોડ પણ હતા. એની સાખ પૂરતું એમનું જીવન–કવન આપણી આંખ સામે છે.

જૈન–સંઘમાં છેલ્લી પાંચ–છ સદીઓ દરમિયાન જે ઈતિહાસ લખાયો, એમાં પૂજ્યશ્રીનું પ્રદાન એક નવી જ ક્ષિતિજના ઉદ્દઘાટન સમું હતું. મહામંત્ર શ્રી નમસ્કાર તો ઘરે–ઘરે અને જીભે–જીભે ગવાતો મંત્ર હતો અને છે, પણ એના મહિમાનું વિરાટ–ક્ષેત્ર જોઈએ એટલું સુપ્રસિદ્ધ નહોતું. એ ક્ષેત્ર પર ચિંતન–મનન કરીને, મંત્રાધિરાજના મહિમાનું વિરાટ–ગાન ગુંજતું કરવાનું જે કાર્ય પૂજ્યશ્રીએ પોતાના જીવન–કવન દ્વારા અદા કર્યું–એ અજોડ કહી શકાય એવું છે. આ જ રીતે મૈત્રી ભાવનાનાં તત્ત્વ અને સત્ત્વભર્યા મહત્ત્વને વધુ વિશદ રીતે સંઘમાં સ્થાપિત કરવાના એમના પુણ્ય–પગલાનો જોટો જડવો મુશ્કેલ છે.

પોતાની શાંત–પ્રશાંત આકૃતિ–પ્રકૃતિ દ્વારા, એક 'અજાત શત્રુ' તરીકેની પ્રતિષ્ઠા પામવા એઓ બડભાગી બની શક્યા હતા. છતાં જરૂરી ખંડનને એમણે કદિ વખોડયું નહોતું. ખંડન પણ મંડન માટે અને મંડનની મહેલાત

પણ ખંડનના ખોદકામ ઉપર જ! આ એમનો મુદ્રાલેખ હતો. એથી જ એમનું ખંડન પણ મંડનથીય વધુ મીઠું લાગતું, એ તો અનુભવીઓનો અનુભવ છે અને આ પુસ્તક તથા એમની કેટલીય કૃતિઓ આ વાતની સાખ પૂરે છે.

એમના પરિચયમાં જ પ્રશાંતિની એક એવી પરિમલ ઘૂંટાતી હતી કે-બળ્યો-ઝળ્યો કોઈ પણ માણસ એમના સાન્નિધ્ય માત્રથી કે એમની મૌન મુખ મુદ્રાના દર્શન માત્રથી હિમગિરિ જેવી ઠંડક માણ્યાની મસ્તી અનુભવી શકતો. આ જ એમની અજોડતા ન હતી, આટલી જ એમની વિશેષતા ન હતી. પણ એમની ખરી અજોડતા ને પૂરી વિશેષતા તો 'બોલ-ચાલ'ની એમની હિત-મિત અને પથ્યભરી તાસીર જ હતી! યોગ્ય વાતચીત કરવા દ્વારા, સામી વ્યક્તિની અધૂરાશને દૂર કરવામાં એમને મળતી સફળતાનો પાયો, આવી આ તાસીર હતી.

કોલાહલની કથાથી દૂર રહીને, આડમ્બરની અંજામણને અળગી રાખીને, આજના બજારૂ પ્રચારના પ્લેટફોર્મના પડછાયાથી પ્રેમ કર્યા વિના અને ઘોંઘાટના ઘંટનાદ કર્યા વગર એઓશ્રીએ સંઘમાં એક પ્રબુદ્ધ-વર્ગનો પાયો મજબૂત બનાવવાનું જે કાર્ય કર્યું-એ પૂજ્યશ્રીના જીવનમાં સધાયેલા સરસ્વતી અને સંયમના સંગમનો પ્રભાવ હતો.

**"જસ્સ મણે નવકારો, સંસારો તસ્સ કિં કુણઈ"** જેના મનમાં છે નવકાર, તેને શું કરશે સંસાર? નો ધર્મનાદ એઓશ્રી લગભગ હરહમેશ જગવતા. આ 'ખમું છું.' અને નમું છું' આ બે મુખ્ય વિષય એમને ખૂબ જ પ્રિય હતા. 'ખમવુ' એ નમ્રતાનું પ્રતીક છે અને 'નમવુ' એ ભગવાન તરફના ભક્તિભાવનું પ્રતીક છે. આ બે પ્રતીકને એઓએ જીવનમાં જીવી જાણ્યા હતા એની સાખ તો એઓશ્રીને વરેલું સમાધિ મૃત્યુ જ છે!

જીવન-ભરની સાધનાનું સરવૈયું એઓશ્રી સમાધિ મૃત્યુ દ્વારા સહુને સમજાવતા ગયા. કેવો જોગાનુજોગ! પાટણની જે ધરતી પર એઓના જન્મની જાજમ બિછાઈ, એ જ ધરતી પર આ જાજમ સંકેલીને એઓએ પરલોક-પ્રયાણ આદર્યું. છેલ્લાં ઘણા વર્ષોથી પોતાની સાધનાને વિકસાવવાના ધ્યેયથી એઓ મારવાડ ગોલવાડના પ્રદેશમાં વિચરતા હતા. આ ધરતીની મહેંકમાંથીય એમનો સંયમ-સુવાસનો ફેલાવા જાણી માણી શકાય એવો છે. લગભગ દોઢ દાયકાના મારવાડના વિહાર દરમિયાન એઓશ્રીની પુણ્યનિશ્રામાં સાધનાનો એક મહાભારત યજ્ઞ મંડાયો. એ પુણ્ય નિશ્રામાં ઉપધાન-તપ આદિ આરાધના કરવા તપસ્વીઓ તલપાંપડ રહેતા.

છેલ્લા વર્ષમાં એઓશ્રીના સંયમ-દેહને ઘેરી વળેલી અસ્વસ્થતાનું પ્રમાણ જોઈને ડોક્ટરો પણ છક્ક થઈ જઈને કહેતા કે-આ વિભૂતિ તો અમારી થીયરી

એક સામેનો પ્રચંડ પડકાર છે ! કોઈ દરદી આવા રોગમાં આવી રીતે જીવી શકે જ નહિ, આ વિભૂતિ એના પોતાના સંયમ-પ્રભાવથી જ જીવી રહી છે. દિવસે દિવસે વધતી જતી અસ્વસ્થતા જોઈને આશ્ચર્ય ચકિત બનતા ડોકટરો એમનું આરોગ્ય તો ન સુધારી શકતા, પણ એ ડોકટરો પોતે જરૂર ધર્મ-આરોગ્ય પામી જતા ! માંદગીના સમય દરમિયાન એમના પરિચયમાં આવેલાં સેંકડો ડોકટરો પર જે ધર્મ- છાયા ફરી વળી, એ આ વાતની પ્રતીતિ કરાવે છે.

મૃત્યુ જ્યારે સમાધિમય બનવાનું હોય છે, ત્યારે એને અનુરૂપ કેવા જોગાનુ-જોગ રચાઈ જતા હોય છે-એની પ્રતીતિ છેલ્લું ચાતુર્માસ કરાવી જાય એમ છે. ગુર્વાજ્ઞા પામીને એઓશ્રી પિંડવાડાથી પાટણ આવ્યા. પૂ. આ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની પુણ્ય-નિશ્રા એઓશ્રી ચાર મહિના સુધી પામી શકયા. ત્યારબાદ છેલ્લે-છેલ્લે ફાગણ મહિનામાં ત્રણ દિવસની ગુરૂ-નિશ્રા મેળવવા એઓશ્રી બડભાગી બન્યા ! મૃત્યુ-સમયના ઘડી-પળ પણ કેવા ધર્મસભર ! વૈશાખ સુખ ૧૪ ! અને પાક્ષિક-પ્રતિક્રમણ પછીનો ૮-૧૦ નો સમય ! આમ, એઓશ્રી સાધનાસભર જીવન જીવી ગયા, તો એના ફળ રૂપે સમાધિસભર મૃત્યુનો મહોત્સવ માણી શકયા !

જીવનથી સંયમ અને સરસ્વતીની સુવાસને ફેલાવનારા અને મૃત્યુથી 'વ્યાધિ-માંય સમાધિ'ના આદર્શને અજવાળી જનારા **પૂજ્ય પંન્યાસજી મહારાજ** વિ. સં. ૧૯૫૯ના માગસર સુદ ત્રીજે **પાટણ**ની ધર્મ-ધરા પર જન્મવાનું બડભાગ્ય લઈને આવ્યા હતા. ભાવિ-લક્ષણને અનુરૂપ '**ભગવાનદાસ**નું' યથાર્થ નામાભિધાન એઓ પામ્યા. એમના પિતા **શ્રી હાલાભાઈ મગનભાઈની** વ્યાપાર ભૂમિ મુંબઈ હોવાથી **ભગવાનદાસનો** ઘણો ખરો જીવન-ઉછેર મુંબઈમાં જ થયો. ૧૬ વર્ષની વયે મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ થયો. સાથે સાથે ધર્મ સંસ્કારો પણ વધતા જ રહ્યા. પૂર્વજન્મની પુણ્ય કમાણીની પ્રતીતિ કરાવતા જીવનના સ્વામી **ભગવાનદાસભાઈ** અનિચ્છાએ લગ્નગ્રંથિથી બંધાયા. પણ ગગનમાં મુક્ત-વિહારનું ભાગ્ય ધરાવતું એમનું અંતર તો મુક્તિના સ્વપ્નો જોવામાં જ ચકચૂર હતું.

સં. ૧૯૮૫ માં સકલાગમ રહસ્યવેદી પૂ. આ. **વિજય દાન સૂરીશ્વરજી મહારાજા** સપરિવાર મુંબઈ પધાર્યા અને પૂ. મુનિરાજ **શ્રી રામ વિજયજી** મહારાજની જોશીલી ધર્મવાણી **ભગવાનદાસભાઈ** માટે ભૂખ્યાને ભાવતા ભોજનની ગરજ સારી ગઈ. જીવનના વહેણને આધ્યાત્મિકતા ભણી મોડ આપવામાં આ સત્સંગનો પ્રભાવ દિવસે-દિવસે વધુ વધુ સફળ નીવડયો. અને શ્રાવકાવસ્થામાંય એમને પરમ શ્રધ્ધેય આદરણીય જેવા ભાવે જોતા અને એમની સૂચનાનુસાર ધાર્મિક

પ્રગતિ કરતો એક વર્ગ રચાઈ ગયો. એઓએ પૂજ્ય ઉપાધ્યાયજી **શ્રી યશોવિજયજી** મહારાજના ગુજરાતી–સાહિત્યનો સુંદર અભ્યાસ કરેલો. એથી આ સાહિત્યના માધ્યમે પોતાના વર્તુળમાં એઓ સુંદર ધર્મ–જાગૃતિ આણી શકયા.

એ જમાનો જુદો હતો. દીક્ષા ત્યારે દુર્લભ હતી. છતાં **ભગવાનદાસભાઈ**ની અજબ–ગજબની મક્કમતા આગળ અને એમના આધ્યાત્મિક–જીવનની અણનમ અસર આગળ કુટુંબને નમતું જોખીને, સંયમ માટે સહર્ષ અનુમતિ આપવાની ફરજ પડી. અને મુંબઈ–ભાયખલામાં સં. ૧૯૮૭ ના કાર્તિક વદ ત્રીજે **ભગવાનદાસભાઈ મુનિ શ્રી ભદ્રંકરવિજયજી** તરીકે **પૂ. રામવિજયજી** મહારાજના શિષ્ય બન્યા. ગૃહસ્થ–જીવનમાં આયંબિલના તપ તરફ અજબનો અનુરાગ હતો, એથી એકવાર એમણે ૭ મહિનાના લાગટ આયંબિલ કર્યા હતા. દીક્ષા બાદ નાદુરસ્ત તબિયતમાં પણ એમનો આ તપ પ્રેમ વધતો રહ્યો, અને વર્ધમાન તપની બાવન ઓળીઓ પૂર્ણ કરી.

પોતાના પરિચયમાં આવતા સાધકોના મન–મંદિરમાં માલિક રૂપે બિરાજી જવાની પુણ્ય–પ્રકૃતિ ધરાવતા મુનિરાજ **શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજ વિ. સં. ૨૦૦૭ ના મહા સુદી ૭ મે પાલિતાણાની પુણ્ય–છાયામાં પંન્યાસપદથી અલંકૃત થયા અને છેક મૃત્યુ સુધીના ઘડી–પળ સુધી **'પંન્યાસજી મહારાજ'** તરીકેની પ્રાપ્ત થયેલી એક અનોખી પ્રતિષ્ઠાને નિષ્ઠા પૂર્વક જાળવી શકયા, એમાં આ પુણ્ય–પ્રકૃતિનો પ્રભાવ બહુ મોટો હતો: પ્રભાવ–પુણ્યાઈ અને પવિત્રતાથી પરિપૂર્ણ હોવા છતાં 'આચાર્યપદનો અસ્વીકાર કરવાની નિરીહતાના કારણે એઓશ્રી વર્તમાન–યુગના **'પંન્યાસ શ્રીસત્યવિજયજી'** બની ગયા. એમ કહી શકાય. પંન્યાસ હોવા છતા આચાર્યો પણ **પૂ. પંન્યાસજી મહારાજ**ની અદબ જાળવતા. **આયંબિલનો તપ મહામંત્રનો જપ** અને **બ્રહ્મવ્રતનો ખપ**–આ સૂત્રની એમણે સિંહ-ગર્જના કરી, જેના પ્રભાવે નવપદ અને વર્ધમાન–તપની આરાધનામાં જોશ આવવા સાથે **સિદ્ધચક્ર મહાપૂજન**નો પ્રચાર જૈન સંઘમાં ખૂબ જ વેગીલો બનવા પામ્યો.

વિ. સં. ૧૯૮૭ થી પ્રારંભાયેલું એ સંયમ–જીવન, વિ. સં. ૨૦૩૬ ના વૈ. સુ. ૧૪ ના દિવસે સમાધિ–મૃત્યુ પામીને સફળતાને વર્યું. આ ૫૦ વર્ષના કાળનો ગાળો યાદ કરીશું, તો અનેકાનેક ગુણોના સદેહાવતાર રૂપે પૂ. પંન્યાસજી મહારાજનું પુણ્ય દર્શન લાધશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના જીવન-સાગરમાં–નિરભિમાન, અનાસંસભાવ, પરાર્થપ્રિયતા, કલ્યાણની કામના, સદૈવ સસ્મિત રહીને 'શિવમસ્તુ'નો આશીર્વાદ

વરસાવતી મુખ મુદ્રા, ઊંડા ચિંતન-મનનની અનુપ્રેક્ષા-પ્રિયતા, નમસ્કાર-નિષ્ઠા, ભગવદ્ ભક્તિ આદિની અનેકાનેક સદ્‌ગુણ સરિતાઓ સંગમ સાધતી જોવા મળશે. અને એના ખળભળાટમાંથી સરજાતા મહાગાનને સાંભળવા કાન સરવા કરીશું તો- **જસ્સમણે નવકારો સંસારો તસ્સ કિં કુણઇ, શિવમસ્તુસર્વજગતઃ, મિત્તિમે સવ્વભૂએસુ** અને **ખામેમિ સવ્વજીવે** જેવા કેટલાંય સાધના ગીતોનાં રહસ્યાર્થ **મિત્તિમે** પડઘો પાડતા સંભળાશે.

મન એમનું મૈત્રી અને મહામંત્ર પરના મનનથી મંજાયેલું હતું. ચિત્ત એમનું ચારિત્રથી ચોખ્ખું હતું. તન એમનું તપનો તાજગીથી તરવરાટ અનુભવતું હતું. જીવન એમનું જપની જ્યોતથી ઝળહળતું હતું. મુખ એમનું માધુર્યથી મનોહર હતું હાસ્ય એમનું રહસ્યભર્યું હતું તો બોલવું એમનું તત્ત્વ ભર્યું હતું. વાણી એમની વેધક હતી, તો મૌન પણ એમનું કંઇ ઓછું અસરકારક નહોતું. આવી એક-એકથી અધિકી અજોડતાઓના અવતાર સમા **પૂ. પંન્યાસજી મહારાજ** જૈન-સંઘમાં સહુ કોઈના હૈયામાં સ્થાન-માન પામી ચૂકયા. એના મૂળમાં વાત્સલ્ય-ભાવથી પવિત્ર એમનું ચારિત્ર હતું.

'**પૂ. પંન્યાસજી મહારાજ**' આટલા જ શબ્દો કાને અથડાતાની સાથે જ, આંખ આગળ વિશિષ્ટ-પ્રકારની સ્તુતિઓ સાથે સંકળાયેલો આકૃતિ, પ્રકૃતિ અને કૃતિનો એક ત્રિભેટો ખડો થઈ જાય છે. એ આકૃતિમાંથી-સ્મિત રેલાવતા, ધર્મનો લાભ પૂચ્છતા, શાંતિથી છલબલતા અને નખથી શિખ સુધી યોગીપણાના ચિન્હોથી પવિત્ર એક દેહાકારનું દર્શન મળે છે. એ પ્રકૃતિમાંથી આગને બાગમાં પલટાવતા, વિરોધને વિનયનું રૂપાંતર આપતા અને વાતાવરણને વાત્સલ્યથા ભરી દેતા, હિમશિલા જેવા શીતલ સ્વભાવના પ્રભાવની સ્મૃતિ સજાગ થાય છે. અને એ કૃતિમાંથી **અનુપ્રેક્ષાના અજવાળા** વેરતી, મનનની માધુરી રેલાવતી અને ચિંતનની ચાંદનીના ચમકારા પાથરતી-મહામંત્ર, મૈત્રી તેમજ ભગવદ્ ભક્તિના વિષયને ચર્ચતી અનેકાનેક વિદ્વદ્ ભોગ્ય કૃતિઓ આંખ સામે તરવરી ઉઠે છે.

આમ, આકૃતિથી અનોખા, પ્રકૃતિથી પ્રભાવશાળી અને કૃતિથી કામણગારા પૂજ્ય **પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર** પોતાની અનેક વિરલતાઓથી જૈન જગતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય, એવા કેટલાંય પ્રકરણો ઉમેરીને, એ ઇતિહાસને ગૌરવ અપાવી ગયા. આવા ઇતિહાસ-સર્જક આ યુગના યોગીના પુનર્દર્શન માટે હવે તો યુગો સુધી પ્રતીક્ષા જ કરવી રહીને ?

**પૂ. ગણિવર્ય શ્રી પૂર્ણચંદ્ર વિજયજી**

# અનુક્રમણિકા


| વિષય | પેઇજ |
|---|---|
| ૧ દુષમ-કાળ જિન-બિંબ-જિનાગમ ભવિયણકું આધારા- | ૧ થી ૭ |
| ૨ આકારનું આલંબન | ૮ થી ૧૩ |
| ૩ પ્રતિમા કઈ રીતે પૂજનીય ? | ૧૪ થી ૧૭ |
| ૪ ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું- | ૧૮ થી ૨૩ |
| ૫ જિન મંદિરોની ઉપકારકતા | ૨૪ થી ૩૮ |
| ૬ જિન પૂજા અને હિંસા-અહિંસા | ૨૯ થી ૩૫ |
| ૭ પ્રભુ-પૂજાના લાભ અપાર | ૩૬ થી ૩૮ |
| ૮ પ્રતિમા પૂજનની શાશ્વતતા | ૩૯ થી ૪૩ |
| ૯ જેની જોડ જડે નહિ જગમાં એવું જીવન જીવનારા | ૪૪ થી ૪૮ |
| ૧૦ જિન-પ્રતિમા જિનવર સમ ભાખી સૂત્ર ઘણાં છે સાખી ! | ૪૯ થી ૫૫ |
| ૧૧ મૂર્તિને અમાન્ય કરવાથી થતા ગેરફાયદા અને માન્ય કરવાથી થતા ફાયદા | ૫૬ થી ૬૦ |
| ૧૨ પ્રતિમા-પૂજનની શાસ્ત્રીયતા, વૈજ્ઞાનિકતા અને બુદ્ધિ ગમ્યતાને સિદ્ધ કરનારી પ્રેરક-બોધક પ્રશ્નોત્તરી-૧-૨ | ૬૧ થી ૭૭ |
| * ચાર નિક્ષેપા | |
| * નિક્ષેપાનું વિસ્તુત નિરુપણ | |
| ૧૩ પ્રેરક-બોધક પ્રશ્નોત્તરી ૩-૧૦ | ૭૮ થી ૯૩ |
| * સ્ત્રીનું ચિત્ર બધાને કામપ્રેરક છે પ્રભુમૂર્તિ કયાં બધાને ભક્તિ પ્રેરક છે ? | |
| * સ્થાપના વિના ધર્મક્રિયા ન થાય ? | |
| * સિદ્ધાયતન | |
| * પૂજન પ્રતિમાનું કે પ્રભુનું ? | |
| * નિરાકારની ઉપાસના | |

૧૪ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૧૧–૨૫ ૯૪ થી ૧૦૯
- ☐ મૂર્તિ અને ગુણસ્થાનક
- ☐ પથ્થરની પૂજા
- ☐ મૂર્તિ અને મુહૂર્ત
- ☐ પથ્થરમાં ગુણારોપણ
- ☐ આગમ એ આજ્ઞા (જિનવચન)ની પ્રતિમા, મૂર્તિ એ આકારની પ્રતિમા

૧૫ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૨૬–૪૦ ૧૧૦ થી ૧૨૬
- ☐ પત્થરની ગાય અને દૂધ
- ☐ મૂર્તિ પુજનીય, તો શિલ્પી કેમ નહિ?
- ☐ મૂર્તિમાં ગુણો ખરા?
- ☐ બે તીર્થંકરોનો ભેટો નહિ, તો મંદિરમાં અનેક મૂર્તિઓ કેમ?
- ☐ મૌન મૂર્તિની પૂજાથી શો લાભ?

૧૬ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૪૧ થી ૪૩ ૧૨૭ થી ૧૪૨
- ☐ ગણધરો માન્ય, તીર્થંકરો અમાન્ય?
- ☐ આગમો ૩૨ કે ૪૫?
- ☐ આગમોમાં ઠેર–ઠેર પ્રતિમાની પૂજનીયતાના પુરાવા.

૧૭ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૪૪ થી ૫૦ ૧૪૩ થી ૧૫૫
- ☐ પૂજા દ્વારા વીતરાગને ભોગી બનાવાય?
- ☐ પ્રભુ સમક્ષ નૈવેદ્યના ઢગ શા માટે?
- ☐ મૂર્તિપૂજાથી ચતુર્વિધ ધર્મની આરાધના
- ☐ વિષય કષાય રૂપ પ્રમાદના યોગથી જીવનો નાશ એજ હિંસા

૧૮ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૫૧ થી ૬૩ ૧૫૮ થી ૧૭૮
- ☐ દ્રૌપદીએ કરેલ પૂજા માન્ય કેમ?
- ☐ નંદીશ્વર આદિ દ્વીપમાં જંઘાચારણ–વિદ્યાચરણ મુનિઓ શું કરે છે?
- ☐ મહાનિશીથ સૂત્રનાં પુરાવા માન્ય કેમ?
- ☐ મૂર્તિને સચિત્ત જલથી સ્નાન શા માટે?

૧૯ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૬૪ થી ૭૨ — ૧૭૯ થી ૧૯૭

- ☐ પુષ્પ પૂજા અને હિંસા
- ☐ વ્યવહારની મુખ્યતા કે નિશ્ચયની ?
- ☐ બારવ્રત અને જિનપૂજા
- ☐ સેંકડો ગ્રંથમાં ઉપલબ્ધ પ્રતિમા પૂજનનાં વિધિ વિધાન
- ☐ પૂજાથી લાભ પામનારનાં દ્રષ્ટાંતો

૨૦ પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૭૩ થી ૮૦ — ૧૯૮ થી ૨૧૪

- ☐ મંદિરો–મૂર્તિઓની પ્રાચીનતા
- ☐ લાખોવર્ષ સુધી મૂર્તિઓ કઈ રીતે ટકે ?
- ☐ ચૈત્ય એટલે શું ?
- ☐ સૂર્યાભદેવનાં નાટકો
- ☐ સામાયિકમાં વધુ લાભ કે પૂજામાં ?

૨૧ પ્રતિમા પૂજનની પ્રાચીનતા — ૨૧૫ થી ૨૨૨

૨૨ અસીમોપકારી દેવદર્શન — ૨૨૩ થી ૨૨૭

૨૩ પ્રતિમા પૂજનની અકાટ્ય વ્યાપકતા — ૨૨૮ થી ૨૪૦

૨૪ શ્લોકાદિ સંગ્રહ — ૨૪૧ થી ૨૫૧

૨૫ પ્રતિમા–પૂજન–પરમપદનો પાયો ! — ૨૫૨ થી ૨૬૨

૨૬ ઉપસંહારનો ઉપદેશ — ૨૬૩ થી ૨૬૫

૨૭ પરિશિષ્ટ — ૨૨૬ થી ૨૭૨

## પરમ પૂજ્યપંન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીનાં પ્રાપ્ત પુસ્તક

| | | |
|---|---|---|
| ૧ | જૈન માર્ગની પિછાણ | ૫--૦૦ |
| ૨ | પમમેષ્ઠિ નમસ્કાર | ૭--૦૦ |
| ૩ | અનુપેક્ષા | ૮--૦૦ |
| ૪ | નમસ્કાર દોહન | ૪--૦૦ |
| ૫ | પ્રાર્થના | ૨--૫૦ |
| ૬ | આરાધનાનો માર્ગ | ૫--૫૦ |
| ૭ | આસ્તિકતાનો આદર્શ | ૧૦--૦૦ |
| ૮ | તત્ત્વદોહન | ૧૦--૦૦ |
| ૯ | તત્ત્વપ્રભા | ૯--૦૦ |
| ૧૦ | મનન માધુરી | ૪--૦૦ |
| ૧૧ | મંગલ વાણી | ૩--૦૦ |
| ૧૨ | અજાત શત્રુની અમરવાણી | ૫--૦૦ |
| ૧૩ | મહામંત્રનાં અજવાળા | ૩--૦૦ |
| ૧૪ | વચનામૃત સંગ્રહ | ૪--૫૦ |
| ૧૫ | ચુંટેલું ચિંતન | ૪--૦૦ |
| ૧૬ | જિનશાસનનોસાર | ૬--૦૦ |
| ૧૭ | કલ્યાણ વિશેષાંક | ૨૦--૦૦ |
| ૧૮ | ચિંતન-સુવાસ | પ્રેસમાં |

### પરમ પૂજ્ય આચાર્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સંપાદિત પ્રાપ્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧ | નમસ્કાર ચિંતામણી | ૧૫--૦૦ |
| ૨ | યશોવિજયજી ચોવીસી સાર્થ | ૧૦--૦૦ |
| ૩ | આનંદઘન ચોવીસી સાર્થ | ૧૦--૦૦ |
| ૪ | શ્રી માનવિજય ચોવીસી સાર્થ | ૧૦--૦૦ |
| ૫ | બોધદાયક દૃષ્ટાંતો ભાગ-૫થી૨૧ દરેકની | ૬--૦૦ |
| ૬ | વિવિધકાવ્ય સંચય | ૧૫--૦૦ |

૭ ભાવનાગીત સંગ્રહ ૧૫–૦૦
૮ આરાધનાસાર ૬–૦૦
૯ ધર્મનો પાયો ૪–૦૦
૧૦ જપસાધના ૩–૦૦
૧૧ સરળપ્રશ્નોત્તરી ૩–૦૦
૧૨ અમૃત જેવા ૨૧ સૂત્રો ૪–૦૦
૧૩ સ્નાત્રપૂજા સાથ ૩–૦૦
૧૪ સરળપૌષધવિધિ ૩–૦૦
૧૫ સમાધિવિચાર ૬–૦૦
૧૬ કથાકુંડે ખીલ્યા પ્રેરણાનાં પુસ્તકો ૩૦૦
૧૭ જીવન જ્યોત પૂ. કુંદકુંદ સૂરીશ્વરજીનું જીવન ભાગ–૧–૨
૧૮ વાંચો વિચારો ૧૫–૦૦

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વજ્રસેન વિજયજી મહારાજ સંપાદિત ગ્રન્થો.

૧ વિશેશાવશ્યક ભષ્ય ભાષાંતર ભાગ–૧ ૬૦–૦૦
૨ ,, ,, ,, ભાગ–૨ ૬૦–૦૦
૩ ઉત્તરાધ્યાયન સૂત્ર સટીક શ્રી લક્ષ્મીવલ્લભ ગણિટીકા ભાગ–૧ ૫૦–૦૦
૪ ,, ,, ,, ભાગ–૨ ૫૦–૦૦
૫ પ્રાકૃત વ્યાકરણ (અનેક પરિશિષ્ટ સહ) ૨૫–૦૦ અપ્રાપ્ય
૬ દોધકવૃત્તિ લઘુન્યાસસહ (પ્રાકૃતરૂપમાલાસહ) ૬–૦૦
૭ સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ લઘુન્યાસસહ ભાગ–૧–૨–૩ ૨૦૦–૦૦
(૨૦૪૨ની દિવાળીએ પ્રગટ થશે)
૮ ઉપદેશમાળા–જ્ઞાન સાર–હારિભદ્રીય અષ્ટક
ધર્મરત્ન પ્રકરણ આદિ અલગ અલગ મૂળગ્રંથો મુલ્ય ભેટ

# પ્રતિમા પૂજન

# દુષમ--કાળ જિન--બિંબ જિનાગમ ભવિયણકું આધારા !

## ૧

સમર્થ શાસ્ત્રકાર મહર્ષિ, આચાર્યદેવ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા અને તેમની પહેલાંના પણ મહાન પૂર્વાચાર્ય મહર્ષિઓ ફરમાવે છે કે–

**चैत्यवन्दनत: सम्यक् शुभो भाव: प्रजायते ।**
**तस्मात् कर्मक्षय: सर्व, तत: कल्याणमश्नुते ॥**

અર્થ :– ચૈત્ય એટલે શ્રી જિનમંદિર અથવા શ્રી જિનબિંબ તેને સારી રીતે વંદન કરવાથી પ્રકૃષ્ટ શુભ ભાવ પેદા થાય છે. શુભ ભાવથી કર્મનો ક્ષય થાય છે અને કર્મના ક્ષયથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

"ચૈત્યવંદન" નો બીજો અર્થ 'પ્રતિમા–પૂજન' છે. મન, વચન, કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ એ વંદન છે. ઉક્ત શ્લોકમાં વપરાએલો 'સમ્યગ્' શબ્દ આ સંદર્ભમાં છે. એટલે કહેવાયું છે કે, સમ્યગ્દૃષ્ટિ આત્માને શ્રી જિન પ્રતિમામાં શ્રી જિનરાજ દેખાય છે.

સમ્યગ્ દૃષ્ટિ એટલે તત્ત્વ દૃષ્ટિ, સારગ્રાહી દૃષ્ટિ ! જે પદાર્થ જેવો છે, તેનું તે પ્રકારે દર્શન કરનારી દૃષ્ટિને યથાર્થ દૃષ્ટિ પણ કહે છે. આવી દૃષ્ટિવાળાને શ્રી જિન પ્રતિમામાં શ્રી જિનરાજ દેખાય છે.

ભૂગોળના વિદ્યાર્થીને ૪ × ૪ ના નકશામાં આખી દુનિયા દેખાય છે—આ હકીકતનો સ્વીકાર કરનાર, ભક્તિ માર્ગના પ્રવાસીને મૂર્તિમાં ભગવાન દેખાતા હોવાની હકીકતનો સ્વીકાર કરવો જ પડે, તોજ તે ન્યાય બુદ્ધિવાળો કહેવાય.

નિયમ છે કે ભાવને જગાડવામાં દ્રવ્ય વિશિષ્ટ ભાગ ભજવે છે.

સાપને જોતાં મનમાં ભય જાગે છે.

સંતને જોતાં સદ્ભાવ જાગે છે.

બીજના ચન્દ્રને જોતાં ઉલ્લાસ જાગે છે.

ખંડિયેરને જોતાં વિષાદ જાગે છે.

આ નિયમ અનુસાર શ્રી જિનેશ્વરદેવોના મનોહર બિંબો ઉત્તમોત્તમ દ્રવ્ય છે.

શાન્ત આકારવાળાં શ્રી જિન બિંબોનાં દર્શન, વંદન, પૂજનથી કર્મનો ક્ષયોપશમ થાય છે. મનમાં રહેલા રાગ અને દ્વેષરૂપી મળનો નાશ થાય છે. તેમાં શ્રી જિન પ્રતિમા અજોડ કારણ છે.

શ્રી જિનેશ્વરદેવ એ સર્વોત્તમ વિશ્વપુરુષ છે. તેમની પ્રતિમા એ તેમની પ્રતિકૃતિ છે—આકૃતિ છે, માટે તેમની પ્રતિમાનાં દર્શનથી શ્રી જિનેશ્વરદેવના અનંત ગુણોનાં સઘન સ્વરૂપનું, એક જ સમયે, એક જ સ્થળે દર્શન કરવાનો ધન્ય અવસર સાંપડે છે.

શાસ્ત્ર-વિશારદો ફરમાવે કે-

चित्तम् अन्तःकरणं, तस्य भावः कर्म्म वा, प्रतिमा लक्षणम् अर्हच्चैत्यम्। अर्हतां प्रतिमाः प्रशस्तसमाधिचित्तोत्पादकत्वात् चैत्यानि भण्यन्ते।"

ચિત્ત એટલે અંતઃકરણ, અંતઃકરણનો ભાવ અથવા અંતઃકરણની ક્રિયા, તેનું નામ ચૈત્ય છે. અરિહંતોની પ્રતિમાઓ અંતઃકરણની પ્રશસ્ત સમાધિ પેદા કરનાર હોવાથી, 'ચૈત્ય' કહેવાય છે.

**ચૈત્ય શબ્દનો બીજો અર્થ–**

**चैत्यं जिनौकस्तद्बिंबम्**

**'શ્રી જિનગૃહ અથવા શ્રી જિનબિંબ'**

એવો પણ અર્થ કોષકારોએ કરેલો છે. તે ચૈત્યને વન્દન આદિ કરવાથી શુભ ભાવની વૃદ્ધિ થાય છે. શુભ ભાવની વૃદ્ધિથી ઉત્તરોત્તર સમ્યગ્ દર્શનાદિ વિશુદ્ધ ધર્મોની પ્રાપ્તિ થાય છે અને એથી પરંપરાએ સર્વ કર્મની મુક્તિ આદિ મહત્ કાર્યો પણ સિદ્ધ થાય છે.

**શ્રી જિનપૂજન એ ન્યાયયુક્ત છે.**

દશ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિજી વાચકવર્ય શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં ફરમાવે છે કે–

**अभ्यर्चनादर्हतां मनः प्रसादस्ततः समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥**

રાગ દ્વેષાદિ મળથી રહિત શ્રી અરિહંત ભગવંતોની અભ્યર્ચના, અભિગમન, સ્તુતિ, વંદન અને ઉપાસના આદિથી ચિત્ત પ્રસન્ન થાય છે.

જેમ નિર્મળ જળથી બાહ્ય મળ દૂર થાય છે, તે જ રીતે શ્રી અરિહંતો, રાગ-દ્વેષાદિ આંતર મળથી રહિત હોવાથી તેમની પૂજા-ભક્તિ-સ્તુતિ કરનારાઓના રાગાદિ મળોનો નાશ કરે છે.

રાગાદિ મળો નાશ પામવાથી ચિત્ત પ્રસન્ન થાય છે.
ચિત્ત-પ્રસન્નતાથી ચિત્તની એકાગ્રતા સધાય છે.
ચિત્ત એકાગ્ર થવાથી તત્ત્વ શ્રવણની અભિલાષા થાય છે.
તત્ત્વ શ્રવણની અભિલાષાથી ભાવ-પૂર્વકનું શ્રવણ થાય છે.

ભાવયુક્ત શ્રવણથી તત્ત્વવિષયક ગ્રહણ ધારણ અને ઉહાપોહ થાય છે.

ગ્રહણ, ધારણ અને ઉહાપોહથી તત્ત્વનો અધિગમ થાય છે.

તત્ત્વનો અધિગમ થવાથી હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થાય છે. હિત પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થવાથી નિઃશ્રેયસ અર્થાત્ પરમ કલ્યાણરૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

આ રીતે સમાધિથી માંડીને નિઃશ્રેયસ પર્યંત, કલ્યાણોની પરંપરાની પ્રાપ્તિના હેતુભૂત હોવાથી શ્રી અરિહંતોનું પૂજન, અભિગમન, વંદન અને પર્યુપાસન આદિ ન્યાયયુક્ત છે.

શ્રી અરિહંતોને તો પૂજનની જરૂર નથી, પરંતુ કલ્યાણ પરંપરાના હેતુભૂત હોવાથી કૃતાર્થ એવા શ્રી અરિહંતોની પૂજા આપણા માટે અવશ્ય કર્તવ્ય છે.

શ્રી અરિહંતોની પૂજા તેમના બિંબોની પૂજા દ્વારા થઈ શકે છે. સંસારી આત્માઓ ધર્મ કરવામાં પ્રાયઃ આળસુ, કષ્ટભીરૂ અને પ્રમાદી હોય છે. તેવા સર્વ જીવોને શાન્ત આકારવાળી પ્રતિમા જોઈને કર્મનો ક્ષયોપશમ થાય છે.

**મયૂરને જોતાં સર્પ-સમૂહ ભાગ ભાગ કરે છે તેમ શ્રી જિન પ્રતિમાના દર્શનથી કર્મ સમૂહમાં ભારે નાસભાગ શરૂ થાય છે.**

કર્મનો ક્ષયોપશમ થવામાં શાસ્ત્રકારોએ દ્રવ્યાદિને હેતુ માનેલા છે. શ્રી જિનેશ્વરદેવના મનોહર બિંબો એ ઉત્તમોત્તમ દ્રવ્ય છે. શ્રી જિનમંદિર એ ઉત્તમ ક્ષેત્ર છે. પૂજન વખતનો કાળ તથા ભાવ પણ ઉત્તમ હોય છે. ઉત્તમ પ્રકારના દ્રવ્યાદિની સામગ્રીથી થતી પૂજાથી મોહરૂપી મળ કપાય છે અર્થાત્ મોહનીયાદિ કર્મ પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય છે.

મોહનીયાદિનો ઉપશમાદિ થવાથી ચિત્ત પ્રસન્ન, સ્વચ્છ, નિર્મળ થાય છે.

ચિત્ત નિર્મળ થવાથી શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધા પ્રગટ થાય છે. તેથી શ્રી જિનવચનનું શ્રવણ થાય છે અને શ્રવણથી સમ્યગ્ દર્શનાદિ ગુણોનો લાભ થાય છે.

સમ્યગ્ દર્શનાદિ ગુણોને પ્રાપ્ત કરનારા આત્માઓને પણ શ્રી જિન પ્રતિમાનાં દર્શન, પૂજન, વંદનાદિ વડે પ્રમાદ વગેરે દૂર થાય છે, સંવેગ આદિ વધે છે અને શ્રી જિનગુણના ધ્યાનમાં એકાગ્રતા પ્રાપ્ત થાય છે અને એથી પરમ શમરસભાવની પ્રાપ્તિ થાય છે.

આ રીતે શ્રી જિન પ્રતિમાની પૂજા-ભક્તિ, સ્તુતિ એ સ્વ-પર કલ્યાણકારી હોઈને નિત્ય કરવા યોગ્ય છે.

અવશ્ય કરવા જેવાં જેટલાં શ્રેષ્ઠ કાર્યો છે, તેમાં શ્રી જિન પૂજા પ્રથમ નંબર ધરાવે છે. કારણ કે તેમા આ વિશ્વના પ્રથમ નંબરના શ્રેષ્ઠ આત્માની પૂજા છે, ભક્તિ છે અને સ્તવના છે.

એવો કોઈ જીવ આ વિશ્વમાં નથી કે જે પોતે પોતાના ક્ષેત્રમાં પ્રથમ નંબર મેળવવા ન ચાહતો હોય. સ્વાભાવિક એવી આ ચાહનાની સિદ્ધિ, તે ક્ષેત્રના પ્રથમ નંબરના પુરુષની અનન્ય ભાવે ભક્તિ કરવાથી થાય છે, તે સર્વ વિદિત હકીકત છે. તે જ રીતે માનવ જીવનના ઉત્કૃષ્ટ પદની સાધનાની સિદ્ધિ, સર્વોત્કૃષ્ટ પદે રહેલા શ્રી અરિહંત પરમાત્માની પ્રતિમા આદિ ચારે નિક્ષેપાની અનન્ય ભાવે ઉત્તમ પ્રકારનાં દ્રવ્યો વડે ભક્તિ કરવાથી થાય છે.

### સાધ્ય-સાધનનો વિવેક

જે વ્યક્તિનું સાધ્ય જે પ્રકારનું હોય છે, તેની સાધના માટે તેને તેવા પ્રકારના સાધનનો શ્રેષ્ઠ પ્રકારે ઉપયોગ કરવો પડે છે. મકાનનો સાતમો માળ જેનું સાધ્ય છે, તેને ત્યાં પહોંચવા માટે તેટલી જ ઊંચાઈવાળી નિસરણી કે લીફ્ટનો સહારો લેવો પડે છે. જો તે વખતે તે એવી દલીલ કરે કે, જડનો આશરો ચેતન માટે નકામો છે, તો તે ઠેરનો ઠેર રહે છે, સાતમા માળે એ જઈ શકતો નથી.

તે જ રીતે ઉત્તમ પ્રકૃતિના માણસનું ઉત્તમ સાધ્ય મોક્ષ છે. તેની સાધના સર્વોત્તમ એવા શ્રી જિનેશ્વરદેવના નામ -આકૃતિ આદિ ચારે નિક્ષેપાની અનન્ય ભાવે સેવા-પૂજા દ્વારા જ થાય છે. આવા પૂજકને શ્રી જિનરાજના નામ અને ગુણ જેટલી જ પૂજ્યતમ શ્રી જિન-પ્રતિમા લાગે છે.

એક વિવેક ગુણની વિશેષતા વડે માણસ, પશુ કરતાં મહાન ગણાય છે. આ વિવેક ગુણ વડે આપણે સારાસારનો નિર્ણય કરી શકીએ છીએ. પશુને ભૂખ લાગે છે, તો તે ગમે ત્યાં મોં નાંખે છે, ભૂખ્યો માણસ તેમ કરતાં અચકાય છે. આમ થવાનું કારણ તેનામાં રહેલો વિવેક ગુણ છે.

સાધ્ય નક્કી કર્યા પછી સાધનની પસંદગી વિવેકપૂર્વક કરવી, તે દરેકની ફરજ છે. તો મુક્તિ જેનું સાધ્ય છે, તેને મૂર્તિની ભક્તિ સિવાય શી રીતે ચાલે ? વિવેકીને આ વાત તરત ગળે ઉતરે છે. કારણ કે તે

જાણે છે કે, મૂર્તિના દર્શનથી અમૂર્ત આત્માના દર્શન કરનારી દૃષ્ટિ ઉઘડે છે. મૂર્તિની પૂજાથી પરમોપકારી પ્રભુના ઉપકારીની પૂજા થાય છે. મૂર્તિની સ્તવનાથી જીભ પાવન થાય છે.

સકળ લોકને મુક્તિ અને મુક્તિમાર્ગનું ભાન કરાવનારા અને જ્ઞાન પીરસનારા શ્રી જિનેશ્વરદેવ છે. એ હકીકત જાણ્યા પછી પણ જો આપણને શ્રી જિનમૂર્તિ શ્રી જિનરાજ તુલ્ય ન લાગે તો તે ભારોભાર અવિવેક છે.

એક ભોમિયાને હોંસે હોંસે આંગળી આપી દેનારા માર્ગભૂલ્યા પ્રવાસી જેવા જ આપણે છીએ, તેમ છતાં વિવિધ ગ્રન્થિઓ, પૂર્વગ્રહો, વિપરીત માન્યતાઓ વગેરેને વશ થઈને ભીષણ ભવસાગરથી તારનારી મૂર્તિનું આલંબન લેતાં આપણે ખચકાઈએ છીએ. આવો ખચકાટ જો આપણા મનમાં હોય, તો આપણે મુમુક્ષુ છીએ, એમ શી રીતે કહેવાય ?

મન ચંગા તો કથરોટ મેં ગંગા ! અમે તો ગુણના પૂજારી અને નામમંત્રના આરાધક છીએ ! આવી-આવી વાતો રજૂ કરીને જે કોઈ મૂર્તિપૂજાની ઉપેક્ષા કરે છે, તે આંખો બંધ કરીને દર્પણમાં પોતાનું મોં જોવાનો પ્રત્યન કરે છે, એમ શાસ્ત્રો ફરમાવે છે.

આખું પાકશાસ્ત્ર ભણી જનારો માણુસ રસોઈ બનાવવાનો અવસર આવી લાગે તો એક કુશળ રસોઈયા આગળ ઝાંખો પડી જાય છે. કારણ કે તે રસોઈ બનાવવાનું જ્ઞાન ભણ્યો છે પણ ગણ્યો નથી. અર્થાત્ રસોઈ બનાવવાની પ્રેકટીકલ Practical તાલીમ હજી તેણે લીધી નથી.

તે જ રીતે સમર્થ શ્રુતધરને પણ પોતાના શ્રુતાભ્યાસની પરિણુતિ માટે શ્રી જિનમૂર્તિની ભક્તિ કરવી જ પડે છે. માટે જ કહેવામાં આવ્યું છે કે, શ્રીજિનમૂર્તિ અને શ્રી જિનાગમ એ ભવ્ય આત્માને તરવાનાં અનન્ય સાધન છે. આ બંને સાધનને સાધ્ય માનવાં તે વિવેકી પુરુષનું લક્ષણ છે. એકાન્ત નિશ્ચયનો આશરો લઇને ઉચિત વ્યવહારની ઉપેક્ષા કરવી તેમાં વિવેકશૂન્યતા છે.

સંસારીનું મન ચંચળ હોય છે, તેને સુસ્થિર, સુલીન કરવાનો શ્રેષ્ઠ ઉપાય, શ્રેષ્ઠ દ્રવ્યો તેમજ ભાવપૂર્વક શ્રી જિનમૂર્તિની પૂજા સ્તવના કરવી તે છે.

**શ્રીજિન મૂર્તિની ભવ્યતા :-**

શાન્તાકાર, મનમોહક, ચિત્તાકર્ષક, તન્દ્રાને હરનારી અને વીતરાગતાના જીવંત મહાકાવ્ય સમી જિનમૂર્તિ સાક્ષાત્ શ્રી જિનરાજ સરખી છે. તેમના નયનોમાં નર્યો નિર્મળ સ્નેહ છે. ઓષ્ઠયુગલ પર પરમ મૌન મૂર્તિમંત છે.

કહેવાય છે કે મોનાલીસાની છબી જોતાં વેંત માણુસ મુગ્ધ બની જાય છે, તે છબીમાંજ અદ્ભુત કલામયતાં; ભલભલા માણુસના મનને જકડી લે છે.

આ માન્યતાનું વિશ્વવ્યાપી સર્વેક્ષણ જ્યારે થાય ત્યારે ખરૂં પણ શ્રી જિનપ્રતિમા આ વિશ્વની બેનમૂન કલાકૃતિ હોવાની હકીકતનું સર્વેક્ષણ કરીને તત્ત્વવેત્તા મહાપુરુષો ફરમાવે છે કે-

**नेत्रानन्दकरी, भवोदधितरी, श्रेयस्तरोर्मञ्जरी**
**श्रीमद्धर्ममहानरेन्द्र नगरी, व्यापल्लता धूमरी।**
**हर्षोत्कर्षशुभप्रभावलहरी, रागद्विषां जित्वरी**
**मूर्तिः जिनपुङ्गवस्य भवतु, श्रेयस्करी देहिनाम्॥**

શ્રી જિન પ્રતિમા, ભક્તજનોનાં નેત્રોને આનંદ પમાડનારી છે.

સંસારરૂપી સમુદ્રને તરી જવા માટે નાવ સમાન છે.

કલ્યાણરૂપ વૃક્ષની મંજરી જેવી છે.

ધર્મરૂપ મહા નરેન્દ્રની નગરી તુલ્ય છે.

આપત્તિઓરૂપ લતાઓનો નાશ કરવા માટે ધૂમરી-હિમ જેવી છે.

હર્ષના ઉત્કર્ષનો શુભ પ્રભાવ વિસ્તારવામાં એ સમુદ્રની લહેર જેવી છે.

તથા રાગ-દ્વેષરૂપ શત્રુઓનો જય સાધનારી છે.

આવી જિનેશ્વર દેવની મૂર્તિ જગતના જીવોનું કલ્યાણ કરનારી થાઓ !

શ્રી જિનમૂર્તિના આમૂલ-સર્વેક્ષણ પૂર્વકનું આ વિધાન સચોટ અને તત્ત્વસંગત છે. સર્વ વિવેકી જનને એ સમ્મત છે. ન્યાયના સર્વ દષ્ટિકોણુથી એ પુરસ્કૃત છે. માટે જ વિશ્વમાં આકારાના કોઇને કોઈ પ્રકારને પૂજનારાઓ હંમેશા વિદ્યમાન હોય છે.

# આકારનું આલંબન

# ૨

## નામ અને આકારનું આલંબન

શ્રી જિનેશ્વર દેવ તેમના માર્ગે ચાલનારા નિર્ગ્રંથ ગુરૂઓ અને તેમણે પ્રતિપાદન કરેલો ધર્મ–આ ત્રણેયને માનવા છતાં આ ત્રયેયની સાધના જેટલી જેટલી રીતે થાય છે, તેટલી સઘળી રીતોને નહિ માનનાર આત્મા, શ્રી જિનશાસનમાં આસ્તિક તરીકે ટકી શકતો નથી.

શ્રી જિનેશ્વર દેવની સાધના જેમ તેમના નામ–સ્મરણથી, ગુણસ્મરણથી, ચરિત્રોના શ્રવણથી, ભક્તિથી અને તેમની આજ્ઞાના પાલનથી થાય છે, તેમ તેમના આકાર, મૂર્તિ કે પ્રતિબિંબની ભક્તિથી પણ થાય જ છે. આ સત્યનો સ્વીકાર કરવો તે પૂરી આસ્તિકતા છે. તેના સિવાય શ્રી જિનેશ્વરદેવની કરાતી ઉપાસના પણ અધૂરી જ રહે છે.

શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાની પૂજા એ કોઈ કલ્પિત વસ્તુ નથી ? પોતાનો સ્વાર્થ સાધવા માટે કોઈ ધૂર્ત પુરુષે ઉપજાવી કાઢેલી આ વસ્તુ નથી ! આ તો ભક્ત આત્માઓના હૃદયના ઊંડા ભક્તિ ભાવમાંથી જન્મેલી એક તદ્દન સાહજિક અને અનિવાર્ય વૃત્તિ અને પ્રવૃત્તિ છે.

જગતના તમામ પ્રાણીઓની ચિત્તવૃત્તિ પોતપોતાને ઈષ્ટ એવા પદાર્થોના ગુણ ધર્મની જેમ રૂપ–રંગ પ્રત્યે કુદરતી રીતે ઢળેલી હોય છે, એટલું જ નહિ, પણ છદ્મસ્થ આત્માઓ વસ્તુના ગુણધર્મની પરખ મોટે ભાગે તેના રૂપ, રંગ આદિ ઉપરથી જ કરી શકે છે.

મૂર્ત [ઈન્દ્રિય-ગોચર] પદાર્થોના ઘણા ખરા ગુણધર્મ પણ અમૂર્ત (ઈન્દ્રિય-અગોચર) હોય છે, તો પછી અમૂર્ત પદાર્થોના સઘળા ગુણધર્મ અમૂર્ત હોય, તે સ્વાભાવિક છે. અમૂર્ત પદાર્થોનાં અમૂર્ત ગુણ-ધર્મોનું સ્વરૂપ તેમનાં નામ અને આકાર સિવાય અન્ય રીતે જાણી શકાય, એવો કોઇ ઉપાય આ જગતમાં હજી સુધી શોધાયો નથી !

અમૂર્ત કે મૂર્ત-એમાંથી એક પણ પદાર્થના સઘળા ગુણ-ધર્મો અને તેના સ્વરૂપનો બોધ છદ્મસ્થ આત્માઓને તેમના નામ અને આકારના આલંબન વિના અંશમાત્ર પણ થઇ શકતો નથી. આમ છતાં તેની ભક્તિ કે ઉપાસના, તેના નામ કે આકારનું આલંબન લીધા વિના જ થઈ શકે, એમ માનવું એ મોટી ભૂલ છે.

**નામની ભક્તિનો સ્વીકાર ! અને આકાર ભકિતનો ઈન્કાર !**

નામની ભક્તિનો સ્વીકાર કર્યા પછી તે નામ જેનું છે, તેના આકારની ભક્તિનો ઈન્કાર કરવો-એ બાબત તો પોતે નામનો જ ભક્ત હોવાનો પુરાવો છે. જેને 'ભારત' આ નામ ગમતું હોય; તો પછી તેની નજર સમક્ષ ભારતનો નકશો આવે, તો તે રાજીનો રેડ થઈ જાય કે નારાજ થઇને તે નકશા ઉપરથી નજર ઉઠાવી લે ? એમ કહેવું જ પડે કે, એ નકશાને મન દઇને નિરખ્યા જ કરે !

કોઈ એક દૃષ્ટિકોણથી એમ પણ કહી શકાય કે, નામથી જેટલા પ્રમાણમાં કામ સરે છે, તેના કરતાં અધિક પ્રમાણમાં આકારથી સરે છે. દા. ત. એક જાહેર સભામાં સભા સંચાલકે માઈક ઉપર અશોકભાઈને બોલાવ્યા. એટલે સભામાં હાજર રહેલા બધા અશોકભાઈઓ ઊભા થઈ ગયા. તે જોઈને એક સભાજન બોલ્યા. આપને કયા અશોકભાઈની જરૂર છે ? તે વિગતે જણાવો અથવા તેનો ફોટો રજૂ કરો ! આમ, નામ કરતાં આકૃતિ વધુ સહાયક નીવડે છે, તે આ દાખલાથી સમજાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, દેહાકારના નામની ભક્તિનું ફળ માનવા છતાં સાક્ષાત્ દેહાકારની ભક્તિને નિષ્ફળ માનવી, એમાં બુદ્ધિમત્તા નથી. નામ કે નામની સ્થાપના-એ જેમ શબ્દાત્મક જડ પુદ્ગલોથી બનેલ છે, તેમ દેહાકાર કે તેની સ્થાપના પણ આકારવાળા જડ પુદ્ગલોથી જ બનેલ છે.

શબ્દાત્મક સ્વરૂપ પણ જડ પુદ્ગલોની ભક્તિને ફળવતી માનવી અને એ જ શબ્દને ઉત્પન્ન થવાના અસાધારણ નિમિત્ત સ્વરૂપ આકારાત્મક વિશાળ-કાય જડ પુદ્ગલોની ભક્તિને નિષ્ફળ એટલે કે પાપવર્ધક માનવી, એ ટૂંકી બુદ્ધિનું પરિણામ છે. નામ જો કલ્યાણકર છે, તો એ નામ જે આકારનું છે, તે આકાર અધિક કલ્યાણકર છે. એમાં કોઇ પણ સમજદારના બે મત હોઈ શકે જ નહિ.

**સાવદ્યતા— નિરવદ્યતાનો ભેદ સમજવો ખૂબ જરૂરી**

નામની ભક્તિ નિરવદ્ય (નિષ્પાપ) છે અને આકારની ભક્તિ સાવદ્ય (સપાપ) છે, એવો તર્ક કરનારા સાવદ્ય-નિરવદ્યના ભેદને સમજી શક્યા નથી. ભક્તિ કે ગુણ પ્રાપ્તિના કોઇ પણ કાર્યને સાવદ્ય કહેવું, એ શ્રી જૈનશાસનને સમ્મત નથી. એટલું જ નહિ, પરંતુ કોઇ શિષ્ટ માણસનેય એ કથન સમ્મત થઈ શકે તેમ નથી.

અધિક સાવદ્યથી અટકવા માટે, અલ્પ સાવદ્યના સેવનને પણ જો પાપ વ્યાપારનું કાર્ય માનવામાં આવે, તો તો આ જગતમાં કોઇ પણ નિષ્પાપ કાર્ય રહેશે જ નહિ અથવા તો એક મૃત અવસ્થા જ બાકી રહેશે. કારણ કે શ્વાસ લેવા-મૂકવા સુદ્ધામાં પણ કંઈક પાપ તો થતું હોય છે, માટે જીવંત અવસ્થા માત્ર સાવદ્ય છે, એ દશાનો ઉપયોગ ભક્તિ કે ગુણ પ્રાપ્તિના કાર્યમાં કરવા તૈયાર ન થવું, એ તો ભક્તિ-શૂન્ય કે ગુણશૂન્ય રહેવા અને રાખવાનો જ એક માર્ગ છે.

પાપના ઘરમાં રહેલા જીવોને ધર્મના માર્ગે ચઢાવવા માટે અનંત જ્ઞાનીઓએ અનંત કરૂણાથી પ્રેરાઇને જે સન્માર્ગ બતાવ્યો છે, તેને જ ઉન્માર્ગ કહીને છોડી દેવામાં આવે તો કદી કોઇ જીવનો ઉદ્ધાર થાય નહિ.

સ્યાદ્વાદ દૃષ્ટિએ જોતાં માંસભોજી માણસથી માંસ ભોજનની ટેવ છોડાવવાને માટે કોઇ ઉપકારી તેને જો વનસ્પતિ-આહાર લેવાની સલાહ આપે, તો તેટલા માત્રથી વનસ્પતિ ખાનાર કે ખાવાની સલાહ આપનાર હિંસક નહિ, પણ અહિંસક જ ઠરે છે. તે જ રીતે ત્રસ જીવ નિકાયની હિંસાની અપેક્ષાએ જેમાં અતિ અલ્પ હિંસા રહેલી છે, એવા પદાર્થો વડે ઉપાસ્યની ભક્તિ કરનારને તથા સર્વ વિરતિ સ્વરૂપ મહાન ગુણની પ્રાપ્તિને નિકટ લાવવાનો પુરુષાર્થ કરનાર હિંસક નહિ, પણ વધુ અહિંસક કરે છે.

શ્રી જિનોક્ત મોક્ષમાર્ગ જ એવો છે કે તેની આરાધનામાં ઓછામાં ઓછી હિંસા અને વધુમાં વધુ અહિંસા રહેલી છે. તેથી ભક્તિના કાર્યમાં ઉપાસક જેટલો વખત જોડાય છે, તેટલો વખત તે પોતાની સ્વાભાવિક હિંસાથી પણ ઘણા અંશે નિવૃત્ત થાય છે, એટલું જ નહિ, પણ સર્વથા અહિંસકપણું પામવાને અહિંસા-ધર્મની ટોચે પહોંચેલા પરમ અહિંસક પરમાત્માની એ ભક્તિ કરે છે, એના પરિણામે ભવિષ્યમાં તે સાવદ્યથી અટકીને નિરવદ્યતાને વધારેને વધારે પામે છે.

થાકયાને આરામ, ભૂખ્યાને ભોજન, તરસ્યાને જલ, તેમ પાપ વ્યાપારમાં ગળાબૂડ જીવો માટે જિનભક્તિ ઉપકારક છે. જેમાં મૂર્ત્તિ-પૂજા આદિનો સમાવેશ છે. કોઈ કહે કે મને સુખડના લેપથી ઠંડક નહિ, પણ ગરમીનો અનુભવ થાય છે. તો આવું કહેનારને દુનિયા ગાંડો ગણી લે છે. તેમ જો કોઈ આત્મા મૂર્તિપૂજા આદિ ભક્તિનાં કાર્યોને હિંસાનાં કાર્યો કહે, તો તે પણ ઉપરના માણસ જેવો જ ઠરે, તે સ્વાભાવિક છે.

### આકારને નહિ માનવાની વાતો કેવળ અજ્ઞાનજન્ય

નામ-ભક્તિ કે આકાર-ભક્તિને છોડી ગુણ-ભક્તિની વાતો કરનાર આત્માઓ કે નામ-ભક્તિને માનીને આકાર-ભક્તિને છોડી દેનાર આત્માઓ, ઉપાસ્યની યથાર્થ ભક્તિ કરી શકે છે—એમ માનવું એ કેવળ આત્માવંચના છે. નામ અને આકાર વિના અરૂપી ઉપાસ્ય કે તેમના ગુણોનું ગ્રહણ સર્વથા અસંભવિત છે.

મને દયા ગુણ ગમે છે, એમ કહેનારા માનવીને પરમ દયાળુ શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિ ગમે ! એમ મનોવિજ્ઞાન કહે છે, તર્ક-શાસ્ત્ર કહે છે અને ન્યાયશાસ્ત્ર પણ કહે છે.

મને પિતાજી ગમે છે, પણ એમની સેવા કરૂં તો હિંસા થાય, એવું કહેનારા માણસ અને આ માનવભવમાં મને શ્રી જિનગુણ ગમે છે, પણ તેમની મૂર્તિની પૂજા કરૂં તો હિંસા થાય, એવું કહેનારા માણસ વચ્ચે તાત્ત્વિક રીતે કોઈ તફાવત નથી.

નામ એ આકારનો બોધ કરાવવા દ્વારા ઉપાસ્યના ગુણનું સ્મરણ કરાવે છે. જ્યારે આકાર એ નામના પણ આલંબન વિના સાક્ષાત્ ગુણોનું સ્મરણ કરાવે છે. નામ અને આકારમય જગતમાં વસીને નામ અને આકારને નહિ માનવાની વાતો કરવામાં બુદ્ધિહીનતા છે.

આકારના કોઈને કોઇ પ્રકારની પૂજા-ભક્તિ દ્વારાજ આત્મા નિરાકાર પદે પહોંચે છે-એ હકીકતનું પ્રગટ દર્શન આ દુનિયામાં સર્વત્ર થાય જ છે, તેમ છતાં એમ બોલવું કે, હું મૂર્તિપૂજામાં નથી માનતો તે પોતાના જ વર્તન વિરુદ્ધનું પ્રમાણરહિત વચન છે.

શું મુસ્લિમ કે શું ખ્રિસ્તી ! શું કબીરપંથી શું આર્યસમાજ ! શું નાનકપંથી કે શું તેરાપંથી ! આ બધા જ આકારના કોઇ એક પ્રકારની પૂજા ભક્તિ કરે જ છે: મૂર્તિને નહિ માનનાર ચુસ્ત મુસ્લિમ મસ્જીદની ઈંટે ઇંટને મૂર્તિ જેટલી પવિત્રતાની નજરથી જુએ છે અને તેના રક્ષણ ખાતર પોતાના પ્રાણને પણ તુચ્છ સમજે છે.

ગ્રન્થપૂજા, ક્રોસ (+) ભક્તિ, ગુરૂપૂજા ઈત્યાદિમાં પણ આકારના કોઈ એક પ્રકારની પૂજાનો સમાવેશ થઈ જાય છે, તેમ છતાં એમ બોલવું કે, હું મૂર્તિપૂજામાં નથી માનતો-એ કઇ રીતે યોગ્ય કહેવાય ?

હું મૂર્તિપૂજામાં નથી માનતો, એવું બોલનારા બધા આડકતરી રીતે એ વાતનો નિર્દેશ કરે જ છે કે, હું અમૂર્ત પૂજાને માનું છું ? જો તેની આ માન્યતા સાચી સમજના ઘરની હોય તો તે મૂર્તિમંત કોઇપણ પદાર્થ-પછી ભલે તે ગ્રન્થના રૂપમાં હોય કે બીજા આકારે હોય પણ તેની પૂજા ભક્તિ તેનાથી થઇ જ ન શકે ! પણ આમ બનવું અશકય છે. કારણ કે મૂર્તિપૂજાના મૂળ આ વિશ્વમાં ખૂબ જ ઊંડા છે, એટલે તેનો ગમે તેટલો આલોપ કરનાર પણ બીજી કોઈ રીતે મૂર્તિને પૂજતો જ હોય છે. ઇષ્ટના આકારને ગળામાં લટકાવતો જ હોય છે.

### પદાર્થમાત્રની ચાર સ્થિતિ

વિશ્વના પદાર્થની ઓછામાં ઓછી ચાર સ્થિતિ હોય છે. (૧) નામ (૨) આકાર (૩) પિંડ અને (૪) વર્તમાન અવસ્થા,

વસ્તુની વર્તમાન ભાવ-અવસ્થા જેમ વસ્તુનો બોધ કરાવે છે, તેમ તે જ વસ્તુની ભૂત અને ભાવિ અવસ્થા, તે વસ્તુના આકાર અને વસ્તુનું નામ પણ તે વસ્તુનો જ બોધ કરાવે છે.

### કાર્ય-કારણ આદિ સંબંધોની અનેકતા

આ દુનિયામાં પ્રત્યેક વસ્તુને અન્ય વસ્તુ સાથે કોઇને કોઇ પ્રકારનો સંબંધ હોય જ છે. એ સંબંધ અનેક પ્રકારના હોય છે. કોઈ

સંબંધ કાર્ય-કારણરૂપ હોય છે, તો કોઇ જન્ય-જનકરૂપ હોય છે. કોઈ સ્વ-સ્વામિત્વરૂપ હોય છે, કોઈ તાદાત્મ્ય અને તદુત્પત્તિરૂપ પણ હોય છે

અગ્નિ અને ધૂમાડાનો કાર્ય-કારણરૂપ સંબંધ છે. કુંભાર અને ઘડાનો જન્ય-જનકરૂપ સંબંધ છે. શેઠ અને નોકરનો સ્વામિ-સેવક રૂપ; ઘડો અને ઘડાના સ્વરૂપનો તાદાત્મ્યરૂપ તથા ઘડા અને માટીનો તદુત્પત્તિરૂપ સંબંધ હોય છે.

એ જ રીતે શબ્દ અને અર્થનો તથા સ્થાપના અને સ્થાપ્યનો પણ પરસ્પર સંબંધ છે અને તે અનુક્રમે વાચ્ય-વાચક તથા સ્થાપ્ય-સ્થાપક સંબંધ કહેવાય છે.

જેમ ધૂમાડાના જ્ઞાનની સાથે તેના કારણરૂપ અગ્નિનું જ્ઞાન પણ જ્ઞાતાને થાય છે, પરંતુ તેના કારણ તરીકે અગ્નિ સિવાય અન્ય વસ્તુનું જ્ઞાન થતું નથી. અથવા ઘડાને જોતાંની સાથે તેના ઉત્પાદક તરીકે કુંભારનું જ્ઞાન થાય છે પણ અન્યનુ જ્ઞાન થતું નથી. અગર તો તેના ઉપાદાન તરીકે માટીનું જ જ્ઞાન થાય છે. પરંતુ તંતુ આદિનું જ્ઞાન થતુ નથી તેમ ઘડો કે અગ્નિ શબ્દ સાંભળતાંની સાથે દરેકને ઘડા કે અગ્નિનો નિશ્ચિત બોધ થાય છે. પરંતુ તે સિવાયના પદાર્થોનો બોધ થતો નથી. અથવા અગ્નિ કે ઘડાનું ચિત્ર જોનારને અગ્નિ અને ઘડાનુ જ સ્મરણ થાય છે પણ અન્ય પદાર્થોનું સ્મરણ થતું નથી.

આ વાત નિશ્ચતપણે એમ જણાવે છે કે-કાર્ય-કારણાદિ સંબંધની જેમ વાચ્ય-વાચક અને સ્થાપ્ય-સ્થાપક આદિ સંબંધ પણ વિદ્યમાન જ છે. કાર્ય-કારણાદિ સંબંધને માનવા અને વાચ્ય-વાચકાદિ સંબંધને ન માનવા એ અજ્ઞાનતા છે,

વાચક શબ્દ જેમ વાચ્યનો બોધ કરાવે છે, તેમ સ્થાપ્યની સ્થાપના સ્થાપ્યનો બોધ કરાવે છે. એટલે એ સંબંધનો ઈન્કાર કોઇ પણ બુદ્ધિશાળીથી થઈ શકે તેમ નથી.

# પ્રતિમા કઈ રીતે પૂજનીય ?

# ૩

**નામ-સ્થાપનના બે બે પ્રકાર :**

નામ બે પ્રકારનાં હોય છે, તેમ સ્થાપના પણ બે પ્રકારની હોય છે:

ઘટ પદાર્થનું 'ઘડો' એવું નામ અને ઘટ પદાર્થ સિવાયના શરીરાદિ અન્ય પદાર્થનું 'ઘટ' એવું નામ-એ જ રીતે ઘડા પદાર્થનો આકાર તે પણ સ્થાપના અને ઘડાકારનું ચિત્રામણ આદિમાં આલેખન તે પણ ઘડાની સ્થાપના છે.

મૂળ વસ્તુના આકારમાં કે મૂળ આકાર વાળીથી ભિન્ન વસ્તુના આકારમાં તફાવત હોતો નથી, તેથી બંનેને એક જ નામથી સંબોધવામાં આવે છે અને બંને પોતાના સ્થાપ્યનો એ સરખો બોધ કરાવે છે.

હાથી-ઘોડાના પ્રત્યક્ષ આકારો કે તેમાં ચિત્રો, રાજા-રાણીના પ્રત્યક્ષ આકારો કે તેમના ચિત્રિત આકારો, હાથી-ઘોડા કે રાજા-રાણીનુ જ ભાન કરાવે છે, પણ અન્ય પદાર્થોનું નહિ.

મૂળ વસ્તુ પણ જેમ સ્થાપનાથી ઓળખાય છે, તેમ સ્થાપના વસ્તુ પણ આકારથી જ ઓળખાય છે. બંનેથી ઓળખાણ તો આકારની થતી હોવાને લીધે, બંનેથી એક સરખું જ બોધક કાર્ય થાય છે.

ઉપાસ્ય દેવ અને તેમની સ્થાપના, એ બંને વસ્તુઓ આકારથી જ ઓળખાય છે, તેથી તે બંને એક સરખું જ બોધ કરાવવાનું કાર્ય કરે છે, એમ માનવું તે સર્વથા યુક્તિયુક્ત છે.

ઓળખાણ, સ્મરણ કે ભક્તિ કરવા માટે ભાવ પદાર્થમાં રહેલો આકાર અથવા ભિન્ન પદાર્થમાં રહેલો આકાર એક સરખું જ કાર્ય કરે છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓ શ્રી ગણધર ભગવંતો અને બીજા પણ ઇષ્ટ તેમજ આરાધ્યતમ પુરુષો પોતપોતાના કાળમાં પણ પોતપોતાના આકાર વડે જ ઓળખાતા હતા. કારણ કે અવધિજ્ઞાન અને મનઃપર્યવ જ્ઞાન આદિ અતીન્દ્રિય જ્ઞાનને ધારણ કરનારા મહર્ષિઓ પણ શ્રી તીર્થંકરો આદિના અરૂપી આત્મા કે તેના ગુણોનું પ્રત્યક્ષ જ્ઞાન કરવાને અસમર્થ હતા. તેઓ પણ તે વિશ્વોત્તમ પુરુષોને તેમના ઔદારિક દેહરૂપી પિંડ અને તેના આકારથી જ ઓળખતા હતા. તો પછી અતીન્દ્રિય જ્ઞાનથી રહિત એવા બીજા છદ્મસ્થ આત્માઓ તેમને તેમના પિંડ અને આકાર વડે જ ઓળખે, એમાં નવાઈ શી છે?

સમર્થ તારૂ પણ મહાસાગરને બે હાથે તરી શકતો નથી, પણ તે તરવા માટે સુદૃઢ નૌકાનો સહારો લે છે. તો પછી સમર્થ જ્ઞાની ભગવંતો પણ જો સંસારરૂપી સમુદ્રને તરવા માટે શ્રી જિનબિંબનો સહારો લે, તો જિનબિંબની ભક્તિ છદ્મસ્થ માત્ર હોંસે-હોંસે કરે તે સ્વાભાવિક છે.

ઉપાસ્યને ઓળખવા-ઓળખાવવાનું કાર્ય જેમ ઉપાસ્યના મુખ્ય આકારથી થાય છે, તેમ અન્ય વસ્તુમાં સ્થાપિત કરેલા ઉપાસ્યના આકારથી પણ તે કાર્ય સિદ્ધિ થાય જ છે. તેથી ઉપાસ્યની આકારમય સ્થાપના પણ ઉપાસકને ઉપાસ્ય જેટલી જ માનનીય પૂજનીય, અને વંદનીય બને છે, તેમાં લેશ માત્ર વિવાદને સ્થાન નથી.

પોતાને ગમતી વસ્તુનો આકાર પણ માનવના મનને હરી લે છે. તે તેને ટીકી ટીકીને નિરખે છે. તેનાથી તેનું હૈયું હરખાય છે, તેથી એમ નક્કી થાય છે કે માનવ માત્રના મનમાં રહેલો આકાર પ્રત્યેનો આદર મૂર્તિપૂજાનાં મહત્ત્વને જણાવે છે.

પત્થરની ગાય દૂધ ન દે. પણ પ્રતિમા પૂજનથી તો ગુણો પ્રગટાવી શકાય.

કેટલાક એવો તર્ક કરે છે કે- પત્થરની ગાયને જોવાથી ગાય કેવી હોય, તેનો ખ્યાલ આવે, પણ તે ગાય દૂધ આપી શકતી નથી.

તેમ ઉપાસ્યની સ્થાપના ઉપાસ્યની ઓળખ કરાવવાનું કાર્ય ભલે કરી આપતી હોય, પણ સમ્યગ્ દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ સ્થાપનાની ઉપાસનાથી કેવી રીત સિદ્ધ થાય ? તે માટે મૂળ ગાયને દોહવી જેમ જરૂરની છે, તેમ મૂળ ઉપાસ્યની ઉપાસના જ કાર્યકર નીવડે.

આ તર્ક યથાર્થ સમજના ઘરનો નથી. એમાં દાષ્ટાંત દાર્ષ્ટાન્તિકનું વૈષમ્યછે; દૂધ એ દ્રવ્ય છે. જ્યારે સમ્યગ્ દર્શનાદિ ધર્મ એ ગુણ છે. દૂધ-રૂપી દ્રવ્યની પ્રાપ્તિ ગાય પાસેથી કરવાની છે, જ્યારે સમ્યગ્ દર્શનાદિ ધર્મની પ્રાપ્તિ ઉપાસ્ય પાસેથી જ કરવાની છે, એમ નથી, પરંતુ ઉપાસકે પોતાના આત્મામાંથી જ તે ગુણો પ્રાપ્ત કરવાના છે. એ પ્રાપ્ત કરવામાં પ્રગટાવવાં ઉપાસ્ય અને તેની મૂર્ત્તિ પ્રકૃષ્ટ નિમિત્ત છે.

જેમ ઉપાસ્યનો મૂળ પિંડ અને તેનો આકાર તેવા નિમિત્ત રૂપ બને છે. તેમ ઉપાસ્યની સ્થાપના પણ તેવા નિમિત્ત રૂપ બની જ શકે છે. ઉપાસક જેમ ઉપાસ્યની વિદ્યમાન અવસ્થામાં તેમના મૂળ આકારની સેવા-ભક્તિથી સમ્યગ્ દર્શનાદિ ગુણોને ઢાંકી રાખનારાં આવરણોને ખસેડી શકે છે અને પોતાના આત્મગુણોને પ્રગટાવી શકે છે. તેમ ઉપાસ્યની અવિદ્યમાન અવસ્થામાં ઉપાસ્યની સ્થાપનાની સેવા-ભક્તિ દ્વારા પણ ઉપાસક સમ્યગ્ દર્શનાદિ ગુણોને આવરનારાં આવરણોને હઠાવી આત્મગુણોને અવશ્ય પ્રગટાવી શકે છે.

ભીલકુમાર એકલવ્ય પોતાના ગુરૂ દ્રોણાચાર્યની મૂર્તિની સ્થાપના કરીને તેની સેવા-ભક્તિ દ્વારા બાણવિદ્યામાં બાણાવળી અર્જુનનો સમોવડિયો બન્યાનો દાખલો ઉક્ત વિધાનનું સમર્થન કરે છે, તેમજ આવા અનેક દાખલાઓ કથાનુયોગમાં છે.

સાક્ષાત્ જિનને જ પૂજવાનો મિથ્યા આગ્રહ કેટલો પોકળ છે, તે તે-તે માર્ગના ઉપાસકોની ઉપાસના-પદ્ધતિ જોતાં પણ સમજાય છે, કારણ કે દરેક વર્ગ પોતાના ઈષ્ટદેવની અવિદ્યમાનતામાં તેમની જે સેવા-ભક્તિ કરે છે, તેમાં તેમને કોઈ એક પ્રકારની સ્થાપનાનીજ સેવા ભક્તિ કરવી પડે છે અને તેનાથી પોતાને લાભ થયાનો એકરાર તે સર્વ કરે છે.

**કારીગરને મકાન અપૂજનીય**
**પણ આપણને દેવ પૂજનીય !**

ઉપાસ્યથી સ્થાપના એ ઉપાસ્યની ગેરહાજરીમાં ઉપાસક માટે એક મકાનના પ્લાન એટલે કે નકશાની ગરજ સારે છે.

મકાનની અવિદ્યમાન અવસ્થામાં કુશળ કારીગર, તેના પ્લાનને વારંવાર જોઇને જ મકાન બાંધવાનું કામ પૂરૂં કરી શકે છે. એ પૂરૂં ન થાય, ત્યાં સુધી, તે કારીગરને પ્લાન હંમેશાં અને હર ઘડીએ દૃષ્ટિ સન્મુખ રાખવો પડે છે; તેમ ઉપાસક આત્માને પણ પોતાના આત્માને ઉપાસ્ય સમાન બનાવવા માટે, જ્યાં સુધી ઉપાસ્ય સમાન નિર્મળતા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી ઉપાસ્યની સ્થાપનાને હર ઘડી સન્મુખ રાખવી જ પડે, તેને એક પળ પણ દૂર કરી શકાય નહિ—એ તદ્દન સહજ છે.

અહીં કેટલાક એવો પણ તર્ક ઉઠાવે છે કે—

કારીગરને મકાનના પ્લાનને માત્ર નજર સન્મુખ રાખવાની જરૂર છે, નહિ કે તેની પૂજા કરવાની. તેમ ઉપાસક ઉપાસ્યની સમાન બનવા માટે ઉપાસ્યની મૂર્તિને ભલે નજર સામે રાખે પરંતુ તેને પૂજવાની શી જરૂર ?

આ જ તર્કને લંબાવીને કેટલાક કહે છે કે,

કારીગર પ્લાનની પૂજા કરે એ જેટલું અઘટિત અને હાસ્યાસ્પદ છે, તેટલું જ અઘટિત અને હાસ્યાસ્પદ જડ સ્થાપનાની પૂજા-સેવા વગેરે કરવાં-તે છે ! આમ માનવામાં ખોટું પણ શું છે ?

આ તર્ક ઉપલક દૃષ્ટિએ જરા આકર્ષક લાગે છે, પરંતુ ઊંડા ઉતરીને વિચારતાં તેની પણ પોકળતા સ્પષ્ટ તરી આવે છે.

કારીગરને જે મકાનનો પ્લાન નિરંતર જોવા લાયક છે, તે મકાન કાંઈ ઉપાસના કરવા લાયક નથી. જ્યારે ઉપાસક જેની સ્થાપનાને પૂજે છે; તે સ્થાપ્ય તેને વંદનીય, પૂજનીય અને ઉપાસનીય છે.

પ્લાનનું સ્થાપ્ય (મકાન) જેમ અપૂજનીય છે, તેમ જેની સ્થાપના છે, તે સ્થાપ્ય પણ જો અવંદનીય, અપૂજનીય કે અનુપાસનીય હોત, તો તો અવશ્ય તે સ્થાપનાની પૂજા વગેરે હાસ્યાસ્પદ અને નિરર્થક ઠરત પરંતુ અહીં સ્થાપનાના વિષયમાં સ્થાપ્ય તો પરમ ઉપાસ્ય છે.

સાક્ષાત્ સ્થાપ્યની ઉપાસના ઉપાસકના કાર્યની સિદ્ધિ જે રીતે કરી આપે છે, તેજ રીતે સ્થાપ્યની સ્થાપનાની ઉપાસના પણ ઉપાસકના કાર્યને સિદ્ધ કરી આપે છે.

જે મૂળ વસ્તુ પૂજનીય હોય છે, તેનું નામ પણ જો પૂજનીય હોય તો તેના આકાર વગેરે પૂજનીય તેમજ પાવનકારી બને તેમાં આશ્ચર્ય જ શું ? આમ આ તર્ક સર્વથા નિરાધાર ઠરે છે.

# ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું !

## ૪

પૂજાનું ફળ પૂજકના પરિણામના આધારે,

અહીં એટલું સમજી લેવાની ખાસ જરૂર છે કે શ્રી જિનશાસનમાં ઉપાસ્યની ભાવ - અવસ્થાની પૂજા પણ ઉપાસકના શુભ પરિણામના આધારે ફળ આપે છે.

તે પરમાત્મા હંમેશાં પ્રાણીમાત્ર ઉપર એક સરખા પ્રસન્ન રહેનારા તથા કૃપારસથી ભરેલા છે. આમ હોવા છતાં જ્યાં સુધી ઉપાસક તેમના પ્રત્યે સન્મુખ વૃત્તિવાળો કે આરાધક મનોદશાવાળો બનતો નથી, ત્યાં સુધી તે કાંઈ પણ ફળ મેળવી શકતો નથી.

આરાધક પોતાના શુભ પરિણામનાં આધારે આગળ વધે છે. એ શુભ પરિણામની જાગૃતિ માટે આરાધ્યનો સાક્ષાત્ દેહ અને તેનો આકાર જેમ વંદન - પૂજન - નમસ્કારાદિ દ્વારા નિમિત્ત બને છે, તેમ આરાધ્યની સ્થાપના પણ તેની પૂજા વગેરે દ્વારા આરાધકના પરિણામની નિર્મળતા સાધી આપે છે.

શ્રી વીતરાગની સાક્ષાત્ ઉપાસના પણ જેમ શ્રી વીતરાગને લેશ માત્ર ઉપકાર કરનારી નથી, તેમ છતાં જેમ પૂજકને માટે ઉપકારક થાય છે, તેમ શ્રી વીતરાગની સ્થાપનાની ઉપાસના પણ શ્રી વીતરાગને લાભદાયક નહિ હોવા છતાં ઉપાસકને તો અવશ્ય લાભ કરે છે કારણ કે એના દ્વારા ઉપાસકને ગુણબહુમાન, કૃતજ્ઞતા, વિનય વગેરે ગુણોનું પાલન અવશ્ય સિદ્ધ થાય છે. દોષ - નિવારણ અને ગુણોની પ્રાપ્તિની પ્રેરણા પણ એથી અવશ્ય મળે છે.

ગુણ-બહુમાન વગેરે એકેક કાર્ય પણ અનંતી કર્મ નિર્જરાને સાધી આપનાર છે, તો પછી એ સઘળાં ઉત્તમ કાર્યો જ્યાં એકી સાથે સિદ્ધ થાય છે, એવી શ્રી વીતરાગની (તેમની સ્થાપના દ્વારા થતી) ઉપાસના મુજ્ઞ પુરુષોને અત્યંત આદરણીય બને, તે સ્વાભાવિક છે.

સર્વોત્તમ વિશ્વપુરુષ એવા શ્રી વીતરાગ પરમાત્માના સર્વોત્તમ ગુણની ભૂરિ-ભૂરિ અનુમોદના કરવાનો જે ધન્યાતિધન્ય અવસર તેમની સ્થાપનાની પૂજા-ભક્તિ કરતાં સાંપડે છે, તેનો વધુમાં વધુ લાભ લેવો-એ આ માનવભવને સાર્થક કરવાનો એક શ્રેષ્ઠ ઉપાય છે.

**સર્વ માટે સ્થાપનાનો સ્વીકાર અનિવાર્ય છે**

પોતાના ઇષ્ટ ઉપાસ્યને વીતરાગ માનનારાને જેમ ઇષ્ટની ઉપાસના માટે મૂર્તિ, સ્થાપના વગેરેની ખાસ જરૂર પડે છે, તેમ પોતાના ઇષ્ટને સરાગી માનનારાઓ પણ ઇષ્ટની ઉપાસના માટે તેની સ્થાપનાનો સ્વીકારની કરે જ છે. એમની પ્રતિમા દ્વારા થતી આરાધના કે વિરાધના, એમને અનુક્રમે રાજી કે નારાજ કરનારી થાય-એ સ્વભાવિક છે. એવા સરાગી પરમેશ્વરનું નામ માત્ર જપવાથી પણ ઇષ્ટસિદ્ધિ થાય છે, એવું માનનારા તેમની પ્રતિમાની પૂજ્યતાને ન માને અથવા તેનાથી ઇષ્ટસિદ્ધિ થાય છે, એવું ન સ્વીકારે, એ બને જ કેમ ?

જેઓ પોતાના ઇષ્ટને સર્વજ્ઞ અને સર્વવ્યાપક માને છે, તેઓ કહે છે કે-જેમ અતિશય મોટો હાથી કે પર્વત એક નાના કાચ કે દર્પણમાં પ્રતિબિંબિત થઈ જાય છે અને તે વખતે તેનું પ્રમાણ જ માત્ર નાનું બને છે, કિન્તુ તેના અંગોપાંગાદિ અવયવો તો જેવાં છે, તેવાં જ રહે છે, તેમ વ્યાપક ઈશ્વરની (નાના પ્રકારનાં સર્વ અવયવવાળી) મૂર્તિની આરાધના એ સાક્ષાત્ વ્યાપક ઈશ્વરની આરાધના જેટલી જ ફળદાયી છે.

સામાન્ય મનુષ્યોને વ્યાપક ઈશ્વરની કલ્પના અસંભાવ્ય છે, તે તો તેની મૂર્તિ દ્વારા જ સંભવિત બને છે અને તેની ઉપાસનામાં ઉપાસકનું ચિત્ત એકાગ્ર બની શકે છે. વળી સર્વ વ્યાપક ઈશ્વર તેની મૂર્તિમાં પણ રહેલા જ છે. એટલે તે મૂર્તિ પણ પરમેશ્વરના અંશવાળી બને છે, તેથી પણ મૂર્તિની આરાધનાથી પરમેશ્વરની આરાધના અવશ્ય થાય છે. વ્યાપક ઈશ્વર અવતારને પણ ધારણ કરે છે, તે વખતે જુદા જુદા ઘણા શરીરને ધારણ કરીને જ તે અવતાર ગ્રહણ કરે છે.

તેથી તે અવસ્થાની પૂજ્યતાની ખાતર પણ મૂર્તિને માનવાની આવશ્યકતા રહે છે.

જેઓ ગોખલા વગેરેની સ્થાપના કરીને પોતાના ઈષ્ટને વંદન-નમન આદિ કરે છે, તેઓને પણ સ્થાપનાને તો માનવા જ પડે છે. કિન્તુ તે સ્થાપનામાં આકાર આદિનું સાદૃશ્યપણું હોતું નથી, તેથી તેવાઓની દશા ઉભયથી ભ્રષ્ટ થવા જેવી થાય છે. પોતાની માન્યતા મૂકવી પડે છે અને ફળ મળતું નથી. જેઓ સ્થાપનાને બિલકુલ માનતા નથી, તેઓ પોતાના મુખ કે દૃષ્ટિ સન્મુખ કોને રાખીને વંદન-નમસ્કાર આદિ કરે છે ? તે અત્યંત વિચારણીય છે. જો કોઈ પણ વસ્તુને સન્મુખ રાખ્યા વિના જ તેઓ વંદન નમસ્કાર આદિ કરતા હોય, તો તેઓ ઇષ્ટ માર્ગે આગળ નથી વધી શકતા. પણ હવામાં બાચકાં ભરનાર જેવી દશામાં મૂકાય છે.

જો આવા લોકો પોતાના ઇષ્ટની માનસિક મૂર્તિને કલ્પીને, તેમની સન્મુખ વંદન-નમન આદિ કરતા હોય, તો તેવી અદૃશ્ય અને અસ્થિર મૂર્તિને કલ્પિત રીતે નમવા વગેરેથી જે ફળ પ્રાપ્ત થાય, તેના કરતાં દૃશ્ય અને સ્થિર મૂર્તિની સન્મુખ સાક્ષાત્ વંદન-નમનાદિ કરવાથી અધિક ફળ મળે જ, તે સ્વભાવિક છે વળી તેવી માનસિક મૂર્તિ કલ્પવાનું સામર્થ્ય સામાન્ય મનુષ્યમાં સંભવી શકતું નથી, એટલું જ નહિ, પરંતુ તેવી માનસિક મૂર્તિ કલ્પવાની શક્તિ પણ દૃશ્ય અને સ્થિર મૂર્તિને જોવાથી જ આવી શકે છે એટલે તેને પણ માનસિક મૂર્તિ કરતાં દૃશ્ય મૂર્તિ જ ઉપકારક થાય છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.

આથી એ નક્કી થાય છે કે ખોટી જીદ અથવા મિથ્યા-મમતાને વશ થઈને માનસિક મૂર્તિની કલ્પનામાં રાચવું તે વિવેકી પુરુષોને માટે અયોગ્ય છે. મન પળે પળે કેટલા રંગ કરે છે, તે સૌને વિદિત છે. એવા મનને દૃશ્ય અને સ્થિર મૂર્તિ સ્થિર બનાવી શકે છે, પણ કાલ્પનિક મૂર્તિ સ્થિર બનાવી શકતી નથી-એ પણ એક હકીકત છે.

**જૈનોની માન્યતા**

જૈનો અશરીરી સિદ્ધાને પૂજે છે, તો પણ એ અશરીરી સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરવા માટે તે આત્માઓએ જે કાંઈ પ્રયોગો આચર્યા હોય છે, તે સાકાર અને સશરીરી અવસ્થામાં જ આચરેલા છે, તેથી તે અવસ્થાની પૂજનીયતા પણ જૈનોને માનનીય છે.

જૈનો સાકાર અને નિરાકાર-ઉભય અવસ્થાવાળા પરમેશ્વરને માને છે: સાકાર પરમેશ્વરને વીતરાગ અને સર્વજ્ઞ માનવા સાથે, શાસ્ત્ર અને તત્ત્વોના ઉપદેશક માને છે. તેથી તેઓને નિરાકાર અને સાકાર પરમેશ્વરની તે તે અવસ્થાઓ વંદનીય, નમનીય અને પૂજનીય હોય, તે સમજાઈ જાય તેવી હકીકત છે. જો તેઓ ઉપકારીઓની તેવી ભાવ-દશાને પણ વંદનીય વગેરે ન માને, તો તેઓ ગુણસમૂહથી ભરેલા સર્વગુણ સંપન્ન પુરુષોનો પણ આદર કરનારા ન રહે અને ઉપદેશ વગેરે દ્વારા પોતાના ઉપર થયેલા અપ્રતિમ ઉપકાર વગેરેને પણ ન જાણી શકે. માટે વીતરાગ, સર્વજ્ઞ અને તત્ત્વોપદેશક પરમેશ્વરોની પૂજનીયતા આદિ સ્વીકારવામાં કોઈ પણ વિવેકી માણસને લેશ પણ હરકત હોઇ શકે નહિ.

ગુણ-બહુમાન અને કૃતજ્ઞતા આદિ ગુણોની કિંમત સમજનારાઓ તો તેવા સર્વ-શ્રેષ્ઠ, ઉપકારી અને સર્વોચ્ચ ગુણોથી ભરેલા મહાપુરુષોની સેવા, પૂજા, આદર, ભક્તિ, વંદન, સ્તુતિ વગેરે થાય, તેટલાં ઓછાં ગણાય, એવી જ માન્યતાવાળા હોય છે.

કોઈ એક ગુણની પ્રાપ્તિ પછી જીવન કેવું દીપે છે ને મન કેવું શાન્ત બને છે; તેનો અનુભવ કરનારા સહુ ગુણગ્રાહી આત્માને સર્વ-ગુણના પ્રકર્ષને પામેલા વીતરાગ, સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માના ચારે નિક્ષેપાની સેવા-પૂજાભક્તિ એક સરખાં કરણીય લાગે.

એ સેવા-પૂજાદિથી તે મહાપુરુષોને કોઈ પણ જાતનો ઉપકાર નહિ થતો હોવા છતાં, તેમાં તલ્લીન રહેનાર આત્મા, પોતાના શુભ પરિણામથી, કર્મ નિર્જરા આદિ ઉત્તમ ફળોને અવશ્ય પામે છે.

પૂજ્યની ભાવ અવસ્થાનું પૂજન પણ, પૂજકના ગુણ બહુમાન તથા કૃતજ્ઞતા વગેરેના આધારે જ ફળ આપે છે. તો પછી એ જ ગુણ બહુમાન અને કૃતજ્ઞતાના શુભ અધ્યવસાયથી તથા આત્મ-નિર્મળતા સાધવાના ઉત્તમ પરિણામથી મૂર્તિ દ્વારા પૂજ્યનું વંદન ઉપાસન વગેરે થાય, તો તે કર્મ નિર્જરાદિ ઉત્તમ ફળોને અવશ્ય આપે જ.

**સ્થાપનાનાં આરાધકની સાપેક્ષ મહત્તા :**

દેવ-ગુરૂ વગેરેની આરાધનાથી થતી કર્મનિર્જરા દેવ-ગુરૂ આદિના આલંબનને કારણે આરાધકને થયેલા શુભ પરિણામને આધીન છે!

તો એ રીતે ભાવ-અવસ્થાની આરાધના પણ જો આરાધકના શુભ પરિણામને આધારે ફળવતી છે, તો પછી મૂર્તિ અથવા સ્થાપના દ્વારા થતી આરાધનામાં આરાધકના અધ્યવસાયો શુભ નથી, પરંતુ મલિન છે-એમ કોણ કહી શકશે ?

ભાવ-અવસ્થાની આરાધના આરાધ્યના વિદ્યમાન કાળમાં કરવાની હોય છે, તે વખતે આરાધ્યની સર્વદેશીય ઉત્તમતા અને ઉપકારિતાને સાક્ષાત્ દેખવાથી ભક્તિ જાગવી સહજ છે. જ્યારે આરાધ્યની સ્થાપના દ્વારા ભક્તિ પ્રાયઃ આરાધ્યના અવિદ્યમાન કાળમાં કરવાની હોય છે, માટે ભાવ અવસ્થાની આરાધના કરનારાઓ કરતાં સ્થાપના દ્વારા આરાધના કરનારાઓની ભક્તિ અને પૂજ્યતાની બુદ્ધિ એક અપેક્ષાએ વધારે સ્થિર થયેલી છે, એમ સ્વીકારવું જ પડે.

ઉપકારીની હયાતિમાં ઉપકારીના ઉપકારના સ્મરણ વગેરે કરનારથી ઉપકારીની બીન-હયાતિમાં ઉપકારીના ઉપકારોનું સ્મરણ વગેરે કરનાર, ઉપકારી પ્રત્યે વધુ આદરવાળો છે, એમ અપેક્ષાએ કહી શકાય.

વ્યક્તિની વિદ્યમાનતા કરતાં અવિદ્યમાનતામાં વ્યક્તિને યાદ કરનારા, તેના પ્રત્યે સાચો રાગ ધરાવનારા કહી શકાય. તે જ રીતે પૂજ્યની વિદ્યમાન દશા કરતાં અવિદ્યમાન દશામાં પૂજ્યની ભક્તિ, સાચા અને અંતરંગ ભાવવાળા વિના બીજાથી બની શકે નહિ, એમ અપેક્ષાએ કબુલ કરવું જ પડે !

આજે પરમોપકારી શાસનપતિ શ્રી મહાવીર પરમાત્મા વિદ્યમાન નથી, તેમ છતાં તેઓશ્રીના ઉપકારોની મહેંક વડે જેઓનાં મન-હૃદય મઘમઘે છે, તેઓને તો તેઓશ્રીની મૂર્તિનાં દર્શન, અંધારી રાતે ચન્દ્ર-દર્શન જેટલાં આહ્લાદકારી લાગે, તે સ્વાભાવિક છે.

આજે હૃદયમાં ભક્તિભાવ ન હોવા છતાં પણ દેખાવ ખાતર સ્થાપનાની ભક્તિ કરનારા દેખાય છે-એવો તર્ક કરનારે સમજવું જોઇએ કે, એ સ્થિતિ જેમ સ્થાપના માટે હોય છે, તેમ ભાવ-અવસ્થાની ભક્તિ માટે પણ હોય જ છે. ભાવ-અવસ્થાની ભક્તિ કરનારા બધા સાચા ભાવથી જ ભક્તિ કરે છે, એવું નથી હોતું, પરંતુ દેખા દેખીથી, લોભ લાલચ, માયા કે બીજી ખરાબ બુદ્ધિથી ભક્તિ કરનારા પણ હોય જ છે. તેમ સ્થાપના-ભક્તિ કરનારાઓમાં પણ આવા થોડા ઘણા હોઈ શકે છે.

ભાવ-અવસ્થાની ભક્તિ કરનારાઓમાં કેટલાક ખોટા હોય છે, તેથી બધાજ ખોટા છે, એમ કોઈથી કહી શકાય નહિ. તેમ સ્થાપનાની ભક્તિ કરનારાઓમાં પણ કેટલાક ખોટા હોય છે, તેથી ભક્તિ કરનારા બધાજ તેવા હોય છે, એમ કહી શકાય નહિ.

એકનો એક નિયમ એક અવસ્થાની ભક્તિ કરનારાઓને લાગુ પાડવો અને બીજી અવસ્થાની ભક્તિ કરનારાઓને લાગુ ન પાડવો, તેમાં ન્યાય નથી જળવાતો.

આજે મૂર્તિપૂજાના ઉપકારક સ્વરૂપ વિષે સારૂં જે કાંઈ વિચારી શકાય છે, તેમજ લખી બોલી શકાય છે, તે મોટો ઉપકાર પણ ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્મા અને તેઓશ્રીના સદુપદેશનો છે!

આવું વિચારી શકનાર વિવેકી પુરુષોને આજે શ્રી મહાવીર પરમાત્મા તેમજ તેમની પૂર્વે થઇ ગયેલા સર્વ તીર્થંકર પરમાત્માઓની મુર્તિની પૂજા-સેવા ભક્તિ અવશ્ય કરણીય લાગે, તેમાં કોઈ સંદેહ નથી.

આજે રાષ્ટ્રભક્તો પોતાના રાષ્ટ્રને સ્વતન્ત્ર કરનારા પુરુષને પણ અનહદ આદર આપે છે, તેમજ ઠેર-ઠેર તેનાં બાવલાંઓ ઊભાં કરીને તેને આદરપૂર્વક હાર પહેરાવે છે, તો પછી સમગ્ર જીવરાશિના પરમ હિતને કરનારા ધર્મના પ્રકાશક શ્રી તીર્થંકરદેવની ભક્તિ જેટલા-જેટલા પ્રકારે થઇ શકે, તેટલા-તેટલા પ્રકારે આપણે કરીએ, તે સર્વથા યુક્તિ યુક્ત હોવા ઉપરાંત પરમ મુક્તિપ્રદ હોવામાં રજ માત્ર સંદેહ શી રીતે રહે?

**પ્રભુ પૂજાનું ફળ**

**"सयं पमज्जणे पुण्णं, सहस्सं च विलेवणे ।**
**सय साहस्सिआ माला, अणंतं गीअवाईए ।"**

અર્થ :-શ્રી જિનેશ્વર પ્રભુના બિંબને પ્રમાર્જન કરતાં સો ગુણું, વિલેપન કરતાં હજાર ગુણું, પુષ્પની માળા ચઢાવવામાં લાખ ગુણું અને ગીત તથા વાજિંત્ર વગાડતાં અનંતગુણું પુણ્ય ઉપાર્જન થાય છે

# જિન-મંદિરોની ઉપકારતા

# ૫

**દેવભક્તિ માટે અલગ ચૈત્યાલયો જરૂરી.**

સ્થાપનાની ભક્તિ, અપેક્ષાએ પૂજકના અધિક આદરને સૂચવનારી છે, આ વાત સિદ્ધ થયા પછી, સ્થાપનાની ભક્તિ માટે ચૈત્યાદિની કેટલી બધી જરૂર છે, એ સમજવું અને સમજાવવું ખૂબ જ સુલભ થઈ પડે છે. કોઈ પણ શુભ પ્રવૃત્તિ, તેને માટેના અલગ સ્થાન વિના બદ્ધમૂલ થઈ શકતી નથી.

વિદ્યાભ્યાસ કે કળા-હુન્નર વગેરે શીખવા માટે નિશાળો, કોલેજો અને યુનિવર્સિટીઓ વગેરેનાં સ્વતન્ત્ર મકાનોની આવશ્યકતા સૌથી પ્રથમ પડે છે; તેમ દેવભક્તિ, ગુરૂભક્તિ કે ધર્મક્રિયા વગેરે કરવા માટે પણ અલગ સ્થાનોનું નિર્માણ થયા વિના તે ભક્તિ વગેરેની ક્રિયાઓ નિર્વિઘ્ને થઈ શકે નહિ.

જેઓ સ્કુલ, કોલેજ, યુનિવર્સિટી, બોર્ડીંગ હાઉસ, વિદ્યાલય, અનાથાશ્રમો, જ્ઞાનશાળા, દાનશાળા, ધર્મશાળા, દવાખાના વગેરે માટે સ્વતંત્ર મકાનોની હિમાયત કરે છે, તેઓ દેવભક્તિ માટે સ્વતંત્ર મકાનની જરૂર નથી, એમ કહી શકે નહીં. છતાં એમ કહેવા તૈયાર થાય, તો સમજવું જોઈએ કે, તેવા આત્માઓને અન્ય પદાર્થો માટે જે લાગણી છે. તેટલી પણ લાગણી દેવભક્તિ માટે છે નહિ.

બીજાં બધાં કાર્યો જેમ જરૂરી છે, તેમ દેવભક્તિ પણ જરૂરી છે. અથવા તો બીજા બધાં કાર્યો કરતાં દેવભક્તિ અધિક જરૂરી છે, એમ માનનાર વર્ગ અધિક સગવડપૂર્વક દેવભક્તિ થઈ શકે તેવાં મનોહર અને રમણીય ચૈત્યસ્થાનોની જરૂરીયાત જરૂર સ્વીકારે. જિનચૈત્ય એ

એક એવું અદ્ભુત-અનુપમ સ્થાન છે કે જ્યાં જઈ આરાધક ત્રિવિધ તાપ સંતાપને હરનારો અને ત્રિવિધ આરોગ્યને કરનારા ધર્મને સમ્યક્ પ્રકારે આરાધી શકે છે, જે અન્ય સ્થાનમાં ભાગ્યે જ શકય બને. ગમે તેવા કલામય, ઉન્નત તેમજ વિશાળ રાજમહેલમાં પણ વાતાવરણ તો રાજસ હોય છે, જ્યારે નાનકડા પણ શ્રી જિનચૈત્યમાં હંમેશ ભક્તિનું સાત્ત્વિક વાતાવરણ છવાએલું હોય છે, અને તેનો લાભ આરાધકને મળતો હોય છે.

વળી દેવભક્તિ માટેનાં અલગ, વિશાળ અને મનોહર ચૈત્યો હોય તેવાં ક્ષેત્રોમાં સુસાધુઓનું આવાગમન સુલભ અને સુશકય બને છે.

સુસાધુઓને ગૃહસ્થોના વૈભવ અને ધનસમૃદ્ધિ સાથે કામ હોતું નથી, તેથી સુસાધુઓને, વિહાર માટે ભાગે તે જ ક્ષેત્રોમાં હોય છે, કે જ્યાં વિપુલ પ્રમાણમાં શ્રી જિનેશ્વર દેવની ભક્તિ માટેનાં મનોહર ચૈત્યો વગેરે હોય. કારણ કે તેવાં જ ક્ષેત્રોમાં સુશ્રાવકો અને અર્થી આત્માઓ વિશેષ હોવાનું સંભવિત છે.

પક્ષીઓને ઘટાદાર વૃક્ષો ગમે, એમ સુશ્રાવકોને તેમજ અર્થી આત્માઓને શ્રીજિન ચૈત્યોથી મંડિત ક્ષેત્રો ખાસ ગમતાં હોય છે. આવાં ક્ષેત્રોના પ્રભાવે શ્રાવક શ્રાવિકા તેમજ સાધુ સાધ્વીજીઓના આરાધક ભાવની સુરક્ષા વગેરે સહેલાઈથી થઈ શકે છે. આમ, એકંદર સાધુ-સમાગમની સુલભતાનું કોઈ પ્રધાન સાધન હોય, તો તે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ માટે નિર્મિત થયેલા મનોહર મંદિરોની વિપુલ સામગ્રી જ છે.

મંદિરો વિના સુસાધુઓનું આવવું પ્રાયઃ અસંભવિત બને છે અને સાધુ--સમાગમ વિના સુપાત્રદાન, શ્રી જિનવચનનું શ્રવણ તથા સંસારનિસ્તાર માટે અત્યંત ઉપયોગી સમ્યગ્દર્શન, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે ગુણોના અમૂલ્ય લાભોથી વંચિત રહેવાનું જ થાય છે, એટલું જ નહિ; પરંતુ સાધર્મિક બંધુઓનાં દર્શન પણ દુર્લભ બને છે. પરિણામે સાધર્મિક--ભક્તિ વગેરે સામ્યકૃત્વને નિર્મળ કરનારા આચારોનું પાલન પણ અશકય બને છે.

જૈન સાધુ--સાધ્વીજીઓ વિહારમાં હોય છે, ત્યારે પણ બે--ચાર ગાઉના ફેરાની પણ પરવા કર્યા સિવાય જો તેટલા અંતરમાં કોઈ જિનાલય હોય છે તો ત્યાં જઈને દેવભકિતનો લાભલેવાનું ચુકતાં નથી.

જેમ એક ગામનાં આવેલો એક બગીચો, અનાયાસે ગામના વાતાવરણને અમુક હદ સુધી સુવાસિત કરે છે, તેમ જે ગામ-નગરમાં શ્રીજિનચૈત્ય આવેલુ હોય છે, તે ગામ નગરમાં રહેનારા સર્વને ઓછા-વધતા અંશે આત્મિક ફાયદો થાય જ છે. સારાની સારી અસરનો આસિદ્ધાન્ત આકટ્ય અને અતકર્ય છે.

શ્રી જૈનશાસ્ત્રોના કથન મુજબ શ્રી તીર્થંકરદેવોના વિદ્યમાન કાળમાં અથવા ચોથા આરામાં પણ ધર્માત્માઓનાં નિવાસવાળાં દરેક ગામોમાં વિપુલ જિન ચૈત્યો હતાં અને તેવાં તારક ચૈત્યોના આલંબનથી જ તે વખતના મનુષ્યોને પણ અનેક પ્રકારના ધાર્મિક ફાયદાઓ થયા હતા. તો આ પાંચમા આરામાં કે જ્યારે શ્રીતીર્થંકરદેવો આપણા આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી, ત્યારે શ્રીજિનચૈત્યો કેટલાં બધાં જરૂરી, બલ્કે અનિવાર્ય છે. તે સમજી શકાય તેવી વાત છે.

**ધનવ્યય માટે જિનચૈત્ય આદિ ઉત્તમ સ્થાન**

ધર્મભાવનાને ટકાવી રાખવા માટે જેમ ચૈત્યોની અત્યંત જરૂર છે, તેમ લોભ અને પરિગ્રહ સંજ્ઞાના પાપે ઉપાર્જન થયેલ દ્રવ્યનો સદ્વ્યય કરવા માટે પણ શ્રી જિનચૈત્યોની ખાસ જરૂર છે.

ધર્મ માટે ધનનું ઉપાર્જન કરવાનું શ્રી જૈનશાસન વિધાન કરતું નથી, પરંતુ પાપ સંજ્ઞાઓના કારણે ઉપાર્જન થયેલ દ્રવ્યનો સદુપયોગ કરવાનું તથા ઉત્તમ ધર્મક્ષેત્રોમાં વાવી તેનું ઉત્તમ ફળ પ્રાપ્ત કરવાનું તો શ્રી જૈનશાસન અવશ્ય વિધાન કરે છે.

પરમાત્માના ઉપદેશ કે શાસનથી ધર્મ પામેલો આત્મા, પોતાને પ્રાપ્ત થયેલા અસ્થિર અને વિનાશી દ્રવ્યનો ઉપયોગ પરમાત્માના ચૈત્યાદિ માટે ન કરે, તો તે રંક આત્મા સર્વ-સમર્પણ બુદ્ધિથી પરમાત્માનું આરાધન કરવા માટે કદી પણ તત્પર બની શકશે? પોતાના અંગભૂત નહિ, એવું ધન પણ પરમાત્માની સેવામાં નહિ સમર્પી શકનાર પોતાના અંગભૂત ઇન્દ્રિયો મન વગેરેને કઇ રીતે સમર્પિત કરી શકશે!

પરમાત્માનું આરાધન કરવા માટે, દિલમાં વસેલા દેવાધિદેવની ભક્તિને સાકાર કરવા માટે, પરિગ્રહની મમતા ઓછી કરવા માટે, ગૃહસ્થપણામાં ઔદાર્યાદિ સદ્ગુણોનું સર્વોત્કૃષ્ટ ફળ મેળવવા માટે,

શ્રીજિનભક્તિ માટેનાં ચૈત્યો અને મૂર્તિઓ જગતભરમાં ઉત્તમમાં ઉત્તમ સ્થાન છે. પરમાત્માના શાસનનો પોતાના ઉપર અતુલ ભાવોપકાર છે. એમ સમજી શકનાર પુણ્યાત્માઓ, પરમાત્મ-પરાયણ થવા માટે શ્રી જિન ચૈત્ય અને મૂર્તિમાં જેટલો ધનવ્યય થાય, તેને ઓછો જ માને અને તેનાથી વિપરીત પ્રકારના ધનવ્યયને અનર્થકર તથા સંસારમાં ડૂબાડનાર તરીકે જ સમજે એમાં કશું આશ્ચર્ય નથી!

શાસ્ત્રો તેમજ ઇતિહાસ કહે છે કે સમ્રાટ સંપ્રતિએ કરોડો જિનબિંબો ભરાવ્યાં હતાં તેમજ લાખો જિનચૈત્યો બંધાવ્યાં હતાં. આવાં હજારો જિનબિંબો આજે પણ પૂજાય છે, એટલું જ નહિ, પણ પૂજનારને અનુપમ ભક્તિભાવ પમાડવા દ્વારા આત્મિકલાભ કરે જ છે. શ્રી જિનભક્તિના જીવંત મહાકાવ્ય સમા દેલવાડાનાં દહેરામાં વપરાએલા કરોડો રૂપિયા ખરેખર લેખે છે, એવું તેનું દર્શન કરનારા સહુ કોઈ બોલે છે. કારણ કે પ્રભુશાસનને પામેલા ગૃહસ્થો તો સારી રીતે સમજે છે કે શ્રી જિનભક્તિ આદિમાં નહિ વપરાએલું દ્રવ્ય પ્રાયઃ પોતાની અને પોતાના વંશ-વારસની પરિગ્રહ સંજ્ઞાને પોષનારૂં થાય છે, એટલું જ નહિ પણ પોતાને તથા પોતાની સંતતિને એશ આરામ અને મોજશોખના માર્ગે ચઢાવી દઈ અધોગતિમાં ધકેલનાર થાય છે.

દાન, ભોગ અને નાશ એ ત્રણ પૈકી કોઈ એક માર્ગે ધન જાય છે, તે સિવાય કોઈ ચોથો માર્ગ નથી. આ ત્રણમાં ઉત્તમ માર્ગ દાનનો છે.

દાનમાં પણ ઉત્તમ દાન, સર્વોત્તમ પુરુષોની ભકિતમાં વપરાતું દાન ગણાય છે, સર્વોત્તમ પુરૂષોમાં પ્રથમ શ્રી જિનેશ્વરદેવ છે. એટલે તેમની ભક્તિ માટેનાં અનુપમ, મનોહર ગગનચુંબી, કલાસમૃદ્ધ ચૈત્યો બાંધવામાં પોતાને મળેલા ધનનો સદુપયોગ કરવો, તેને શ્રી જિનમાર્ગમાં આસ્થાવાળા પુણ્યાત્માઓ પોતાના જીવનનું પ્રથમ પવિત્ર કાર્ય સમજે છે.

આવા આત્માઓ પોતાના ઘરની સજાવટ પાછળ ધન નથી વેડફતા, પણ શ્રી જિનચૈત્યને વધુમાં વધુ સજવામાં પોતાના ધનનો સદ્વ્યય કરે છે. ઘરની સજાવટ અને પેઢીની રોનક સરવાળે મૂર્છા વધારે છે, જ્યારે શ્રી જિનચૈત્યોની સજાવટ અને ધાર્મિક સ્થળોની રોનક, મૂર્છા ઘટાડે છે, એવી દૃઢ સમજ આવા પુણ્યાત્માઓ ધરાવતા હોય છે.

**ચૈત્યાદિમાં કરેલા ધનવ્યયથી થતા લાભ :-**

ચૈત્ય અને મૂર્તિમાં થયેલો ધનવ્યય ધાર્મિક આત્માઓની સત્તાવાળો તથા સામુદાયિક વારસાવાળો હોય છે, જ્યારે પુત્ર પૌત્રાદિને

આપેલો વારસો મોટે ભાગે ધર્મપરાયણ નહિ. એવા માણસોની માલિકી-વાળો બને છે, તેમજ તેના ઉપર સત્તા પણ તેવા વર્ગની રહે છે. વળી ચૈત્ય કે મૂર્તિ પાછળ થયેલો ધનવ્યય નષ્ટ થઈ જતો નથી, પરંતુ રૂપાંતરે ઊભો જ રહે છે. જ્યારે ભોગાપભોગ, એશઆરામ અને મોજ શોખના સાધનોમાં થયેલો ધનવ્યય ક્ષણિક ફળ આપી નાશ પામે છે. તે ફળ પણ ભોક્તાને ઉન્માદી તેમજ અધોગામી બનાવે છે. અને તે માર્ગે વપરાએલ એક પૈસો પણ પરમાત્મા કે તેમના શાસનની આરાધનાના માર્ગમાં ઊપયોગી થતો નથી. અવિનાશી અને અવ્યાબાધ સુખથી ભરપૂર મોક્ષ અને તેની પ્રાપ્તિનો માર્ગ બતાવનાર તથા આત્મતત્ત્વ અને અનાત્મતત્વનો ભેદ સમજાવી, આત્મ-તત્વના ઉપાસક બનાવનાર પરમાત્માનાં મનોહર મંદિરોમાં અને એ તારકોની મનોહર પ્રતિમાઓમાં સર્વસ્વ ન્યોછાવર કરવાની બુદ્ધિ કૃતજ્ઞ આત્માઓને ન થાય, એ બને જ કેમ ? તેવી બુદ્ધિ કૃત્રિમ કે નિરર્થક હોતી નથી પરંતુ સાહજિક અને સાર્થક હોય છે

ધર્મદૃષ્ટિએ જિન મંદિરાદિમાં થતો ધનવ્યય આત્માને પરમેશ્વર પરાયણ બનાવે છે. વ્યવહાર દૃષ્ટિએ એ ધનવ્યય મંદિર અને મૂર્તિ સ્વરૂપે આ જગતમ, કાયમાં રહે છે અને દીર્ઘકાળ સુધી અનેકોને ઉપકાર કરતો ટકી રહે છે.

ઊનાળાના દિવસોમાં રણના ઊંડા ભાગમાં મીઠા જળનું ઝરણું જે સ્થાન અને માન ધરાવે છે, તેનાથી સવાયું ઊંચુ સ્થાન અને માન. આ પાંચમા આરાના બળબળતા કાળ સ્વરૂપ આ સંસારમાં શ્રી જિન ચૈત્ય અને શ્રીજિનમૂર્તિ ધરાવે છે. માટે જીવનમાં પ્રાપ્ત થયેલા પદા-ર્થોનો ઊંચામાં ઊંચો સદુપયોગ કરાવનાર કોઈ માર્ગ હોય, તો તે શ્રી જિનચૈત્ય અને શ્રી જિનમુર્તિ વગેરેની ભક્તિમાં થતો ધનવ્યય જ છે-એમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ માને છે. આવા આત્માઓને એ સિવાયનો ધનવ્યય કૃત્રિમ અને નિરર્થક લાગે છે તથા એવી ઋદ્ધિ એ પુણ્ય-ઋદ્ધિ નથી પરંતુ પાપ-ઋદ્ધિ છે એમ તેઓનો અંતરાઆત્મા પોકારી ઉઠે છે. આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં આ દેશમાં બંધાએલા કોઈ રાજમહેલનું પ્રગટ અસ્તિત્વ જણાતું નથી, જ્યારે અનેક શ્રીજિનચૈત્યો આજે પણ અખંડપણે ઊભાં છે-તે હકીકત જ શ્રી જિનચૈત્યની નૈસર્ગિક મહત્તાનું સ્પષ્ટ સૂચન કરે છે.

# જિનપૂજા અને હિંસા—અહિંસા

## ૬

શ્રી જિનેશ્વરદેવની ભક્તિ માટે મૂર્તિ અને ચૈત્યો પાછળ થતો ધનવ્યય નિરર્થક નથી. કિન્તુ સાર્થક છે – એમ સ્વીકારવા છતાં, કેટલાકને એક શંકા કાંટાની જેમ ખૂંચે છે કે – "શ્રી જિન પૂજામાં પાણી, અગ્નિ વગેરે જીવોનો વિનાશ થાય છે, તો તેવી પૂજા ઉપાદેય કેવી રીતે બની શકે? અહિંસક શાસનમાં, હિંસક માર્ગે ધર્મ થાય છે, એવું પ્રતિપાદન કરવું, એ શું વદતો વ્યાઘાત જેવું નથી?

આ શંકા જૈન દૃષ્ટિએ અહિંસા-હિંસાનું સ્વરૂપ શું છે? તેની વાસ્તવિક સમજના અભાવમાંથી ઊભી થયેલી છે. જેમાં જીવ-વધ થાય છે, તે બધી ક્રિયા હિંસક જ છે અથવા જીવનો વધ થવો, તેનું જ નામ હિંસા છે એમ જૈન શાસ્ત્રે કદી કહ્યું જ નથી. જૈન શાસ્ત્ર મુજબ વિષય-કષાયાદિની પ્રવૃત્તિ કરતાં જીવોનો પ્રાણ નાશ થાય, તેનું જ નામ હિંસા છે. વિષય કષાયાદિની પ્રવૃત્તિ સિવાય થતા જીવ નાશ આદિને પણ જો હિંસા માનવામાં આવે, તો દાનાદિ એક પણ ધર્મ પ્રવૃત્તિ થઇ શકશે નહિ. કારણ કે તે દરેકમાં પણ જીવ વધ તો રહેલો જ છે.

શ્રી જિનપૂજાના કાર્યમાં જીવહિંસા છે, તો ગુરૂભક્તિ, શાસ્ત્ર-શ્રવણ, પ્રતિક્રમણ આદિ કાર્યોમાં શું જીવહિંસા નથી? અવશ્ય છે. પરંતુ તેમાં હેતુ જીવહિંસાનો નથી, પણ ગુરૂભક્તિ વગેરેનો છે, તેથી તેને હિંસાનાં કાર્યો કહી શકાતાં નથી. એજ પ્રમાણે શ્રી જિનપૂજામાં પણ હેતુ તો શ્રી જિનભક્તિનો છે, તેથી તેને હિંસક કાર્ય કેમ કહી

શકાય ? કેવળ જીવવધને જ હિંસા કહેવામાં આવશે, તો નદી ઉતરનાર અને ગ્રામાનુગ્રામ વિહાર કરનાર સાધુને પણ હિંસક જ કહેવા પડશે. લોચાદિ કષ્ટોને સહન કરનાર, ઉગ્ર તપશ્ચર્યાઓ વડે શરીરને શોષવનાર તથા મહાવ્રતોના સંરક્ષણ આદિ માટે અવસરે પ્રાણના ભોગો આપનાર પણ હિંસાનાં કાર્યો કરનાર છે, એમ કહેવું પડશે.

આની સામે 'એ બધાં કાર્યો માટે ભગવાને આજ્ઞા કરેલી છે' એમ કહેવામાં આવે, તો એ સાથે જ પ્રશ્ન પૂછવો પડશે કે, હિંસાનાં કાર્યો માટે ભગવાન કદી આજ્ઞા કરે ખરા ? શું ભગવાનને હિંસા કરવાની નહિ, પણ કરાવવાની છૂટ હોય, એમ બની શકે ખરૂં ?' ભગવાન તો ત્રિકરણ યોગે હિંસાનો ત્યાગ કરનારા હોય છે, માટે તે-તે કાર્યોમાં જો હિંસા જ હોત, તો ભગવાન કદી પણ તેવી આજ્ઞા આપત જ નહિ ! પરંતુ નદી ઉતરવી વગેરે કાર્યો સંયમની રક્ષા માટે છે. પૌદ્‌ગલિક હેતુસર નથી, તેથી તે તે પ્રવૃત્તિઓને હિંસક નહિ પણ અહિંસક પ્રવૃત્તિઓ જ ગણેલી છે, અને જો તેવી પ્રવૃત્તિઓને પણ હિંસક પ્રવૃત્તિઓ કહેવામાં આવે, તો એક પણ સત પ્રવૃત્તિ કોઈ કરી શકે નહિ. તેવી રીતે દાન-પ્રવૃત્તિ પણ હિંસક પ્રવૃત્તિમાં ખપે, દયા પાળવાની પ્રવૃત્તિ પણ હિંસક પ્રવૃત્તિમાં ખપે યાવત્ શ્વાસ લેવા મૂકવાની પ્રવૃત્તિ પણ હિંસક પ્રવૃત્તિમાં જ ખપે. પછી તો મડદા જેવી નિશ્ચેષ્ટતા જ સ્વીકરણીય બની રહે. જીવનને સાર્થક કરવાની ઉત્તમ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ સદંતર બંધ કરવી પડે. એટલે હિંસા-અહિંસાના સમગ્ર સ્વરૂપને શાસ્ત્ર દષ્ટિએ સમજી સ્વીકારીને કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય કરવો જરૂરી છે.

હું જે કાર્ય કે પ્રવૃત્તિ કરૂં છું, તેને શ્રી જિનાજ્ઞાનો ટેકો છે કે નહિ ? શાસ્ત્રનું સમર્થન છે કે નહિ ? પૂર્વ મહર્ષિઓએ આવી પ્રવૃત્તિને નિષેધી છે કે અપનાવી છે ? તેમાં મારો હેતુ શો છે ? જે હેતુ છે, તે વિષય-કષાયને પોષવાનો છે કે આત્માને નિર્વિષયી-નિષ્કષાયી બનાવવાનો છે ? આનો વિચાર જરૂરી છે. કહેવાનો સાર એ છે કે, સ્વ પર હિતકારી ધાર્મિક આચરણમાં હિંસાની મનોકલ્પિત વ્યાખ્યાને આગળ કરવી ન જોઈએ. નહિતર સમગ્ર જીવન બંધિયાર જળાશય જેવું બનીને ગંધાઈ ઉઠે.

**સાધુઓ દ્રવ્ય પૂજા કેમ કરતા નથી ?**

અહી એવો તર્ક થવો પણ સંભવિત છે કે- "શ્રી જિનપૂજા એ ભક્તિ સ્વરૂપ હોવાથી, તેમાં થતી વિરાધના જો હિંસારૂપ નથી, તો પછી પંચ મહાવ્રતના ધારક સાધુઓ પૂજા કેમ કરતા નથી? તેનો જવાબ એ છે કે, સાધુઓ દ્રવ્યપૂજા નથી કરતા, તેમાં કારણ 'દ્રવ્યપૂજા એ હિંસાનું કાર્ય છે' એ નથી, પરંતુ 'સાધુઓ દ્રવ્યના ત્યાગી હોય છે' એ હોય છે.

અધિકારી વિશેષે જ ક્રિયા વિશેષ હોય છે. દ્રવ્યપૂજાના અધિકારી દ્રવ્યને ધારણ કરનારા હોય છે. વળી દ્રવ્યપૂજા માટે સ્નાન કરવું જોઈએ અને તે નહિ કરવાની સાધુઓને પ્રતિજ્ઞા હોય છે. તેથી દ્રવ્યપૂજા કરવાનું કાર્ય સાધુઓને પોતાની પ્રતિજ્ઞાથી પણ વિરુદ્ધ છે.

ગૃહસ્થો સ્નાન કરે છે, દ્રવ્યના સંગવાળા હોય છે, તેથી તેમણે દ્રવ્ય પૂજા ભક્તિ નિમિત્તે કરવી જ જોઈએ અને તેમાં પ્રમાદ નહિ હોવાથી અનિવાર્યપણે થઇ જતી હિંસા એ હિંસારૂપ નથી. કારણ કે જૈન શાસને વિષયકષયાદિને આધીન પ્રવૃત્તિને પ્રમાદ કહેલ છે.

ઔષધ રોગીને હિતકારી છે. તેથી નિરોગી એવા વૈદ્યે પણ તે લેવું જ જોઈએ, એવો નિયમ કરી શકાય નહિ. તેમ દ્રવ્યપૂજન, એ આરંભ અને પરિગ્રહના રોગથી રીબાતા આત્માઓને તે રોગથી મૂકાવવા માટે વિહિત થયેલું છે, માટે તે રોગથી રહિત સાધુઓને તેનું સેવન જરૂરી નથી. અર્થાત્ સાધુઓને આરંભ અને પરિગ્રહનો રોગ નથી, તેથી તેઓને દ્રવ્યપૂજનરૂપ ઔષધ લેવાની આવશ્યકતા નથી.

**શ્રી જિનપૂજા સાથે સર્વ વિરતિના ધ્યેયની સુસંગતતા :**

અહીં બીજો એવો તર્ક ઉઠવાનો પણ સંભવ છે કે "પૃથ્વી કાયાદિના આરંભમય દ્રવ્યપૂજનથી નિરારંભમય અને સર્વવિરતિનું ધ્યેય કેવી રીતે સિદ્ધ થાય ?

આનો સીધો અને સરળ જવાબ એ છે કે એવો એક નિયમ છે કે, જે ગુણો તરફ જે મનુષ્યને અત્યંત બહુ-માન હોય છે, તે મનુષ્ય તે ગુણોને પ્રાપ્ત કરવાના શુભ અધ્યવસાયવાળો હોય જ છે. અને તેને તે શુભ અધ્યવસાય જ સમયે-સમયે અનંતી નિર્જરા કરાવનાર થાય

છે, તેવી નિર્જરાથી આત્મા નિર્મળતા પામી, પોતાના ક્ષાયોપશમિક કે ક્ષાયિક ગુણોને પ્રાપ્ત કરે છે. ગુણ પ્રાપ્તિ થવાથી ગુણવાનનાં વચનો તરફ શ્રદ્ધાની તીવ્રતા થાય છે. જેમ જેમ શ્રદ્ધા તીવ્રતર થતી જાય છે, તેમ તેમ ગુણવાનના વચનો અનુસાર વર્તન કરવા માટે આત્મામાં તત્પરતા પ્રગટે છે અને એ વર્તનની તત્પરતામાંથી બાહ્ય-અભ્યંતર સર્વ સંયોગાનો ભોગ આપવાની તૈયારી થાય છે. તેનું જ નામ સર્વ વિરતિ છે.

આ રીતે પરંપરાએ, પ્રભુમૂર્તિનું પૂજન સર્વ વિરતિના ધ્યેયને પહોંચવાનું સાધન બની શકે છે. એટલું અવશ્ય છે કે શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાને પૂજનારા સર્વ મનુષ્યો તે જ ભવમાં સર્વ વિરતિના ધ્યેયને પહોંચી વળે-એ બને નહિ. તેમ છતાં તે ધ્યેય તરફ આગળ તો વધે જ છે. મેટ્રિક પાસ થવાના લક્ષ્યપૂર્વક સ્કૂલમાં ભણતો વિદ્યાર્થી, એક-બે દિવસ કે એકાદ માસમાં મેટ્રિકના લક્ષ્યને સાધી શકતો નથી. પરંતુ વર્ષોની મહેનત, નમ્રતા, ગુરુ-સમર્પણ વગેરે દ્વારા મેટ્રિકના લક્ષ્યને પામે છે. તે જ રીતે ઘણા ભવો સુધી વિરાધનાનું વર્જન અને આરાધનાનું સંપાદન થયા બાદ જ આરાધક મોક્ષરૂપી લક્ષ્યને સાધી આપનાર સર્વ વિરતિને પામે છે.

શ્રી જિનેશ્વર-પરમાત્માની પૂજા કરનારો તેમના રાજવૈભવને કે સુખ સમૃદ્ધિને આગળ કરીને તેમને પૂજતો નથી, પરંતુ તેઓએ આરંભ-પરિગ્રહ અને વિષય-કષાયના સર્વથા ત્યાગપૂર્વક સેવેલા અનગારપણાની અને પ્રાપ્ત કરેલ અઢાર દોષ રહિતપણાની પૂજા કરે છે. શ્રી જિનેશ્વર પરમાત્માની મૂર્તિનું પૂજન એ રીતે સર્વવિરતિ વગેરે ગુણો તરફ બહુમાન ધારણ કરીને થાય છે, તેથી તે સર્વવિરતિને અપાવનાર થાય જ છે.

### પૂજાનું અર્થીપણું પ્રભુમાં અસંભવિત

એક એવો પણ તર્ક સંભવિત છે કે શ્રી જિનેશ્વરદેવો હિંસાનો ત્યાગ કરવા માટે સાધુઓને સંસારનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે, તીવ્ર કષ્ટો સહવાનું ને છેવટે પ્રાણત્યાગ પર્યંતનું દુઃખ વેઠવાનું કહે અને પોતાની પૂજા માટે હિંસાદિ થાય, તો પણ એનું નિર્જરાદિ ફળ, બતાવે, એ શું યોગ્ય છે ?

આ તર્કનો જવાબ એ છે કે – શ્રી જૈનશાસનમાં શ્રી જિનેશ્વરદેવ આ નામની કોઈ એક વ્યક્તિ નથી. પણ તેવી વ્યક્તિઓ અનંત થઈ છે, તેમ જ અનંતી થવાની છે. તે સર્વ વ્યક્તિની પૂજ્યતાનું નિરૂપણ કરવું, એમાં વ્યક્તિગત પૂજાવાના હેતુની કલ્પના કરવી તે સર્વથા વિરુદ્ધ છે. સમુદાયની ભક્તિની નિરૂપણામાં વ્યક્તિગત પૂજાની પ્રેરણા કલ્પવી, એ ભયંકર દોષ દૃષ્ટિ જ છે.

કોઈ સજ્જન દુર્જનના સંસર્ગથી થતા ગેરફાયદા બતાવે, તેથી તે પોતાની મહત્તા બતાવવા પ્રયત્ન કરે છે, એમ કહી શકાય નહિ, તેમ સુપાત્રદાનનો ઉપદેશ કરનાર સાધુ સ્વાર્થી છે, એમ કહી શકાય નહિ. કોઈ સાધુ ઉપદેશમાં જણાવે કે, સાધુ મહાત્માના નામ–ગોત્રનું શ્રવણ કરવા માત્રથી પણ ઘણું ફળ છે, અને તેના કરતાં તેમના સામા જવું, વંદન–નમન કરવું, સુખશાતા પૂછવી; તેમની અનેક પ્રકારે પર્યુપાસના કરવી, તેમાં અનહદ લાભ છે. આમ, આ ઉપદેશ કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને નથી, તેથી તે ઉપદેશ આપનાર પોતાની પૂજા વગેરેનો અર્થી છે – એમ કહી શકાય નહિ. તથા સાધુના સામા જવું વગેરે ક્રિયાઓમાં થતા જીવ વિરાધનાના પાપનો ભાગી તે ઉપદેશક થાય છે, એમ પણ કહી શકાય નહિ.

ઉપદેશકનો ઇરાદો પોતાના આત્મકલ્યાણનો છે, નહિ કે જીવ વિનાશનો. શ્રી જિનેશ્વરદેવો તો ક્ષીણ મોહી અને વીતરાગ છે એટલે તેમની ઉપર પોતાની પૂજાના અર્થીપણાનો આરોપ મૂકવો–એ તો સંઙતર બુદ્ધિ વિનાનું કાર્ય છે.

## પૂજામાં હિંસાની કલ્પના કરનારની દુર્દશા

ચૌદ રાજલોકના સર્વ જીવોને અભયદાન દેવા રૂપ સર્વવિરતિ છે. એની પ્રાપ્તિ માટે એકેન્દ્રિય જીવોની અનિવાર્ય સ્વરૂપ હિંસાવાળું પૂજન ન્યાયયુક્ત છે. આ પૂજન દ્વારા એકેન્દ્રિયથી ચડિયાતા બેઇન્દ્રિયાદિ જીવોનું રક્ષણ થાય છે અને પરંપરાએ એકેન્દ્રિય જીવોનું પણ રક્ષણ થાય છે. પશુવધની પૂજામાં તેમ નથી, કારણ કે પંચેન્દ્રિયથી ચડિઆતો કોઈ જીવનો વર્ગ છે જ નહિ અને પોતાના ભલાના નામે

થતા પંચેન્દ્રિયના વધવાળા કાર્યને ધર્મકાર્ય ગણી પણ શકાય નહિ, કારણ કે તે કાર્ય તો માણસાઈથી વિરુદ્ધ છે.

શકય અહિંસાનું ઉત્કૃષ્ટપણે પાલન કરનારા તેમજ તે મુજબના ઉપદેશને આપનારા સાધુ સાધ્વી સંઘના પગલે જીવની જયણા સાચવીને જીવનારા શ્રાવક શ્રાવિકાદિ વર્ગને શ્રી જિનપૂજા સમયે પણ બધા જીવોને અભય આપનારા પદની જ અભિલાષા હોય છે, એટલે પૂજાને ઉચ્ચ અહિંસા પેદા કરનારૂં મહાન કાર્ય સર્વ તત્ત્વચિંતકોએ માન્યું-સ્વીકાર્યું છે.

અહિંસાથી જેમ ચારિત્રાવરણીય કર્મ નાશ પામે છે, તેમ સર્વ વિરતિના ધ્યેયથી થતું પૂજન પણ ચારિત્ર મોહનીયાદિ દુષ્ટ કર્મની પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ઉભયથી એક જ કાર્ય સિદ્ધ થતું હોવાથી અહિંસા અને શ્રી જિનપૂજા ઉત્સર્ગ-અપવાદ રૂપ બની શકે છે, પરંતુ સ્વર્ગાદિની સમૃદ્ધિ માટે પંચેન્દ્રિય જીવનો વધ કરીને પૂજન કરવું તેમાં હિંસા અને પરિગ્રહ ઉભય પાપોનું પોષણ થાય છે, તેથી એ ઉત્સર્ગ-અપવાદરૂપ બની શકે નહિ.

પ્રાપ્ત થયેલા સંયમને ટકાવવા વગેરે માટે નદી ઉતરવામાં લાભ થાય છે, તો પછી અપ્રાપ્ત સંયમની પ્રાપ્તિ માટે દેવપૂજાદિમાં પ્રવર્તનારને પણ લાભ કેમ થાય નહિ ? અવશ્ય થાય. શ્રી જિનેશ્વર દેવના પૂજનની પાછળ ગુણપ્રાપ્તિ, વૈરાગ્ય, માર્ગાનુસારિતા, દુઃખક્ષય અને કર્મક્ષયાદિ આત્મ કલ્યાણકર વસ્તુઓનું જ ધ્યેય છે. એવા ઉત્તમ ધ્યેયથી પૂજન કરનારો હિંસાના ફળને પામે, તો પછી અહિંસાના ફળને કોણ પામી શકે ! તે શોધવું તે સર્વથા અશકય જ છે.

શ્રી જિનેશ્વર દેવના પૂજનમાં પશુ વગેરેનું કે અભક્ષ્ય પદાર્થોનું નૈવેદ્ય ધરવાનું હોતું નથી કે અપેય વસ્તુઓ વગેરેથી પ્રક્ષાલન કરવાનું હોતું નથી. જૂઠ કે ચોરી કરીને પણ પૂજન કરવાનું હોતું નથી ઓછામાં ઓછું દેશવિરતિ ધર્મની ભૂમિકાથી નીચું પાડનારૂં એક પણ કૃત્ય શ્રી જિનપૂજામાં આચરવાનું હોતું નથી.

સચિત્ત પાણી, વાયુ વીંઝણ, અગ્નિ સમારંભ, વનસ્પતિ ભક્ષણ, કાચી માટી અને કાચું મીઠું જેણે છોડયું હોય છે, તેને દ્રવ્ય પૂજનના

વિધાનમાં પ્રવર્તવાનું છે નહિ. આમ છતાં જેઓ અર્થોપાર્જન કે શરીર શુશ્રુષાદિ માટે લેશ પણ દયાના વિચાર વિનાના છે. અભક્ષ્ય અને અનંતકાય પર્યંતના પદાર્થોનો ભોગોપભોગ પણ જેમણે છોડયો નથી, તેવા આત્માઓ માત્ર શ્રી જિનપૂજા માટે વપરાતાં જળ પુષ્પાદિના વિરાધનાને જ જો મોટું રૂપ આપી દેવાનો પ્રયાસ કરતા હોય, તો તેઓ કોઇ દુરાગ્રહથી પીડિત છે, એમ જ સમજવું રહ્યું. શક્ય શ્રેષ્ઠ અહિંસાનું જે પાલન પરમ અહિંસક શ્રી જિનેશ્વરદેવના પ્રત્યેક વચનના પાલનમાં થાય છે, તેનો જોટો નથી, એમ સ્વીકારવામાં ન્યાય નિપુણ માનવી જરા પણ અચકાતો નથી. થતી જણાતી અનિવાર્ય સ્વરૂપ હિંસને આગળ કરીને જીવનમાંથી શ્રી જિનપૂજાને જ બાદ કરી દેવાય, તો જીવદયાનો પરિણામ પણ જીવનમાંથી બાદ થઇ જાય, એ ગંભીર બાબતને કેમ અવગણી શકાય.

### દેવગુરૂવંદનનો પ્રભાવ

**दर्शनेन जिनेन्द्राणां, साधूनां वन्दनेन च ।**
**न तिष्ठति चिरं पापं, छिद्रहस्ते यथोदकं ॥'**

અર્થ:-શ્રી જિનેન્દ્રોનું દર્શન કરવાથી તથા સાધુ પુરૂષોને વંદન કરવાથી-છિદ્રવાળા હસ્તમાં જેમ પાણી ટકતું નથી, તેમ લાંબા કાળ સુધી પાપ ટકતું નથી.

# પ્રભુ-પૂજાના લાભ અપાર

# ૭

**દ્રવ્ય દયા અને ભાવદયા**

શ્રીજિનેશ્વરદેવનાં મનોહર ચૈત્યો અને તેમાં વિધિ બહુમાન પૂર્વક પ્રતિષ્ઠિત કરેલી રમણીય તથા મનોજ્ઞ મૂર્તિઓ અને તેનું સુંદર તથા આહ્લાદક પૂજન વગેરે જોઇને લઘુકર્મી ભવ્યાત્માઓ સમ્યગ્ દર્શનાદિ આત્મગુણોને પ્રાપ્ત કરે છે અને પરંપરાએ તેઓ દેશવિરતિ, સર્વ વિરતિ વગેરે ઉચ્ચ કક્ષાઓ પામી, સર્વ કર્મ રહિત બની, અનંત કાળ સુધી ત્રિલોકના સર્વ જીવોને સર્વ પ્રકારે અભયદાન દેનારા થાય છે. આથી સમ્યગ્ દર્શનાદિ ભાવ ધર્મોની પ્રાપ્તિનાં સાધનોને શ્રી જિનશાસને પરમ ઉપકારક લેખ્યાં છે, તેમજ તેમાં સાધ્યનો ઉપચાર કરીને પ્રાપ્ત શ્રેષ્ઠ સામગ્રી વડે ભક્તિ કરવાનું ફરમાન કર્યું છે.

જગતમાં દયા બે પ્રકારની છે.

(૧) દ્રવ્ય દયા (૨) ભાવ દયા.

દ્રવ્ય દયા કરતાં ભાવ દયા અનંતગુણી શ્રેષ્ઠ છે.

દ્રવ્ય દયા કેવળ દ્રવ્ય પ્રાણોને ઉદ્દેશીને છે. ભાવદયા ભાવ પ્રાણોને ઉદ્દેશીને.

દ્રવ્ય પ્રાણો અલ્પ કાળ ટકવાવાળા હોય છે.

ભાવ પ્રાણોની સ્થિતિ અનંત કાળ સુધીની છે.

દ્રવ્ય પ્રાણોના ધારણ-પોષણથી થનારું સુખ અલ્પ અને ક્ષણિક હોય છે, ભાવ-પ્રાણોના પોષણથી પેદા થનારૂં સુખ નિરવધિ અને ચિરસ્થાયી છે.

દ્રવ્ય દયા કરનારો માત્ર કેટલાંક પ્રાણીઓનાં કેટલાંક દુઃખો થોડા સમય માટે દૂર કરી શકે છે, જ્યારે ભાવ દયા કરનારો સર્વ જીવોનાં સર્વ કાળનાં દુઃખોને દૂર કરનારો અર્થાત્ તેઓને દુઃખના કારણરૂપ પાપનાં દેવામાંથી હંમેશને માટે મુક્ત કરનારો હોય.

સમ્યગ્ દર્શનાદિ ભાવ ગુણોની પ્રાપ્તિ ઉપરાંત મોક્ષનાં બીજાં પણ કારણો જેવાં કે સુત સાધુ સમાગમ, તેમના મુખ-કમળથી જગદુદ્ધારક નિષ્કલંક શ્રી જિન વચનનું શ્રવણ, સર્વ વિરતિમય શુદ્ધ જીવનનું આસેવન અને પરંપરાએ અવ્યાબાધ શાશ્વત પદની પ્રાપ્તિ વગેરે શ્રી જિનેશ્વરદેવની પૂજા અને ભક્તિ વગેરેથી અવશ્ય પ્રાપ્ત થાય છે.

તરસ્યાને પાણી પાવું એ દ્રવ્ય દયા છે. જ્યારે તૃષ્ણાગ્રસ્તને સંતોષ ગુણ પમાડવો એ ભાવ દયા છે. તૃષ્ણાની શાંતિથી આત્માને જે સુખ ઉપજે છે, તે તૃષાતુરને મનગમતું પીણું મળે અને જે સુખ થાય તે સુખ કરતાં સર્વ અપેક્ષાએ અનંત ગણું છે. એટલે દ્રવ્ય દયા તેના સ્થાને જેટલી ઉપકારક છે, તેના કરતા ભાવ દયા તેના સ્થાને અનંતગુણી ઉપકારક છે. આવી દયાનો પરિણામ અર્થાત્ પરિણતિ પરમ દયાવાન શ્રી જિનેશ્વરદેવની મૂર્તિની પૂજા ભક્તિ કરવાથી થાય છે, માટે તે અવશ્ય કરવી જોઈએ.

**શ્રીજિનપૂજામાં દાનાદિ ધર્મોની આરાધના**

શ્રી જિનેશ્વર દેવની પૂજા વખતે પુણ્યબંધ રૂપ અને કર્મક્ષય રૂપ ઉભય પ્રકારના ધર્મની આરાધના એક સાથે થાય છે, તે નીચેની વિગતોથી સમજી શકશે.

શ્રી જિનપૂજન સમયે અક્ષતાદિ ચઢાવવા તે દાનધર્મ છે.

શ્રી જિનપૂજન સમયે વિષય વિકારને ત્યાગવા તે શીલધર્મ છે.

શ્રી જિનપૂજન સમયે અશનપાનાદિનો ત્યાગ તે તપધર્મ છે.

શ્રી જિનપૂજન સમયે શ્રી જિનેશ્વર દેવના ગુણગાન કરવાં તે ભાવધર્મ છે.

**શ્રી જિનપૂજાથી થતો કર્મક્ષય**

શ્રી જિનપૂજન સમયે ચૈત્યવંદન વડે ગુણસ્તુત્યાદિ કરવાથી **જ્ઞાનાવરણીય** કર્મનો ક્ષય થાય છે.

પ્રભુ મૂર્તિનાં દર્શનાદિ કરવાથી **દર્શનાવરણીય** કર્મનો ક્ષય થાય

પ્રભુપૂજાના સમયે યતના અને જીવદયાની શુભ ભાવનાથી અશાતા **વેદનીય** કર્મનો ક્ષય થાય છે.

શ્રી અરિહંત પરમાત્મા તથા શ્રી સિદ્ધ પરમાત્માના ગુણ-સ્મરણથી અનુક્રમે **દર્શનમોહનીય** અને **ચારિત્રમોહનીય** કર્મનો ક્ષય થાય છે.

પ્રભુ પૂજનના શુભ અધ્યવસાયની તીવ્રતાથી **આયુષ્ય** કર્મનો ક્ષય થાય છે.

શ્રી જિનેશ્વરદેવનાં નામાદિ લેવાથી **નામકર્મનો** ક્ષય થાય છે.

શ્રી જિનેશ્વરદેવને વંદન પૂજનાદિ કરવાથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે.

તથા શ્રી જિનેશ્વરદેવની પૂજામાં શકિત, સમય તથા અન્ય દ્રવ્યાદિનો સદુપયોગ કરવાથી **વીર્યાંતરાય** આદિ કર્મનો ક્ષય થાય છે.

આ પ્રમાણે શ્રી જિનપૂજામાં પુણ્યબંધ, દેશથી કે સર્વથી કર્મ નિર્જરા અને પરંપરાએ શાશ્વત સુખ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ સુધીના સઘળાં કાર્યો એકી સાથે સધાય છે.

શ્રી જિનપૂજા જેવું સહેલામાં સહેલું, આબાલ વૃદ્ધ સર્વ કોઈથી આચરી શકાય તેવું અને અનુપમ લાભને આપનારૂં અન્ય કોઈ કૃત્ય લોકત્તર માર્ગમાં જડી શકે તેમ નથી. એથી તેની સામે સહેજ પણ ઉપેક્ષા ધારણ કરવી. તે સ્વ-કલ્યાણ પ્રત્યે જ ઉપેક્ષા ધારણ કરવા બરાબર છે. માટે સ્વ-પર કલ્યાણના અભિલાષી આત્માઓએ શ્રી જિનપૂજાદિ અનુષ્ઠાનમાં પોતે જોડાઈ અન્યને પણ જોડવા અને સ્વ-પરનું પારમાર્થિક કલ્યાણ સાધવું, એ જ સાચી ઉન્નતિનો શ્રેષ્ઠ માર્ગ છે.

ત્રિભુવનને પૂજ્ય શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી પૂજ્ય એવા સર્વ આત્માઓની પૂજા થઈ જાય છે, તેમજ એથી ઉપાદેય સર્વ ગુણોની પ્રાપ્તિની સાચી ભૂખ જાગે છે. માટે સર્વ કાળના વિવેકી પુરુષોએ શ્રી જિનેશ્વરદેવની પુજા સેવા ભકિતને પોતાના જીવનનું સર્વોત્તમ કાર્ય ગણીને તેનું તે રીતે ત્રિવિધે ઉલ્લાસપૂર્વક પાલન કર્યું છે.

# પ્રતિમા પૂજનની શાશ્વતતા

## ૮

**પ્રતિમા પૂજન : આત્મ કલ્યાણનું અતિશય અગત્યનું અંગ**

"नामाकृतिद्रव्य भावैः, पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

આ સુરમ્ય પદ્ય-રત્નમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય દેવ શ્રીમદ્‌ હેમચન્દ્રસૂરીશ્વર મહારાજા ફરમાવે છે કે-

"સર્વ કાળમાં અને સર્વ ક્ષેત્રમાં 'નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ આ ચારે સ્વરૂપ વડે ત્રણે જગતના જનોને પવિત્ર કરનારા શ્રી અરિહંતોની અમે ઉપાસના કરીએ છીએ.

ઉપરોક્ત પદ્યમાંથી એ ભાવ નીકળે છે કે, શ્રી અરિહંત ભગવંતની મૂર્તિઓ અને તેની પૂજા આજ કાલની નથી. પરંતુ સદાની છે. કારણ કે શ્રી અરિહંત ભગવંતો આજ કાલના નથી, પણ અનાદિના છે.

આ કથનાનુસાર શ્રી અરિહંતોના ચારે નિક્ષેપાઓ ઉપાસ્ય છે. આ ચારમાંથી એક પણ નિક્ષેપાની અવગણના સમ્યક્ત્વની પ્રાપ્તિને રોકનાર અને પ્રાપ્ત સમ્યક્ત્વનો નાશ કરનાર છે.

કોઈ પણ કાળ એવો નથી, કે જેમાં મૂર્તિપૂજાનું અસ્તિત્વ ન હોય અને કોઈ પણ ક્ષેત્ર એવું નથી, કે જેમાં શ્રી અરિહંત ભગવંતોની મૂર્તિઓ તેના ઉપાસકોને પવિત્ર કરતી ન હોય !

મૂર્તિપૂજા આત્મકલ્યાણનું અતિશય અગત્યનું એક અંગ હોવાનું સ્પષ્ટ વિધાન ઉક્ત શ્લોક કહે છે. જેનું સમર્થન સર્વ કાળના પરમ પૂજ્ય મહર્ષિઓએ પણ કરેલું છે, તેમજ વર્તમાન વિશ્વમાં વિચરતા મહાત્માઓ પણ કરી રહ્યા છે.

આ વાતના સમર્થનમાં શાસ્ત્રો સ્પષ્ટપણે ફરમાવે છે, કે અધિકાર અને યોગ્યતા પ્રમાણે સાધુઓ તેમજ શ્રાવકો માટે શ્રી અરિહંત પરમાત્માઓની ભાવપૂજા તથા દ્રવ્યપૂજા નિરંતર આવશ્યક છે. એનો અમલ નહિ કરનાર સાધુ તથા શ્રાવક પ્રાયશ્ચિતનો ભાગીદાર બને છે.

આમ મૂર્તિપૂજા એ આત્મકલ્યાણનું કેવું ઉત્તમ અંગ છે, તે સ્પષ્ટ થાય છે. પોતાના દેહના વિવિધ અંગોનું મહત્ત્વ સમજનારા સહુને પોતાના ભાવદેહના અતિશય અગત્યના આ અંગનું યથાર્થ મહત્ત્વ સ્વ-માતથી સમજાય તો સારૂં, નહિતર ગુરૂ-મતિથી તેમજ શાસ્ત્ર-મતિથી પણ સમજીને સ્વીકારવાની અત્યંત જરૂર છે.

જે પદાર્થનું યથાર્થ જે મૂલ્ય હોય તે મૂલ્ય આંકવું તેમાં બુદ્ધિમત્તા અને વિવેક છે. આપણા અંગનો ઉચ્છેદ આપણને માન્ય નથી, તો પછી મુર્તિપૂજાનો કે મુર્તિનો ઉચ્છેદ કરવાની તો કલ્પના પણ શી રીતે થઈ શકે ? ન જ થઈ શકે.

## તીર્થ હોય, ત્યાં પૂજા હોય જ

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં એકેક ચોવીસી થાય છે. દરેક ચોવીસીમાં ચોવીસ ચોવીસ તીર્થંકર પરમાત્માઓ થાય છે. એવી અનંત ચોવીસીઓ અતીત કાળે થઈ ગઈ છે અને અનાગત કાળે થશે.

શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં તો શ્રી તીર્થંકરોનો વિરહ જ નથી. ત્યાં સર્વ કાળ તીર્થંકરો વિદ્યમાન હોય જ છે. એટલે જ્યારે-જ્યારે અને જ્યાં-જ્યાં તે પરમોપકારી તીર્થપતિઓનું તારક તીર્થ પ્રવર્તતું હોય, ત્યારે-ત્યારે અને ત્યાં-ત્યાં શ્રી જિનેશ્વરદેવનાં મંદિરો અને મુર્તિઓ અને તેની ઉપાસનાનું અસ્તિત્વ કાયમનું જ છે. કારણકે શ્રીજિનેશ્વર-દેવોના પવિત્ર માર્ગમાં શ્રી જિનેશ્વરદેવોની પુજા, એ સમ્યક્ત્વ-શુદ્ધિનું એક પરમ અંગ અને આત્મોન્નતિનું અદ્વિતીય સાધન મનાયેલું છે. આ હકીકત મુર્તિ અને તેની પૂજાની શાશ્વતતાની સ્પષ્ટ દ્યોતક છે.

**શ્રીતીર્થંકરદેવોનો ઉપકાર**

શ્રી તીર્થંકર દેવોનો સમગ્ર વિશ્વ ઉપર અનહદ ઉપકાર છે. સમસ્ત વિશ્વનું આત્યંતિક ભલું કરવાની સર્વોત્તમ ભાવનામાંથી શ્રી તીર્થંકર પદનો જન્મ થયેલો હોય છે. તે માટે તે તારકે અનેક ભવોથી શુભ પ્રયત્ન કરી, ત્રીજા ભવમાં જિન-નામ કર્મની નિકાચના કરી હોય છે.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓની અનાદિ ઉત્તમતા જણાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે-

**"आकालमेते परार्थव्यसनिनः , उपसर्जनीकृतस्वार्थाः, उचित-क्रियावन्तः, अदीनभावाः, सफलारम्भिणः अद्दढानुशयाः, कृतज्ञतापतयः अनुपहतचित्ताः, देवगुरुबहुमानिनः तथा गम्भीराशया इति ॥"**

અર્થાત્ શ્રીજિનેશ્વરદેવના આત્માઓ અનાદિ કાળથી આ સંસારમાં પરાર્થવ્યસનિનઃ- પરાર્થવ્યસની-પરોપકાર કરવાના વ્યસનવાળાં હોય છે.

ઉપસર્જનીકૃતસ્વાર્થા :- સ્વાર્થને ગૌણ કરવાવાળા હોય છે,

ઉચિતક્રિયાવંતઃ- સર્વત્ર ઉચિત ક્રિયાને આચરનારા હોય છે,

અદીનભાવાઃ- દીનતા વિનાના હોય છે.

સફલારંભિણઃ-સફળ કાર્યનો જ આરંભ કરનારા હોય છે.

અદૃઢાનુશયાઃ- અપકારી જન ઉપર પણ અત્યંત ક્રોધને ધારણ કરનારા હોતા નથી,

કૃતજ્ઞતાપતયઃ- કૃતજ્ઞતા ગુણના સ્વામી હોય છે,

અનુપહત ચિત્તાઃ- જેમનુ ચિત્ત દુષ્ટ વૃત્તિઓથી હણાયેલું નથી હોતું.

દેવગુરૂબહુમાનિનઃ- દેવ અને ગુરૂનું બહુમાન કરનારા હોય છે, અને

ગંભીરાશયા :- ગંભીર આશય-ચિત્તના ગંભીર ભાવને ધારણ કરનારા હોય છે.

જો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ અનાદિ કાળથી ઉપરોક્ત વિશિષ્ટ યોગ્યતાને ધારણ કરનારા ન હોય તો કોઈ પણ કાળે તેઓ સર્વોત્તમ બની શકે નહિ તે સંબંધી શાસ્ત્રમાં કહ્યું છે કે-

**'न खल्वसमाचरितमपि जात्यं रत्नं समानमितरेण ।**
**न च समाचरितोपि काचादिर्जात्यरत्नीभवति ॥**

અર્થ :- અસમાચરિત અર્થાત્ અસંસ્કારિત પણ જાતિવંત રત્ન કદી ઈતર એટલે એથી વિપરીત કાચ સમાન બનતું નથી તથા કાચ સારી રીતે સંસ્કારિત કરેલ હોય, તો પણ તે કદી જાતિવંત રત્ન સમાન બનતું નથી.

આવી અજોડ ઉત્તમતાવાળા શ્રી તીર્થંકર દેવો પોતાના છેલ્લા ભવમાં તે વિશ્વવંદ્ય પુણ્યકર્મનો ઉપભોગ કરતી વખતે, વિશ્વના સમસ્ત જંતુઓને હિતકારી ધર્મ તીર્થની સ્થાપના કરે છે.

આ તીર્થના પ્રભાવે જ સમસ્ત ધર્મકર્મની સુવ્યવસ્થા વિશ્વમાં પ્રવર્તે છે. જે અવ્યવસ્થા દેખાય છે, તે આ તીર્થની વિરાધનાના ફળ સ્વરૂપે છે.

સંસાર-સાગરથી ભવ્ય આત્માઓને તારવા માટે આ તીર્થ સમર્થ હોય છે. મહાસત્ત્વશાળી પ્રાજ્ઞ પુરુષોનું તે આશ્રયસ્થાન હોય છે, આ તીર્થ અવિસંવાદી, અચિન્ત્ય શકિતયુકત અને તેનો જે કોઈ આશ્રય લે, તેને આ ભયાનક ભવોદધિથી તારવા સમર્થ હોય છે.

દ્વાદશાંગી, તેનો આધાર ચતુર્વિધ શ્રી સંઘ અને તેના આદ્ય રચયિતા શ્રી ગણધર દેવો આ ત્રણ તીર્થ કહેવાય છે. આ તીર્થના આદ્ય પ્રકાશક અને આદ્ય સ્થાપક શ્રી તીર્થંકરદેવો હોય છે.

જૈન ધર્મની પ્રતિષ્ઠા જગતમાં વિસ્તરેલી છે, તો તેમાં મુળ કારણભૂત શ્રી તીર્થંકરદેવો અને તેમના જીવનની વિશિષ્ટતા જ છે.

વસ્તુત : તો શ્રી તીર્થંકરદેવોનું સર્વોચ્ચ ગુણમય જીવન એ જ જૈન ધર્મની અણમોલ સંપત્તિ છે. જૈન ધર્મના ટકાવની મજબૂત જડ જો કોઈ પણ હોય, તો તે પણ તે જ છે. કયારેક સર્વનાશ જેવું થઈ જાય, તો પણ તેમાંથી તીર્થંકર દેવોના સર્વોચ્ચ જીવનનો આદર્શ જ્યાં સુધી જગતમાં રહેલ છે, ત્યાં સુધી ફરીથી ધર્મજાગૃતિ આવતાં વાર લાગતી નથી !

જૈનધર્મની સર્વોપરિતા અને દૃઢમુળતા થવાનું મુખ્ય કારણ શ્રી તીર્થંકરદેવોનાં સર્વોચ્ચ ગુણમય જીવન જ છે. પ્રકર્ષને પમેલા એ પ્રત્યેક ગુણનો સમસ્ત વિશ્વના જીવો પર અસાધારણ પ્રભાવ છે અને એ જ કારણે જૈનો પોતાની સર્વ પ્રવૃત્તિઓમા શ્રી તીર્થંકર દેવોના જીવનને જ ઉચ્ચ સ્થાન આપે છે.

શ્રી તીર્થંકરદેવો જગતમાં પૂજ્યતમ છે. તેનું કારણ તેમની વિદ્વત્તા રાજ્યસત્તા કે રૂપરંગાદિ નથી, પરંતુ તેમનું અગાધ, અનુપમ, અપરિમેય વિશ્વવાત્સલ્ય છે, જેમાંથી તીર્થંકરત્વનો જન્મ થાય છે.

એટલા માટે જૈન શાસ્ત્રકારોએ શ્રી તીર્થંકર પરમાત્માઓની લગ્ન, રાજ્ય, યુદ્ધ, લીલા કે ક્રીડાદિ ઘટનાઓને ઉપાદેય તરીકે આગળ કરી નથી. પરંતુ ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ અને મોક્ષ અવસ્થાઓને આગળ કરી, તેનીજ ઉપાસના કરવાનું ફરમાવ્યું છે.

### જિનેશ્વર સાક્ષાત્ કલ્પવૃક્ષ છે.

**'दर्शनाद् दुरितध्वंसी; वन्दनाद्वांछितप्रदः ।**
**पूजनात् पूरकः श्रीणां, जिनः साक्षात् सुरद्रुम ॥'**

અર્થ:–શ્રી જિનેશ્વર દેવનું દર્શન પાપનો નાશ કરે છે, વંદન વાંછિતને આપનાર થાય છે અને પૂજન (બાહ્ય અને અભ્યંતર પ્રકારનું) લક્ષ્મીને પૂરનાર થાય છે. ખરેખર ! શ્રી જિનેશ્વર દેવ સાક્ષાત્ કલ્પવૃક્ષ છે.

# જેની જોડ જડે નહિ જગમાં એવું જીવન જીવનારા

## ૯

### તીર્થંકરોનું મહા મહિમાવંતું જીવન

જગતમાં એકથી ચઢીઆતો બીજો મનુષ્ય મળી જ રહે છે. માટે જ શેરને માથે સવાશેરની કહેવત પ્રચલિત છે: કોઈ રૂપ કે ગુણમાં, કોઈ જાતિ કે કુળમાં. કોઈ બુદ્ધિ કે શાસ્ત્રમાં, કોઈ કળા કે કૌશલ્યમાં, કોઈ ઋદ્ધિ કે સમૃદ્ધિમાં અને કોઈ લાભ કે ખ્યાતિમાં અજોડ હોય! તો પણ તે સર્વના ગર્વ, મદ, અહંકાર કે અભિમાન ઉતારનાર કોઇ પણ હોય, તો તે શ્રી તીર્થંકરદેવોનું જીવન જ છે, કારણ કે તેઓ સર્વદેશીય સર્વોચ્ચતાના સ્વામી હોવાનું સત્ય, સર્વ કાળના સર્વ વિવેકી પુરુષોએ એકમતે સ્વીકાર્યું છે. વિશ્વવંદ્ય શ્રી તીર્થંકરદેવોની આંતર-બાહ્ય યોગ્યતા એટલી હદે અજોડ હોય છે કે, તેઓશ્રીના દેહનાં રૂધિર-માંસ આદિ પણ દૂધ જેવા શ્વેત હોય છે. માટે જ તેમના સ્મરણ, દર્શન, વંદન, પૂજન, સ્તવન આદિથી માણસને પોતાની અલ્પતાનો સ્પષ્ટ બોધ થાય છે તેમજ તેના જીવનમાં સાચી વિનમ્રતા પેદા થાય છે.

ક્રોધ, રોષ, ઇર્ષ્યા કે અદેખાઇ, માયા કે દંભ, અનીતિ કે અનાચારાદિ દોષોને છોડી દેવાની સત્ય પ્રેરણા-આ જગતમાં કોઇ પણ સ્થાનેથી મેળવી શકાતી હોય, તો તે પણ મુખ્યત્વે શ્રી તીર્થંકરદેવોનાં જીવનમાંથી જ મેળવી શકાય છે.

શ્રી તીર્થંકરદેવોનું આદર્શ જીવન, બીજાઓમાં રહેલા સઘળા દોષોને તેમજ વિકારોને સ્પષ્ટ જણાવવા દ્વારા યોગ્ય આત્માઓના તે-તે દોષોને વધતા અટકાવે છે તથા શમાવી પણ દે છે.

આ જગતમાં જે કાંઈ સારભાગ એટલે કે સારાપણું, ઉજ્જવળતા કે પવિત્રતાદિ દેખાય છે, તે સર્વ પ્રતાપ સીધી, તેમજ આડકતરી, ઉભય રીતે, શ્રી તીર્થંકરદેવોના અતિ ઉજ્જવળ અને પવિત્ર જીવનનો જ છે. તે મહાપુરુષના જીવનની ભવ્યતા, અસંખ્ય આત્માઓને પોતપોતાના વિકાસ સ્થાન પરથી આગળ વધવામાં અનાયાસે પણ સબળ નિમિત્ત-રૂપ થયા સિવાય રહેતી નથી.

**ગુણજ્ઞ ભક્તોની ભાવના કેવી હોય ?**

સર્વ જીવોના વિકાસમાં, સર્વ કાળે એક સરખી રીતે ઉપકારક શ્રી તીર્થંકરદેવોનો ઉપકાર સ્મૃતિ પટ પર તાજો રહ્યા કરે, એ વિસ-રાઈ ન જાય, એ કારણે તે મહાપુરુષની વિદ્યમાનતામાં કે અવિદ્યમાન-તામાં, તેઓશ્રી પ્રત્યેની સન્મુખ વૃત્તિ ટકાવી રાખવા માટે, પ્રતિમા અને ચૈત્યો દ્વારા ભક્તિ કરવાની પ્રથા વિવેકી વર્ગમાં સદા કાળ હોય, એમાં લેશ માત્ર નવાઈ નથી.

જગત ઉપરના તેઓશ્રીના મહાન ઉપકારો સમજદાર આત્માઓને સહજ તેમ કરવા પ્રેરે છે. એ ઉપકારને સમજનારાઓ તેઓશ્રીની પ્રતિમાના દર્શન કર્યા વિના અન્ન કે જળને પણ લેતા નથી. આખો દિવસ દર્શન ન થાય, તો તે ઉપવાસ કરે છે. હંમેશાં ત્રિકાળ દર્શન અને સાત વાર ચૈત્યવંદન કરવાની તેઓ ફરજીઆત પ્રતિજ્ઞા ધારણ કરે છે.

શ્રી તીર્થંકરદેવો તરફની આવી મહાન પૂજ્યભાવનાના બળના પરિણામે ઠેર-ઠેર અતિ ભવ્ય અને મનોહર જિનાલયો સ્થાપિત થાય છે અને તેમાં સંખ્યાબંધ મૂર્તિઓ પ્રતિષ્ઠિત થાય છે. મોટાં શહેરો, કલ્યાણક સ્થળો અને બીજાં પણ મહત્ત્વનાં કે સામાન્ય સ્થળોમાં સંખ્યાબંધ મંદિરો અને પ્રતિમાઓ એથી અસ્તિત્વમાં આવે છે. વિવેકી આત્માઓ સમસ્ત પૃથ્વી શ્રી જિનમંદિરોથી મંડિત થઈ જાય, એવી સુભગ પળની હૃદયમાં હંમેશાં ઝંખના કર્યા કરે છે.

આધુનિક સંસ્કૃતિના પૂજકને દુનિયાના પ્રત્યેક સ્થળે અને ગામડે-ગામડે હાઈસ્કુલ, હોસ્પિટલ – પોષ્ટ ઓફિસ વગેરે સ્થાપવાની અને દાખલ કરવાની જે મહત્ત્વાકાંક્ષા હોય છે, તેના કરતાં અનેક ગુણી મહત્ત્વાકાંક્ષા, શ્રી તીર્થંકર દેવોના સર્વોચ્ચ ગુણોને પીછાણનારા આત્મા-ઓને, તેઓશ્રીની સ્મૃતિ તાજી રાખનારા મંદિરો અને મૂર્ત્તિઓનું સર્વત્ર પ્રતિષ્ઠાપન કરવાની હોય છે.

આવી મહત્ત્વાકાંક્ષા સર્વ અપેક્ષાએ હિતકારી ગણાય છે, કારણ કે તેમાં સ્વ પરના હિતની જ એક માત્ર મહેચ્છા હોય છે, લૌકિક કોઈ ઇચ્છાની પૂર્તિની ઝંખાના એમાં રહેલી હોતી નથી.

શ્રી તીર્થંકર પરમાત્માના દર્શનથી પ્રજા વંચિત ન રહે, એ માટે મોટાં મોટાં તીર્થો બાંધવામાં આવે છે, મોટા મોટા યાત્રા સંઘો, મહો-ત્સવો, રથોત્સવો, મહાપૂજાઓ અને એવી બીજી ઘણી ઉત્સાહજનક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને એમ કરીને પોતાનું તથા પ્રજાનું શ્રી તીર્થંકરદેવો તરફના માન-બહુમાનનું વલણ જાગૃત કરવા તથા સતત ચાલુ રાખવા શ્રેષ્ઠ પ્રયત્નો કરવામાં આવે છે.

ઉછરતા છોડને જળની જેટલી જરૂર રહે છે, તેના કરતા વિશેષ જરૂર મુમુક્ષુઓને આ પ્રકારના પ્રયત્નોની રહે છે.

આ હકીકતના જાણકાર ગુણજ્ઞ આત્માઓ આમ કર્યા સિવાય રહી શકતા જ નથી. ગમે તેવી પ્રવૃત્તિમાં પડેલો માણસ પણ શ્રી જિનભક્તિ મહોત્સવોના જીવંત વાતાવરણ વડે રંગાયા સિવાય રહેતો નથી. તેથી જાણ્યે-અજાણ્યે પણ આત્મિક ઉન્નતિને લાયક એવા બીજા રોપણો તેના આત્મામાં થઈ જાય છે. તે બીજ પલ્લવિત થઈને આગળ ઉપર મોટું સ્વરૂપ પકડી લે છે.

શહેરના રાજમાર્ગો પર નીકળતા રથયાત્રાના વરઘોડાની ભવ્યતા નિરખીને અહોભાવસૂચક જે ઉદ્ગારો, ભક્તિમાં સીધી રીતે નહિ જોડા-યેલા માનવો પણ કાઢે છે, તેનાથી તેમના આત્મામાં પણ ભક્તિનું બીજ વવાય છે. અને ભક્તવર્ગ તો આવા અવસરને પોતાના જીવનનો ધન્ય અવસર માનીને હર્ષવિભોર બની જાય છે.

**શ્રી જિનમંદિરોની અજોડ-ઉપકારકતા**

શ્રી જિનમંદિરો, મુર્ત્તિઓ અને તેની પૂજાના મહોત્સવો આત્મો-ન્નતિ અને આત્મવિકાસનાં અનન્ય સાધનો છે, એ ધાર્મિક જીવનનાં

લક્ષ્ય બિંદુઓ છે અને ત્રિકાળ બિન હરિફ ઉત્તમોત્તમ કર્તવ્યો છે. કારણ કે નાની કે મોટી ધાર્મિક પ્રવૃત્તિઓ સીધી કે આડકતરી રીતે ત્યાંથીજ ઉદ્દભવે છે. શ્રી જિનમંદિરનો મહિમા વર્ણવતાં એક વિદ્વાન પંડિતે ખરૂં જ કહ્યું છે કે-

"શ્રી જિનમંદિરો એ-

વિકાસ માર્ગને અનભિમુખ પ્રાણીને અભિમુખ બનવા માટે અગમ્ય ઉપદેશ વાણી ઉચ્ચારતાં મૌન પુસ્તકો છે.

ભૂલા પડેલા ભવાટવીના મુસાફરોને માર્ગ બતાવવા માટે એ દીવાદાંડીઓ છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી બળ્યા ઝળ્યા આત્માઓને વિશ્રાંતિ લેવાનાં એ ઉત્તમ આશ્રયસ્થાનો છે.

કર્મ અને મોહના હુમલાઓથી ઘવાયેલાં દિલને રૂઝ લાવવા માટે એ સંરોહિણી ઔષધિઓ છે.

આપત્તિરૂપી પહાડી ભેખડો અને ભાંખરાઓમાં ઘટાદાર છાયા વૃક્ષ છે.

દુઃખરૂપી સળગતા દાવાનળમાં શીતળ હિમકૂટ છે.

ભવરૂપી ખારા સાગરમાં મીઠી વીરડીઓ છે.

સંતોના જીવન-પ્રાણ છે દુર્જનો માટે એ અમોઘ શાસન છે.

ભૂતકાળની પવિત્ર યાદ છે. વર્તમાન કાળનાં આત્મિક વિલાસ-ભુવનો છે. ભાવિ કાળનાં ભાથાં છે.

સ્વર્ગની સીડીઓ છે. મોક્ષના સ્થંભો છે. નરકના માર્ગમાં જતા જીવને અટકાવતા દુર્ગમ પહાડો છે અને તિર્યંચ ગતિના દ્વારોની આડે એ મજબૂત અર્ગલાઓ (આગળાઓ) છે."

પંડિત પુરુષનાં આ વચનો કેટલાં પ્રાણભૂત, સચોટ, વજનદાર તેમજ અસરકારક છે, તેનો જેને પણ જાત-અનુભવ કરવો હોય, તેણે હંમેશાં નિયમિત પણે શ્રી જિનમંદિરે જવાનું વ્યસન પાડવું જોઇએ. ચાખ્યા સિવાય વસ્તુના સ્વાદનો યથાર્થ અનુભવ ભાગ્યે જ થાય છે. તેમ જાતે શ્રી જિનમંદિરે જવાનું વ્યસન પાડવાથી જ ઉક્ત વચનોની યથાર્થતાનો અનુભવ થાય તેમ છે.

**ભકિત પાછળ શમાયેલ આધ્યાત્મિક રહસ્યો**

જૈનોની શ્રી તીર્થંકરદેવો ઉપરની ભકિત, ગાંડીઘેલી નથી, પરંતુ સહેતુક, સપ્રમાણ અને સમ્યગ્જ્ઞાન યુકત છે. તેની પાછળ ઊંડામાં ઊંડાં

આધ્યાત્મિક રહસ્યો, માનસ શાસ્ત્રના સિદ્ધાન્તો અને સર્વોચ્ચ નીતિ નિયમોનું પાલન રહેલું છે. તે બધાનાં વિસ્તૃત વિવેચનો આગળ શાસ્ત્રો અને સાથે સંબંધ ધરાવતા અન્ય વિશાળ કાય સાહિત્યમાં બુદ્ધિગમ્ય થાય, તે રીતે વર્ણવેલાં છે.

વ્યકિતને પોતાને જે વિષયમાં ખરેખર રસ હોય છે. તે વિષયને લગતી સામાન્ય વાતનો પણ કોઇ નિર્દેશ કરે છે, તો પણ તે તેમાં તરત તરબોળ થઈ જાય છે, તો પછી સમગ્ર જીવલોકનું કલ્યાણના કરનારા ધર્મના પ્રકાશક શ્રી તીર્થંકર પરમાત્માની ભકિતની સહેજ વાત પણ સાંભળીને વિવેકી આત્મા, બધાં કામ પડતાં મુકીને એક તેમાંજ પરોવાઈ જાય તેમાં આશ્ચર્ય જેવુ શું છે.

વ્યકિતગત વિચારમાં ગળાબૂડ રહેવું એ અજ્ઞાન અવિદ્યાજન્ય વિકૃત સંસ્કાર છે. જ્યારે સમષ્ટિગત વિચારમાં મનને પરોવવું તે સાચી સમજના ઘરનો ઉત્તમ સંસ્કાર છે. આવી સમજ તેમજ તે મુજબના આચરણનું બળ, ત્રિજગપતિ શ્રી તીર્થંકર દેવના ચારે નિક્ષેપાની ભકિત કરવાથી પ્રગટે છે. માટે જૈનો શ્રી જિનેશ્વરદેવની ભકિત પાછળ પોતાની શ્રેષ્ઠ શકિત આદિને ન્યોચ્છાવર કરવામાં અચકાતા નથી.

### અજ્ઞાનવશ વિરોધ

મહાન ઉપકારી, વિશ્વવંદ્ય શ્રી વીતરાગ પરમાત્માની નિર્વિકાર શાન્ત, ધ્યાનાવસ્થિત મુદ્રા જગતપુજ્ય છે, સર્વ દુઃખોને એ નાશ કરનારી તથા સર્વ સુખોની પ્રાપ્તિનું પરમ નિમિત્ત છે, તો પણ આ જગતમાં તેનો પણ વિરોધ કરનારા છે. તેનાથી શ્રદ્ધાળુઓને આંચકો લાગે તે સ્વાભાવિક છે, પણ વસ્તુ સ્વરૂપના અભ્યાસીઓને એથી કોઈ અચંબો થતો નથી કારણ કે અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાયેલા જીવો આમ ન વર્તે તો તેઓ અજ્ઞાનના પ્રભાવ નીચે છે- એમ શી રીતે માની શકાય

આવા માનવો પ્રતિમા અને તેની પૂજાનો નિષેધ કરે છે અને તેના સમર્થનમાં મુખ્ય બે દલીલો કરે છે. એક તો પ્રતિમા જડ છે અને બીજી તેની પુજામાં હિંસા રહેલી છે. આ બંને પ્રકારની દલીલોનો સુયુકિતપુર્ણ અને હૃદયંગમ જવાબ આ પુસ્તકની સાથે જોડેલી પ્રશ્નોત્તરીમાંથી મળી જશે.

# જિન-પ્રતિમા જિનવર સમ ભાખી
# સૂત્ર ઘણાં છે સાખી !

# ૧૦

☐ આગમને માનનારે

પંચાંગીને પણ માન્ય કરવી જ જોઈએ ?

પ્રતિમાને નહિ માનનારો વર્ગ પણ અમુક આગમને તો માને જ છે.

પ્રતિમા, એ શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માના રૂપી આકારની સ્થાપના છે, તો આગમ એ શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માના અરૂપી જ્ઞાનની અક્ષરાકારે સ્થાપના છે.

શ્રી વીતરાગ તીર્થંકર પરમાત્માના સાક્ષાત્ આકારની સ્થાપનાને નહિ માનવાની હિંમત કરી શકનાર વર્ગ પણ તેઓશ્રીના અરૂપી જ્ઞાનની અક્ષરાકાર-સ્થાપના-સ્વરૂપ આગમને નહિ માનવાની હિંમત કરી શકેલ નથી, એ વસ્તુ પણ સ્થાપનાના અપ્રતિહત પ્રભાવને જ સૂચવે છે.

મૂર્તિ અને તેની પૂજાનો નિષેધ કરનારો વર્ગ, પીસ્તાળીસ આગમમાંથી પોતાને ઇષ્ટ એવા બત્રીસ આગમો અને તે પણ મૂળ માત્રને જ માને છે. તેમ માનવા છતાં એ બત્રીસ આગમોમાં પણ સ્થાપના-નિક્ષેપાની કેટલી પ્રબળ વ્યાપકતા રહેલી છે, એ સમજાવવા માટે પરોપકારી શાસ્ત્રકાર-મહર્ષિઓએ ઓછો પ્રયાસ કર્યો નથી.

શ્રી જિનેશ્વરદેવનો ધર્મ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં રહેલો છે, નહિ કે માત્ર કલ્પિત દયાના કલ્પિત પ્રકારના પાલનમાં! જ્યાં દયા ત્યાં જિન ધર્મ, એવી વ્યાખ્યા જો નિરપેક્ષ હોય, તો તે અધૂરી અને અસત્ય છે.

જ્યાં શ્રી જિનરાજની આજ્ઞા, ત્યાં શ્રી જિનરાજનો ધર્મ.–એ સંપૂર્ણ અને સત્ય વ્યાખ્યા છે.

શ્રી જિનરાજની આજ્ઞા આગમોમાં નિબદ્ધ છે અને આગમોના અર્થ પંચાંગી યુક્ત શાસ્ત્રોમાં ગૂંથાયેલા છે. સૂત્ર, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા એ પંચાંગી છે. એમાંના એક પણ અંગને નહિ માનનારા વસ્તુતઃ આગમોને જ નહિ માનનારા ઠરે છે.

સૂત્રના રચનાર શ્રી ગણધર ભગવંતો છે અને અર્થ કહેનારા શ્રી અરિહંતદેવો છે. શ્રીગણધર ભગવંતોનાં વચનોને માન્ય રાખવાં અને શ્રી અરિહંત ભગવંતોના કથનને અવગણવું, એ બુદ્ધિમત્તાનું કાર્ય નથી, પણ પ્રધાનની આજ્ઞાને માનવી અને રાજાની આજ્ઞાને અવગણવી, તેના જેવું વિવેકહીન કાર્ય છે.

**પ્રતિમાની વંદનીયતાના પુરાવા.**

પ્રતિમા નિષેધકોએ માનેલ બત્રીસ સૂત્રો અથવા આગમોનાં નામ નીચે મુજબ છે.

અગિયાર અંગ, બાર ઉપાંગ, નંદી. અનુયોગ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, બૃહત્‌કલ્પ, વ્યવહાર, નિશીથ, અને દશાશ્રુતસ્કંધ.

આ બત્રીસ સૂત્રોમાં પણ ઠેર ઠેર સ્થાપના-નિક્ષેપાની સત્યતા, માનનીયતા અને વંદનીયતા દર્શાવેલી છે. તેની ટૂંક હકીકત નીચે મુજબ છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં પ્રત્યેક પદાર્થના ઓછામાં ઓછા, 'નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ' એ ચાર નિક્ષેપા કરવાનું ફરમાન છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં ચાર તથા દશ સત્યોનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને તેમાં સ્થાપનાનો પણ સત્ય તરીકે સ્વીકાર કરવામાં આવેલ છે.

શ્રી આવશ્યક સૂત્રમાં ચારે નિક્ષેપાથી શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન કરવાનું ફરમાન છે. તેમાં ચતુર્વિંશતિ સ્તવથી નામ અને દ્રવ્ય

નિક્ષેપે તથા ચૈત્ય સ્તવથી સ્થાપના નિક્ષેપે શ્રી જિનની આરાધના દર્શાવી છે.

શ્રી ભગવતી સૂત્રની શરૂઆતમાં જ્ઞાનની સ્થાપના તરીકે શ્રી બ્રંભી લિપિને શ્રી ગણધર ભગવંતોએ નમસ્કાર કર્યો છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં સ્ત્રીનું ચિત્રામણ જોવાની સાધુને મનાઈ કરીને સ્થાપનાની શુભાશુભ અસરનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલ છે.

શ્રી ભગવતી સૂત્રના વીસમા શતકના નવમા ઉદ્દેશામાં લબ્ધિધર ચારણ મુનિઓએ શાશ્વત અને અશાશ્વત એવી શ્રી જિનપ્રતિમાઓના કરેલી વંદનાનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં ચારણ મુનિ શ્રીનંદીશ્વર દ્વીપે ચૈત્યવંદના માટે જાય છે, ત્યારે સત્તર હજાર યોજન ઉર્ધ્વપણે ગતિ કરે છે, તેવું સ્પષ્ટ વર્ણન છે.

શ્રી જિન પ્રતિમા જેમ વંદનીય છે, તેમ પૂજનીય પણ છે; માટે એ જ બત્રીસ સૂત્રોમાં નીચે પ્રમાણે પ્રમાણો મોજુદ છે.

શ્રી રાયપસેણીય સૂત્રમાં શ્રી સૂર્યાભદેવે કરેલી પૂજાનું વિસ્તૃત વર્ણન છે. શ્રી સૂર્યાભદેવ પરમ સમ્યગ્દૃષ્ટિ, પરિત્તસંસારી, સુલભ બોધિ અને પરમ આરાધક છે, ઈત્યાદી વર્ણન ભગવાને સ્વમુખે કહેલું છે.

શ્રી જ્ઞાતા સૂત્રમાં ભવનપતિ નિકાયની દેવીઓની જિનભક્તિનાં વખાણ કરેલાં છે.

શ્રી ભગવતી સૂત્રમાં ઈન્દ્રાદિકે પ્રભુ સન્મુખ કરેલાં નાટકોને પ્રશંસેલાં છે.

શ્રી જીવાભિગમ સૂત્રમાં શ્રી વિજયદેવે કરેલાં નાટકોની પ્રશંસા કરેલી છે.

શ્રી ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણામાં શ્રી નંદીશ્વર દ્વીપ પર ઘણાં દેવ દેવીઓએ પૂજા ભક્તિ કર્યાનાં વર્ણનો છે.

શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં શ્રી જિનેશ્વરદેવની દાઢાઓ અને અસ્થિ, દાંત પ્રમુખ અવયવો દેવતાઓ ભકિતપૂર્વક પોતાના સ્થાને લઈ જઈને પુજે છે તથા અગ્નિદાહના સ્થાને સ્તૂપ પ્રમુખની રચના કરે છે, તેનું પ્રગટ વર્ણન છે.

શ્રી ભગવતી સૂત્રના દશમા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં ઇન્દ્રો પોતાની સુધર્મસભામાં શ્રી જિનદાઢાઓની આશાતનાને વર્જે છે, તેવું વર્ણન છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં દેવતાઓને મનુષ્યો કરતાં અધિક વિવેકી વર્ણવેલા છે તથા તે દેવતાઓના જીવ પૂર્વ ભવમાં તપસ્યા અને શ્રુતની આરાધના કરીને દેવલોકમાં ઉત્પન્ન થયેલા છે, તેથી તેમની કરણી અત્યંત માનનીય છે, એવું પ્રતિપાદન કરેલું છે

**શ્રાવકોને પણ પ્રતિમાની પુજનીયતા પ્રમાણ સિદ્ધ છે.**

બત્રીસ સૂત્રોમાં જેમ દેવતાઓએ શ્રી જિનપ્રતિમાની પૂજા કર્યાના ઉલ્લેખો છે, તેમ એજ બત્રીસ સૂત્રોમાં મનુષ્યોએ કરેલી પ્રતિમાપુજાના પણ અનેક ઉલ્લેખો છે. જેમાંના કેટલાક નીચે મુજબ છે.

શ્રી ઉવવાઇ સૂત્રમાં અંબડ પરિવાજક અને તેના ૭૦૦ શિષ્યોએ શ્રી વીતરાગને નમવાની અને તેમની પ્રતિમાને છોડીને અન્યને નહિ નમવાની પ્રતિજ્ઞા કરેલી, એવું જણાવ્યું છે.

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં આણંદ શ્રાવકે અન્ય તીર્થી કે અન્ય દેવ દેવતા અને તેમની પ્રતિમાઓને વંદન-નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. એમ જણાવ્યું છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં આનંદ આદિ દશશ્રાવકોનાં ચૈત્યો વગેરેનું વર્ણન કરેલું છે.

શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં શ્રી જિન પ્રતિમાનું વૈયાવચ્ચ વગેરે કરવાનું ફરમાવેલું છે (અહીં પ્રતિમાનું વૈયાવચ્ચ એટલે તેના અવર્ણવાદ, હીલના, વિરાધના વગેરે ટાળવું તે છે.)

શ્રી જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીની પૂજાનો વિસ્તૃત અધિકાર છે. (દ્રૌપદી પરમ સમ્યગ્ દૃષ્ટિ શ્રાવિકા હતી) શાસન પ્રભાવના, એ સમ્યક્ત્વના આઠ આચારમાંનો એક આચાર છે. શ્રી જિનપ્રતિમાની મહોત્સવપૂર્વકની પુજા, એ પણ શાસન પ્રભાવનાનું અનેક પરમ અંગો પૈકીનું એક પરમ અંગ છે. એમ શ્રી ઉત્તરાધ્યયન વગેરે સુત્રોમાં વર્ણવેલું છે.)

**શ્રી જિનપૂજામાં હિંસા કે અધર્મ નથી**

શ્રી જિનપુજામાં હિંસા થાય છે એમ કહીને જેઓ તેનો વિરોધ કરે છે, તેઓ માટે તેમને માન્ય બત્રીસ સૂત્રોના આધારે નીચે મુજબ હિતશિક્ષા છે.

જે જે ક્રિયામાં હિંસા હોય, તે તે ક્રિયા જો ત્યાજ્ય જ હોય, તો સુપાત્રદાન, મુનિવિહાર, સાધર્મિક-વાત્સલ્ય અને દીક્ષા મહોત્સવ

આદિ સઘળાં ધર્મકાર્યો પણ વર્જ્ય ઠરશે. પરંતુ શ્રી આવશ્યક સૂત્ર શ્રી ભગવતી સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર અને શ્રી જ્ઞાતાસૂત્ર વગેરે આગમોમાં મુનિદાન, સાધુવિહાર અને સાધર્મિક વાત્સલ્ય વગેરે ધર્મ કાર્યો કરવાનું સાધુ તથા શ્રાવક બંનેને ફરમાન છે.

શ્રી ઉવવાઇ સૂત્રમાં રાજા કોણિકે કરેલા પ્રભુના વંદન મહોત્સવનું વિસ્તૃત વર્ણન છે.

શ્રી ભગવતી સૂત્રમાં ઉદાયન રાજાએ કરેલા ભગવાનનાં સામૈયાંઓનું તથા તુંગીયા નગરીના શ્રાવકોએ કરેલ શ્રી જિનપુજાદિનું વર્ણન છે

શ્રી વિપાક સૂત્રમાં સુબાહુકુમારનું વર્ણન છે. તેમાં મિથ્યા દૃષ્ટિ ગુણ સ્થાનકે રહેલા પણ તે સુબાહુકુમારે કરેલ સુપાત્રદાનથી પુણ્યબંધ તથા પરિત્ત-સંસાર થયાનું કહ્યું છે. જો હિંસાના યોગથી કેવળ અધર્મ જ હોત તો સુબાહુકુમારને પુણ્ય બંધની પ્રાપ્તિ તેમજ પરિમિત્ત સંસારિતાની પ્રાપ્તિ થઇ. તે કેવી રીતે બની શકત ? ખરી વાત એ છે કે, જેમ દાન, તેમ શ્રી જિનપુજા પણ પરિમિત્ત-સંસાર તથા પુણ્યબંધનું કારણ થાય છે.

શ્રી જિનપૂજા તથા સુપાત્ર દાનાદિ ધર્મ કાર્યોમાં આરંભ થાય છે, તો પણ તે સદ્દઆરંભ છે અને તેના યોગે સંસારના બીજા અસદ્ આરંભથી નિવૃત્ત થવાય છે, એ મોટો લાભ છે. જેઓ ઘરબાર, પૈસા ટકા, કુટુંબ-કબીલા વગેરે અસદ્ આરંભોથી નિવૃત્ત થયા નથી, તેઓને માટે દાન, દેવપૂજા, સાધર્મિક-વાત્સલ્ય વગેરે સદ્દઆરંભો હિત કરનારા અને કરણીય છે.

શ્રી રાયપસેણી સૂત્રમાં શ્રી કેશી નામના ગણધર ભતવંતે પ્રદેશી રાજાને અસદ્ આરંભ ત્યજવાનું કહ્યું છે પણ સદ્દઆરંભને ત્યજવાનું કહ્યું નથી. સદ્દઆરંભમાં બે ગુણો છે જ્યાં સુધી સદ્દઆરંભ પ્રવર્તે ત્યાં સુધી અસદ્દઆરંભ થઈ શકે નહિ, અને સદ્દઆરંભમાં જે દ્રવ્ય વ્યય થાય, તે દ્રવ્યથી આરંભનું સેવન થાય નહિ.

દા. ત. એક ભાઈ પોતાના ખીસામાં રહેલો એક રૂપિયો મંદિરનાં ભંડારમાં નાખે છે, બીજા ભાઈ પોતાના ખીસામાંના રૂપિયા વડે મશાલાના પાન લે છે. આ બંને ભાઇઓના કાર્યમાં કયું કાર્ય ઉચ્ચ પ્રકારનું છે, તેનો નિર્ણય વિવેકી પુરુષો તરત કરી શકે છે. તેમજ કહી દે છે કે

ભંડારમાંનો રૂપિયો ભકિતના ક્ષેત્રમાં વપરાયો છે, માટે તે કાર્ય ઘણા ઊંચા મૂલ્યવાળું વિશ્વોપકારી કાર્ય છે અને પોતાની જાત માટે વાપરેલો રૂપિયો એ તો સામાન્ય કોટિનું કાર્ય છે. જેને સ્વ-પરહિત સાથે લવલેશ સબંધ નથી. સ્વ દ્રવ્યના સદ્વ્યયને જ્ઞાનીઓએ સદ્આરંભનું કૃત્ય શા માટે કહ્યું છે, તે આ દાખલાથી સ્પષ્ટ થાય છે.

**હિંસાના ત્રણ પ્રકાર :– હેતુ-સ્વરૂપ-અનુબંધ**

સાધુ કે શ્રાવકનાં જેટલાં ઉત્તમ કાર્યો છે, તેમાં હિંસા નથી એવું નથી, પરંતુ એ હિંસા કર્મબંધનું કારણ નથી. કારણ કે હિંસા ત્રણ પ્રકારની કહી છે. (૧) હેતુ હિંસા (૨) સ્વરૂપ હિંસા અને (૩) અનુબંધ હિંસા.

સંસારના કાર્યોની સિદ્ધિને માટે થતી હિંસા તે હેતુ-હિંસા છે, ધર્મકાર્યો માટે થતી અનિવાર્ય હિંસા તે સ્વરૂપ હિંસા છે અને મિથ્યાદષ્ટિ આત્માથી થતી હિંસા, તે અનુબંધ હિંસા છે. તેમાં સ્વરૂપ હિંસા બંધનું કારણ નથી.

ધર્મ-કાર્ય વખતે પ્રાણીનો ઘાત કરવાની બુદ્ધિ નથી. રક્ષા કરવાની બુદ્ધિ છે છતાં અનિવાર્ય રીતે હિંસા થઈ જાય, તે સ્વરૂપ હિંસા છે. સ્વરૂપ હિંસા તેરમા ગુણ સ્થાનક પર્યંત ટળી શકતી નથી. પરંતુ તેને કેવળજ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિમાં પ્રતિબંધક માનેલ નથી.

હેતુ-હિંસા અને અનુબંધ હિંસા ત્યાજ્ય છે, કારણકે તે સંસારના હેતુ ભૂત કિલષ્ટ કર્મોના ઉપાર્જનમાં હેતુ છે.

શ્રી આચારાંગાદિ સૂત્રોમાં અપવાદ પદે હિંસાદિનું સેવન કરનારા મુનિવરોને તથા સમુદ્રના જળમાં અપકાયાદિની વિરાધના થવા છતાં શુભ ધ્યાનારૂઢ મુનિવરોને કેવળજ્ઞાન અને મુકિત પ્રાપ્ત થયાના દાખલાઓ છે.

સંયમશુદ્ધિ માટે જરૂરી સાધુ-વિહારાદિની જેમ શ્રી જિનભકિત આદિમાં થતી હિંસાને શ્રી જિન આગમોએ કર્મબંધ કરાવનારી માનેલ નથી. એકલી દયાની નિરપેક્ષ પ્રધાનતા, એ લૌકિક માર્ગ છે. લોકોત્તર માર્ગ શ્રી જિનાજ્ઞાની પ્રધાનતામાં રહેલો છે.

શ્રીજિનશાસન સ્યાદ્વાદગર્ભિત છે. સુવિવેકપૂર્વકના આશયભેદથી હિંસા પણ અહિંસા બની જાય છે. આત્મભાવ હણાય તે હિંસા છે પણ જેનાથી આત્મભાવ ન હણાય તે હિંસા નથી

દાન, દેવ-પૂજા, પ્રતિક્રમણ, પૌષધ, સાધુવિહાર અને સાધર્મિક વાત્સલ્ય વગેરે આત્મભાવને નહિ હણનારી ક્રિયાઓ છે અને એથી પરંપરાએ તે સંપૂર્ણ અહિંસા છે અને અંતે મુક્તિ પમાડે છે.

મુક્તિનાં સાધનોનું સેવન કરતાં થઇ જતી અનિવાર્ય હિંસા આત્મભાવને હણનારી થતી નથી. આ સમજણ જેઓને આવી નથી, તેઓ ધર્મબુદ્ધિએ જ અધર્મનું સેવન કરનારા બને કે અધર્મના સેવનને જ ધર્મનું કારણ માનનારા થાય, તો તેમાં નવાઇ જેવું નથી.

શ્રી જિનપૂજા એ દાનાદિ શુભ કાર્યોની જેમ જ આત્મભાવને વિકસાવનાર છે, તેથી હિંસાના નામે તેનાથી દૂર ખસવું કે અન્યને ખસેડવા તે આત્મહિત ઘાતી પગલું છે.

### મંદિર જવાનું ફળ

**"संपत्तो जिणभवणे पावइ छम्मासिअं फलं पुरिसो ।**
**संवच्छरिअं तु फलं दारदेसट्ठिओ लहइ ॥**

અર્થ :- શ્રી જિનભવનને પ્રાપ્ત થયેલો પુરુષ છ માસના ઉપવાસના ફળને પામે છે અને દ્વાર દેશે (ગભારા પાસે) પહોંચેલો પુરુષ બાર મહિનાના ઉપવાસના ફળને પામે છે.

વળી-

**'पयाहियेण पावइ वरिस सयं फलं तओ जिणे महिए ।**
**पावइ वरिस सहस्सं, अणंत पुण्णं जिणे थुणिए ॥**

અર્થ:-પ્રદક્ષિણા દેવાથી સો વર્ષના ઉપવાસના ફળને પામે છે. શ્રી જિનેશ્વર દેવની પૂજા કરવાથી હજાર વર્ષના ઉપવાસના ફળને પામે છે અને શ્રી જિનેશ્વર દેવની સ્તુતિ કરવાથી જીવ અનંત પુણ્યને ઉપાર્જન કરે છે.

# મૂર્તિને અમાન્ય કરવાથી થતા ગેરફાયદા અને માન્ય કરવાથી થતા ફાયદા

# ૧૧

### મૂર્તિને નહિ માનવાથી થતાં નુકસાન

વિદ્યમાન વિશ્વ જેટલી જ પ્રાચીન મૂર્તિને નહિ માનવાના કારણે ૩૨ ઉપરાંત આગમોથી પૂર્વધરોએ બનાવેલી નિર્યુક્તિ વગેરે જ્ઞાનના સમુદ્ર સમાન મહાશાસ્ત્રોથી અને તેના ઉત્તમોત્તમ સંબંધોથી વંચિત રહેવું પડે છે તથા આગમનાં સૂત્રોને અને ગ્રંથકર્તા પ્રામાણિક મહાપુરુષોને અપ્રામાણિક કહી, જ્ઞાન અને જ્ઞાનીઓની આશાતનાનું ઘોર પાપ ઉપાર્જન કરવાનું થાય છે.

મૂર્તિને નહીં માનવાથી શ્રી જિનાલયે જવાનું રહેતું નથી, તેથી જિનધર્મની અતિ અગત્યની કડી સાથેનો સંબંધ સર્વથા છૂટી જાય છે. જિનદર્શનની સ્પર્શના માટે જરૂરી ભૂમિકાનું ઘડતર અટકી જાય છે. પછી ઊંચી આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચવાની વાત પોકળ બની જાય છે.

છ-સાત માસનું બાળક લાખ પ્રયત્ને પણ સ્વયમેવ ચાલી શકતું નથી, તેને માતા કે વડીલની આંગળી અથવા ચાલણગાડીની જરૂર પડે જ છે. તેમ છદ્મસ્થ માત્રને ધર્મના માર્ગમાં ચાલવા માટે શ્રી જિન મૂર્તિની જરૂર પડે જ છે. છતાં તેનો ઇન્કાર થાય છે, એટલે તેવા આત્માઓ આત્મવિકાસની સઘળી તકો ગૂમાવી દે છે.

મૂર્તિને નહિ માનવાથી યાત્રાર્થે તીર્થભૂમિઓમાં જવું વગેરે આપોઆપ બંધ થઈ જાય છે. તેથી તીર્થભૂમિઓમા યાત્રા નિમિત્ત જવાથી જે ફાયદા થાય છે, તેનાથી પણ વંચિત રહેવાનું થાય છે.

તીર્થભૂમિએ જવાથી તેટલો વખત ગૃહકાર્ય, વ્યાપાર, આરંભ, પરિગ્રહાદિથી સ્વાભાવિક નિવૃત્તિ થાય છે અને બ્રહ્મચર્યપાલન તથા શુભ ક્ષેત્રોમાં દ્રવ્ય વ્યયાદિ વડે પુણ્યોપાર્જન વગેરે થાય છે.

અધ્યાત્મ ભાવથી રસાયેલાં તીર્થક્ષેત્રોમાં જનારને અનાયાસે પણ વિચાર શુદ્ધિ આદિના લાભ થાય છે.

મૂર્તિને નહિ માનવાથી શ્રી જિનેશ્વરદેવની દ્રવ્યપૂજા છૂટી જાય છે, તેથી દ્રવ્યપૂજા નિમિત્તે પણ જે શુભ દ્રવ્યવ્યય થયો હતો, તથા ભગવાનની સમક્ષ સ્તુતિ, સ્તોત્ર, ચૈત્યવંદનાદિ થતાં હતાં, તે બંધ થઇ જાય છે. અને શ્રી જિનમંદિરે જઇને પ્રભુભક્તિનિમિત્તે પોતાનાં દ્રવ્ય અને સમયનો સદુપયોગ કરનારાં પુણ્યવાન આત્માઓની ટીકા અને નિન્દા કરવાનું બાકી રહે છે. તેથી ક્લિષ્ટ કર્મની ઉપાર્જના અને બોધિ દુર્લભતા આદિ મહાન દોષોની પ્રાપ્તિ થાય છે.

મૂર્તિને નહિ માનવાથી શ્રી જૈનસંઘના ઐક્યને મોટો ફટકો પડે છે અને એક જ ધર્મને માનનાર વ્યક્તિઓમાં ધર્મનિમિત્તે કુસંપનાં ઝેરી બીજ વવાય છે.

મૂર્તિને નહિ માનવાથી શ્રી જિનેશ્વર દેવના ચાર પૈકી એક નિક્ષેપાની અવહેલના થાય છે, જે અવહેલના બાકીના ત્રણે નિક્ષેપાની અવહેલનામા પરિણમ્યા સિવાય રહેતી નથી. આથી પણ ઘણા ગંભીર અને મોટા તાત્ત્વિક ગેરલાભો મૂર્તિને નહિ માનવાથી થાય જ છે. જેમાં મોટામાં મોટું નુકશાન અર્થાત્ કૃતઘ્નતા પોષાય છે. વર્ણવવા બેસીએ તો હજારો પાનામાં પણ ન સમાય એટલા ગેરલાભ-મૂર્તિને નહિ માનવામાં રહેલા છે.

**શ્રી જિનપૂજનનો અપરંપાર મહિમા**

શ્રી જિન પ્રતિમા સાક્ષાત્ શ્રીજિનરાજ તુલ્ય છે. તેના પ્રમાર્જન -વિલેપન વગેરેનો મહિમા નીચેના શ્લોકમાં છે.

**'सयं पमजऽणे पुन्नं, सहस्सं च विलेवणे ।**
**सयसहस्सिया माला, अनंतं गीयवायइ ॥'**

શ્રી જિનબિંબનું પ્રમાર્જન કરવાથી સો ગણું ફળ મળે છે. શ્રી બિંબનું વિલેપન કરવાથી હજારગણું ફળ મળે છે. શ્રી જિનબિંબને સુગંધી પુષ્પોની માળા પહેરાવવાથી લાખગણું ફળ મળે છે અને શ્રી જિનબિંબ સન્મુખ ગીત-નૃત્યાદિ વડે ભાવભકિત કરવાથી અનંતગણું ફળ મળે છે. પ્રભુદર્શન કરતાં જે ફળ મળે છે તેના કરતાં ઉત્તરોત્તર અધિક ફળ આ રીતની શ્રી જિનભક્તિ કરતાં મળે છે, એવો આ શ્લોકનો ભાવાર્થ છે.

આ જ વાતને સરળ ગુજરાતી પદ્યમાં રજુ કરતાં શ્રી જ્ઞાનવિમળ સૂરીશ્વરજી ફરમાવે છે કે-

'જિનવરબિંબને પૂજતાં, હોય શતગણું પુણ્ય
સહસગણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય - ૧
લાખગણું ફળ કુસુમની, માળા પહેરાવે
અનંતગણું ફળ તેહથી, ગીત ગાન કરાવે - ૨
તીર્થંકર પદવી વરે, જિનપુજાથી જીવ,
પ્રીતિ ભકિતપણે કરી, સ્થિરતાપણે અતીવ - ૩
જિન પડિમા જિન સારિખી, સિદ્ધાન્તે ભાખી,
નિક્ષેપા સહુ સારિખા, થાપના તિમ દાખી - ૪
ત્રણ કાળ ત્રિભુવનમાંહી, કરે તે પૂજન જેહ,
દરિશન કેરૂં બીજ છે. એહમાં નહિ સંદેહ - ૫
જ્ઞાનવિમળ પ્રભુ તેહને, હોય સદા સુપ્રસન્ન,
એહી જ જીવિત ફળ જાણીએ, તેહી જ ભવિજન ધન્ન-૬.

તે ભવ્ય આત્માને ધન્ય છે. જે નિત્ય અપૂર્વ ઉલ્લાસપૂર્વક ઉત્તમ દ્રવ્યો વડે ત્રિજગપતિ શ્રી જિન-પ્રતિમાની શાસ્ત્રીય વિધિ પ્રમાણે પૂજા ભકિત કરે છે.

શાન્ત-રસના મહા-સાગર સમી શ્રી જિન પ્રતિમાના દર્શન કરવાથી જે ફળ મળે છે, તેના કરતાં અધિકાધિક ફળ તે પ્રતિમાજીને અંગલૂછણાં, ચંદનનો લેપ વગેરે કરવારૂપ ભકિતથી મળે છે.

અહીં જે ફળનું વર્ણન કર્યું છે એટલું તો શ્રી જિનપ્રતિમાની ભક્તિથી મળે જ છે. જ્યારે તે સમયે પરણામની ધારા વિશુદ્ધ થતાં અધિકફળ પણ શ્રીજિનપૂજકને મળ્યાના દાખલા છે તેમજ મળતું હોવાના શાસ્ત્રીય પ્રમાણો છે. તે ફળ એટલે કરોડો વર્ષે પણ ધરાશાયી

ન થાય તેવી કર્મની દિવાલોને ૪૮ મિનિટની અંદર નામશેષ કરી દેવારૂપ ફળ! આવું ફળ એક મિનિટથી ઓછા સમયમાં પણ મળી શકતું હોઈને અહીં ૪૮ મિનિટની અંદર લખ્યું છે;

શ્રી જિનપ્રતિમાને સ્વયં શ્રી જિનરાજ તુલ્ય જોવાની સમ્યગ્દૃષ્ટિવાળા આત્માઓ પૈકી અનેક આત્માઓ આવા ફળને પ્રાપ્ત કરીને અજરામર પદને વર્યા છે.

કોઈ ચક્રવર્તીને ભેટતાં સામાન્ય પ્રજાજનને જે અપૂર્વ હર્ષ-ઉલ્લાસ-પ્રમોદ વિસ્મય વગેરે થાય છે, તેના કરતાં ચઢીઆતા હર્ષ-ઉલ્લાસ પ્રમોદ-વિસ્મય ત્રણ જગતના નાથ શ્રી જિનેશ્વરદેવ સમાન તેમની પ્રતિમાજીને ભેટતાં આપણને થાય, તો કર્મોનો કચ્ચરઘાણ કરી નાખનારૂં આત્મબળ જરૂર સ્ફુરાયમાન થાય.

ત્રણ જગતના નાથના ભવ્યાતિભવ્ય દરબારમાં પગ મૂકતાંની સાથે જેમના મનનો મોર હર્ષિત થઈને નાચવા માંડે છે, તેમને રાગ-દ્વેષ નચાવી શકતા નથી પણ તેવાં નિમિત્ત મળતાં તેઓ સમતા જાળવી શકે છે. સમતા એ કેટલી મૂલ્યવાન ચીજ છે, તે જાણનારા સુજ્ઞ પુરૂષો શ્રી જિનપ્રતિમાની ભકિતની પ્રત્યેક તકને લાખેણી સમજીને તેનો સમુચિત લાભ લેવામાં ભાગ્યે જ પ્રમાદ કરે છે.

**પ્રતિમા-પૂજનથી થતા ફાયદા**

શ્રી જિન પ્રતિમાની પૂજાથી થતા ફાયદાઓની પણ થોડીક ગણત્રી કરી લઈએ.

હંમેશાં પૂજા કરનારો આત્મા પાપભીરૂ બને છે. તેથી તેનાં અનીતિભર્યાં. અપકૃત્યો કરવાના માઠા સંસ્કારો આત્મામાંથી ધીમે-ધીમે નાબુદ થાય છે. નિરંતર થોડો પણ સમય દેવાધિદેવના ગુણગાન કરવાનો અવસર મળે છે, તેથી થોડી-ઘણી પણ અંતઃકરણની વિશુદ્ધિ થાય છે.

હંમેશાં પૂજા કરનારનું થોડું-ઘણું દ્રવ્ય પણ રોજ શુભ ક્ષેત્રમાં ખર્ચાય છે અને તેથી પુણ્યબંધ થાય છે. અનીતિ, અન્યાય અને આરંભથી ઉપાર્જન થયેલું દ્રવ્ય પણ, જો અનીતિના ત્યાગની ભાવના-પૂર્વક અને પશ્ચાત્તાપાદિપૂર્વક મંદિરાદિ બંધાવવામાં વપરાય, તો તેથી દુર્ગતિ અટકે છે. મંદિરાદિ બંધાવવાથી લાખો મનુષ્યો તેનો લાભ લે છે.

ધનનો લાભ અને વ્યય-ઉભય કર્મબંધનું કારણ હોવા છતાં મંદિરાદિ બંધાવવામાં તેનો ઉપયોગ થવાથી, કર્મ નિર્જરાનું કારણ બની જાય છે.

હંમેશાં પ્રતિમા પૂજવાથી તીર્થયાત્રા કરવાની શુભ ભાવના રહે છે. તીર્થયાત્રા કરવાથી ચિત્તની નિર્મળતા, શરીરની નિરોગીતા અને દાન, શીલ તથા તપની વૃદ્ધિ વગેરે મહાન લાભો પ્રાપ્ત થાય છે. માંદગી વગેરેના કારણે સેવા-પૂજા ન થાય ત્યારે પણ ભાવના સેવા-પૂજાની જ રહે છે અને તેથી કદાચિત મરણ પણ થાય, તોય જીવની શુભ ગતિ થાય છે.

મઘમઘતાં પુષ્પોથી લચેલી લતાઓના મંડપમાં બેસનારને અનાયાસે તેની સુવાસ વગેરે માણવા મળે છે, તેમ નિત્ય પૂજા કરવા જિનમંદિરે જનારને ત્યાંના દિવ્ય, પવિત્ર, શાન્ત, ભક્તિસભર વાતાવરણનો અનાયાસે પણ લાભ મળે છે.

શું ઘર કે શું રાજમહેલ ! આવા બધાં નિવાસસ્થાનોનાં વાતાવરણ રાજસિક હોય છે, જ્યારે શ્રી જિનમંદિરનું વાતાવરણ શુદ્ધ અને સાત્ત્વિક હોય છે, તેથી ત્યાં નિત્ય જનારમાં સાત્ત્વિકતા પ્રગટે છે.

ગૃહસ્થોના આત્મ કલ્યાણ માટે મંદિર અને મૂર્તિ મુખ્ય સાધન છે. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે આરંભમાં આસક્ત થયેલા, છ કાય જીવના વધથી નહિ બચેલા અને ભવાટવીમાં ભટકતા ગૃહસ્થોને દ્રવ્યસ્તવ એજ આલંબનભૂત છે !

આવા આવા અગણિત લાભોના ભાગી બનવા માટે અન્ય કાંઈ ન બની શકે, તો પણ શ્રી જિનેશ્વર દેવોની પ્રતિમાના પૂજન માટે તો દરેકે દરેક કલ્યાણાકાંક્ષી મનુષ્યે તત્પરતા કેળવવી જ જોઈએ,

આ માનવભવમાં શ્રી જિનપૂજાની પવિત્ર અને કલ્યાણકર પ્રવૃત્તિ આચરવામાં લેશમાત્ર પ્રમાદ કરવો-એ વિવેકી જનોને માટે ઉચિત નથી.

શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના અગણિત લાભોને સમજવા માટે શાસ્ત્રોમાં ઘણું ઘણું વિવેચન છે. તેમ છતાં અનેકવિધ કારણોસર જેઓ તેમાંથી સાર ગ્રહણ કરવામાં પાછા પડે છે, તેવા આત્માઓને હવે પછી પ્રસ્તુત પ્રશ્નોત્તરાત્મક વિવેચનથી પણ ઘણો લાભ થવા સંભવ છે. તેથી તેને વારંવાર વાંચવા-વિચારવાની ભલામણ છે.

પ્રતિમા-પૂજનની શાસ્ત્રીયતા, વૈજ્ઞાનિકતા
અને બુદ્ધિગમ્યતાને સિદ્ધ કરનારી

# પ્રેરક-બોધક પ્રશ્નોતરી ૧-૨

# ૧૨

□ ચાર નિક્ષેપા
-નિક્ષેપાનું વિસ્તૃત
નિરૂપણ

**પ્રશ્ન-૧.** ચાર નિક્ષેપાનાં નામ અને તેનું સંક્ષિપ્ત સ્વરૂપ શું ?

**ઉત્તર** : શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે

**"जत्थ य जं जाणेज्जा, निक्खेव निक्खेवे निरवसेसं ।**
**जत्थ वि य न जाणेज्जा, चउक्कयं निक्खिव य तत्थ ॥"**

અર્થઃ- જ્યાં જે વસ્તુમાં જેટલા નિક્ષેપા જાણવામાં આવે, ત્યાં તે વસ્તુમાં તેટલા નિક્ષેપા કરવા અને જ્યાં જે વસ્તુમાં અધિક નિક્ષેપા ન જાણી શકાય, ત્યાં તે વસ્તુમાં ઓછામાં ઓછા ચાર નિક્ષેપા તો અવશ્ય કરવા.

તાત્પર્ય એ છે કે-જગતનાં તમામ દ્રવ્યો, નવે તત્ત્વો, પાંચે પરમેષ્ઠિઓ અને નવે પદો આ દરેકમાં ઓછામાં ઓછા ચાર નિક્ષેપા તો અવશ્ય ઉતારી શકાય છે. કોઈ પણ વસ્તુનું સ્વરૂપ જાણવા માટે સામાન્ય પણે ઓછામા ઓછા ચાર નિક્ષેપા અવશ્ય કરવામાં આવે છે. તે આ પ્રમાણે-

(૧) **નામ નિક્ષેપ**-વસ્તુના આકાર અને ગુણથી રહિત નામ, તે નામ નિક્ષેપ કહેવાય છે.

(૨) **સ્થાપના નિક્ષેપ**-વસ્તુના નામ તથા આકાર સહિત, પરંતુ ગુણ રહિત, તે સ્થાપના-નિક્ષેપ કહેવાય છે,

(૩) દ્રવ્ય નિક્ષેપ-વસ્તુના નામ અને આકાર તથા અતીત અને અનાગત ગુણ સહિત, પરંતુ વર્તમાન ગુણરહિત, તે દ્રવ્યનિક્ષેપ કહેવાય છે.

(૪) ભાવ નિક્ષેપ-વસ્તુના નામ, આકાર અને વર્તમાન ગુણ સહિત, તે ભાવ નિક્ષેપ કહેવાય છે.

દાખલા તરીકે-શ્રી જિનેશ્વર દેવોનાં 'મહાવીર' વગેરે જે નામો તે નામજિન. તેમની પ્રતિમા તે સ્થાપના જિન. જિન-નામ-કર્મ બાંધ્યું હોય એવા શ્રી જિનેશ્વર દેવના જીવ, તે દ્રવ્યજિન અને સમવસરણમાં ધર્મોપદેશ આપવા માટે બિરાજમાન સક્ષાત્ શ્રી જિનેશ્વરદેવ, તે ભાવ જિન કહેવાય. આ રીતે શ્રી જિનેશ્વરદેવના ચાર નિક્ષેપા સમજવા.

આ ચાર નિક્ષેપાના અભાવે, કોઈ પણ વસ્તુનું વસ્તુપણું સિદ્ધ થઇ શકે નહિ.

જગતમાં શશ-શૃંગ (સસલાને શિંગડું) નથી, તો તેને વાચક શુદ્ધ શબ્દ પણ નથી કે, જે શબ્દ વડે તેનો બોધ થઈ શકે. જેનું નામ ન હોય તેની આકૃતિ પણ કોઈ પ્રકારે બની શકે નહિ, જેને જોવાથી શશ-શૃંગનો બોધ થાય.

જેનું નામ અને આકાર ઉભય હોય નહિ, તેની પૂર્વાપર અવસ્થા અને વર્તમાન અવસ્થારૂપ પર્યાયના આધારભૂત દ્રવ્ય પણ હોય નહિ અને જ્યાં નામ, સ્થાપના અને દ્રવ્ય ત્રણેનો અભાવ હોય, ત્યાં વસ્તુનો ભાવ કે ગુણ તો હોય જ ક્યાંથી ? માટે નામાદિ નિક્ષેપા વિનાનો કોઈ પદાર્થ આ જગતમાં અસ્તિત્વ ધરાવતો જ નથી, એટલે દ્રવ્યાદિ ત્રણે નિક્ષેપાને માન્યા સિવાય કેવળ ભાવ-નિક્ષેપાને માનવાની વાત, એ શશ-શૃંગવત્ કલ્પિત છે.

જેનું નામ, તેની સ્થાપના ! જેની સ્થાપના, તેનું જ દ્રવ્ય ! અને જેનું દ્રવ્ય, તેનો જ ભાવ-એમ પ્રત્યેક પદાર્થમાં ચારે નિક્ષેપા એકી સાથે રહેલા છે.

**પ્રશ્ન**-૨ પ્રત્યેક નિક્ષેપાનું વિસ્તાર પૂર્વક સ્વરૂપ શું છે ?

**ઉત્તર**-કોઈ પણ વસ્તુની પ્રથમ પીછાણ કરવી હોય, ત્યારે સૌથી પહેલાં તેનું નામ જાણવાની જરૂર પડે છે, તે નામ નિક્ષેપ. નામ જાણ્યા

પછી તે જ વસ્તુની વિશેષ પીછાણ કરવી હોય, ત્યારે તેની આકૃતિ, આકાર કે સ્થાપના જાણવાની જરૂર રહે છે, તે સ્થાપના-નિક્ષેપ.

તે જ વસ્તુ સંબંધી તેથી પણ વધારે જ્ઞાન મેળવવું હોય તો તેના ગુણ-દોષને જણવવાવાળી તેની આગલી-પાછલી અવસ્થાનું નિરીક્ષણ કરવું પડે છે, તેને દ્રવ્ય નિક્ષેપ કહે છે.

અને એ ત્રણે નિક્ષેપાના સ્વરૂપનો પ્રત્યક્ષ બોધ કરાવનાર સાક્ષાત્ જે વસ્તુ, તેને ભાવ-નિક્ષેપ કહે છે. ભાવ-નિક્ષેપાનું યથાર્થ જ્ઞાન થવા માટે, પ્રથમના ત્રણે નિક્ષેપાના જ્ઞાનની જરૂર છે.

જંગલમાં અમૂલ્ય વનસ્પતિઓ હોવા છતાં, જે વનસ્પતિઓના નામ, આકારાદિનું જ્ઞાન નથી હોતું, તેના ગુણની પણ ખબર નથી પડતી. જે બાળકને સોમલ કે સર્પ વગેરે વિષમય વસ્તુનાં નામ, આકાર વગેરેની ખબર નથી, તે બાળક સાક્ષાત્ સોમલ કે સર્પથી બચી શકતો નથી. આથી એ સિદ્ધ થાય છે કે-ભાવનું સાક્ષાત્ ભાન કરાવનાર એકલો ભાવ નથી, પરંતુ તેનું નામ, આકાર અને પૂર્વાપર અવસ્થા-એ સઘળું મળીને જ, કોઈ પણ પદાર્થના ભાવનો નિશ્ચિત બોધ કરાવે છે.

કેવળ ભાવ નિક્ષેપાને માનીને જેઓ નામ વગેરે નિક્ષેપાને માનવાની ના પાડે છે, તેઓને કોઈ દુષ્ટ માણસ પોતાની પૂજ્ય કે પ્રિય વ્યક્તિનું નામ લઈને નિંદા કરે કે તિરસ્કાર કરે, તો શું ગુસ્સો થતો નથી ? અથવા તે જ પૂજ્ય કે પ્રિયની તારીફ કે પ્રશંસા કરે, તો રાજીપો થતો નથી ? અવશ્ય થાય છે. આથી નામ નિક્ષેપો નકામો છે, એમ કહેવું તે ખોટું છે.

તે જ રીતે પોતાના પૂજ્ય આદિની છબી કે પ્રતિકૃતિને કોઈ વિકૃત કરે છે, અથવા તેના ઉપર ડામર ચોપડે તેને લાત મારે, તેના પર થૂંકે, તો તેનાથી મૂર્તિને નહિ માનનારાઓ પણ રાતાપીળા થઈ જાય છે. આ હકીકત સ્થાપના નિક્ષેપાની યથાર્થતા પૂરવાર કરે છે. તેમજ સ્થાપના નિક્ષેપ નકામો હોવાની વાતને ખોટી ઠરાવે છે.

નામ અને સ્થાપનાની જેમ પોતાના પૂજ્ય વગેરેની પૂર્વાપર અવસ્થાની બુરાઈ કે ભલાઈ સાંભળવાથી રોષ કે આનંદ પેદા થાય છે અને પૂજ્યના સાક્ષાત્ અવર્ણવાદ સાંભળવાથી તેના રાગી લોક અવશ્ય દુઃખ પામે છે તથા પ્રશંસા સાંભળવાથી સુખ પામે છે. તેથી ચારે નિક્ષેપા-

એમાં જુદી-જુદી અસર નિપજાવવાની શક્તિ પ્રગટપણે રહેલી છે, એમ સ્પષ્ટ થાય છે.

### (૧) નામ નિક્ષેપ

કોઈ પણ વસ્તુના સંકેત કરેલા નામના ઉચ્ચારણથી તે વસ્તુનો બોધ કરાવવો તે પ્રથમ નામ નિક્ષેપાનો વિષય છે.

શ્રી ઋષભદેવસ્વામી આદિ ચોવીસ તીર્થંકરોનાં નામ, તેઓનાં માતા પિતાઓએ જન્મ વખતે પાડેલાં હોય છે, તેમાં કારણ તેમના ગુણો નથી, કિન્તુ માત્ર ઓળખવાનો સંકેત છે. નામ પાડવામાં જો ગુણ એ જ કારણ હોય, તો બધા તીર્થંકરો સમાન ગુણવાળા હોવાથી બધાનું એક જ નામ પડવું જોઇતું હતું. સમાન ગુણવાળાનાં અનેક નામો તો જ પડી શકે, કે જો નામ પાડતી વખતે ગુણની અપેક્ષા ઉપરાંત આકાર વગેરેની ભિન્નતા ઉપર પણ લક્ષ્ય આપવામાં આવે !

ચોવીસે તીર્થંકર દેવોના ગુણ સમાન હોવા છતાં, પ્રત્યેકના આકાર, પ્રત્યેકની પૂર્વાપર અવસ્થા વગેરે ભિન્ન ભિન્ન હતાં. તે જ રીતે એક જ નામની અનેક વસ્તુઓ જ્યાં હોય છે, ત્યાં પણ તે નામ વડે જે કોઈ અમુક વસ્તુનો બોધ થાય છે, તેનું કારણ પણ તે વસ્તુમાં રહેલા ગુણ, આકાર વગેરેની ભિન્નતા છે. જેમકે 'હરિ' એ બે અક્ષરનું નામ છે, પણ તેનાથી અનેક વસ્તુનો સંકેત થાય છે.

'હરિ' એવો શબ્દ કહેતાં કૃષ્ણ, સૂર્ય, વાનર, સિંહ અને અશ્વ વગેરે અનેક વસ્તુઓનો બોધ થવો શકય હોવા છતાં, તેમ નહિ થતાં માત્ર કૃષ્ણનો જ બોધ થાય છે. તેનું કારણ તે શબ્દ (હરિ) બોલનારનો અભિપ્રાય 'કૃષ્ણ'ને કહેવાનો છે, તે છે.

એ જ રીતે સૂર્યના મતલબથી 'હરિ' શબ્દ બોલતાં માત્ર સૂર્યનું જ્ઞાન થાય છે, પણ કૃષ્ણાદિ બીજી વસ્તુઓનું જ્ઞાન થતું નથી. તેથી એમ સિદ્ધ થાય છે કે-અનેક સંકેતવાળું એક નામ જુદા-જુદા સંકેતોનો બોધ કરાવવાની જે શક્તિ ધરાવે છે, તેનું કારણ એકલો નામ નિક્ષેપો નથી, પણ તે નામોની સાથે બીજા બધા નિક્ષેપાનો થતો બોધ છે.

બીજા એક દૃષ્ટાન્ત રૂપે 'કોટ' શબ્દ લઇએ: 'કોટ' શબ્દથી પહેરવાનો ડગલો, શહેરને ફરતો ગઢ, શરીરની ગરદન વગેરે અનેક અર્થોનો બોધ

થાય છે. પરંતુ જ્યારે ડગલાના ઉદ્દેશથી 'કોટ' શબ્દ વાપરવામાં આવે છે, ત્યારે પાછળના બે અર્થોનો બોધ થતો નથી એ જ રીતે ગઢના હેતુથી 'કોટ' શબ્દ વાપરતાં ડગલા વગેરેનું જ્ઞાન થતું નથી અને ગરદનના ઉદ્દેશથી 'કોટ' શબ્દ વાપરતાં, ગઢ વગેરેનું જ્ઞાન થતું નથી. તેનું કારણ તે ત્રણે વસ્તુના ચાર જુદા-જુદા નિક્ષેપાઓ સિવાય બીજું શું છે ?

અહીં એટલું સમજી લેવાની ખાસ જરૂર છે કે- પ્રથમના ત્રણ નિક્ષેપા તેઓના જ વંદનીય અને પૂજનીય છે, કે જેઓનો ભાવ નિક્ષેપો વંદનીય અને પૂજનીય છે. અને એ જ કારણે શ્રી ભગવતી સૂત્ર, શ્રી ઉવવાઈ સૂત્ર અને શ્રી રાયપસેણિ વગેરે સૂત્રોમાં શ્રી તીર્થંકર દેવો અને બીજા પણ જ્ઞાની મહર્ષિઓનો નામ-નિક્ષેપો વંદનીય છે, એમ ફરમાવ્યું છે.

આગમગ્રંથોમાં તે-તે સ્થળોએ ફરમાવ્યું છે કે- શ્રી અરિહંત ભગવંતોના નામગોત્ર પણ સાંભળવાથી ખરેખર મહા ફળ થાય છે.

નામ નિક્ષેપાનું મહત્ત્વ જણાવવા માટે શ્રી ઠાણાંગ સૂત્રના ચોથા અને દસમા ઠાણામાં પણ ફરમાવ્યું છે કે-

**"चउव्विहे सच्चे पन्नत्ते, तं जहा नाम सच्चे, ठवण सच्चे, दव्वसच्चे, भावसच्चे। तथा दसविहे सच्चे पन्नत्ते, तं जहा जणवय सम्मयठवणा, नामे रूवे पडुच्च सच्चे च। ववहारभावजोगे; दसमे उवम्म सच्चे अ ॥**

અર્થ :- ચાર પ્રકારના સત્યો કહ્યાં છે : નામ સત્ય, સ્થાપના સત્ય, દ્રવ્ય સત્ય અને ભાવ સત્ય તથા શ્રી તીર્થંકર દેવોએ દસ પ્રકારનાં સત્યો બતાવ્યાં છે. જનપદ સત્ય, સમ્મતસત્ય, સ્થાપના સત્ય, નામ સત્ય, રૂપસત્ય, પ્રતીત્યસત્ય, વ્યવહારસત્ય, ભાવસત્ય, યોગસત્ય અને ઉપમાસત્ય.

આ રીતે બે ચાર અક્ષરોના નામની મહત્તા અને મહાન ફળની સિદ્ધિ થાય છે, એવું શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્થાને-સ્થાને પ્રતિપાદન કરેલું છે. તો પછી શ્રી વીતરાગ પરમાત્માના સ્વરૂપનું તાદૃશ્ય ભાન કરાવનાર, તેઓશ્રીની શાન્ત આકારવાળી ભવ્ય મૂર્તિનું દર્શન-પૂજન કરવાથી અનેક ગુણવાળું અધિક ફળ મળે તેમાં આશ્ચર્ય શું છે ?

**દશ સત્યોનું સ્વરૂપ :-**

**જનપદ સત્ય :-** પાણીને કોઈ દેશમાં પય કહે છે, કોઇ દેશમાં પીચ્ચ કહે છે, કોઈ દેશમાં ઉદક કહે છે અને કોઈ દેશમાં જળ કહે છે, વગેરે જનપદ-સત્ય છે.

**સમ્મત સત્ય :-** કુમુદ, કુવલયાદિ પુષ્પો પણ પંકથી ઉત્પન્ન થાય છે, છતાં પંકજ શબ્દ અરવિંદ કુસુમને જ જણાવે છે, તે સમ્મત સત્ય

**સ્થાપના સત્ય :-** પ્લાસ્ટર ઓફ પેરિસથી બનાવેલ મૂર્તિ, ઓઈલ પેઈન્ટ ફોટો, ૧-૨-૩-૪ આદિ આંકડાની સ્થાપના, ચલણી સીક્કા ઉપર સરકારની છાપ આદિ સ્થાપના સત્ય છે.

**નામ સત્ય :-** કુળની વૃદ્ધિ ન કરતો હોય તો પણ 'કુળવર્ધન' વગેરે નામ તે નામ સત્ય.

**રૂપ સત્ય :-** વ્રતના ગુણ ન કરતો હોય અને કેવળ લિંગ માત્રથી વ્રતી કહેવાય, તે રૂપસત્ય.

**પ્રતીત્ય સત્ય :-** અનામિકા આંગળી, કનિષ્ટાના સંબંધથી દીર્ઘ કહેવાય અને મધ્યમાના સંબંધથી હ્રસ્વ કહેવાય, તે પ્રતીત્ય સત્ય.

**વ્યવહાર સત્ય :-** પર્વત ઉપર તૃણાદિ બળવા છતાં 'પર્વત બળે છે.' એમ કહેવું. પાણી ઝમે, તો પણ કહેવું કે- ઘડો ઝમે છે! આ સર્વ વ્યવહાર સત્ય છે.

**ભાવ સત્ય :-** બગલા ઉજળા છે અને ભમરા કાળા છે, એમ કહેવાય છે. પરંતુ બગલા અને ભમરામાં પાંચે વર્ણો છે, છતા તે તે વર્ણો વિપુલ પ્રમાણમાં હોવાથી બગલા ઉજળા અને ભમરા કાળા કહેવાય છે, તે ભાવ સત્ય છે.

**યોગ સત્ય :-** દંડના યોગે દંડી, છત્રના યોગે છત્રી વગેરે કથન તે યોગ સત્ય.

**ઉપમા સત્ય :-** સમુદ્ર સરખું તળાવ વગેરે કથન તે ઉપમા સત્ય છે.

## (૨) સ્થાપના નિક્ષેપ

જો વસ્તુનું નામ માત્ર સાંભળવાથી વસ્તુનો બોધ અને ભક્તિ થવા સંભવ છે, તો પછી વસ્તુની આકૃતિ કે જેમાં નામ ઉપરાંત આકાર છે, તેનાથી અધિક બોધ અને ભક્તિ થાય તે સ્વાભાવિક છે. નામ નિક્ષેપ જેમ શાસ્ત્ર સિદ્ધ છે, તેમ સ્થાપના નિક્ષેપ પણ અનેક શાસ્ત્રોથી સિદ્ધ છે.

શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં દસ પ્રકારે, સ્થાપનાનું સ્થાપન કરવાનું કહેલું છે. કાષ્ટમાં, ચિત્રમાં, પોથીમાં, લેપ કર્મમાં, ગુંથનમાં, વેષ્ટન ક્રિયામાં, ધાતુના રસ પૂરવામાં, અનેક મણિકાના સંઘાતમાં, શુભાકાર પાષાણમાં અને કોડામાં.

આ દશ પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારમાં ક્રિયા તથા ક્રિયાવાળા પુરુષનો અભેદ માની, હાથ જોડેલા અને ધ્યાન લગાવેલા આવશ્યક ક્રિયા સહિત સાધુની આકૃતિ રૂપે અથવા આકૃતિ રહિત સ્થાપના કરવી અથવા આવશ્યક સૂત્રનો પાઠ લખવો, તે સ્થાપના આવશ્યક કહેવાય છે.

હાથ જોડેલ અને ધ્યાન લગાવેલ આવશ્યક ક્રિયા કરનારનું રૂપ જો સદ્‌ભાવ-સ્થાપના છે, તો પછી પદ્માસનયુક્ત, ધ્યાનારૂઢ, મૌનાકૃતિવાલી શ્રી જિનમુદ્રાસૂચક પ્રતિમા, સ્થાપના-જિન કેમ કહેવાય નહિ ?

જો પ્રતિમા સ્થાપના જિન નહિ, તો પૂર્વોક્ત સ્વરૂપ આવશ્યક પણ સ્થાપના આવશ્યક કહેવાય નહિ અને એમ કરવા જતાં શ્રી અનુયોગ દ્વાર સૂત્રના પાઠનો અપલાપ જ થાય.

સૂત્રના પાઠનો લોપ કે અપલાપ જેને ન કરવો હોય, તેને તો શ્રી જિન સ્વરૂપ પ્રતિમાને 'સ્થાપના-જિન' તરીકે નિઃસંશય પણે સ્વીકારવી જ પડશે.

જો સ્થાપનાને નિરર્થક ગણવામાં આવે તો જૈનધર્મના તમામ સૂત્ર-સિદ્ધાન્તો પણ નકામા થઈ જાય. કારણ કે તે પણ શ્રી વીતરાગ પરમાત્માના અરૂપી-જ્ઞાનના અંશરૂપી અક્ષરોની સ્થાપના જ છે. અને જો સૂત્ર-સિદ્ધાન્તોનો લોપ જ થઈ જાય, તો પછી જૈનધર્મનો પણ લોપ જ થાય. એટલે જેઓને સર્વ જીવહિતકર ધર્મના લોપક ન બનવું હોય, તેઓને સ્થાપનાની અવગણના કરવી, કોઈ પણ રીતે ન જ પાલવે.

જેમ નામની સાથે ચારે નિક્ષેપા જોડાએલા છે, તેમ સ્થાપનાની સાથે પણ ચારે નિક્ષેપા જોડાયેલા છે. જો એમ ન હોય તો કૂતરાનું ચિત્ર જોતાં બિલાડાનું જ્ઞાન થવું જોઇએ અને બિલાડાનું ચિત્ર જોતાં કુતરાનું જ્ઞાન થવું જોઇએ પરંતુ કૂતરાનું ચિત્ર જોતાં કૂતરાનું જ જ્ઞાન થાય છે પણ બીજા કોઈનું નહિ તેનું કારણ એ છે કે, તે ચિત્ર જોતાંની સાથે જ કૂતરાના ચારે નિક્ષેપાનું ભાન થાય છે. જેનું ચિત્ર જોવામાં આવે છે, તેના ચારે નિક્ષેપા મનની અંદર ખડા થઈ જાય છે. જો તેમ

ન થતું હોય, તો ભગવાન શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમા જોતાં, શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ થવું જોઈએ. કારણ કે બંનેનો ભાવ નિક્ષેપ એક સરખો છે. ભાવ નિક્ષેપ એક સરખો હોવા છતાં, એક શ્રી તીર્થંકર દેવની મૂર્તિ જોવાથી અન્ય શ્રી તીર્થંકરદેવોનો બોધ થતો નથી, તેમાં કારણ તરીકે એ મૂર્તિની સાથે જોડાયેલા અન્ય નિક્ષેપાઓ છે.

નિક્ષેપાનો વિષય જો નકામો હોય, તો એક 'કુમુદચન્દ્ર'નું નામ લેતાં કે તેની છબી જોતાં, જેટલા 'કુમુદચન્દ્ર' હોય, તેટલા બધાનું જ્ઞાન તે સમયે થવું જોઈએ, પણ તેમ નથી થતું અને માત્ર એકનું જ જ્ઞાન થાય છે. માટે એક નામ કે એક મૂર્તિવાળા જુદા-જુદા પુરુષના ચાર-ચાર નિક્ષેપા પણ જુદા-જુદા છે, એ વાત સિદ્ધ થાય છે.

ધારો કે કોઈના ગુરૂનું નામ 'રામચન્દ્ર' છે અને તે નામના અનેક પુરુષો સંસારમાં વિદ્યમાન છે. ગુરૂના નામવાળા 'રામચન્દ્ર' એવા અક્ષરોમાં ગુરૂના આકારનું કોઈ પણ ચિહ્ન તો છે જ નહિ, તો પછી નામ માત્રથી તે નામના અનેક પુરુષોમાંથી કોનું સ્મરણ થશે તથા કોને નમસ્કાર સિદ્ધ થશે ?

જો કહેશો કે 'રામચંદ્ર' શબ્દથી માત્ર પોતાના ગુરૂનું સ્મરણ અને ગુરૂને જ નમસ્કાર થયો, પણ બીજાને નહિ, તો કહેવું જ પડશે કે 'રામચંદ્ર' નામના બીજા બધા પુરુષોને નમસ્કાર નહિ કરવા માટે અને કેવળ 'રામચંદ્ર' નામના પોતાના ગુરૂને જ નમસ્કાર કરવા માટે, ગુરૂની આકૃતિ આદિને મનમાં સ્થાપન કરેલ જ હશે! આ રીતે પ્રત્યક્ષપણે કે પરોક્ષપણે સ્થાપના નિક્ષેપ સ્વીકૃત થઈ જ જાય છે.

અહીં જો એવી શંકા થાય કે સ્થાપના નિર્જીવ હોવાથી કાર્ય સાધક અને પૂજનીય કેમ બને? તો તેનું સમાધાન એ છે કે નિર્જીવ વસ્તુ માત્ર જો નિરર્થક અને અપૂજનીય હોય, તો શ્રી સમવાયાંગ, શ્રી દશાશ્રુતસ્કંધ તથા શ્રી દશવૈકાલિક વગેરે સૂત્રોમાં ફરમાવ્યું છે કે ગુરુના પાટ, પીઠ, સંથારો વગેરે વસ્તુઓને પગની ઠોકર લાગી જાય, તો પણ શિષ્યને ગુરૂની આશાતનાનો દોષ લાગે! આ ફરમાન માટે શું કહેશો? ગુરૂની પાટ વગેરે તો નિર્જીવ જ છે.

પૂર્વોકત વસ્તુઓ નિર્જીવ હોવા છતાં, ગુરૂઓની સ્થાપના હોવાથી તેનો અવિનય કરવાથી શિષ્યને આશાતના લાગે છે અને વિનય કરવાથી ભકિત અને શુભ ફળની પ્રાપ્તિ થાય છે. તે જ રીતે શ્રી જિનેશ્વર

દેવની મૂર્તિ, એ શ્રી જિનેશ્વર દેવની જ સ્થાપના હોવાથી તેની આશાતના કે અવિનય કરવાથી અશુભ ફળ મળે છે અને વિનય-ભક્તિ કરવાથી શુભ ફળ મળે છે.

વિનય એ શ્રી જિનશાસનમાં પાયાનો ગુણ મનાયો છે. તે ગુણના પાલનની ખાતર શ્રીજિનેશ્વરદેવની સ્થાપના સ્વરૂપ મૂર્તિની ભકિત વગેરે કરવી, એ પણ શ્રી જૈન ધર્મમા મુખ્ય બાબત ગણાય એમાં કોઇ નવાઈ નથી. વળી સાધુઓનાં વસ્ત્ર, પાત્ર, કંબલ. રજોહરણ અને મુહપત્તિ વગેરે ઉપકરણો અજીવ હોવા છતાં તેના વડે જ ચારિત્રની આરાધના થાય છે.

શાસ્ત્રોમાં ત્યાં સુધી કહ્યું છે કે-'લાકડીના ઘોડાથી ખેલતા બાળકને આઘો હઠાવવા માટે કોઈ સાધુ એમ કહે કે હે બાળ કા તાર લાકડી હઠાવ ! તો તે સાધુને અસત્ય બોલ્યાનો દોષ લાગે. એ દોષથી બચવા માટે સાધુએ એમજ કહેવું જોઈએ કે-હે બાળક ! તારો ઘોડો હઠાવ !

લાકડીમાં કાંઈ સાક્ષાત્ ઘોડાપણું છે જ નહિ, માત્ર તેની અસદ્ભૂત સ્થાપના છે, તોપણ તેને માનવી જરૂરી છે તો પછી શ્રી જિન પ્રતિમા એ તો શ્રી જિનેશ્વરદેવની સદ્ભૂત સ્થાપના છે તો તેને માન્યા વિના કેમ ચાલે ?

વળી ખાંડના રમકડાં જેવાં કે હાથી, ઘોડા, ગાય, કૂતરા, બિલાડા, વિગેરે ખાવાથી પંચેન્દ્રિયની હત્યા કર્યાનું પાપ લાગે, એમ દયાધર્મને સમજનારા સહુ કોઈ માને છે. તે બધી વસ્તુઓ નિર્જીવ છે તો પણ તેમાં જીવપણાની સ્થાપના હોવાથી જ ખાવાનો નિષેધ કરવામાં આવ્યો છે. વળી ભીંત ઉપર ચીતરેલી સ્ત્રીની આકૃતિ વિકારનો હેતુ હોવાથી સાધુને તે જોવાની મનાઇ શાસ્ત્રોમાં છે. તે પણ નિર્જીવ વસ્તુ અસર કરનારી છે-એમ જણાવે છે.

**નિર્જીવ સ્થાપનાની જબ્બર અસર :**

સ્થાપના નિર્જીવ હોવા છતાં, તેની કેટલી જબ્બર અસર થાય છે, તે જાણવા માટે નીચેનાં દૃષ્ટાંતો જગ જાહેર છે.

(૧) પતિવ્રતા નારી પોતાના પ્રાણેશની છબીને જોઈને અત્યંત હર્ષ પામે છે, પરંતુ કદી ખેદ પામતી નથી.

(૨) પ્રજા વત્સલ રાજાઓનાં પૂતળાંને જોવાથી વફાદાર રૈયત નારાજ નહિ થતાં પ્રસન્ન જ થાય છે. એ જ કારણે તેવા રાજા-મહારાજાઓનાં તથા મહાન પરાક્રમી પુરુષોનાં પુતળાં તેમના સ્મરણાર્થે ઊભા કરેલાં ઠેર ઠેર નજરે પડે છે.

(૩) પરદેશવાસીઓ પોતાના સ્વજનાદિના હસ્તાક્ષરના પત્રને જોઈને પણ સ્વહિતૈષીઓને મળ્યા જેટલો હર્ષ અનુભવે છે.

(૪) પોતાના વડીલો તથા ઈષ્ટ મિત્રોની છબી જોતાં જ તેમના ઉપકાર અને ગુણોનું સ્મરણ થાય છે અને હૃદય પ્રેમથી પ્રફુલ્લિત બને છે.

(૫) યોગાસનની વિચિત્રાકાર સ્થાપનાઓ જોવાથી, યોગી પુરુષોને યોગાભ્યાસમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે,

(૬) ભૂગોળના અભ્યાસીઓને નકશાઓ વગેરેથી, વિશ્વમાં રહેલ અનેક વસ્તુઓનું જ્ઞાન સહેલાઈથી થાય છે.

(૭) શાસ્ત્રો સંબંધી અક્ષરોની સ્થાપનાથી. તે જોનાર મનુષ્યને શાસ્ત્રોનું જ્ઞાન પણ થાય છે.

(૮) ખેતરોમાં પુરુષોની આકૃતિ (ચાડિયા) ઉભી કરવાથી, તે આકૃતિ નિર્જીવ હોવા છતાં તે વડે ખેતરના પાકની રક્ષા સારી રીતે થાય છે.

(૯) લોકોમાં કહેવાય છે કે-અશોકવૃક્ષની છાયા ચિંતાને દૂર કરે છે. ચંડાળ પુરુષોની કે ઋતુવંતી સ્ત્રીઓની છાયા અશુભ અસર ઉપજાવે છે અને સગર્ભા સ્ત્રીની છાયાનું ઉલ્લંઘન કરવાથી પુરુષની શક્તિ ક્ષય પામે છે. આ બાબતો વિજ્ઞાન સિદ્ધ છે.

(૧૦) પાપડ-વડી તેમજ તેવા નાજુક પ્રદાર્થો પર રજસ્વલા સ્ત્રી ની નજર પડતા તેમાં ફેરફાર થઇ જાય છે.

(૧૧) શ્રી રામચંદ્રજી વનવાસ ગયા ત્યારે તેમના ભાઈ **ભરત રામની** પાદુકાની રામની જેમ જ પૂજા કરતા હતા. **સીતાજી** પણ **રામની** વીંટીનું આલિંગન કરી સાક્ષાત્ રામ મલ્યા જેટલો આનંદ અનુભવતાં હતાં. **રામચંદ્રજી** પણ **હનુમાને** લાવેલ સીતાનાં અલંકારને જોઈને ખૂબ રાજી થયાં હતાં.

(૧૨) શ્રી પાંડવ ચરિત્રમાં પણ કહ્યું છે કે-દ્રોણાચાર્યની પ્રતિમા સ્થાપન કરી, તેની પાસેથી એકલવ્ય નામના ભીલે અર્જુનના જેવી ધનુષ્ય વિદ્યા સિદ્ધ કરી હતી.'

ઉપરનાં કેટલાંક દૃષ્ટાન્તો એવા છે કે, જેમાં શરીરનો આકાર સરખો પણ નથી, છતાં એવી નિર્જીવ વસ્તુઓથી પણ સંતોષનો અનુભવ મળી શકતો જો દેખી શકાય છે, તો પછી સાક્ષાત્ પરમાત્માના સ્વરૂપનો બોધ કરાવનારી મૂર્તિ, પૂર્ણાનંદપૂર્ણ મોક્ષનો હેતુ કેમ ન બને ?

શાન્ત મુદ્રાવાળી શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાની, તેમના નામ-ગ્રહણ પૂર્વકની પૂજા, જ્ઞાની એવા પ્રભુનો અવશ્ય ભેટો કરાવી આપે છે. સેવક જેમ પોતાના સ્વામીની મૂર્તિ દ્વારા સ્વામીની પૂજા કરી પોતાનું કાર્ય સાધી લે છે, તેમ પરમાત્માની મૂર્તિ દ્વારા, પરમાત્માની પૂજા કરવાથી પૂજક પણ મહાન લાભને અવશ્ય મેળવી શકે છે. એ જ કારણે ઉપકારી મહાપુરુષોએ શ્રી અરિહંત પરમાત્મા વગેરેના ચારે નિક્ષેપાઓ સંસારી જીવોને પરમ ઉપકારી અને અત્યંત લાભદાયક બતાવ્યા છે.

જે વસ્તુના ભાવ-નિક્ષેપા ઉપર મનુષ્યોને સંપૂર્ણ આદર હોય છે, તેનાં નામ, સ્થાપના, તથા ગુણના સ્મરણ-દર્શન કે શ્રવણથી જરૂર તે-તે વસ્તુ પરના પ્રેમ અને આદરમાં વૃદ્ધિ થાય છે. જેના ભાવ ઉપર પ્યાર છે, તેનાં નામ, મૂર્તિ કે ગુણને માન આપ્યાથી તે સાક્ષાત્ વસ્તુને જ માન અને આદર આપ્યાનો અનુભવ થાય છે.

કોઇ શ્રીમંત પિતાએ પરદેશથી પોતાના પુત્રને પત્ર દ્વારા સૂચના કરી કે-'અમુક માણસને પાંચ હજાર રૂપિયા આપજો !' હવે તે પુત્ર તે પત્રને પોતાના પિતાના સાક્ષાત્ હુકમરૂપ માનીને તેનો અમલ કરે કે નહિ ? કરે-એમ જો કહેશો, તો તે હુકમ કાગળમાં સ્થાપનારૂપ હોવાથી, સ્થાપના માનવા લાયક સિદ્ધ થઈ ગઈ.

જો કહેશો કે-કાગળ માત્રથી અમલ ન કરવો ! તો તેમ કરનાર પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કર્યું ગણાશે કે ઉલ્લંઘન કર્યું ગણાશે ? પાલન નહિ, પણ અવશ્ય ઉલ્લંઘન કર્યું ગણાશે. એ ન્યાયે શ્રી તીર્થંકર-ગણધર-પ્રણિત સૂત્રોમાં પ્રતિપાદન કરેલ સ્થાપના નિક્ષેપાને માન્ય રાખનાર, ખૂદ ભગવાનનો જ આદર કરનારો બને અને માન્ય નહિ રાખનાર ખૂદ ભગવાનનું જ અપમાન કરનાર બને. એમાં લેશ માત્ર સંશય નથી.

આ ઉપરથી વિચારવું જોઇએ કે, પરમ પૂજનીય પરમોપકારી આરાધ્યતમ, અનંત જ્ઞાની દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માની શાન્ત, નિર્વિકાર અને ધ્યાનારૂઢ ભવ્ય મૂર્તિના દર્શનથી, શ્રી તીર્થંકર પરમાત્માના ગુણોનું સ્મરણ અવશ્ય થાય. તથા તેઓશ્રીની તે મૂર્તિને માન આપ્યાથી ખૂદ તેઓશ્રીનો વિનય કર્યો-એમ અવશ્ય કહેવાય. એટલું જ નહિ, પણ તેઓશ્રીની મૂર્તિનાં વારંવાર દર્શન-પૂજન-સેવનથી તેઓશ્રીના ભાવ-નિક્ષેપા ઉપરનો આદર અને પ્રેમ દિવસે-દિવસે અધિક ને અધિક વધતો જ જાય.

જે વસ્તુના ભાવ નિક્ષેપા પર પ્રેમ હોય છે; તેની સ્થાપના વગેરે ઉપર પણ પ્રેમ આવે છે. તેમ જેના ભાવ નિક્ષેપા પર દ્વેષ હોય, તેનાં નામ, સ્થાપના વગેરે ચારે નિક્ષેપા પર દ્વેષબુદ્ધિ પણ થાય જ છે. સાક્ષાત્ શત્રુને જોઇને જેમ વૈરભાવ પેદા થાય છે, તેમ તેની મૂર્તિ જોવાથી કે નામ વગેરે સાંભળવાથી પણ દ્વેષભાવ અવશ્ય પ્રગટે છે.

આ દૃષ્ટિએ જોતાં પરમોપકારી પરમાત્મા શ્રીજિનેશ્વરદેવના ચારે નિક્ષેપા, ભાવનિક્ષેપા પર જેને ભક્તિ હોય એના માટે એક સરખા પૂજ્યતમ તથા આરાધ્યતમ ઠરે છે. જેના ગુણ ગમે, તે ગુણવાનની આકૃતિને મસ્તક નમે અને જો ન નમે તો માનવું પડે કે, તેને તે પુરુષના તે તે ગુણો ગમતા હોવાની તેની વાત પોકળ છે.

મને ભારતદેશ ગમે છે એવું બોલનાર માણસ, જો ભારતના રાષ્ટ્રધ્વજનો અનાદર કરે તો, તેનું ઉકત કથન કેવું ઠરે! પોકળ જ ઠરે ને! તે રીતે જેઓને શ્રી જિનેશ્વર દેવનો ભાવ નિક્ષેપો ગમે છે, તેની ભક્તિ ગમે છે, તેઓને શ્રીજિન પ્રતિમાની ભક્તિ તરફ અણગમો હોય, તો કહેવું પડે કે તેઓની ભાવ નિક્ષેપાની ભક્તિ ભાવપૂર્વકની નથી પણ ઉપલક છે.

નિયમ તો એ છે કે જે જીવ પ્રત્યક્ષ વિદ્યમાન ન હોય, તેના ઉપર શુદ્ધ ભાવ પેદા કરવા માટે તેની સ્થાપનાની ભક્તિ એ શ્રેષ્ઠ ઉપાય છે વિના સ્થાપનાએ અવિદ્યમાન વસ્તુ પ્રત્યે શુદ્ધ ભાવ પ્રગટ કરી શકાતો જ નથી.

ચારે નિક્ષેપા આ રીતે પરસ્પર સંબંધ ધરાવે છે. એક વિના બીજો નિક્ષેપો રહી શકતો જ નથી. સ્થાપનાને આદર નહિ કરનારને પૂછવાનું કે, વર્તમાન સમયમાં જે નોટોનું ચલણ છે, તેવી સો રૂપિયાની એક નોટ તમારી પાસે હોય, તેને તમે સો રૂપિયા માનો

છો કે કાગળનો કટકો માનો છો! જો કહેશો કે-અમે તો તેને કાગળના કટકા તુલ્ય માનીએ છીએ, તો તેને સાધારણ કાગળના કટકાની જેમ એકાદ પૈસામાં કે મફતમાં બીજાને આપી દેશો ખરા ? તેના 'ઉત્તર'માં તમે એમ જ કહેશો ને કે, એવો મુર્ખ કોણ હોય કે જે સો રૂપિયાને એક પૈસામાં કે મફતમાં આપી દે !

તો પછી હૃદયચક્ષુ ખોલીને વિચારવું જોઇએ કે જેમ સો રૂપિયાની ગેરહાજરીમાં તેટલી રકમનું કામ એક નોટથી કાઢી શકાય છે, તેમ શ્રીજિનેશ્વરદેવની અનુપસ્થિતિમાં તેમની મૂર્તિ દ્વારા પણ સાક્ષાત્ ભગવાનને પૂજવાનું ફળ અવશ્ય મેળવી શકાય છે.

આમ, સ્થાપના નિક્ષેપા પણ બાકીના ત્રણે નિક્ષેપા જેટલો ઉપકારક તેમજ તારક છે, તે સ્પષ્ટ થાય છે.

(૩) દ્રવ્ય નિક્ષેપ

જે વસ્તુ ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં અમુક કાર્યના કારણરૂપે નક્કી થઈ ચુકી છે. તે કારણભૂત વસ્તુમાં કાર્યનું આરોપણ કરવું, તેનું નામ દ્રવ્ય નિક્ષેપ છે. જેમ મૃત સાધુમાં તથા કોઈ સાધુ થનાર હોય તેવા ગૃહસ્થમાં વર્તમાન સમયે સાધુપણું ન હોવા છતાં સાધુપણાનો આરોપ કરી સાધુ કહેવામાં આવે છે, તે દ્રવ્યનિક્ષેપાને આશ્રયીને 'સાધુપણું' સમજવાનું છે. અને એ જ કારણે સાધુ થયા પહેલાં સાધુ થનારને દ્રવ્ય સાધુ માનીને તેની દીક્ષાનો મહોત્સવ મોટી ધામધૂમથી ઉજવવામાં આવે છે તથા સાધુના મૃત કલેવરને દહનક્રિયા માટે પાલખીમાં પધરાવી, પૈસા ઉછાળતાં, ઠાઠમાઠથી લઇ જવામાં આવે છે અને લોકો પણ તેનાં દર્શન કરવા માટે પડાપડી કરે છે.

શ્રીતીર્થંકરદેવોને જન્મ તથા નિર્વાણ સમયે વંદન નમસ્કાર કરવાનો પાઠ શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોમાં છે, તો તે નમસ્કાર શ્રી તીર્થંકર દેવના દ્રવ્ય-નિક્ષેપાને થયો ગણાય, નહિ કે ભાવ-નિક્ષેપાને. કારણકે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી ભાવ નિક્ષેપો કહેવાય નહિ.

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીના જન્મ વખતે શક્રેન્દ્રે નમસ્કાર કર્યાનો ઉલ્લેખ શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જણાવેલો છે તથા તે જ સૂત્રમાં કહ્યું છે કે, શક્રેન્દ્રે શ્રી હરિણૈ-ગમેષી દેવની મારફત પોતાનાં

કલ્યાણ માટે શ્રીતીર્થંકરદેવનો જન્મ-મહોત્સવ કરવા માટે મેરૂ પર્વત ઉપર જવા પોતાનો અભિપ્રાય દેવતાઓને જણાવ્યો. તે સાંભળી મનમાં હર્ષિત થઇ કેટલાક દેવો વંદન કરવા માટે, કેટલાક પૂજા કરવા માટે, કેટલાક સત્કાર માટે, કેટલાક સન્માન કરવા માટે, કેટલાક કૌતુક જોવા માટે, કેટલાક શ્રીજિનેશ્વરદેવ પ્રત્યેના ભક્તિરાગ નિમિત્તે, કેટલાક શક્રેન્દ્રના વચનની ખાતર, કેટલાક મિત્રોની પ્રેરણાથી, કેટલાક દેવીઓના કહેવાથી, કેટલાક પોતાનો આચાર સમજીને (જેમકે-'સમ્યગ્ દૃષ્ટિ દેવોએ શ્રીજિનેશ્વદેવના જન્મ મહોત્સવમાં ભાગ લેવો જોઇએ) ઈત્યાદિ કારણોને સ્વ-ચિત્તમા સ્થાપન કરી, ઘણા દેવદેવીઓ શક્રેન્દ્ર પાસે હાજર થયાં.

જો દ્રવ્ય નિક્ષેપા અપૂજનીય કે નિરર્થક હોત, તો સૂત્રમાં 'સુખને માટે તથા ભક્તિ નિમિતે' વગેરે શબ્દો વંદનાના અધિકારમાં ક્યારેય ન આવત! તથા શ્રી ઋષભદેવસ્વામીના નિર્વાણ સમયે પણ, શક્રેન્દ્રનું આસન કંપાયમાન થતાં, અવધિજ્ઞાનથી ભગવાનનો નિર્વાણ સમય જાણી, શક્રેન્દ્રે ભગવાનને વંદન નમસ્કાર કર્યો અને સર્વ સામગ્રીસહિત શ્રી અષ્ટાપદ તીર્થ પર જ્યાં ભગવાનનું શરીર હતું, ત્યાં આવી ઉદાસીનતાપૂર્વક અશ્રુપૂર્ણ નયને શ્રીતીર્થંકરદેવના શરીરને ત્રણ પ્રદક્ષિણા દઈ, મૃતકને યોગ્ય સર્વ વિધિ કર્યો-વગેરે જણાવનારા જે પાઠો છે, તે પણ દ્રવ્ય નિક્ષેપાની વંદનીયતાને જ સિદ્ધ કરે છે.

આ સિવાય બીજી રીતે પણ દ્રવ્ય નિક્ષેપા અને તેની પૂજનીયતાની સિદ્ધિ થાય છે. શ્રીઋષભદેવ સ્વામીના વખતમાં તથા વર્તમાન કાળમાં આવશ્યક ક્રિયા કરતી વખતે. સાધુશ્રાવક તમામ ચતુર્વિંશતિસ્તવ એટલે કે લોગસ્સ સૂત્રનો પાઠ બોલે છે. શ્રીઋષભદેવ સ્વામીના વખતમાં બીજા ત્રેવીસ તીર્થંકરોના જીવ, ચોર્યાસી લાખ જીવયોનિમાં ભટકતા હતા, તેથી તેમને તે વખતે નમસ્કાર ભાવ-નિક્ષેપથી થયો ગણી શકાય નહિ, કિન્તુ દ્રવ્ય નિક્ષેપથી જ થયો ગણાય.

વર્તમાન કાળમાં તો તે ચોવીસમાંના એક પણ ભાવ નિક્ષેપે નથી, કારણ કે બધા સિદ્ધિગતિમાં ગયેલા હોવાથી; ભાવ નિક્ષેપે અરિહંત તરીકે નહિ, પણ સિદ્ધ તરીકે બિરાજમાન છે. જો એક ભાવ નિક્ષેપને માની, બીજા નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાને માનવાના ન હોત, તો લોગસ્સ દ્વારા કોને નમસ્કાર થાય ?

'લોગસ્સ'ની અંદર પ્રગટપણે 'अरिहंते कित्तइस्सं ।' અને 'चउवीसंपि केवली'। કહીને ચોવીસે તીર્થંકરોને યાદ કર્યા છે, આ નામ-સ્મરણ ભાવ નિક્ષેપે નથી, પરંતુ નામ તથા દ્રવ્ય નિક્ષેપે છે. જેઓ એ બે નિક્ષેપાને ન માને, તેઓના મતે 'લોગસ્સ' ને માનવાનું રહેતું નથી અને 'લોગસ્સ' ને ન માનવાથી આજ્ઞાભંગનો મોટો દોષ લાગે જ છે. વળી સાધુ-સાધ્વીના પ્રતિક્રમણ સૂત્રમાં પણ કહ્યું છે, કે શ્રી ઋષભ દેવસ્વામીથી શ્રીમહાવીર સ્વામી પર્યંત ચોવીસે તીર્થંકરોને નમસ્કાર થાઓ !

આ ફરમાનમાં પણ તે નામના તીર્થંકરો ભાવ નિક્ષેપે વર્તમાનમાં કોઇ નથી, કિંન્તુ નામ નિક્ષેપે છે. દ્રવ્ય નિક્ષેપ નહિ માનનારને પ્રતિક્રમણ આવશ્યક પણ માનવાનું રહેતું નથી અને એથી પણ આજ્ઞા ભંગનો મોટો દોષ લાગે છે. ભાવ નિક્ષેપાનો વિષય અમૂર્ત હોવાથી અતિશયજ્ઞાનીઓ સિવાય બીજા કોઈથી સાક્ષાત્ જાણી કે સમજી શકાતો નથી. એ કારણે શ્રી જૈનસિદ્ધાન્તમાં-નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર-એ ચાર દ્રવ્ય પ્રધાન નયોની મુખ્યતાથી જ વર્ણન કરાયેલું છે દ્રવ્ય નિક્ષેપના પ્રાધાન્યવાળી ક્રિયાઓને જો નકામી માનવામાં આવે, તો શ્રી જૈનમતનો જ લોપ થાય છે. શ્રી જૈન સિદ્ધાન્તને માન્ય રાખનાર આત્માઓએ દ્રવ્યાર્થિક ચાર નયોને માન આપી દ્રવ્યક્રિયાનો આદર કરવો યોગ્ય છે. દ્રવ્ય નિક્ષેપાના પ્રાધાન્યવાળી ક્રિયાઓ પરિણામની ધારાને વધારનારી છે, તેથી ભાવનો પરિપૂર્ણ નિશ્ચય થયા વિના પણ વ્રત-પચ્ચક્ખાણ વગેરે કરાવવાની રીત શ્રી જૈનશાસનમાં ચાલી રહી છે.

શ્રી અનુયોગદ્વાર, શ્રી ઠાણાંગ, શ્રી ભગવતીજી તથા શ્રી સૂત્રકૃતાંગ વગેરે અનેક સૂત્રોમાં દ્રવ્ય નિક્ષેપાની સિદ્ધિ કરેલી છે અને દ્રવ્ય વિના ભાવ કદાપિ ન સંભવે, એમ સપ્રમાણ સાબિત કરી આપ્યું છે.

પરમોપકારી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત શ્રી 'પ્રતિમા શતક મહાગ્રન્થમાં ફરમાવ્યું છે કે-

"नामादित्रयमेव भाव भगवत्ताद्रूप्यधीकारणम् ।
शास्त्रात्स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।
तेनार्हत्प्रतिमामनादृतवतां, भावं पुरस्कुर्वता-
मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ॥

અર્થ : ભાવ ભગવંતના તદ્રૂપણાની બુદ્ધિનું કારણ, 'નામ, સ્થાપના અને દ્રવ્ય' એ ત્રણ જ છે. શુદ્ધ હૃદયવાળાઓને એ વાત શાસ્ત્ર પ્રમાણથી તથા સ્વાનુભવના નિશ્ચયથી વારંવાર પ્રતીત થયેલી છે. તે કારણે શ્રી અરિહંત પરમાત્માની પ્રતિમાનો આદર કર્યા વિના જ, શ્રી અરિહંત પરમાત્માના ભાવને આગળ કરનાઓની બુદ્ધિ, આંધળાઓ દર્પણમાં પોતાનું મો જોવાની ચેષ્ટા કરે, તેના જેવી હાસ્યાસ્પદ છે.

આથી પણ સિદ્ધ થાય છે કે-ભગવાનની ભાવાવસ્થા અતીન્દ્રિય હોઈ, ઇન્દ્રિયો અને મનને અગોચર છે. તેને ઇન્દ્રિયો અને માનસ-ગોચર કરવા માટે તેમનાં નામ, આકાર અને દ્રવ્યનું આલંબન, એ જ ~~એક સાધન~~ છે.

જો પ્રભુના નામ, સ્થાપના અને દ્રવ્ય એ ત્રણ નિક્ષેપા ન હોત, તો ભાવ નિક્ષેપાની ભક્તિ છદ્મસ્થ માત્ર માટે સ્વપ્નવત્ જ રહેત.

### (૪) ભાવ નિક્ષેપ

જે જે નામવાળી વસ્તુમાં જે જે ક્રિયાઓ સિદ્ધ છે, તે તે ક્રિયાઓમાં તે તે વસ્તુઓ વર્તે, તે ભાવ-નિક્ષેપ છે. જેમ કે ઉપયોગ સહિત આવશ્યક ક્રિયામાં પ્રવૃત્તિ કરી રહેલ સાધુ-એ ભાવ નિક્ષેપે 'આવશ્યક' ગણાય છે.

દરેક વસ્તુનું સ્વરૂપ આ રીતે ચારે નિક્ષેપાથી જાણી શકાય છે. તેમાંથી જો એક પણ નિક્ષેપ ન માનવામાં આવે, તો તે વસ્તુ, વસ્તુપણે, ટકતી જ નથી. જે વસ્તુને જેવા ભાવથી માનવામાં આવે છે, તેના ચારે નિક્ષેપા તેવા ભાવને જ પ્રગટ કરે છે.

શત્રુભાવવાળી વસ્તુના ચારે નિક્ષેપા શત્રુભાવને પ્રગટ કરે છે અને મિત્ર ભાવવાળી વસ્તુના ચારે નિક્ષેપા મૈત્રી ભાવને પ્રગટ કરે છે. કલ્યાણકારી વસ્તુના ચારે નિક્ષેપા કલ્યાણકર ભાવને પેદા કરે છે અને અકલ્યાણકારી વસ્તુના ચારે નિક્ષેપા અકલ્યાણકર ભાવને પેદા કરે છે.

આ સંસારમાં સામાન્ય રીતે તમામ વસ્તુઓ હોય, જ્ઞેય અને ઉપાદેય-એ ત્રણે ભેદમાંથી કોઈને કોઈ એક ભેદવાળી હોય છે. દાખલા તરીકે-સ્ત્રી-સંગ. સાધુઓને સ્ત્રીઓના સાક્ષાત્ સંગનો નિષેધ કરવામાં આવ્યો છે. સાક્ષાત્ સંગ એ હેય છે. તેથી પણ સ્ત્રીઓનાં નામ, આકાર અને દ્રવ્યનો નિષેધ થઈ જાય છે. તેથી સાધુ પુરુષોને સ્ત્રીઓનો ભાવ નિક્ષેપ જેમ વર્જ્ય છે, તેમ નામ-

નિક્ષેપાથી સ્ત્રી કથાનો પણ નિષેધ છે, સ્થાપના નિક્ષેપાથી સ્ત્રીની ચીતરેલા મૂર્તિ વગેરેને જોવાનો પણ નિષેધ છે, તથા દ્રવ્ય નિક્ષેપાથી સ્ત્રીની પૂર્વાપર અવસ્થા તથા મૃતાવસ્થા વગેરેના સંઘટ્ટને પણ નિષેધ્યો છે. એ રીતે હેય રૂપ વસ્તુના ચારે નિક્ષેપા હેય રૂપ બને છે. માત્ર ભાવ નિક્ષેપો માનનારાઓ સ્ત્રીના ભાવ નિક્ષેપાને વર્જી, બાકીના ત્રણે નિક્ષેપાનો આદર કદી કરી શકશે નહિ. આમ જ્ઞેય વસ્તુનો ભાવ નિક્ષેપ જેમ જ્ઞાન પ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે. તેમ ચાર નિક્ષેપા જ્ઞાન પ્રાપ્તિમાં નિમિત્ત બની શકે છે.

**જંબૂદ્વીપ, ભરતક્ષેત્ર, મેરૂપર્વત**, હાથી, ઘોડા વગેરે વગેરે જ્ઞેય વસ્તુઓ છે, તેઓને જેમ સાક્ષાત્ જોવાથી બોધ થાય છે, તેમ તેનાં નામ, આકાર વગેરે જોવા-સાંભળવાથી પણ તે વસ્તુઓનો બોધ થાય છે. હેય અને જ્ઞેયનો જેમ ઉપાદેય વસ્તુ પણ ચારે નિક્ષેપાથી ઉપાદેય બને છે. શ્રી તીર્થંકર પરમાત્મા જગતમાં પરમ ઉપાદેય હોવાથી તેમના ચારે નિક્ષેપા પરમ ઉપાદેય બને છે.

સમવસરણમાં બિરાજેલા સાક્ષાત્ શ્રી તીર્થંકર પરમાત્મા ભાવ નિક્ષેપે પૂજનીય છે, માટે '**મહાવીર**' વગેરે તેમના નામને પણ લોકો પૂજે છે, વૈરાગ્ય મુદ્રાયુક્ત, ધ્યાનરૂઢ અવસ્થામાં રહેલી તેમની પ્રતિમાને પણ લોકો પૂજે છે. તથા દ્રવ્ય નિક્ષેપે તેમની બાલ્યપણાની પૂર્વ અવસ્થા તથા નિર્વાણ દશાની ઉત્તર અવસ્થાને પણ ઈન્દ્રાદિ દેવો ભક્તિભાવથી નમે છે, પૂજે છે અને તેનો સત્કાર વગેરે કરે છે.

આથી ઉલટું, અન્ય દેવોના ભાવ નિક્ષેપા ત્યાજ્ય હોવાથી, તેઓના બાકીના ત્રણ નિક્ષેપા પણ સમ્યગ્ દૃષ્ટિ આત્માઓને છોડવા લાયક બને છે. અને એ જ કારણે આનંદ આદિ દસ શ્રાવકોએ શ્રીવીતરાગ પરમાત્મા સિવાય અન્ય દેવોને વંદન નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

તે વખતે શ્રી વીતરાગ પરમાત્મા સિવાય અન્ય દેવો ભાવ નિક્ષેપે વિદ્યમાન ન હતા. માત્ર તેમની મૂર્તિઓ હતી. તેથી આનંદાદિ શ્રાવકોની નહિ નમવાની પ્રતિજ્ઞા, તેઓની મૂર્તિને ઉદ્દેશીને હતી. એ આપોઆપ સિદ્ધ થઇ જાય છે. એ જ રીતે શ્રીવીતરાગ પરમાત્મા સિવાય અન્ય દેવોની મૂર્તિઓને નમવાનો નિષેધ-એ શ્રી જિનમૂર્તિને નમસ્કાર કરવાના વિધાનને પણ સ્વતઃ સિદ્ધ કરી આપે છે.

કોઇએ રાત્રિભોજનનો ત્યાગ કરવાનો નિયમ અંગીકાર કર્યો, એટલે દિવસે ભોજન કરવાની તેની વાત આપોઆપ સિદ્ધ થઇ જાય છે. આ મુજબ ચારે નિક્ષપાનો પરાસ્પરનો સંબંધ સમજી લેવાનો છે. તેમાં ખાસ ખ્યાલ એ રાખવાનો છે કે-**જેનો ભાવ નિક્ષેપો શુદ્ધ અને વંદનીય છે, તેના જ બાકીના નિક્ષેપો વંદનીય અને પૂજનીય છે.**

# પ્રેરક—બોધક પ્રશ્નોત્તરી ૩–૧૦

# ૧૩

સ્ત્રીનું ચિત્ર બધાને કામપ્રેરક છે પ્રભુમૂર્તિ કયાં બધાને ભક્તિ પ્રેરક છે ?

સ્થાપના વિના ધર્મક્રિયા થાય ?

સિદ્ધાયતન

પૂજન પ્રતિમાનું કે પ્રભુનું ?

નિરાકારની ઉપાસના

**પ્રશ્ન ૩**–સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં સાધુ ન રહે, એવું ફરમાન કયા સૂત્રમાં છે ?

**ઉત્તર**–શ્રુત કેવળી આચાર્ય ભગવાન શ્રી સૂશિય્યંભવર મહારાજા વિરચિત શ્રી દશવૈકાલિક સૂત્રના આઠમાં અધ્યયનમાં ફરમાવ્યું છે કે **चित्तभित्तिं ण णिज्झाए, नारिं वा सुअलंकिअं ॥**

**भक्खरंपिव दट्ठूणं दिट्ठिं पडिसमाहरे ॥**

જેમાં સ્ત્રીની મૂર્તિ હોય તેવી ચિત્રામણની ભીંત ન જોવી, તેમજ અલંકારવાળી કે અલંકાર વિનાની સ્ત્રીને પણ ન જોવી. અકસ્માત દૃષ્ટિ પડી જાય, તો સૂર્યને જોઈને જેમ દૃષ્ટિ ખેંચી લઈએ છીએ, તેમ ખેંચી લેવી. ”

સ્ત્રીનું ચિત્રામણ જોવાથી મોહ ઉત્પન્ન થાય છે તેથી તેનો જેમ નિષેધ કરેલો છે, તેમ શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાને દેખીને વીતરાગદશાનો સાક્ષાત્કાર થાય છે, તેથી વીતરાગ અવસ્થાની પ્રાપ્તિની અભિલાષાવાળાને શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાનાં હંમેશાં દર્શન આદિ કરવાની આવશ્યકતા દર્શાવેલી છે.

બ્રહ્મચર્યની રક્ષા કરનારી જે નવ વાડોનું શાસ્ત્રોમાં નિરૂપણ છે, તેમાં મુખ્યત્વે સ્ત્રીના સીધા તેમજ આડકતરા સંબંધથી દૂર રહેવાની વાત છે. અને બ્રહ્મનિષ્ઠ પુરુષો તેનું ખાસ પાલન કરે છે.

પ્રશ્ન ૪-સ્ત્રીની મૂર્તિ-છબી વગેરે જોવાથી પ્રત્યેકને કામવિકાર ઉત્પન્ન થતો દેખાય છે, પણ શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમા જોઈને બધાંને વિરાગભાવ ઉત્પન્ન થતો દેખાતો નથી, તેનું શું કારણ?

ઉત્તર- જેઓને મૂર્તિ પર દ્વેષ કે દુર્ભાવ છે, તથા પ્રકારના શિક્ષણ દ્વારા જેઓએ મૂર્તિપૂજા વિરોધી માનસ કેળવ્યું છે, તેઓને શ્રી વીતરાગની મૂર્તિ જોવા છતાં, શુભ ભાવ ઉત્પન્ન થવો મુશ્કેલ છે, પરંતુ જેઓ હળુકર્મી જીવો છે, તેમને તો શ્રી વીતરાગ પરમાત્માની શાન્તાકાર પ્રતિમાનાં દર્શન થતાંની સાથે જ રોમેરોમમાં અકથ્ય હર્ષ ઉભરાયા સિવાય રહેતો નથી.

જેમ દુષ્ટ વિચારોમાં મગ્ન કોઇ માણસને મુનિની શાન્તમૂર્તિ દેખીને પણ મનમાં ભક્તિભાવ ઉત્પન્ન ન થાય, તેમ જેણે મુર્તિ પ્રત્યે દ્વેષ કે દુર્ભાવ કેળવેલો હોય તેવા આત્માને મૂર્તિના દર્શનથી પણ ભક્તિ ઉત્પન્ન ન થાય એ બનવાજોગ છે. જો કે જગતનો સામાન્ય નિયમ તો એવો છે કે, ગુણવાનની મૂર્તિ દેખીને તેના જેવા ગુણો પ્રાપ્ત કરવા સહેજે ઉત્કંઠા થાય, તેમ છતાં તેમાં પણ અપવાદ હોય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે કે-' **जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा**

અર્થાત્-પરિણામના વશથી જે આશ્રવનું કારણ હોય, તે સંવરનું કારણ બને છે અને જે સંવરનું કારણ હોય, તે આશ્રવનું કારણ બને છે.

ઇલાચીકુમાર પાપના ઇરાદાથી ઘેરથી નીકળ્યા હતા, છતાં પરિણામની વિશુદ્ધિથી વાંસના દોરડા પણ નાચતાં-નાચતાં, સ્વરૂપવતી સ્ત્રી સાથે આંખ પણ ઊંચી ન કરનાર મુનિરાજને જોઈને કેવળજ્ઞાન પામ્યા હતા.

ભારતચક્રવર્તીનું આરીસ-ભુવનમાં રૂપ જોવા જવું તે આશ્રવનું કારણ હતું. પણ મુદ્રિકાના પડવાથી શુભ ભાવનામાં આરૂઢ થતાં કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું હતું.

સ્વાદલોલુપ માણસને કેરી જોઈને મોંમાં પાણી છૂટે છે, તે જ કેરીને જોઈને ત્યાગી મહાત્માની આંખમાં પાણી આવે છે.

આમ એક જ પદાર્થ એક વ્યક્તિ માટે આશ્રવનું કારણ બને છે, તો બીજી વ્યક્તિ માટે સંવરનું કારણ બને છે.

તેજ રીતે સાધુ મુનિરાજો સંવર અને નિર્જરાનું કારણ છે, છતાં તેમને દુઃખ દઈને તેમની નિંદા કરીને, અશુભ કર્મનો આસ્રવ કરનારા પણ હોય છે. પણ તેથી સાધુ મુનિરાજનું પૂજનીકપણું નષ્ટ થઈ જતું નથી.

સાક્ષાત્ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીજીને જોઈને પણ સંગમદેવ અને ગોવાળીઆ વગેરેને અશુભ પરિણામ થયા, તેમાં કારણ, તેઓનો અશુભ ભાવ છે એક કવિએ કહ્યું છે કે–

**"पत्रं नैव यदा करीरविटये दोषो वसंतस्य किम् ।**
**उल्लूको न विलोकते यदि दिवा, सूर्यस्य किं दूषणम्**
**वर्षा नैव पतन्ति चातकमुखे, मेघस्य किं दूषणम् ।**
**यद् भाग्यं विधिना ललाटलिखितं दैवस्य किं दूषणम् ॥"**

**અર્થ**:–કરીર (કેરડા)ના ઝાડ ઉપર પાંદડાં ન આવે, તેમાં વસંત ઋતુનો શો દોષ ?

ઘુવડને દિવસે ન દેખાય, તેમાં સૂર્યનો શો દોષ ?

જળની ધારા ચાતક પંખીના મુખમાં નથી પડતી, તેમાં મેઘનો શો દોષ ? અને

લલાટે લખાયેલ ભાગ્ય અનુસાર ફળ ભોગવવું પડે, તેમાં દૈવનો પણ શો દોષ ગણાય ?

એ જ રીતે દેવાધિદેવની મૂર્તિ તો શુભ ભાવનું જ કારણ છે, તેમ છતાં તેના દ્વેષી જીવોને શુભ ભાવ પેદા ન થાય, તે ખરેખર તેમની જ કમનસીબી છે.

સૂર્યની સામે કોઈ ધૂળ ફેંકે કે સુગંધી પુષ્પ ફેંકે તો તે બંને ફેંકનાર તરફ જ પાછા ફરે છે અથવા વજ્રમયી દિવાલ પર કોઈ મણિ કે પથ્થર ફેંકે તો તે વસ્તુઓ ફેંકનાર તરફ જ પાછી આવે છે, અથવા ચક્રવર્તી રાજાની નિંદા કે સ્તુતિ કરે તેથી તેનું કાંઈ બગડતું કે સુધરતું નથી; પણ નિંદક આત્મા પોતે જ દુઃખ પામે છે અને સ્તુતિ કરનાર પોતે જ ઉત્તમ ફળને પામે છે. બીજી રીતે જોઈએ તો પથ્ય આહાર કરવાથી ખાનાર મનુષ્યને સુખ મળે છે અને અપથ્ય ભોજન કરવાથી ભોજન કરનાર જ દુઃખી થાય છે, પણ આહારમાં વપરાયેલી વસ્તુને કંઈ થતું નથી, તે જ પ્રમાણે પરમાત્માની મૂર્તિની સ્તુતિ–ભક્તિ કે નિંદા–હીલના કરવાથી અલિપ્ત પરમાત્માને કાંઇ થતું નથી.

પરંતુ સ્તુતિ ભકિત કરનાર શુભ કર્મોપાર્જન કરી સ્વયમેવ સુગતિનું ભાજન બને છે અને નિંદક પોતે જ દુર્ગતિદાયક કર્મ ઉપાર્જન કરે છે.

બીજી વાત વિચારવાની એ છે કે બ્રહ્મચારી મહાત્માઓને સ્ત્રીની મૂર્તિ જોવાનો નિષેધ કર્યો, પરંતુ સાક્ષાત સ્ત્રીના હાથે આહાર પાણી વહોરવાનો નિષેધ કર્યો નહિ. સ્ત્રીઓ દર્શન કરવા કે વંદન કરવા આવે કલાકો સુધી વ્યાખ્યાન સાંભળવા બેસી રહે, ધર્મ ચર્ચા સબંધી પૂછપરછ કે વાર્તાલાપ કરે. વગેરે કાર્યોમાં સ્ત્રીનો પરિચય હોવા છતાં નિષેધ ન કર્યો અને સ્ત્રીના ચિત્રામણવાળા મકાનમાં વસવાનો નિષેધ કર્યો; તેનું શું કારણ?

ચિત્રામણની સ્ત્રીની આકૃતિ તરફથી કાંઇ આહાર–પાણી મળી શકતાં નથી કે તેની સાથે બોલવું ચાલવું થઇ શકતું નથી. ચિત્રામણની સ્ત્રી ઉઠીને સ્પર્શ કરી શકતી નથી, છતાં શાસ્ત્રકારોએ તેનો નિષેધ કર્યો, તેનું કારણ એટલું જ છે કે ચિત્ર કે, મૂર્તિ તરફ જેવી ચિત્તની એકાગ્રતા થાય, મનમાં ખરાબ સંકલ્પ વિકલ્પ ઊઠે, ધર્મધ્યાનમાં બાધા પહોંચે તથા કર્મબંધન થવાના પ્રસંગો ઉપસ્થિત થાય, તેવા ધર્મ નિમિત્તે સાક્ષાત્ પરિચયમાં આવનાર સ્ત્રી–પ્રસંગમાં સંભવતા નથી. કારણ કે ત્યાં અશુભ માર્ગે ચિત્તની એકાગ્રતા કરવાનો અવસર ભાગ્યે જ મળે છે. જ્યારે મકાનમાં સ્ત્રીની મૂર્તિ કે છબી હોય તો તે તરફ વારંવાર ધારી–ધારીને નિહાળવાનું અને તેમાં ચિત્તની એકાગ્રતા તથા મનની લીનતા થવાનું અવશ્ય આવે તથા પરિણામે દિલમાં કામવિકારો જાગૃત થઈ આવે. આવા અનેક અનિષ્ટોનો પૂરેપૂરો ભય છે.

સૂત્રકાર મહર્ષિઓની આજ્ઞા નિષ્પ્રયોજન કે વિના વિચારે હોઇ શકે નહિ, એ ઉપરથી નિશ્ચય થાય છે કે, મનને સ્થિર કરી શુભ ધ્યાનમાં લાવવા માટે, શુભ એવા સ્થિર આલંબનની ખાસ જરૂર છે. તેવું સ્થિર અને શુભ આલંબન શ્રી જિનરાજની શાન્ત મૂર્તિ સિવાય બીજું એક પણ નથી.

આ આત્મા ખરેખર જેવો છે, તેવા આકારે મનને પરિણમાવવા માટે શ્રી જિનરાજની મૂર્તિથી ચઢીઆતું કોઇ આલંબન ત્રિભુવનમાં નથી. આથી એ પણ સિદ્ધ થાય છે કે ઉત્તમ ધ્યાન અને મનની એકાગ્રતા કરવાની અપેક્ષાએ શ્રીજિનમુર્તિનો દરજ્જો સાક્ષાત્ શ્રી જિનરાજ

કરતાં પણ વધી જાય છે. અને એવા જ કારણે, **શ્રી રાયપસેણી** શાસ્ત્રગ્રંથોમાં સાક્ષાત્ શ્રી તીર્થંકરદેવને નમસ્કાર કરતી વેળા '**देवय चेइय**' વગેરે પાઠો છે. અર્થાત્ જેવી હું શ્રીજિનપ્રતિમાની ભક્તિ કરૂં છું, તેવી જ અંતરંગ પ્રીતિથી આપની ભક્તિ કરૂં છું.

વળી સાક્ષાત્ ભગવાનને નમસ્કાર કરતી વખતે '**सिद्धिगइ नामधेयं ठाणं संपाविउ कामस्स**' અર્થાત સિદ્ધિગતિ નામના સ્થાનને મેળવવાની ઇચ્છાવાળા એમ બોલવામાં આવે છે અને શ્રી જિનપ્રતિમાની સામે-

**'सिद्धिगइ नाम धेयं ठाणं संपत्ताणं ।**

અર્થાત્-સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થઈ ચૂકેલા, એમ કહેવામાં આવે છે. એ વગેરે પાઠોનું ખરૂં રહસ્ય સમજી પૂર્વાચાર્યોએ અત્યંત બહુમાનપૂર્વક પ્રમાણિત કરેલ શ્રી જિન પ્રતિમાનો હાર્દિક આદર કરવો જોઈએ.

આદર નહિ કરવાની વૃત્તિમાં સ્વહિતનો સ્પષ્ટ અનાદર છે. એમ સમજીને ઉત્કૃષ્ટ હિત વાંચ્છુઓ નિશદિન શ્રી જિનપ્રતિમાનો અત્યંત બહુમાન પૂર્વક આદર કરે છે અને એમ કરીને એ પરમ તારકની આજ્ઞાનો સાચો આદર કરે છે.

પ્રતિમા જેની છે, તે શ્રી જિનરાજના ગુણોની સ્તુતિ કરીએ અને તે પ્રતિમાજીને દર્શન-વંદન વગેરે કરતાં અચકાઈએ તો જરૂર કૃતઘ્ની ઠરીએ.

**પ્રશ્ન ૫.** શું એવું કોઈ શાસ્ત્રીય પ્રમાણ છે કે, સ્થાપના સ્થાપન કર્યા સિવાય, કોઈ પણ ધર્મક્રિયા થઈ શકે જ નહિ ?

ઉત્તર શ્રી જૈનધર્મમાં તમામ ધર્મ ક્રિયાઓ સ્થાપના સન્મુખ જ કરવી જોઈએ એ માટે અનેક સૂત્રોના પ્રમાણો છે.

જેમ દેવના અભાવે દેવની મૂર્તિ જોઈએ તેમ ગુરૂના અભાવે ગુરૂની સ્થાપના કરવી જોઈએ.

આ દુઃષમ કાળમાં સૂર્ય સમાન પૂર્વધર આચાર્ય ભગવાન શ્રી જિનભદ્રગણિ ક્ષમા શ્રમણ મહારાજા, સ્વરચિત શ્રી વિશેષાવશ્યક મહા ભાષ્યમાં ગુરૂના અભાવે ગુરૂની સ્થાપના કરવા નીચેની ગાથા દ્વારા ફરમાવે છે-

"गुरु विरहंमि ठवणा गुरुवणएसोवदंसणत्थं च ।
जिणविरहंमि जिणबिंब सेवणामंतणं सहलं ॥

શ્રી ઠાણાંગ સૂત્રમાં પણ દસ પ્રકારની સ્થાપના બતાવેલી છે. તેનું સ્થાપન કરી "पंचिंदीय' સૂત્રથી તેમાં ગુરૂ મહારાજના ગુણોનું આરોપણ કરી, તેની સન્મુખ ધર્મકરણી કરવી યોગ્ય છે.

સ્થાપનામાં મુખ્ય સ્થાપના 'અક્ષ' એટલે ગોળાકાર કોડાની કરવામાં આવે છે. તે ત્રણ, પાંચ, સાત કે નવ આવર્ત્તવાળા હોય, તો ઉત્તમ ગણાય છે. તેનું ફળ શ્રીભદ્રબાહુસ્વામી કૃત 'સ્થાપનાકુલક'માં વિસ્તારથી વર્ણવેલું છે. પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ પણ સ્થાપનાની સજ્ઝાય બનાવી છે. તેમાં પણ તેનું ફળ તથા વિધિ બતાવેલ છે.

'અક્ષ' નો યોગ ન બને, તો જ્ઞાનદર્શન-ચારિત્રનાં ઉપકરણો-જેવાં કે પુસ્તક નવકારવાળી વગેરેની સ્થાપના કરવી એવું વિધાન કરવામાં આવ્યું છે.

આવશ્યક વગેરે ધર્મ ક્રિયાઓમાં સ્થાન-સ્થાન પર ગુરૂ મહારાજની આજ્ઞા માગવી પડે છે. તો તે ક્રિયા કરતી વખતે સાક્ષાત્ ગુરૂ હાજર ન હોય તેવી દશામાં, તેમની સ્થાપના વગર કેવી રીતે ચાલે ?

શ્રીસમવાયાંગ સૂત્રના બારમા સમવાયમાં ગુરૂવંદનના પચીસ બોલ પૂરા કરવાનું ફરમાવ્યું છે. તેનો પાઠ નીચે મુજબ છે,

"दुवालसावत्ते कित्तिकम्मे पन्नते तं जहा
"दुओकय जहाजायं कित्तिकम्मं बारसावयं ।
चउसिरं तिगुत्तं, दुपवेसं एग निक्खमणं ॥

અર્થ :- વંદન ક્રિયામાં બાર આવર્ત ફરમાવ્યા છે, તે આ પ્રમાણે: બે અવનત એટલે બે વખત મસ્તક નમાવવું અને એક યથાજાત એટલે જન્મ તથા દીક્ષા ગ્રહણ કરવાના સમયની મુદ્રા ધારણ કરવી, બાર આવર્ત્ત એટલે પ્રથમના પ્રવેશમાં છ તથા બીજા પ્રવેશમાં છ આ- "अहो कायं कायसफासं ।' ઈત્યાદિ પાઠથી કરવા. ચાર શિર એટલે પ્રથમના તથા બીજા પ્રવેશમાં બબ્બે વાર મસ્તક નમાવવું. ત્રણ-ગુપ્ત એટલે મન, વચન, કાયા એ ત્રણેથી વંદના સિવાય બીજો વ્યાપાર ન કરવો. બે પ્રવેશ એટલે ગુરુ મહારાજની હદમાં પ્રવેશ કરવો અને એક નિષ્ક્રમણ એટલે ગુરૂ મહારાજની હદની બહાર જવા રૂપ અવગ્રહથી બહાર નીકળવું.

એ રીતે કુલ પચીસ બોલ થયા તેમાં ગુરૂ મહારાજની હદમાં બે વાર પ્રવેશ કરવો અને એક વાર નીકળવું, એ પ્રત્યક્ષ ગુરૂના અભાવે તેમની સ્થાપના વિના કેવી રીતે શકય બને ? એ જ વંદનાના પાઠમાં ગુરૂ મહારાજની આજ્ઞા માગી અંદર પ્રવેશ કરવાનું સ્પષ્ટ ફરમાન છે. જેમકે-

**"इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए अणुजाणह मे मिउग्गहं निसीहि अहो कायं काय संफासं खमणिज्जो मे किलामो ।"**

**અર્થ** :- હું ઇચ્છું છું કે હે **ક્ષમાશ્રમણ** ! વંદન કરવાને, પાપ વ્યાપારથી રહિત શરીરની શક્તિ વડે, મિત અવગ્રહ એટલે સાડા ત્રણ હાથ પ્રમાણ જે ક્ષેત્ર-તેમાં પ્રવેશ કરવાની મને આજ્ઞા આપો.

તે વખતે ગુરૂની આજ્ઞા લઈ શિષ્ય '**निसीहि**' એટલે ગુરૂ વંદના સિવાય બીજી ક્રિયાનો નિષેધ કરી, અવગ્રહમાં પેસે અને બે હાથ લલાટે લગાડી, ગુરૂના ચરણે સ્પર્શ કરતાં-

**'अहो कायं काय संफासं ।'**

વગેરે પાઠ કહે. જેનો અર્થ એવો છે કે- 'હે ભગવંત ! આપની અધો કાયા એટલે આપના ચરણ કમળને મારી ઉત્તમ કાયા એટલે મારા મસ્તક વડે સ્પર્શ કરતાં, આપને જે કાંઈ ખેદ ઉપજાવ્યો હોય, તેની ક્ષમા કરો !"

આ રીતે અનેક સ્થાને ગુરૂ મહારાજની આજ્ઞા માગીને ક્રિયા કરવાની હોય છે. તેમાં ગુરૂના વિરહે, ગુરૂની સ્થાપના વિના કેવી રીતે ચાલી શકે ? જો કહેશો કે, ગુરૂ અવસ્થાની આકૃતિ મનમાં કલ્પીને આજ્ઞા વગેરે માગીશું ! તો સ્થાપના નિક્ષેપાનો સહજપણે સ્વીકાર થઈ જ જશે. વળી કાળ કરીને અન્ય ગતિમાં ચાલ્યા ગયેલા ગુરૂઓને યાદ કરીને તેમના ગુણગાન કરવામાં આવે છે, તે કયા નિક્ષેપાને આશ્રયીને સમજવા ? ગુરૂપણાનો ભાવ નિક્ષેપો તો તે વખતે હયાત છે નહિ. ભાવ નિક્ષેપે ગુરૂ અન્ય ગતિમાં છે. તેમ છતાં પણ, "ગુરૂપણાની પૂર્વ અવસ્થાને મનમાં કલ્પીને ગુણગાન કરવામાં આવે છે." એમ કહેવાથી, સ્થાપના નિક્ષેપા અને દ્રવ્ય નિક્ષેપો ઉભય માનવા લાયક સિદ્ધ થઈ જાય છે.

પ્રશ્ન ૬ – શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં બાકીના ત્રેવીસ તીર્થંકરોના જીવ સંસારમાં હતા, છતાં તે સમયે તેમને વંદન કરવામાં ધર્મ કઈ રીતે સંભવે ?

ઉત્તર – શ્રી ઋષભદેવ સ્વામીના વખતમાં બાકીના ત્રેવીસ તીર્થંકરોને વંદના કરવાનો વિષય દ્રવ્ય નિક્ષેપાને આશ્રયીને છે. દ્રવ્ય વગર નામ, સ્થાપના કે ભાવ કશુંયે ન હોઈ શકે. શ્રી ઋષભદેવ સ્વામીએ જે જીવોને મોક્ષગામી ફરમાવ્યા તે સર્વે પૂજવા લાયક છે.

જેમ કોઈ ધનાઢ્ય શાહુકારના હાથે લખાયેલી તેના સહી સિક્કાવાળી અમુક મુદતની હુંડી હોય, તો તેની મુદત પૂરી થયા પહેલાં પણ રકમથી કામ કાઢી શકાય છે. તેમ મોક્ષગામી ભવ્યજીવોની શ્રી ઋષભદેવ સ્વામીએ આપેલી ખાતરી રૂપી હુંડીનો કયો વિચારવંત પુરુષ અસ્વીકાર કરશે ?

ભગવાનની ખાતરી રૂપ પ્રબળ કારણને લઈને, બાકીના ત્રેવીસ તીર્થંકરો, તે સમયને આશ્રયીને વંદનીય હતા. એ સંબંધમાં શ્રી આવશ્યક સૂત્રમાં મૂળ પાઠ પણ છે કે–

**'चत्तारि- अट्ठ-दस-दोय, वंदिआ जिणवरा चउव्वीस'' ।**

અર્થાત્ – ચારે દિશામાં અનુક્રમે ચાર, આઠ, દસ તથા બે–એમ ચોવીસે તીર્થંકરોને વાંદ્યા.

આ બાબતમાં ખુલાસો કરતાં શ્રુતકેવળી આચાર્યદેવ શ્રી ભદ્રબાહુ સ્વામીજી જણાવે છે કે ભરત રાજાએ શ્રી ઋષભદેવ સ્વામીને આ ચોવીસમાં થનારા તીર્થંકરોનાં નામ, લંછન, વર્ણ, શરીરનું પ્રમાણ વગેરે પૂછીને, તે પ્રમાણે શ્રી અષ્ટાપદ ગિરિ ઉપર શ્રી જિનમંદિર બનાવી, સર્વ તીર્થંકરોની આબેહૂબ આકારની સ્થાપના કરી.

આથી સિદ્ધ થાય છે કે, ત્રેવીસ તીર્થંકરો થયા પહેલાં પણ મૂર્તિઓ, મંદિરો વગેરે દ્વારા તેમની પૂજા કરવાનો રિવાજ સનાતન કાળથી ચાલ્યો આવે છે અને તેને મહાન જ્ઞાની પુરુષોએ પણ સ્વીકારેલો છે.

પ્રશ્ન ૭ – '**सिद्धायतन**' શબ્દનો શો અર્થ ?

ઉત્તર – '**सिद्धायतन**' એ ગુણ નિષ્પન્ન નામ છે. તેનો અર્થ જિનમંદિર થાય છે. '**सिद्ध**' એટલે સિદ્ધ ભગવાનની પ્રતિમા અને '**आयतन**' એટલે ઘર. અર્થાત્ જિનઘર કે જિનમંદિર–આ '**सिद्धायतन**'નો અર્થ છે. વૈતાઢ્ય પર્વત, ચુલ્લ હિમવંત પર્વત, મેરૂ પર્વત, માનુષોત્તર

પર્વત, શ્રી નંદીશ્વર દ્વીપ, શ્રી ઋચક દ્વીપ વગેરે પર્વતો તથા દ્વીપો ઉપર સંખ્યાબંધ શાશ્વતી જિન મૂર્તિઓવાળાં સિદ્ધાયતનો વિદ્યમાન હોવાનું **શ્રી જીવાભિગમ** તથા **શ્રી ભગવતી** વગેરે સૂત્રોમાં સ્પષ્ટ ફરમાવેલું છે. જે સૂત્રોને તમામ જૈનો માન્ય રાખે છે.

**પ્રશ્ન ૮** – કેટલોક વર્ગ શ્રી જિનપ્રતિમાથી જિનબિંબ નહિ લેતાં, શ્રી વીતરાગ દેવના નમુના તુલ્ય સાધુને ગ્રહણ કરે છે, તે વાજબી છે?

**ઉત્તર** – તેમની તે માન્યતા મનોકલ્પિત છે. સૂત્રોમાં સ્થળે સ્થળે શ્રી જિન પ્રતિમા શ્રી જિનવર તુલ્ય કહેલી છે.

શ્રી જીવાભિગમ વગેરે સૂત્રોમાં જ્યાં-જ્યાં શાશ્વતી પ્રતિમાનો અધિકાર છે, ત્યાં ત્યાં 'સિદ્ધાયતન' અર્થાત્ 'સિદ્ધ ભગવાનોનું મંદિર' એમ કહ્યું છે, પણ 'મૂર્તિ-આયાતન' કે 'પ્રતિમા-આયતન' કહ્યું નથી, તેથી પણ શ્રી સિદ્ધની પ્રતિમા સિદ્ધ સમાન છે એમ સાબિત થાય છે.

શ્રી **રાયપસેણી** સૂત્ર તથા શ્રી **જીવાભિગમ** સૂત્રમાં, શ્રી સૂર્યાભદેવ તથા શ્રી વિજય પોલીઆની દ્રવ્યપૂજાના અધિકારે "**धूवं दाऊणं जिणवराणं**" અર્થાત્ 'શ્રી જિનેશ્વરદેવને ધૂપ કરીને' એમ કહ્યું છે. તેથી પણ શ્રી જિન પ્રતિમાને જિનવર સમાન ગણેલ છે. એ વાત સાબિત થાય છે. વળી શ્રી **રાયપસેણી**, શ્રી **દશાશ્રુતસ્કંધ** અને શ્રી **ઉવવાઈ** વગેરે ઘણાં સૂત્રોમાં ભાવ તીર્થંકરને વંદના કરવા જતી વખતે શ્રાવકોના અધિકારે કહ્યું છે કે – '**देवयं चेइयं पज्जुवासामि**' અર્થાત્-દેવ સંબંધી ચૈત્ય એટલે શ્રી જિનપ્રતિમા, તેની પેઠે હું પર્યુપાસના કરીશ! વગેરે અનેક સ્થળોએ ભાવ તીર્થંકર તથા સ્થાપના તીર્થંકરની એક સરખી પર્યુપાસના કરવાનો પાઠ છે. જેથી બંનેમાં કોઇ તફાવત નથી.

શ્રી જ્ઞાતા સૂત્રમાં દ્રૌપદીના પૂજનના અધિકારે શ્રી 'જિન મંદિર'ને શ્રી 'જિનગૃહ' કહ્યું છે. પણ 'મૂર્તિગૃહ' નથી કહ્યું. તેથી પણ શ્રી જિન-મૂર્તિને જ જિનની ઉપમા ઘટે છે, નહિ કે સાધુને.

સાધુ વસ્ત્ર, પાત્ર, રજોહરણ અને મુહપત્તિ વગેરે ઉપકરણો સહિત છે, જ્યારે ભગવાનને તેમાંનું કશું હોતું નથી.

ભગવાન રત્નજડિત સિંહાસન પર બિરાજે છે. બે બાજુ ચામરો વીંઝાય છે, પાછળ ભામંડળ રહે છે, આગળ દેવદૂંદુભિ વાગે છે. દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. વગેરે અતિશયોથી સહિત હોય છે, સાધુને

આમાંનું કશું હોતું નથી. તો પછી સાધુ શ્રી વીતરાગદેવની બરાબરી કેવી રીતે કરી શકે?

પર્યંકાસને રહેલી સૌમ્ય દૃષ્ટિવાળી વીતરાગ અવસ્થાની પ્રતિમા તે શ્રી અરિહંત પરમાત્મા તુલ્ય છે. વીતરાગની મૂર્તિને વીતરાગનો નમૂનો કહેવાય, પણ સાધુને નહિ. સાધુના નમૂનાને જ સાધુ કહેવાય.

શ્રી અંતગડ દશા સૂત્રમાં કહ્યું છે કે - 'હરિણૈગમેષીની પ્રતિમાને આરાધવાથી તે દેવ આરાધ્ય છે. તેમ શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિને આરાધવાથી શ્રી વીતરાગ પરમાત્મા આરાધ્ય થાય છે.

પ્રશ્ન ૯ – શ્રી જિન પ્રતિમાને શ્રી જિનરાજ સમજી નમસ્કાર કરો, તો તે નમસ્કાર મૂર્તિને થયો, ભગવાનને નહિ. કારણ કે ભગવાન તો મૂર્તિથી અલગ છે, મૂર્તિને નમસ્કાર કરવાથી ભગવાનને નમસ્કાર નહિ થાય અને ભગવાનને નમસ્કાર કરવાથી મૂર્તિને નમસ્કાર નહિ થાય, તેનું શું સમાધાન છે ?

ઉત્તર – મૂર્તિ અને ભગવાન સર્વથા જુદા નથી. એ બેમાં કાંઇક અભેદ છે શ્રી જિનમૂર્તિને નમસ્કાર કરતી વખતે, શ્રી જિનેશ્વર ભગવાનના ભાવ લાવીને નમસ્કાર કરવામાં આવે છે, માટે જુદા કહેવાય. મૂર્તિને નમસ્કાર કરનારા સર્વ, કેવળ મૂર્તિને નહિ, પણ મૂર્તિમાં સ્થાપ્ય પરમાત્માને નમસ્કાર કરે છે, તે હકીકત સ્થાપ્ય–સ્થાપના વચ્ચે રહેલા અભેદને પુરવાર કરે છે.

મૂર્તિને નમસ્કાર કરતી વખતે મનમાં કોને નમવાનો ભાવ હોય છે, તે મુખ્ય બાબત છે. મૂર્તિને પાષાણ આદિની ઉત્તમ એક કલાકૃતિ સમજીને કોઈ નમસ્કાર કરતું નથી. પણ ભગવાન છે એવા ભાવ સાથે જ નમસ્કાર કરે છે, વંદન કરે છે, પૂજન કરે છે, સ્તવન કરે છે.

રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્ર એ બે વચ્ચે રહેલા અભેદનો સ્વીકાર કરીને સમર્થ રાષ્ટ્રપતિઓ પણ રાષ્ટ્રધ્વજને સલામ કરે છે, તેમ શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનરાજ વચ્ચે રહેલા અભેદનો સ્વીકાર કરીને પૂર્વધર મહર્ષિઓ પણ શ્રી જિનપ્રતિમાને નમસ્કાર કરે છે.

પ્રશ્ન ૧૦ – નિરાકાર પરમાત્માની ઉપાસના ધ્યાન દ્વારા થઈ શકે છે. તો પછી મૂર્તિપૂજાને માનવાનું શું કારણ ?

ઉત્તર – મનુષ્યના મનમાં એ તાકાત નથી કે તે નિરાકારનું ધ્યાન કરી શકે. ઈન્દ્રિયોથી ગ્રહણ થઇ શકે, તેટલીજ વસ્તુઓનો વિચાર મન કરી શકે છે. તે સિવાયની વસ્તુઓની કલ્પના પણ મનને આવી શકતી નથી.

જેટલા રંગ જોવામાં આવે, જે-જે વસ્તુનો સ્વાદ લેવામાં આવે, જેનો-જેનો સ્પર્શ કરવામાં આવે કે ગંધ સુંઘવામાં આવે અગર જે શબ્દોનું શ્રવણ કરવામાં આવે, તેટલાનો જ વિચાર મન કરી શકે છે, તે સિવાયના રંગ, રૂપ કે ગંધ વગેરેનું ધ્યાન, સ્મરણ કે કલ્પના કરવી, તે પણ મનુષ્ય શક્તિની બહારની વાત છે.

કોઈએ 'પુનમચંદ' નામના માણસનું ફક્ત નામ સાંભળ્યું હોય, પણ તેને નજરે દીઠો નથી, તેમજ તેની છબી પણ દેખી નથી, તો શું તે નામ માત્રથી 'પુનમચંદ' નામના માણસનું ધ્યાન થઇ શકવાનું હતું? નહિ જ. તેમ ભગવાનને પણ સાક્ષાત્ અથવા તેમની મૂર્તિ દ્વારા જેમણે જોયા નથી, તેઓ તેમનું ધ્યાન કેવી રીતે કરી શકવાના હતા? જ્યારે જયારે ધ્યાન કરવું હશે, ત્યારે ત્યારે કોઈને કોઈ વસ્તુ દૃષ્ટિ સન્મુખ રાખવી જ પડશે.

ભગવાનને જ્યોતિ સ્વરૂપ માની, તેમનું ધ્યાન કરનાર, તે જ્યોતિને શુકલ, શ્યામ વગેરે કોઈને કોઈ વર્ણવાળી માનીને જ તેનું ધ્યાન કરી શકશે, સિદ્ધ ભગવંતોમાં એવું કોઈ પણ પૌદ્ગલિક રૂપ છે નહિ, સિદ્ધોનું રૂપ અપૌદ્ગલિક છે. જેને સર્વજ્ઞ, કેવળજ્ઞાની ભગવંત સિવાય બીજું કોઈ જાણી શકતું નથી. શ્રી સિદ્ધચક્ર યંત્રમાં શ્રી સિદ્ધ ભગવંતોની લાલ વર્ણ તરીકે કલ્પના કરવામાં આવે છે, તે કેવળ ધ્યાનની સગવડતા માટે છે, પરંતુ વાસ્તવિક નથી. નિરાકાર સિદ્ધ પરમાત્માનું ધ્યાન અતિશયજ્ઞાની સિવાય બીજા કોઇ કરવાને સમર્થ નથી.

કોઈ કહેશે કે, 'અમે મનમાં માનસિક મૂર્તિને કલ્પીને સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરીશું, પરંતુ પત્થરની જડ મૂર્તિને નહિ માનીએ! તો તેઓનું આ કથન પણ યથાર્થ વિચાર વગરનું જ છે. કારણ કે તેઓને પૂછવામાં આવે કે, તમારી માનસિક મૂર્તિનો રંગ કેવો છે? લાલ, કાળો કે સફેદ? તો તેઓ શું જવાબ આપશે? જો કહેશે કે, તેને રૂપ નથી, રંગ નથી કે વર્ણ નથી. માટે તેને કેવી રીતે બતાવી

શકીએ ? તો તેઓને કહેવાનું કે, જેનાં રૂપ, રંગ કે વર્ણ નહિ, તેનું ધ્યાન તમે કેવી રીતે કરી શકો.

આ રીતે પ્રગટપણે મૂર્તિને માનવાની વાતમાંથી છટકવા માટે, માનસિક મૂર્તિ માનવા જતાં, અંતે ધ્યાનહીન દશા અર્થાત્ બેધ્યાન દશા આવીને ઊભી રહે છે.

જો મૂર્તિ વગર ધ્યાન બનતું જ નથી, તો પછી તેને પ્રગટપણે માનવાની આનાકાની શાને ? માનસિક મૂર્તિ અદશ્ય અને અસ્થિર છે, જ્યારે પ્રગટ મૂર્તિ દશ્ય અને સ્થિર છે. તેથી ધ્યાનાદિ માટે અત્યંત અનુકૂળ છે. વળી સમવસરણામાં પણ શ્રી તીર્થંકર પરમાત્મા પૂર્વાભિમુખ બિરાજે છે અને બાકીની ત્રણ બાજુ ભગવાનની મૂર્તિઓનું દેવતાઓ સ્થાપન કરે છે-એમ શ્રી સમવસરણ પ્રકરણ, શ્રી સમવાયાંગ સૂત્ર ટીકા, શ્રી તત્ત્વાર્થ સૂત્ર ટીકા વગેરે પ્રાચીન ગ્રન્થો સાક્ષી પૂરે છે.

કેટલાક કહે છે કે, 'શ્રી તીર્થંકર પરમાત્માના અતિશયથી ચાર મુખ દેખાય છે પણ ત્રણ તરફ મૂર્તિ છે, એવું નથી ! આ વાત પણ બરાબર નથી. કારણ કે કોઈ પણ શાસ્ત્રોમાં એ રીતે કહ્યું નથી. સમવસરણની રચનાથી પણ ચિત્તની એકાગ્રતા માટે મૂર્તિની આવશ્યકતા સિદ્ધ થાય છે. ભગવાનની ભવ્યાતિભવ્ય મૂર્તિના દર્શનથી ભક્તોનાં મન-મોર નાચવા માંડે છે, શ્રદ્ધાળુઓના દિલમાં ઉમંગનો સાગર ઉમટે છે, તત્ત્વદષ્ટાઓની દુનિયામાં દિવ્ય પ્રકાશ છવાય છે, તો સાવ ભદ્રિક જીવોને ટીકી-ટીકીને જોઈ રહેવાનું મન થાય છે. આમ શ્રી જિન પ્રતિમા સર્વ કક્ષાના જીવો માટે એકાન્ત કલ્યાણકારી છે.

જેઓ પોતે સ્વ કલ્પેલ કલ્પનાથી પરમાત્માનું માનસિક ધ્યાન ધ્યાન કરવા ઉપર ભાર મૂકે છે, તેઓ પણ પોતાના ગુરૂને વંદનાદિ કરવા માટે સેંકડો માઈલ દૂર જવાનો આરંભ કરતા હોય છે. તે હકીકત જ પુરવાર કરે છે કે, કલ્પનાનું તે ધ્યાન કોઈ નક્કર ભૂમિકા વગરનું હોય છે. માટે તેનાથી કોઈ પ્રકારની તૃપ્તિ તેવા ધ્યાતાઓને થતી નથી. માટે છેવટે તેમને પણ પંચેન્દ્રિય સુધીના જીવોની હિંસાની ઉપેક્ષા કરીને પણ સ્વગુરૂ વગેરેને વંદન કરવા જવું પડે છે.

આ હકીકત નિરાકાર ધ્યાનની વાત કેટલી પોકળ અને તર્કહીન છે, તે પૂરવાર કરે છે. કોઈ છદ્મસ્થ આવું ધ્યાન કરી શકતો જ નથી. હા, તેવી વાતો કરી શકે છે પણ તેનો કોઈ અર્થ નથી.

જગતના જીવો અનેક ચિંતાઓથી અને ઉપાધિઓથી વીંટળાએલા હોય છે તેઓને કોઇ ખાસ આલંબન વિના શુભ ધ્યાનની પ્રાપ્તિ થવી એ સરળ અને સહજ નથી. અસ્થિર મન અને ચંચળ ઇન્દ્રિઓને કાબુમાં રાખવી, એ બચ્ચાંઓનો ખેલ નથી. કોઈ વાજા, સિતાર કે તંબુરાના સૂરવાળું ગીત કાને પડયું કે તરત જ ચંચળ મન તે તરફ લપસી જાય છે. તે સમયે ધ્યાનની વાતો કયાંય ઉડી જાય છે. એવી ચંચળ મનોવૃત્તિવાળા મનુષ્યોને શ્રી જિનરાજની પૂજામાં લીન થવું, એ જ એક પરમ ધ્યાન છે.

થાકેલો પ્રવાસી વૃક્ષદ્વેષી હોય એટલે રસ્તામાં આવતા વડલાની છાયામાં ન બેસે તેથી વડલાને કાંઈ ગેરલાભ ન થાય, પણ તે પ્રવાસીને તો પ્રગટ ગેરલાભ થાય જ. તેનો થાક વધી જાય અને બાકીનો પ્રવાસ અતિ બોજારૂપ બની જાય. તે જ રીતે આધિ, વ્યાધિ અને ઉપાધિગ્રસ્ત ગૃહસ્થો પૈકી કોઈક પણ મૂર્તિપૂજા વિરોધી માનસ ધરાવતો હોય તેથી મૂર્તિપૂજા કરવા ન જાય, તો તેની તે આપત્તિઓ અનેકગુણી વધી જાય તેમાં કોઇ શક નથી. કારણ કે સંતપ્ત પ્રવાસીને જે શિતળતા વડલાની છાયા આપે છે તેના કરતાં અનેકગુણી શાતા શ્રી જિનપ્રતિમા આપે છે.

ચંદન, ચંદ્ર અને સાધુ સંગતિથી મળતી શીતળતા પણ શ્રી જિનરાજની શાન્તાકાર પ્રતિમાની ભક્તિ આગળ ઝાંખી પડી જાય છે. કાંટાળા જંગલમાંથી પસાર થતા મુસાફરના વસ્ત્રને જે રીતે બધે જ કાંટા ભોંકાઇ જાય છે, તેવી જ હાલત સંસારી જીવની છે. અનેક વિટંબણાઓથી તે ઘેરાએલો જ હોય છે. માટે તેને મૂર્તિના આલંબનની અત્યંત જરૂર છે. તેના સહારે તે પોતાના મનને શુભ ધ્યાનમાં જોડી શકે છે. વળી શ્રી જિનપૂજાના આદરથી તથા મૂર્તિ દ્વારા શ્રી જિનેશ્વરદેવના ગુણગાન કરવાથી ચંચળ મન સ્થિર થાય છે અને સ્થિર થયેલા મનમાં સંસારની અસરતા વગેરેનું ભાન સહેલાઈથી કરાવી શકાય છે.

સુખ-દુઃખ પ્રત્યે જ્યાં સુધી સમાન ભાવ નથી આવ્યો, ત્યાં સુધી મોટા યોગીરાજની જેમ નિરાલંબન ધ્યાનની વાતો કરવી નિરર્થક છે. જે વખતે તે સમભાવવાળી સ્થિતિ આવશે, તે વખતે આલંબન પોતાની મેળે છૂટી જશે.

શ્રી જૈનધર્મના મર્મને જાણનાર પૂર્વાચાર્ય મહર્ષિઓએ, દરેક જીવોને પોતપોતાના ગુણ-સ્થાનક મુજબ ક્રિયા અંગીકાર કરવાનું ફરમાવ્યુ છે.

વર્તમાનમાં કોઈ પણ જીવ સાતમા ગુણસ્થાનક ઉપરાંત ચઢી શકતો નથી. સાતમા ગુણસ્થાનકનો કુલ સમય એકત્ર કરતાં તેનો સરવાળો એક અંતમુહૂર્તથી અધિક થતો નથી. તેથી મુખ્ય રીતે ઊંચામાં ઊંચું છઠ્ઠું જ ગુણઠાણું વર્તમાનના જીવોને સમજવાનું છે. તે ગુણસ્થાનક પ્રમાદવાળું હોવાથી તે ગુણસ્થાનકે રહેલો જીવ પણ નિરાલંબન ધ્યાન કરવાને અશક્ત છે. તેમ છતાં જેઓ છઠ્ઠા ગુણસ્થાનકની હદે પણ પહોંચ્યા નથી અને અનેક સાંસરિક ખટપટોમાં રચ્યાપચ્યા છે, તેઓ નિરાલંબન ધ્યાનની વાતો કરે, તે આંખ વગર દર્પણમાં મો જોયાનીવાત જેવી હાસ્યાસ્પદ છે.

શ્રાવક ચોથે-પાંચમે ગુણ સ્થાનકે હોવાથી, દ્રવ્ય-ભાવ બંને પ્રકારની પૂજા કરવાનો અધિકારી છે, જ્યારે સાધુ છઠ્ઠે ગુણસ્થાનકે હોવાથી માત્ર ભાવ પૂજાનો અધિકારી છે.

જેમ વ્યાવહારિક શિક્ષણમાં પ્રથમ કક્કો, પછી બારાક્ષરી, ત્યાર પછી શાસ્ત્રાભ્યાસ-એમ અનુક્રમ છે, તેમ ગુણસ્થાનકની ઊંચી દશાએ પહોંચતાં ક્રિયામાં પણ ફેરફાર થતો જાય છે. પગથિયાં છોડી એકદમ કૂદકો મારી મેડા ઉપર ચઢવાનો અવિચારી પ્રયત્ન કરવાથી, મેડો તો ઘણો દૂર રહી જાય છે, પણ વધારામાં હાથ-પગ પણ ભાંગી જાય છે, તેમ ક્રમના આ નિયમને અતિક્રમવાથી પણ જીવ વધુ નીચી કક્ષાએ ધકેલાય છે.

જીવને પર પદાર્થનું ધ્યાન અનાયાસે લાગી જાય છે, તે હકીકત જ એમ સાબિત કરે છે કે, પરમાત્મ સ્વરૂપના ધ્યાન માટેની યોગ્યતા હજી તેનામાં પ્રગટી નથી. આવી યોગ્યતા પરમાત્માના સાકાર સ્વરૂપ (પ્રતિમા)ની પૂજા-ભક્તિથી પ્રગટે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે-'સંસાર પર રાગ ઘટાડયો અને પ્રભુ પર રાગ વધાર્યો, તો પણ રાગ તો કાયમ રહ્યો ને ? જ્યાં સુધી રાગ-દ્વેષ રહિત ન બનાય, ત્યા સુધી મુક્તિ કેવી રીતે મળે ?'

આ પ્રશ્ન પણ પાયાની સમજ વગરનો છે કારણ કે શ્રી વીતરાગ પરમાત્મા પરનો રાગ ઉપાદેય ગણાયો છે. એવો રાગ કેળવવાથી સંસારના અશુભ રાગથી અને તેનાથી બંધાતા અશુભ કર્મથી બચી

જવાય છે. ઘરમાં બેઠાં અનેક પ્રકારની વૈભાવિક વર્તણુંક થાય છે. તેટલી શ્રી જિનમંદિરમાં થઈ શકતી નથી.

એક પોતાના ઘર તરફનો રાગ, શેરી તરફના રાગના કારણે ઓછો થાય છે. શેરી તરફનો રાગ, શહેર તરફના રાગના કારણે ઓછો થાય છે. શહેર તરફનો રાગ, રાજ્ય તરફના રાગના કારણે ઓછો થાય છે. રાજ્ય તરફનો, રાગ રાષ્ટ્ર તરફના રાગના કારણે ઓછો થાય છે. રાષ્ટ્ર તરફનો રાગ, વિશ્વ તરફના રાગના કારણે ઓછો થાય છે અને વિશ્વ તરફનો રાગ વિશ્વેશ્વર શ્રી વીતરાગ પરમાત્મા તરફના રાગના કારણે ક્ષીણ થાય છે.

શ્રી ગૌતમસ્વામીજીને શ્રી મહાવીર પરમાત્મા તરફ અપાર રાગ હતો. પ્રશસ્ત તે રાગે તેમને અન્ય કોઈના રાગી બનતા બચાવ્યા હતા અને જ્યારે શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણ પામ્યા ત્યારે આ રાગનો પણ વિલય થઈ ગયો અને શ્રી ગૌતમસ્વામીજી શ્રી વીતરાગ સર્વજ્ઞ, કેવળી ભગવંત બની ગયા.

બે હાથે સાગર તરવાની વાત જેટલી જ અશક્ય પ્રાય: વાત શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાના આલંબન વિના, તે પ્રતિમા ઉપર ભક્તિરાગ વિના ભવસાગર તરવાની છે. શ્રી વીતરાગ, સર્વજ્ઞ, અરિહંત પરમાત્માની શાન્તાકાર મૂર્તિના દર્શનથી અને તેમના ગુણ-ગાનમાં લીન થવાથી, ચિત્તમાં દુષ્ટ ભાવ તથા દુર્વિચારો ટકી શકતા નથી. એટલું જ નહિ પણ તેને દૂર હઠાવવાનું એક પરમ સાધન મળી જાય છે.

જ્યાં સુધી પૂર્ણ આત્મ-વિશુદ્ધિ થઈ નથી, ત્યાં સુધી જીવનમાં ઊંચે ચઢવાનો આ જ ઉત્કૃષ્ટ માર્ગ છે. જેઓ આ માર્ગને માનતા નથી, પણ પોતાને પૂર્ણ વિશુદ્ધ થયેલા માની, સમભાવને ધારણ કરનારા ગણે છે, તેઓ જો ખરેખર રાગ-દ્વેષ રહિત હોય, તો પોતાના ગુરૂ આદિનું બહુમાન કરી તેમના પર રાગ રાખી શકે ખરા ? તેમની આહાર-પાત્ર-વસ્ત્રાદિ વડે ભક્તિ કરે ખરા ? તે શું રાગરહિતપણાનું ચિહ્ન છે ? સમભાવમાં લીન રહેનારને તો સામાયિક છે. તો પછી તે ગુરૂ પાસે જઈ સામાયિક. પ્રતિક્રમણાદિ કરે ખરા ?

સ્ત્રી પુત્રાદિ પ્રિય વસ્તુના સંયોગથી હર્ષ અને તેમના વિયોગથી શોક ! લક્ષ્મી, માલ, મિલ્કત, દુકાન વગેરેના લૂંટાવાથી સંતાપ અને

તેની પ્રાપ્તિથી હર્ષ ! તેમજ કોઈ દુષ્ટ માણસ ગાળો તથા કષ્ટ દે ત્યારે ક્રોધ અને સન્માન દે, તો આનંદ ! વગેરે પ્રકારે રાગ-દ્વેષ તો પ્રત્યક્ષ દેખાય છે. ત્યાં વળી 'કારણ' કે 'આલંબન' વિના જ સમતા ભાવ પેદા કરવાની વાત કરવી, એ પરસ્પર વિરોધી વાત જ ગણાય.

નિમત્તે શોક અને નિમિત્તે હર્ષ, એવી હાલક-ડોલક સ્થિતિ છદ્મસ્થમાત્રની હોય છે. એ હકીકતને પુરવારકરવા માટે કોઈપ્રમાણની જરૂર નથી, પણ છદ્મસ્થતા એ જ તેનું પ્રમાણ છે. જેનો સર્વથા વિલય શ્રી જિનેશ્વરદેવની પ્રતિમા આદિ ચારે નિક્ષેપાની સાચી ભક્તિથી કાળક્રમે થાય છે.

'મારૂં ઘર, મારી સ્ત્રી, મારૂં ધન, મારો પુત્ર, મારો નોકર'-વગેરે મારૂં-તારૂં કરવાનો સ્વભાવ જેનો નિર્મૂળ થયો નથી. તેને સમાન દૃષ્ટિવાળા શી રીતે કહેવાય ? જેઓ સંપત્તિ તથા વિપત્તિમાં, શત્રુ કે મિત્રમાં, સુવર્ણ કે પત્થરમાં, સ્ત્રીઓમાં કે તૃણસમૂહમાં, કાંઈ પણ ભાવ રાખતા નથી, તેઓ જ ખરેખરા સમભાવશાળી, આત્મજ્ઞાની અને ઉચ્ચ દરજ્જે ચઢેલા છે.

મોટા ભાગની દુનિયા, દુનિયાદારીની ખટપટોમાં ફસાએલી છે, તેઓએ પોતે આધ્યાત્મિક હોવાનો દેખાવ કરવો અને પોતાની કક્ષાને ઉચિત કાર્યનો આદર ન કરવો, એ બરાબર નથી. યોગ્યતા વિના મિથ્યાભિમાન રાખવાથી કાંઈ પણ સ્વાર્થ સિદ્ધ થઇ શકતો નથી. ઇન્દ્રિયો અને મનને અંકુશમા લાવ્યા સિવાય, નિરાલંબન ધ્યાનની વાતો કરવી તે બીજ વાવ્યા વિના જ મબલખ પાક લણવાની ઈચ્છા કરવા જેવી નિષ્પ્રાણ વાત છે.

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૧૯–૨૫

# ૧૪

- મૂર્તિ અને ગુણસ્થાનક
- પથ્થરની પૂજા
- મૂર્તિ અને મુહૂર્ત
- પથ્થરમાં ગુણારોપણ
- આગમ એ આજ્ઞા (જિનવચન)ની પ્રતિમા મૂર્તિ એ આકારની પ્રતિમા

**પ્રશ્ન ૧૧ : મૂર્તિતો એકેન્દ્રિય પાષાણુની હોવાથી પ્રથમ ગુણુ સ્થાનકે છે. તેને ચોથા અને પાંચમા ગુણુસ્થાનકવાળા શ્રાવક તથા છઠ્ઠા–સાતમા ગુણુ સ્થાનકવાળા સાધુ કેમ વંદન કરે ?**

ઉત્તર–પહેલી વાત એ છે કે મૂર્તિ એકેન્દ્રિય હોતી નથી. ખાણુમાંથી ખોદી કાઢેલ પત્થર શસ્ત્ર આદિ લાગવાથી સચિત્ત રહેતો નથી, એમ શાસ્ત્રકારો ફરમાવે છે. અને અચિત્ત વસ્તુમાં ગુણુસ્થાનક ન હોય. હવે જો ગુણુસ્થાનક રહિત વસ્તુને માનવાનો સર્વથા નિષેધ કરશો, તોપણુ મહાદોષના ભાગી થવાશે. કારણુ કે શ્રી સિદ્ધ પરમાત્મા સર્વથા ગુણુસ્થાનક રહિત છે, છતાં તેઓ અરિહંત પરમાત્મા પછી સર્વથી પ્રથમ નંબરે પૂજવા લાયક છે. ગુણુઠાણું સંસારી જીવોને હોય છે સિદ્ધના જીવોને નહિ.

બીજી વાત એ છે કે, જેમ પત્થરની મૂર્તિને ગુણસ્થાનક નથી, તેમ કાગળ વગેરેથી બનેલાં પુસ્તકોને પણ ગુણસ્થાનક નથી. તેમ છતાં પ્રત્યેક મતના અનુયાયીઓ પોત પોતાના ગ્રન્થોનુ બહુમાન કરે છે. ઊંચે આસને મૂકે છે. તથા તેને મસ્તકે ચઢાવે છે. તેની સર્વ પ્રકારની આશાતનાઓ વર્જે છે. થૂકના છાંટા કે પગની ઠોકર તેને લાગી જાય, તો તેને પણ મહા દોષરૂપ ગણે છે

જગતમાં કોઈ પણ પણ એવો મત નહિ નીકળે કે, જે પોતાના ઈષ્ટદેવની વાણીરૂપ શાસ્ત્રને મસ્તકે ચઢાવી, તેનો બહુમાન પૂર્વક આદરસત્કાર કરતો ન હોય,

શ્રી ભગવતી સૂત્રમાં પણ 'नमो बंभीए लिवीए' કહી શ્રી ગણધર ભગવંતોએ બ્રાહ્મી લિપિને નમસ્કાર કર્યો છે, તો તેમાં કયું ગુણ-સ્થાનક હતું ?

મૃત સાધુનું શરીર પણ અચેતન હોવાથી ગુણસ્થાનક રહિત છે, છતાં લોકો બીજાં કામ પડતાં મૂકી તેના દર્શન કરવા દોડી જાય છે તથા તે મૃત શરીરને પણ ચંદનની ચિતામાં પધરાવી અગ્નિ-સંસ્કાર કરવામાં આવે છે, એ કાર્યને ગુરૂ-ભક્તિનું કાર્ય ગણી શકાય કે કેમ ? જો ગણી શકાય, તો પ્રતિમાને વંદન-પૂજન આદિ, જિનભક્તિનું કાર્ય કેમ ન ગણી શકાય ? અર્થાત્ ગણી શકાય-ગણવું જ જોઈએ.

**પ્રશ્ન-૧૨.** મૂર્તિ તો પાષાણ મય છે. તેને પૂજવાથી શું ફળ મળે ? મૂર્તિની કરેલી સ્તુતિ મૂર્તિ થોડી જ સાંભળવાની હતી ?

ઉત્તર-આ પ્રશ્ન પણ યથાર્થ સમજવાળો નથી મૂર્તિપૂજક લોક જો પત્થરને જ પૂજતા હોત, તો તેઓ સ્તુતિ પણ પત્થરની જ કરતા હોત કે 'હે પાષાણ ! હે અમૂલ્ય પત્થર ! તું બહુ કિંમતી તથા ઉપ-યોગી છે. તારી શોભા પાર વિનાની છે. તને અમુક સ્થળની ખાણ-માંથી બહાર કાઢનાર કારીગરે કમાલ કરી છે. અમે તારી સ્તુતિ કરીએ છીએ । પણ આ રીતે પત્થરના ગુણગાન કરતું કોઈ દેખાતું નથી.

સર્વ લોકો પત્થરની મૂર્તિમાં આરોપિત શ્રી વીતરાગ પરમાત્માની સ્તુતિ કરતા જ નજરે પડે છે કે, હે નિરંજન ! નિરાકાર ! નિર્મોહી ! નિષ્કાંક્ષી ! અજર ! અમર ! અકલંક ! સિદ્ધ સ્વરૂપી ! સર્વજ્ઞ વીતરાગ ! વગેરે ગુણવાળા એ પરમાત્માની જ સૌ કોઇ સ્તુતિ કરે છે.

શું પત્થરમાં આ ગુણો રહેલા છે કે, જેથી પત્થરની ઉપાસના કરવાનો ખોટો દોષ ચઢાવી લોકોને આડે માર્ગે દોરવાનો પ્રયાસ કરાય છે.

જ્યારે પૂજક મૂર્તિમાં પૂજ્યપણાના ગુણોનું આરોપણ કરે છે, ત્યારે તેને એ મૂર્તિ એ સાક્ષાત્ શ્રી વીતરાગ જ હોય, એમ પ્રતિભાસિત થાય છે. એ જે ભાવથી મૂર્તિને જુએ છે, તેને તેવું ફળ આપે છે.

ભાવ સદશતાની અમિટ જે છાપ શ્રી જિનમૂર્તિની ભક્તિ કરતા માનવીના સમગ્ર મન ઉપર અંકિત થાય છે, તે તેને વીતરાગ બનાવે જ છે. એટલે મૂર્તિને પત્થરની કહી દઈને તેનું અવમૂલ્યન કરવું તે વિવેકી કૃત્ય નથી.

મૂર્તિને ભગવાન શી રીતે માની શકાય ? શું લૂખા રોટલાને મિઠાઈ માની લેવાથી, તે મિઠાઈ બની જાય છે ? આ દલીલના સમાધાનમાં કરી શકાય કે- સંતોષી અને શુભ પરિણામી જીવોને તો જે સંતોષ મિઠાઈથી પ્રાપ્ત થઈ શકે છે, તે જ સંતોષ લૂખા રોટલાથી પણ પ્રાપ્ત થઈ શકે છે. જ્યારે અસંતોષી અને અશુભ પરિણામી માનવોને તો મિઠાઈથી પણ જ્યાં ફાયદો પહોંચતો નથી, ત્યાં વળી લૂખા રોટલાથી તેમનું શું વળવાનું હતું !

દૃષ્ટાન્તનો સાર એ છે કે-શુભ પરિણામી જીવો મૂર્તિથી પણ સાક્ષાત્ ભગવાનના દર્શન જેટલો જ લાભ ઉઠાવી શકે છે, જ્યારે અશુભ પરિણામી જીવો સાક્ષાત્ પરમાત્માના દર્શનથી પણ અશુભ કર્મનો બંધ કરે છે, અમૃતને પણ એ ઝેર રૂપે પરિણમાવે છે. જેમ સાપ દૂધને વિષરૂપે પરિણમાવે છે.

વળી એક ઘડી પહેલાં જે સામાન્ય સાધુ હોય, તે બીજી ઘડીએ આચાર્યની પાટ પર બેસે છે, તેની સાથે જ બીજા સાધુ તથા શ્રાવકો- તેમનામાં આચાર્યના છત્રીશ ગુણોનું આરોપણ કરીને વંદન કરે છે તથા એક પળ પહેલાં જે ગૃહસ્થ હોય છે, તે દીક્ષા લે છે, તેની સાથે જ તેનામાં સાધુના ગુણોનું આરોપણ કરી વંદન નમસ્કાર કરવામાં આવે છે.

જેવી રીતે આરોપિત અવસ્થામાં કોઈ આચાર્ય તથા સાધુ- અનુક્રમે આચાર્ય તથા સાધુ તરીકે પૂજવા લાયક બને છે, તેવી જ રીતે મૂર્તિમાં પણ, અંજનશલાકા અને પ્રતિષ્ઠા થઈ ગયા બાદ, શ્રી

અરિહંત પરમાત્મા સમાન પૂજનિકપણું ઉત્પન્ન થાય છે. વળી, 'મૂર્તિ સ્તુતિને સાંભળે છે કે નહિ ?' એ સવાલ જ અયોગ્ય છે. કારણ કે તે પત્થરરૂપ મૂર્તિનાં ગુણગાન કરવામાં નથી આવતાં, પરંતુ જેની તે મૂર્તિ છે, તે દેવાધિદેવની સ્તુતિ અને પ્રાર્થના કરવામાં આવે છે.

મૂર્તિની સ્તુતિ પ્રાર્થના અને ગુણગાન કરવાથી અમૂર્ત આત્માના પ્રદેશોમાં કર્મનાશક જે પ્રતિક્રિયા શરૂ થાય છે, તે મૂર્તિ સિવાયની ભક્તિથી થઈ શકતી નથી, કારણ કે મૂર્તિમાં તથાપ્રકારના ભાવને પ્રદીપ્ત કરવાનું અસાધારણ સામર્થ્ય રહેલું છે. તેથી મૂર્તિની સ્તુતિ કરવી તે સર્વથા ઉચિત છે.

**પ્રશ્ન ૧૩**–શ્રી જિનપ્રતિમાની સ્તુતિ કરવાની સર્વોત્તમ રીત કઈ છે ?

**ઉત્તર**–શ્રી જિનપ્રતિમામાં શ્રી જિનેશ્વરદેવના નામ તથા ગુણોનું આરોપણ કરી, પ્રતિમા સમક્ષ શ્રી જિનેશ્વરદેવની સ્તુતિ કરવી એ સર્વોત્તમ રીત છે.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસે શ્રી જિનેશ્વર ભગવંતોની જે સ્તુતિઓ (સ્તવનો) રચ્યાં છે. તેના વડે સ્તુતિ કરવાથી, અપૂર્વ ભાવોલ્લાસ સ્પર્શે છે. તેમજ એવી બીજી ઉત્તમ સ્તુતિઓ પણ જૈન–ભક્તિ સાહિત્યમાં વિદ્યમાન છે. અણમોલ આ શ્રુતનો લાભ લેવો તે આપણા હાથની વાત છે.

જેમ પોતાના પૂર્વજોની છબી જોઇ, સર્વ કોઈ તેમની તારીફ કરે છે. તે સાંભળી ચિત્ત પ્રસન્ન થાય છે અને તે તારીફથી પોતાના પૂર્વજોને આદર મળતો હોવાની લાગણી થાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાની સ્તુતિ કરવાથી સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવની સ્તુતિ થાય છે –તેવી લાગણી ભાવિકોને થાય છે. આવી લાગણી ન થવી તે લાગણીહીનતા છે, જાતિહીનતા છે, કારણ કે તે પ્રતિમા એ પરમાત્માની છે, કે જેઓનાં ઉપકારોની કોઈ સીમા નથી ! પોતાના પરમ ઉપકારીની પ્રતિમા જોઈને પણ ન હરખાનારા તો કૃતઘ્ની જ ઠરે ને !

પોતાના ઉપકારીનું સતત સ્મરણ–મનન જીવને ઉપકાર બુદ્ધિ પ્રેરે અને નિરહંકારી બનાવે છે. તેમ શ્રી જિનમંદિરમાં જઈને જગ-

પતિ શ્રીજિનેશ્વરદેવની પ્રતિમાને દેખતાંની સાથે જ ભગવાનના ગુણો યાદ આવે છે. ભાવિકો તે ગુણની ગંગામાં આ રીતે સ્નાન કરે છે :

"અહો ! આ પ્રભુજીનું મુખ કેવું સુંદર છે કે જેના વડે કોઈના પણ અવર્ણવાદ બોલાયા નથી અને હિંસક, કઠોર કે મૃષાવચન જેમાંથી કદી નીકળ્યું નથી. તેમાં રહેલી જીહ્વાથી રસનેન્દ્રિયના વિષયોનું કદી પણ રાગ–દ્વેષથી સેવન કરાયું નથી. કિન્તુ તે મુખ દ્વારા દેશના આપી અનેક ભવ્ય જીવોને આ સંસાર–સમુદ્રથી પાર ઉતારેલા છે. માટે તે મુખ સહસ્રશઃ ધન્યવાદને પાત્ર છે."

"ભગવાનની આ નાસિકા દ્વારા દુર્ગંધ કે સુગંધરૂપ ઘ્રાણેન્દ્રિયના વિષયોનો રાગ અગર દ્વેષપૂર્વક ઉપભોગ કરાએલો નથી, માટે તેને લાખો વાર ધન્યવાદ !"

"આ નયનકમળ તો કેવાં નિર્લેપ છે કે જેના દ્વારા પાંચ વર્ણરૂપ વિષયોનો ક્ષણવાર પણ રાગ યા દ્વેષપૂર્વક ઉપભોગ થયેલો નથી. કોઈ સ્ત્રીની તરફ મોહની દષ્ટિથી, કોઈ શત્રુની તરફ દ્વેષની દષ્ટિથી જોવાયેલ નથી. માત્ર વસ્તુ–સ્વભાવ તથા કર્મની વિચિત્રતાનો વિચાર કરી ભગવનાનાં નયનકમળ સદા સમભાવે રહેલાં છે. એવાં ભગવાનનાં નયનદ્વયને કોટિશ ધન્ય છે."

"આ બંને કાન વડે વિચિત્ર પ્રકારની રાગ રાગણીઓનું સરાગ પણે શ્રવણ થયેલ નથી. પણ સારા કે નરસા, ભલા કે બુરા, જેવા શબ્દો કાને પડયા, તેવા રાગદ્વેષ રહિતપણે સંભળાયા છે."

મારા નાથના આ પુણ્યદેહથી કોઇપણ જીવની હિંસા કે અદત્ત-ગ્રહણ આદિ દોષ સેવાયા નથી, પણ કેવળ જીવદયા માટે સર્વને સુખ ઉપજે તેમ તેનો ઉપયોગ થયો છે. ગ્રામાનુગ્રામ વિહાર કરી અનેક જીવોના સંસારના બંધન તોડાવ્યાં છે તથા સર્વ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાનાદિ પ્રગટાવ્યા છે."

પ્રગટ ૧૦૦૮ ઉત્તમ લક્ષણોવાળા અને અભ્યંતર અનંત ગુણવાળા આ શ્રી જિનરાજ નિષ્પ્રયોજન ઉપકારી તથા સમસ્ત જગતના નિષ્કારણ બંધુ હોવાથી તેમને અસંખ્યવાર ધન્યવાદ છે,"

હું આજે આ રીતે આ પ્રભુજીના ગુણો ગાઇ રહ્યો છું તે પ્રતાપ પણ તેઓશ્રીની નિઃસીમ કૃપાનો છે કે જેણે મને આવો ઉત્તમ માનવભવ

પમાડયો, નહિતર હું આજે પણ નિગોદમાં હોત, નિગોદનાં કલ્પનાતીત દુઃખોમાં સબડતો હોત, આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના લાવા-કુંડમાં તરફડતો હોત અને અચિન્ત્ય શક્તિશાળી જીવત્ત્વથી પણ અજ્ઞાત હોત. પ્રભુજીની સ્તુતિ માટેના જે ઉત્તમ શબ્દો અત્યારે હું બોલી રહ્યો છું, તે પ્રતાપ પણ તેઓએ વહાવેલી ગુણજ્ઞાનની ગંગાનો છે."

આમ સર્વ અપેક્ષાએ અત્યંત ઉપકારી એવા હે નાથ ! આપ મને ભજવા-પૂજવા-સ્તવવા મળ્યા છો, તે જ મારા મહદ્ ભાગ્યની નિશાની છે એટલે નિશદિન આપના ગુણ ગાતો રહું અને બીજો કોઇ ધંધો ન કરૂં, એવો ભાવ અત્યારે આપની પ્રતિમાના દર્શને મારા દિલમાં ઉછાળા મારી રહ્યો છે."

આવું પાવનકારી ભાવ-સ્નાન કરવાનો ધન્ય અવસર શ્રી જિનેશ્વરદેવની શાન્તાકાર મૂર્તિના દર્શને પ્રાપ્ત થાય છે. માટે ઉત્તમ જીવો અકારણ-વત્સલ એવા આ પ્રભુજીની જળ, ચંદન, કેસર, બરાસ, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્ય વગેરેથી નિત્ય પૂજા કરે છે, કિંમતી અલંકારો ચઢાવે છે, ભક્તિ માટે યથાશક્તિ દ્રવ્ય ખર્ચે છે અને વિચારે છે કે 'જો હું ભક્તિ કરીશ, તો તરવા સાથે અન્યોના નિસ્તારમાં પણ નિમિત્ત બનીશ, કારણ કે મારી ભક્તિ જોઇ બીજા માણસો પણ તેની અનુમોદના કરશે તથા અનેક ભવ્ય આત્માઓ પણ પ્રભુની સેવા-ભક્તિ કરવામાં તત્પર થશે.

પુણ્યશાળી શ્રાવક દ્રવ્યપૂજા સમાપ્ત થયા બાદ ભાવ-પૂજા કરે, તે વખતે શ્રી જિનેશ્વરદેવના ગુણોને વિચારી પોતાના આત્માની સાથે સરખામણી કરે કે-

અહો ! પ્રભુજી ! આપ નિરાગી છો અને હું રાગી છું.

હે જગવલ્લભ ! આપ અદ્વેષી છો અને હું દ્વેષી છું.

હે ક્ષમાસાગર ! આપ અક્રોધી છો અને હું ક્રોધી છું.

હે વિશ્વેશ્વર ! આપ અકામી છો અને હું કામી છું.

હે ત્રિભુવનપતિ ! આપ નિર્વિષયી છો અને હું વિષયી છું.

હે કૃપાવતાર ! આપ અમાની છો અને હું માની છું.

હે દયાસાગર ! આપ અમાયી છો અને હું માયી છું.

હે પરમેશ્વર! આપ અલોભી છો અને હું લોભી છું.

હે વિશ્વદિવાકર! આપ આત્માનંદી છો અને હું પુદ્ગલાનંદી છું.

આમ તો શ્રી અરિહંત પરમાત્માના ગુણો અનંત છે, ગણ્યા ન ગણાય એટલા બધા છે. તેમ છતાં ભાવ-પૂજા કરતાં બને તેટલા ગુણોનું સ્મરણ કરવાથી તે-તે ગુણોમાં પૂજક પોતે કેટલો ઉણો છે તેનું તેને સચોટ ભાન થાય છે. આવું ભાન તેનામાં રહેલા અભિમાનને ઓગાળી દે છે અને સાચી વિનમ્રતાને પેદા કરે છે. જેની ભક્તિમાર્ગમાં અનિવાર્ય આવશ્યકતા રહેલી છે.

શ્રી જિનપ્રતિમા નજર સામે આવે છે એટલે વિશ્વવંદ્ય વિરાટ પુરુષની પવિત્રતમ સ્મૃતિથી મન મહેંકી ઉઠે છે. હૃદયમાં હર્ષનો સાગર હિલોળા લે છે, રોમ-રોમે અકથ્ય રોમાંચ અનુભવાય છે અને તેથી કિલષ્ટ કર્મો નાશ પામે છે અથવા નાશ પામવાની અણીએ પહોંચે છે.

સમર્થ જિનભક્તોનું તો ત્યાં સુધી કહેવું છે કે. "તમે શ્રી જિન મંદિરમાં જઇને શ્રીજિનેશ્વરદેવની પ્રતિમાને નિરખ્યા કરો-બસ નિરખ્યા કરો. તો તમને અનુભવ થશે કે શ્રી જિનપ્રતિમા ખરેખર શ્રી જિનેશ્વરદેવ તુલ્ય તારક તાકાતવાળી છે. મહામોહના વાદળને વિખેરી નાખવામાં પ્રચંડ પવનતુલ્ય છે. વગેરે વગેરે અદ્ભૂત અનુભૂતિઓ થશે."

શ્રી જિનપ્રતિમાના દર્શન-પૂજન તથા સ્તવનમાં આ પ્રકારના સાક્ષાત્ તથા પરંપરાએ અનેક લાભો હોવાથી, પ્રત્યેક પુણ્યાત્માઓએ તેનો ઉમંગપૂર્વક અતિશય આદર કરવો જોઇએ. શ્રીજિનેશ્ર દેવના ચારે નિક્ષેપાના આદર-સત્કારનું મૂલ્ય જેટલું ઊંચુ છે તેટલું જ મહાન ફળ તે આપે છે અર્થાત્ શિવપદ સુદ્ધાં આપે છે.

**પ્રશ્ન ૧૪**-પૂજા અને પ્રતિષ્ઠા મહા મંગળકારી છે, તો પછી મૂર્તિની પ્રતિષ્ઠામાં શુભ મૂહૂર્ત પસંદ કરવાનું શું કારણ? અશુભ મૂહૂર્ત ટાળવાનું શું પ્રયોજન!

**ઉત્તર**,-કોઇ પણ ઉત્તમ કાર્ય, જો ઉત્તમ સમયે થાય છે તો તેનું પરિણામ પણ એટલું જ ઉત્તમ આવે છે. લૌકિક દષ્ટિએ ઉત્તમ એવા ઘી દૂધ, વગેરે પદાર્થોને લેવા માટે કોઇ, મેલા વાસણનો ઉપયોગ કરતું નથી. કારણ કે તેમ કરવાથી ઉત્તમ પદાર્થોની ગુણવત્તા ઓછી થાય છે.

લૌકિક દૃષ્ટિએ ઉત્સાહજનક એવા લગ્ન કાર્યમાં પણ ગૃહસ્થો શુભ મુહૂર્ત જ પસંદ કરે છે જેથી લગ્નજીવન સુખી નીવડે !

તો લૌકિક તેમજ લોકોત્તર ઉભય દૃષ્ટિએ મહામંગળકારી એવા પ્રતિષ્ઠા-કાર્યમાં ઉત્તમ મૂહૂર્ત જ પસંદ કરાય તે સ્વાભાવિક છે.

શાસ્ત્રકારોએ ફરમાવેલ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, તપ, જપ નિયમ, ધ્યાન વગેરે પ્રત્યેક ક્રિયા વિધિપ્રમાણે કરવાથી લાભ કરે છે, તે જ બાબત મૂર્તિની પ્રતિષ્ઠા માટે પણ સમજી લેવી.

દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવની જેમ કાળ પણ આગવું બળ ધરાવે છે. તેની ઉપેક્ષા કરવાથી લાભ નહિ પણ નુકસાન છે. માટે મૂર્તિની પ્રતિષ્ઠાનું કાર્ય યોગ્યવિધિએ યોગ્ય કાળે કરવું જોઈએ.

પ્રશ્ન ૧૫-શ્રી જિનપ્રતિમાને કોઈ અન્ય દર્શની પોતાના મંદિરમાં સ્થાપન કરે તો તે વંદનીય ગણાય કે કેમ ?

ઉત્તર-અન્ય દર્શનીએ ગ્રહણ કરેલી તથા પોતાના દેવ તરીકે સ્વીકારેલી શ્રી જિનમૂર્તિને શ્રાવક નમે નહિ કારણ કે તેઓ પોતાના ઈષ્ટ દેવ તરીકે તે મૂર્તિને માની, સ્વમતની વિધિથી પૂજા કરે અને તે વિધિ જૈનોને માન્ય હોય નહિ, તેથી અવિધિએ પૂજનાદિ થતું હોય તેવા અન્ય દર્શનીએ ગ્રહણ કરેલાં શ્રી જિનબિંબોને માનવા પૂજવાનો શાસ્ત્રોએ નિષેધ કરેલો છે.

શાસ્ત્રોની બાબતમાં એવો નિયમ છે કે સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલું મિથ્યા શ્રુત પણ સમ્યગ્શ્રુત છે અને મિથ્યા દૃષ્ટિએ ગ્રહણ કરેલું સમ્યક્ શ્રુત પણ મિથ્યા શ્રુત છે.' તે જ નિયમ શ્રી જિનમૂર્તિને લાગુ પડે છે.

અન્ય દર્શનીઓએ ગ્રહણ કરેલી પ્રતિમામાંથી પ્રતિમાપણું જતું રહેતું નથી, તો પણ અવિધિ પૂજનના કારણથી તથા અન્ય જીવોને મિથ્યાત્વની વૃદ્ધિમાં હેતુભૂત થતું હોવાથી, સમ્યગ્દૃષ્ટિ આત્માઓ તે પ્રતિમાનું પૂજન કરવાનું ત્યાગે છે.

અહીં કોઈને સવાલ થાય કે, શ્રી જિનમૂર્તિની જેમ સાધુ મિથ્યાત્વીના મઠમાં ઉતરે, તો તે પૂજનીય ખરા કે નહિ ? તો તેનો ઉત્તર એ છે કે-અન્ય દર્શનીના મઠ-મકાનમાં ઉતરવા માત્રથી સાધુનું સાધુપણું ચાલ્યું જતું નથી. જ્યાં સુધી પોતાનું લિંગ અને ક્રિયા છોડી અન્ય લિંગી કે અન્ય લિંગની ક્રિયા કરે નહિ, ત્યાં સુધી તે સાધુ,

સાધુ તરીકે પૂજવા લાયક છે. કારણ કે અન્ય દર્શનીઓએ ગ્રહણ કરેલી શ્રી જિનપ્રતિમાના પૂજનનો વિધિ-અન્ય દર્શનીઓ શ્રી જિનમત મુજબ કરતા નથી, પણ પોતાના શાસ્ત્ર મુજબ કરે છે. જ્યારે અન્ય દર્શનીના મકાનમાં ઉતરેલા સાધુ શ્રી જિનમતને જ વફાદાર રહે છે, ત્યાં સુધી પૂજ્ય રહે છે.

પ્રશ્ન ૧૬ – જો સમ્યગ્ દૃષ્ટિના હાથમાં રહેલાં મિથ્યાદૃષ્ટિનાં શાસ્ત્રો સમ્યક્ શ્રુત બની જતાં હોય, તો પછી વેદ, કુરાન, બાઈબલ વગેરે વંદનીય નહિ બની જાય ?

ઉત્તર – સમ્યક્ દૃષ્ટિના હાથમાં રહેલાં નહિ, પણ હૈયામાં રહેલાં શાસ્ત્રો, તે સમ્યગ્ દૃષ્ટિ આત્માને માટે સમ્યક્ શ્રુત બની જાય છે. એ પ્રભાવ તે શાસ્ત્રોના નહિ, પણ સમ્યગ્ દૃષ્ટિના વિવેકશીલ હૃદયનો છે. નિરપેક્ષ વાણી, મિથ્યા હોવા છતાં તેને સાપેક્ષરૂપે વિચારી શકનાર તેમાંથી સમ્યક્ વિચારોને જ ઉપજાવે છે.

શ્રી નંદિસૂત્રમાં અક્ષરને શ્રુતજ્ઞાન કહ્યું છે. તેથી કુરાન વગેરેમાં અક્ષર રૂપ જે જ્ઞાન છે, તે અવશ્ય વંદનીય છે. પરંતુ તેનો ભાવાર્થ વંદનીય નથી. કેટલાક શ્રી જિનવાણીને ભાવ શ્રુત કહે છે અને અન્ય જાતના શાસ્ત્રોને દ્રવ્યશ્રુત કહે છે, પણ તે બરાબર નથી.

શ્રી નંદિસૂત્રમાં શ્રી જિનવાણીને દ્રવ્યશ્રુત તથા તેના ભાવાર્થને કહ્યું છે ભાવશ્રુત શ્રી ગણધર ભગવંતોએ '**नमो सुदेवयाए** । કહીને શ્રી જિનવાણીરૂપ દ્રવ્ય શ્રુતને વંદન કર્યાનો પાઠ શ્રી ભગવતી સૂત્રમાં છે તથા તે જ સૂત્રમાં '**नमोबंमीलिविए**।' કહીને બ્રાહ્મી લિપિને પણ નમસ્કાર કર્યો છે.

શ્રી જિનવાણી ભાષા વર્ગણાના પુદ્ગલ હોવાથી દ્રવ્ય છે અને બ્રાહ્મી લિપિ પણ અક્ષરરૂપ હોવાથી દ્રવ્ય છે તેથી શાસ્ત્રોમાં કહેલા અક્ષરો તે દ્રવ્યશ્રુત છે અને તે પણ વંદનીય છે તથા મિથ્યાશાસ્ત્રોમાં રહેલા અક્ષરો પણ દ્રવ્યશ્રુત રૂપે વંદનીય છે, પરંતુ મિથ્યાદૃષ્ટિએ ગ્રહણ કરેલો તેનો ભાવાર્થ મિથ્યા હોવાથી વંદનીય નથી. અને સમ્યગદૃષ્ટિએ ગ્રહણ કરેલો તેનો ભાવાર્થ સમ્યક્ હોવાથી વંદનીય છે.

પ્રશ્ન ૧૭–પ્રભુના નામને માને પણતેમની આકૃતિને ન માને તો ચ કે કેમ ?

ઉત્તર – સ્વ–ઈષ્ટ દેવ–ગુરૂના નામને માની જેઓ તે નામવાળી આકૃતિને માનતા નથી તેઓ એક અપેક્ષાએ સ્વ–દેવ–ગુરૂનો અનાદર કરવાનું પાપ આચરે છે. જો નામ માત્રથી દેવ–ગુરૂના સ્વરૂપનો બોધ થતાં કલ્યાણ થશે તો પછી તાદશ આકારવાળી પ્રતિમાથી બમણો લાભ કેમ નહિ થાય ! વળી મનોવૈજ્ઞાનિક રીતે વિચારતાં માનવીને જેનું નામ ખરેખર ગમતું હોય છે તેની છબી, ફોટો આકૃતિ કે મુર્તિ તો ખરેખર ગમતી જ હોય છે.

વ્યવહારથી પણ નામ કરતાં અધિક આકર્ષણ પેદા કરવાની શક્તિ આકૃતિ તેની મૂર્તિમાં હોય છે, એવો લોકમત છે. એટલે તો જેનું નામ પોતે લેતા હોય છે તેની આકૃતિ જોવાની તાલાવેલી માનવોને રહ્યા કરે છે અને તે આકૃતિના અભાવમાં કલ્પિત આકૃતિ દ્વારા પણ તેઓ મન મનાવે છે.

અહીં એ સમજવું જોઈએ કે એકલો આત્મા અરૂપી, અવિનાશી અને નિરંજન હોવાથી તેનું નામ-નિશાન દેહ–આશ્રિત જ હોય છે. જેનું નામ છે, તેની આકૃતિ હોવી જોઈએ. જેની આકૃતિ ન હોય, એવી નિરાકાર વસ્તુનું નામ હોતું જ નથી. શાસ્ત્રોમાં અરૂપી આકારનો પણ આકાર માનેલો છે. એથી સ્પષ્ટ થાય છે કે– આકાર વિનાની વસ્તુ અવસ્તુ છે.

નામ અને આકૃતિ દ્વારા ગુણોનો બોધ થાય છે. નામની સાથે આકૃતિ લાગેલી જ છે. તેથી જ્યાં સુધી નામ માનવાની જરૂર સ્વીકારાયેલી છે, ત્યા સુધી આકૃતિ માનવાની જરૂર પણ સ્વીકારાયેલી છે. આકૃતિ માનવાની જરૂર ત્યારે છૂટી જાય છે, જ્યારે નામ માનવાની જરૂર પણ છૂટી ગયેલી હોય છે.

"નામ ગુણનું હોય છે, પણ આકારનું નહિ" એમ કહેનારે વિચારવું જોઈએ કે, ગુણથી તો શ્રી ઋષભદેવસ્વામી અને શ્રી મહાવીરસ્વામી સમાન છે. તો પછી શ્રી ઋષભદેવસ્વામીનું નામ લેતાં શ્રી મહાવીરસ્વામી કેમ યાદ આવતા નથી ?

જો ગુણનું નામ 'મહાવીર' હોત તો એ ગુણવાળી સઘળી વ્યક્તિઓ 'મહાવીર' નામ લેતાં યાદ આવી જવી જોઈએ. પરંતુ 'મહાવીર નામથી એકલા ભગવાન 'મહાવીર' જ યાદ આવે છે, તેનો હેતુ શો ? તેનું

કારણ એક જ છે કે, 'મહાવીર' નામ એ 'મહાવીર'ના એકલા ગુણનું નથી પણ 'મહાવીર'ના આકારનું પણ છે.

ભગવાન શ્રી મહાવીરસ્વામીનો આકાર અને ભગવાન શ્રી ઋષભદેવ-સ્વામીનો આકાર એક નથી. માટે જ એકનું નામ લેતી વખતે બીજા યાદ આવતા નથી. આથી માનવું જોઇએ કે, નામ ગુણપ્રધાન નહિ, પણ આકાર પ્રધાન જ હોય છે. છતાં જેઓ નામને માને છે અને આકારને માનવાની ના પાડે છે, તેઓ કાચી સમજવાળા છે.

જ્યાં આકૃતિ નહિ, ત્યાં નામ નહિ, અને જ્યાં નામ નહિ, ત્યાં આકૃતિ નહિ એમ બંનેને પરસ્પર સમવ્યાપ્તિ છે પણ નામ અને ગુણને તેવી સમવ્યાપ્તિ નથી. માટે નામ અને તેના સ્મરણનું ફળ માનનારે આકાર અને તેની ભક્તિનું ફળ અવશ્ય માનવું જ જોઇએ.

**પ્રશ્ન ૧૮–** વસ્તુની અનુપસ્થિતિમાં તેનું યથાર્થ સ્વરૂપ જાણવાનો ઉપાય તેનું નામ કે આકાર ?

**ઉત્તર–** પ્રત્યેક અનુપસ્થિત વસ્તુનું યથાર્થ સ્વરૂપ કેવળ તેના નામ દ્વારા જાણી શકાતું નથી પરંતુ નામ અને આકાર બંને દ્વારા જ જાણી શકાય છે.

સિંહ કે વાઘનું નામ જાણી કોઈ જંગલમાં જાય, તેટલા માત્રથી સિંહ કે વાઘને ઓળખી શકે નહિ. તેનું નામ જાણવા ઉપરાંત, તેના આકારનું પણ જ્ઞાન થયું હશે, તો જ તે સિંહ કે વાઘને તુરત જ ઓળખી શકશે.

એ કારણે અનુપસ્થિત વસ્તુનો બોધ કરાવવા માટે, એકલું નામ સમર્થ થઈ શકતું નથી. વળી આકૃતિ જાણી હોય અને નામ ન જાણ્યું હોય તો પણ તે વસ્તુનો બોધ થવો સર્વથા અશક્ય છે. માટે બોધક શક્તિ નામ કરતાં આકારમાં વિશેષ છે. તે નિર્વિવાદ હકીકત છે.

**પ્રશ્ન ૧૯–** જડને ચેતનની ઉપમા આપી શકાય ?

**ઉત્તર–** વસ્તુના ધર્મ અનંત છે. પ્રત્યેક ધર્મને કારણે વસ્તુને જુદી જુદી અનંત ઉપમાઓ આપી શકાય છે.

એક લાકડી ઉપર બાળક સવારી કરે, ત્યારે લાકડી જડ હોવા છતાં તેને ચેતન એવા ઘોડાની ઉપમા અપાય છે. પુસ્તક અચેતન હોવા છતાં તેને જ્ઞાન કે વિદ્યાની ઉપમા અપાય છે. એ જ રીતે સમ્યગ્જ્ઞાન

અને ધર્મ, એ આત્મિક વસ્તુ હોવા છતાં, તેને જડ એવા કલ્પવૃક્ષ અને ચિંતામણિ રત્નની ઉપમા અપાય છે.

વસ્તુના અનંત ધર્મમાંથી, કોઈ પણ ધર્મ લઇ, તેના વડે જે-જે પ્રકારનું કાર્ય સાધી શકાય, તે તે પ્રકારની ઉપમાઓ આપવાનો વ્યવહાર જગપ્રસિદ્ધ છે. પરમાત્માની મૂર્તિથી પરમાત્માનું જ્ઞાન થાય છે, તેથી તે મૂર્તિને પણ પરમાત્મા કહી શકાય છે.

પાંચસો રૂપિયાની હુંડી કે નોટને લોકો પાંચસો રૂપિયા જ કહે છે. વાસ્તવિક રીતે જોતાં રૂપિયા એ તો ચાંદીના ટૂકડા છે અને નોટ-હુંડી એ તો કાગળ અને શાહી સ્વરૂપ છે. પરંતુ બંનેથી કામ એક-સરખું થતું હોવાથી જેમ બંનેને રૂપિયાજ કહેવાય છે, તેમ પરમાત્માની મૂર્તિ પણ પરમાત્માનો બોધ કરાવનાર હોવાથી તેને પણ પરમાત્માની ઉપમા આપી શકાય છે.

પ્રશ્ન ૨૦– આત્માની ઉન્નતિ માટે સંજ્ઞી પંચેન્દ્રિય સાધુનું આલંબન સ્વીકારવું સારૂં કે એકેન્દ્રિય પાષાણની મૂર્તિનું ?

ઉત્તર. પ્રથમ વાત તો એ છે કે, મૂર્તિ અચેતન હોવાથી એકેન્દ્રિય નથી.

સાધુનું અવલંબન સાધુના શરીરને કારણે નથી, કિન્તુ તે શરીરને આશ્રયીને રહેલા ઉત્તમ સત્તાવીશ ગુણોને કારણે છે જો એમ ન હોય, તો શરીર તો અચેતન છે તેના અવલંબનથી શો ગુણ-ફાયદો થવાનો છે ?

મૂર્તિ પણ પાષાણની હોવા છતાં, તેને પૂજતી વખતે પાષાણનું આલંબન લેવાતું નથી, પણ તે મૂર્તિ જેની છે, તે પરમાત્માનું અને તે પરમાત્મામાં રહેલા અનંતા ગુણોનું જ આલંબન લેવાય છે. એ દૃષ્ટિએ સાધુના આલંબન કરતાં પણ પરમાત્માની મૂર્તિનું આલંબન ચઢી જાય છે. તેથી શ્રી જિનાજ્ઞાનુસાર તેનો સ્વીકાર કરનાર વિશેષ આત્મોન્નતિ અને આત્મકલ્યાણ સાધી શકે છે.

પ્રશ્ન ૨૧– પાષાણની મૂર્તિમાં પ્રભુના ગુણોનું આરોપણ શી રીતે થાય ?

ઉત્તર– જેમ શણ વગેરે હલકી વસ્તુઓને સ્વચ્છ કરી, તેના સફેદ કાગળ બને છે અને તે કાગળ ઉપર પ્રભુની વાણીનાં શાસ્ત્રો લખાય છે ત્યારે તે શાસ્ત્રોને તમામ જાતના લોકો પણ પ્રભુ તુલ્ય પૂજનીય ગણે છે. તે

જ રીતે ખાણના પત્થરમાંથી મૂર્તિ બને છે અને તે મૂર્તિમાં ગુરૂઓ સૂરિમંત્રના જાપ વડે પ્રભુના ગુણોનું આરોપણ કરે છે તે વખતે એ મૂર્તિ પણ પ્રભુ તુલ્ય પૂજનીય બને છે.

કોઈ ગૃહસ્થને દીક્ષા આપતી વખતે ગુરૂ તેને દીક્ષાનો મંત્ર (કરેમિ ભંતે સૂત્ર) સંભળાવે છે કે તુરત લોકો તેને સાધુ માની વંદના કરે છે છે. જો કે તે વખતે તે નવદીક્ષિત સાધુમાં સાધુના સત્તાવીશ ગુણો પ્રગટેલા જ હોય, તેવો નિયમ નથી. છતાં તે ગુણોનું આરોપણ કરીને તેને વંદના થાય છે. તે જ રીતે મૂર્તિ પણ ગુણારોપણ બાદ પ્રભુ તુલ્ય વંદનીય બને છે. તેથી લોકો તેને પુજે વાંદે અને નમસ્કારાદિ કરે તે તદ્દન વ્યાજબી છે

**પ્રશ્ન ૨૨–** શું સદા કાળ મૂર્તિ માન્યા કરવી?

**ઉત્તર–** હા, જ્યાં સુધી આત્મા પ્રમાદી અને ભૂલકણો છે, ત્યાં સુધી તેણે પ્રભુગુણોના સ્મરણાદિ માટે પ્રભુ-મૂર્તિને માનવી જ જોઈએ.

જ્ઞાનાભ્યાસ ચૂકી જવાના ભયથી જેઓને અચેતન પુસ્તકોનો આધાર લેવો પડે છે, પ્રભુના જાપ કરતાં-કરતાં સ્ખલિત થઇ જવાના ભયથી જેઓને અચેતન માળાનો આશ્રય લેવો પડે છે, ચારિત્રના પરિણામથી પતિત થઈ જવાના ડરથી જેઓને અચેતન રજોહરણ-મુહપત્તિ વગેરેનો આશ્રય લેવો પડે છે, ટાઢ-તાપ અને વરસાદ વગેરેના ભયથી જેઓને અચેતન વસ્ત્ર અને મકાન વગેરેનો આશ્રય લેવો પડે છે તથા હિંસક પશુ કે ધાડપાડુ વગેરેના ભયથી જેઓને અચેતન શસ્ત્ર આદિનું શરણ શોધવું પડે છે, તેઓને ત્યાં સુધી પ્રભુગુણની સ્મૃતિ માટે અચેતન મૂર્તિના આલબંન વિના છૂટકો જ નથી.

બીજાં બધાં અચેતન આલંબન સ્વીકારવા છતાં જેઓ માત્ર પરમાત્માની મૂર્તિના આલંબનની, તે અચેતન હોવાના નામે ના પાડતા હોય, તેમને તો પરમાત્માના ધ્યાનની કિંમત દુનિયાદારીના પદાર્થો જેટલી પણ હૃદયસાં વસી નથી એમ કહી શકાય.

જ્ઞાનાભ્યાસાદિમાં પુસ્તકાદિના આલંબન વિના ચૂકી જનાર આત્મા મૂર્તિના આલંબન વિના પરમાત્મ-ધ્યાનથી નહિ ચૂકે, એમ શી રીતે માની લેવું ?

પરમાત્મ-ધ્યાનથી ભ્રષ્ટ કરનાર પ્રતિપક્ષી વસ્તુઓના સંગથી જેઓ મુક્ત થયા નથી, તેઓ મૂર્તિના આલંબન વિના પરમાત્મ-ધ્યાનને ચૂકયા વિના રહે નહિ. એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

પરંતુ પરમાત્મ-ધ્યાનથી જીવ ચૂકી જાય, તેમાં કેટલું મોટું નુકસાન છે. એ સર્વ સામાન્ય જગતના ખ્યાલમાં હોતું નથી. એથી જ પરમાત્માની મૂર્તિના આલંબન માટે કોઈ કુતર્ક કરે તો મન તરત ચળ-વિચળ બને છે. પરંતુ શાસ્ત્રો કહે છે કે- સાંસારિક બીજાં કાર્યો ભૂલી જતાં જીવને તેટલી હાનિ નથી થતી, જેટલી હાનિ પરમાત્મ-ધ્યાનને ચૂકી જવાથી થાય છે.

પરમાત્મ-ધ્યાનથી ચ્યુત થતાં જીવને બીજા તેવા પ્રતિબોધક આલંબનનો આ જગતમાં અભાવ હોવાથી, જીવ આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં ચઢી જઈને અનંત સંસારને વધારનારો થાય છે.

કોઈ પણ માણસ આખી ઉંમર સુધી કમાયેલું ધન તાળા વગરની તિજોરીમાં રાખે, તો કોઇને કોઈ વખતે ચોરો વડે લૂંટાઈ ગયા વગર રહે નહિ, તેમ આત્મારૂપી તિજોરીમાં એકત્રિત થયેલ શુભ ધ્યાનરૂપી અમૂલ્ય ધનને, પ્રતિમાના આલંબનરૂપી તાળું લગાડીને સુરક્ષિત બનાવવામાં ન આવે તો પ્રમાદરૂપી ચોરો વડે તેનો નાશ થયા વગર ન જ રહે.

શુભ ધ્યાનરૂપી ધન નાશ પામ્યું, એટલે આત્માને અનંત સંસારમાં રઝળવાનું બાકી રહ્યું. એ કારણે શ્રી જિનપ્રતિમાનું આલંબન, એ પ્રમાદી જીવોને પાણી પહેલાં પાળ બાંધવાની જેમ અત્યંત હિતકારક છે.

અથવા જેમ વાડ વગરના ખેતરની ખેડૂત ગમે તેટલી સંભાળ રાખે, છતાં પશુ પંખીઓ તેમાં પેસી ધાન્યનો નાશ કર્યા વિના રહેતાં નથી, તેમ શ્રી જિનપ્રતિમાના આલંબનરૂપી વાડ વિના, દુર્ધ્યાનરૂપી પશુ-પંખીઓ શુભ ધ્યાનરૂપી પકવ ધાન્યનો નાશ કર્યા વગર રહેતાં નથી.

આત્મા અનાદિ કાળથી પુદ્‌ગલના સંબંધમાં રાચ્યોમાચ્યો રહે છે. તેને પુદ્‌ગલના સંગની આસક્તિથી છોડાવનાર, શુભાલંબન વિના બીજુ કોઈ નથી ઉચ્ચ કોટિના શુભાલંબનો અને જ્ઞાન-ધ્યાન આદિ દ્વારા પુદ્‌ગલનો રાગ છૂટી જતાં ભૂખની તૃપ્તિ થતાં જેમ અનાજની અને રોગની શાન્તિ થતાં જેમ દવાની ઇચ્છા છૂટી જાય છે. તેમ તમામ જાતનાં આલંબનો આપોઆપ છૂટી જાય છે. પણ તે પહેલાં સંસાર લુબ્ધ જીવોને પ્રતિમાદિ શુભ આલંબનો છોડવાં એ હિતકર નથી. ઉચ્ચ

કક્ષા પ્રાપ્ત થતાં, સાપ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ આલંબનો આપમેળે જ છૂટી જાય છે.

જે વિદ્યાર્થીને જે વિષયમાં ઉત્તીર્ણ થવું હોય છે, તે વિષયના પુસ્તકનું આલંબન તેને ત્યાં સુધી લેવું જ પડે છે, જ્યાં સુધી તે, તે વિષયમાં ઉત્તીર્ણ થતો નથી ઉત્તીર્ણ થઈ ગયા પછી તે આલંબન છૂટી જાય છે. તે જ રીતે પરમાત્માવસ્થાની પ્રાપ્તિ માટે તે પ્રાપ્ત થાય ત્યાં સુધી શ્રી જિનપ્રતિમાનું આલંબના જીવો માટે આવશ્યક છે. અત્યંત જરૂરી છે.

પ્રશ્ન ૨૩–જડ પ્રતિમા મોક્ષદાયક શી રીતે બને ?

ઉત્તર – શાસ્ત્રો કે જે શાહી અને કાગળરૂપ હોવાથી જડ છે, છતાં તે મોક્ષને આપે છે. એમ સહુ કોઈ સ્વીકારે છે, તો પછી પરમાત્માની મૂર્તિ પણ તેનું આરાધન કરનારને મોક્ષનાં સુખ કેમ ન આપે ? શાસ્ત્રો એ શ્રી જિનેશ્વરદેવના વચનોની પ્રતિમા છે, અને મૂર્તિ એ શ્રી જિનેશ્વર-દેવના આકારની પ્રતિમા છે.

વચનોની પ્રતિમાથી જેમ જ્ઞાન થાય છે. તેમ આકારરૂપ પ્રતિમાથી ભવ્ય આત્માઓને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય જ છે જે સર્વ-વિરતિપણામાં પરિણમીને મોક્ષદાયક નીવડે છે.

વળી જેઓ નિરક્ષર છે તેઓને વચનોની સાક્ષાત્ પ્રતિમારૂપ અક્ષરો એટલે કે શાસ્ત્ર પાઠોના માત્ર દર્શનથી તેટલો લાભ નથી થતો, જેટલો આકારરૂપ પ્રતિમાના દર્શન પૂજનથી થાય છે માટે આબાલવૃદ્ધ સાક્ષર–નિરક્ષર સર્વ માટે અક્ષરોરૂપી પ્રતિમાઓની જેમ આકારરૂપી શ્રી જિન-પ્રતિમાઓ અત્યંત આદરણીય છે. પૂજનીય છે.

પ્રશ્ન ૨૪–અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે, તેમ મૂર્તિને જોવા માત્રથી જ્ઞાન થતું કેમ દેખાતું નથી ?

ઉત્તર– અક્ષરાકારને જોવા માત્રથી જ્ઞાન થાય છે, એમ કહેવું એ ખોટું છે. કારણ કે અક્ષરાકારથી જ્ઞાન થવા પહેલાં, શિક્ષક દ્વારા તે અક્ષરોને ઓળખવા પડે છે. અક્ષરોને ઓળખ્યા પછી જ વાંચતાં કે લખતાં શીખી શકાય છે, તેમ ગુરૂ આદિ દ્વારા, 'આ દેવાધિદેવ શ્રી વીતરાગ પરમાત્માની મુર્તિ છે એમના અજ્ઞાનાદિ દોષો સર્વથા નાશ

પામ્યા છે. તેઓ અનંતગુણવંત છે, દેવેન્દ્રોથી પણ પૂજિત છે તત્ત્વોનો ઉપદેશ કરનારા છે, મોક્ષને પામેલા છે. સર્વજ્ઞ છે. સર્વદર્શી છે. દયાના સાગર છે, પરિષહ અને ઉપસર્ગોની ફોજોને હઠાવનારા છે, રાગાદિ રહિત છે, એવું જ્ઞાન જેમ જેમ થતું જાય છે. તેમ તેમ મુર્તિના દર્શનાદિ વખતે તે-તે ગુણોનું જ્ઞાન અને સ્મરણ દઢતર થતું જાય છે.

**પ્રશ્ન** ૨૫- મુર્તિને દેખવાથી દેવનું સ્મરણ થાય છે, એ વાત બરાબર, પણ તેની ભક્તિથી શો લાભ ?

**ઉત્તર** : શાસ્ત્રનું શ્રવણ અગર વાંચન કરવાથી પરમાત્માનાં વચનોનો બોધ થાય છે, તો પણ શાસ્ત્રના ઉપકારને જાણનાર ભક્તજનો તેને ઊંચા સ્થાન પર મુકે છે, તેને પગ લાગવા દેતા નથી, મળ-મુત્રવાળી અપવિત્ર જગ્યાએથી તેને દૂર રાખે છે, સારા કપડામાં વીંટી સિંહાસન પર મૂકે છે અને તેને વંદન નમસ્કાર કરે છે.

એ જ રીતે શાસ્ત્રની ભક્તિ કરવાથી, શાસ્ત્રના વચનો ઉપરનો પ્રેમ વધે છે, શ્રદ્ધા સુદઢ થાય છે તથા સન્માર્ગે પ્રવૃત્તિ કરવાનું બળ પ્રાપ્ત થાય છે, તેમ પ્રતિમાની પણ વંદન-નમસ્કાર પૂજનાદિ વડે ભક્તિ કરવાથી, ભગવાન ઉપર પ્રેમ વધે છે. શ્રદ્ધા સતેજ થાય છે અને ગુણપ્રાપ્તિની દિશામાં આગળ વધવામાં આત્મા ઉત્સાહવંત થાય છે.

ગુણ પ્રાપ્ત કરવાના ઉત્સાહથી શુભ ધ્યાનની વૃદ્ધિ થાય છે. શુભ ધ્યાનની વૃદ્ધિથી કર્મરૂપી કચરાનો નાશ થાય છે અને તેમ થતાં મોક્ષ. માર્ગની અત્યંત સુગમતા થાય છે. આ રીતે મૂર્તિની ભક્તિથી મુકિત સુધ્ધાંનો લાભ, ભકતાત્માને થાય છે.

> પ્રભાતે સારા માણસનું મોં જોનારનો આખો દિવસ 'સારો' જાય છે તો પછી પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વર દેવનું દર્શન કરનારનો આખો ભવ સુધરી જાય તેમાં કોઈ શંકા નથી.

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૨૬–૪૦

# ૧૫

- □ પત્થરની ગાય અને દૂધ
- □ મૂર્તિ પુજનીય, તો શિલ્પી કેમ નહિ ?
- □ મૂર્તિમાં ગુણો ખરા ?
- □ બે તીર્થંકરોનો ભેટો નહિ, તો મંદિરમાં અનેક મૂર્તિઓ કેમ ?
- □ મૌન મૂર્તિની પૂજાથી શો લાભ ?

**પ્રશ્ન ૨૬**–પત્થરની ગાયને દોહવાથી જેમ દૂધ આપે નહિ, તેમ પત્થરની મૂર્તિને પૂજવાથી પણ શું કાર્ય સિદ્ધ થાય ?

**ઉત્તર** પ્રથમ વાત તો એ છે કે ગાયનું દૃષ્ટાન્ત અહીં લાગુ કરવું તે અઘટિત છે. કારણ કે ગાય પાસેથી જેમ દૂધ લેવાનું હોય છે. તેમ મૂર્તિ પાસેથી કાંઈ લેવાનું હોતું નથી, પણ પૂજક પોતે પોતાના આત્મામાં છૂપાએલા વીતરાગતા આદિ ગુણોને મૂર્તિના અવલંબનથી પ્રગટ કરવાનાં છે.

વધુ સ્પષ્ટતા ખાતર કહી શકાય કે, તાળાને ઉઘાડવામાં જે ભાગ કૂંચી ભજવે છે, તે જ ભાગ આત્માના અપ્રગટ ગુણોને પ્રગટ કરવામાં શ્રી જિનમૂર્તિ ભજવે છે. પણ ચાવીને બંધ તાળાના ચોક્કસ પ્રદેશમાં ફેરવીને જ માણસ બંધ તાળું ઉઘાડી શકે છે, કેવળ તાળાની ઉપર ફેરવે છે, ત્યાં સુધી તાળું બંધ જ રહે છે. તેમ જે આરાધક પોતાના આત્મામાં રહેલા વીતરાગતા આદિ ગુણોને પ્રગટ કરવાના ઉદ્દેશથી શ્રી જિન મૂર્તિની વિવિધ પ્રકારે ભક્તિ કરે છે, તેમજ તે સમયે તેનો ઉદ્દેશ પણ તેજ હોય છે, તો તે મૂર્તિ તેના માટે ચાવી રૂપ અને મૂર્તિમંત પરમાત્મા તુલ્ય બની જાય છે.

પ્રશ્ન છે મૂર્તિમાં મન લાગવાનો મનમાં મૂર્તિની ભક્તિ જાગવાનો.

વળી કેટલાક કહે છે કે, સિંહની મૂર્તિ આવીને મારતી નથી, તેમ ભગવાનની મૂર્તિ પણ આવીને તારતી નથી !

આવું કથન પણ અણસમજનું છે, કારણ કે 'સિંહ સિંહ' એવું નામ લેતાંની સાથે જ શું સિંહ આવીને મારે છે? નહિ જ. તો પછી ભગવાનનું નામ લેવું પણ નિરર્થક ઠરશે. વળી સિંહની મૂર્તિ મારતી નથી, તેનું કારણ એ છે કે મારવામાં સિંહને પોતાને પ્રયત્ન કરવો પડે છે, મરનારને નહિ. જ્યારે ભગવાનની મૂર્તિને કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી. પરંતુ તરનારને કરવો પડે છે. મુક્તિ મેળવવા માટે વ્રત, નિયમ, તપશ્ચર્યા. સંયમ આદિની આરાધના આરાધકને કરવી પડે છે, પરમાત્માને નહિ. પરંતુ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિના આલંબનથી જ જીવને તપ-નિયમાદિ કરવાનો ઉલ્લાસ થાય છે. અને તે દૃષ્ટિએ 'ભગવાનની મૂર્તિ તારે છે', એમ ન કહીએ તો ગુણ-ચોર ઠરીએ.

આથી આગળ વધીને વિચાર કરતાં, 'પત્થરની ગાય દૂધ નથી જ આપતી' એમ કહેવું એ પણ ખોટું છે. કારણ કે ગાયના આંચળ તથા તેને દોહવાની ક્રિયાના અજાણ પુરુષને તેની સમજણ આપવા પણ ગાયની જરૂર છે. અને સાક્ષાત્ ગાયના અભાવમાં તેની મૂર્તિ દ્વારા તે દોહવાની ક્રિયાનું જ્ઞાન આપી શકાય છે. એ જ્ઞાન સિવાય પ્રત્યક્ષ ગાય મળી જાય, તો પણ દૂધની આશા રાખવી વ્યર્થ છે. એ કારણે પણ ગાયની મૂર્તિ દૂધ આપનારી ઠરી, એમ પણ સ્વીકારવું પડશે.

તે જ રીતે શ્રી જિનેશ્વરદેવના અભાવમાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ અને ધ્યાન કરવાનું જ્ઞાન મેળવવા માટે, શ્રી જિનેશ્વરદેવની મૂર્તિની અવશ્ય જરૂર છે. મૂર્તિના અભાવે ભક્તિ અને ધ્યાન કરવાનું યથાર્થ અનુષ્ઠાન અને વિધિ જાણી શકાતાં નથી. ધ્યાન અને ભક્તિ વિના મોક્ષફળ મેળવવાની ઈચ્છા ફળતી નથી.

એ રીતે પત્થરની ગાય જેમ દોહવાની ક્રિયા શીખવાડે છે, તેમ પત્થરની મૂર્તિ ભક્તિ-ધ્યાન-આદિ કરવાની રીત શીખવાડે છે અને તેના અનુષ્ઠાનને જીવનમાં અમલી બનાવે છે. એટલે પત્થરની ગાયનો દાખલો રજૂ કરીને પત્થરની મૂર્તિની ભક્તિ નહિ કરવાની વાત પણ આ રીતે વજુદ વિનાની કરે છે.

**પ્રશ્ન ૨૭**-પરમાત્માના નામ માત્રથી જ તેમના સ્વરૂપનો બોધ થતો હોય, અને તેથી અંતઃકરણની શુદ્ધિ થતી હોય, તો પછી તેમના પ્રતિમા પૂજવાનો આગ્રહ શા માટે ?

**ઉત્તર**-પ્રતિમાના દર્શનાદિથી જેવી આત્મ શુદ્ધિ થાય, તેવી જ નામ સ્મરણથી ન થતી હોય, તો પણ અમુક પ્રમાણમાં આત્મ શુદ્ધિ થાય તો છે જ. નહિતર નામ-નિક્ષેપો અર્થહીન પુરવાર થાય. તેમ છતાં નામ કરતાં આકારમાં ઘણી વિશેષતાઓ છે, જેવા આકારનું નિરીક્ષણ કરવામાં આવે, મોટે ભાગે તેવા જ આકાર સંબંધી ધર્મનું મનમાં ચિંતવન થાય છે.

સંપૂર્ણ શુભ અવયવોવાળી પત્થરની પૂતળી જોતાં, તેવા જ પ્રકારનો મોહ ઉપજે છે. કોક શાસ્ત્રમાંના સ્ત્રી-પુરુષના વિષય-સેવન અંગેના આસનો વગેરે જોવાથી, જોનાર કામી આત્માને તત્કાળ વિકાર ઉત્પન્ન થાય છે. યોગાસનોની આકૃતિઓ જોવાથી, યોગી પુરુષોના યોગાભ્યાસમાં ત્વરિત વૃદ્ધિ થાય છે. ભૂગોળના અભ્યાસીઓને નકશા વગેરે જોવાથી, સહેલાઈથી તે વસ્તુઓનું જ્ઞાન થાય છે.

મકાનો વગેરેના પ્લાનો જોવાથી, તેના જાણકારોને, તે વસ્તુઓનો ખ્યાલ તરત આવે છે. કેવળ નામ માત્રથી એ બધો ખ્યાલ તરત આવવામાં કંઈક વિલંબ થાય છે. એ રીતે પરમાત્માના નામ કરતાં પરમાત્માના આકારવાળી મૂર્તિથી પરમાત્માના નામનું સ્મરણ કરનારને પરમાત્માના સ્વરૂપનો વધારે સ્પષ્ટ બોધ થાય છે અને પરમાત્માના ધ્યાનમાં એકાકાર બનવાની અધિક સુગમતા રહે છે.

**પ્રશ્ન ૨૮**-નિરાલંબન ધ્યાન ક્યાં સુધી ન થઈ શકે ?

**ઉત્તર**-શ્રી જિનશાસનમાં મોક્ષરૂપી મહેલમાં ચઢવા માટે ચૌદ પગથિયાં રૂપી ચૌદ ગુણ સ્થાનકો વર્ણવ્યાં છે. તેમાં પ્રથમના પાંચ ગુણ સ્થાનકો ગૃહસ્થો અંગે છે અને બાકીનાં નવ ગુણ-સ્થાનકો સાધુ-અંગેનાં છે.

છઠ્ઠા ગુણ સ્થાનકનું નામ **પ્રમત્ત** અને સાતમાનું નામ **અપ્રમત્ત** છે. આખા આયુષ્ય દરમ્યાનનો સાતમા ગુણ સ્થાનકનો કાળ એકત્ર કરવામાં આવે, તો પણ તે અંતર્મુહૂર્ત માત્રનો છે. સાતમા ગુણ સ્થાનકથી ઉપરનું ગુણ સ્થાનક આ કાળમાં, આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. મુખ્યતયા પ્રથમના છ ગુણ સ્થાનકો આ કાળના, આ ક્ષેત્રના જીવો માટે વિદ્યમાન છે.

સાધુના છઠ્ઠા ગુણ સ્થાનકે પણ પાંચ પ્રકારના પ્રમાદનો સંભવ હોવાથી, નિરાલંબન-ધ્યાન હોઇ શકે જ નહિ. ગૃહસ્થ તો વધુમાં વધુ પાંચમે ગુણસ્થાનકે છે. તે તો અવશ્ય પ્રમાદી છે. પ્રમાદી પુરુષોને નિરાલંબન ધ્યાન માટે યોગ્ય નથી કહ્યા.

શ્રી ગુણસ્થાનકમારોહમાં પૂજ્ય શ્રી રત્નશેખર-સૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું છે કે-

**"प्रमाद्यावश्यकत्यागात्, निश्चलध्यानमाश्रयेत् ।**
**योऽसौ नैवागमं जैनं, वेत्ति मिथ्यात्वमोहितः ॥"**

અર્થાત્ પોતે પ્રમાદી હોવા છતાં પણ જે અવશ્ય કરવા જેવી કરણીનો ત્યાગ કરે છે, તે વિપરીત જ્ઞાનથી મૂઢ થયેલો આત્મા, શ્રી સર્વજ્ઞ ભગવાનનાં આગમોને જાણતો નથી.

આ કાળમાં, આ ભરતક્ષેત્રનો કોઈ પણ જીવ સાતમા ગુણ સ્થાનકથી ઊંચો ચઢી શકતો નથી અને સાતમા ગુણ સ્થાનકનો કાળ તો ઉપર કહ્યું તેમ અતિશય અલ્પ છે, તેથી જીવને છઠ્ઠું કે તેથી ઉતરતું ગુણ સ્થાનક જ હોવાથી, નિરાલંબન ધ્યાન સંભવી શકતું નથી.

આ કાળના મોટા અને સમર્થ પુરુષો પણ નિરાલંબન ધ્યાનના મનોરથ માત્ર કર્યા કરે છે, તો પછી અલ્પ શક્તિવાળા અને વિષય-કષાયમાં રચ્યા પચ્યા રહેનારા અન્ય આત્માઓ માટે તો નિરાલંબન ધ્યાન હોય જ કયાંથી ?

**પ્રશ્ન ૨૯** કોઇ વિધવા પોતના મરણ પામેલા પતિની મૂર્તિ બનાવી તેની પૂજા-સેવા કરે, તો શું તેથી તેને કામની શાન્તિ કે પુત્રની ઉત્પત્તિ થાય ? ન થાય, તો પછી પરમાત્માની મૂર્તિથી પણ શો ફાયદો થવાનો ?

**ઉત્તર** આ એક કુતર્ક છે તેનો ઉત્તર પણ તેવી જ રીતે આપવો જોઈએ. પતિના મરણ બાદ તેની સ્ત્રી એક આસન પર બેસી, હાથમાં માળા લઈ, પતિના નામનો જાપ કરે, તો શું તે સ્ત્રીની ઈચ્છા પૂરી થશે ? અથવા તેને સંતાનની પ્રાપ્તિ થશે ? નહિ જ થાય. તો પછી પ્રભુના નામની જપમાળા ગણવી પણ નિરર્થક સિદ્ધ થશે.

પ્રભુના નામથી કાંઈ પણ લાભ ન થાય એમ તો કોઈ પણ કહી શકે તેમ નથી. ઉલટું તે જ વિધવા સ્ત્રીને પતિનું નામ સાંભળવાથી જે આનંદ અને સ્મરણાદિ થશે તેના કરતાં બમણો આનંદ અને સ્મરણાદિ તેની મૂર્તિ કે ચિત્ર જોવાથી થશે, તેથી નામ કરતાં મૂર્તિમાં વિશેષ ગુણ રહેલો જ છે.

જે માણસે કદી સર્પને જોયો નથી, માત્ર તેનું નામ સાંભળ્યું છે, એટલા માત્રથી તે માણસને કોઇ સ્થળે સર્પ નજરે ચઢે, તો "આ સર્પ છે," એવું જ્ઞાન થશે ? નહિ થાય, પરંતુ સર્પનો આકાર જેણે જાણ્યો હશે, તે તો સર્પને પ્રત્યક્ષ પણે જોતાની સાથે જ ઓળખી કાઢશે.

એ રીતે જે પુરુષે અમુક માણસને પ્રત્યક્ષ જોયો નથી અને તેની છબી પણ જોઈ નથી, માત્ર નામ જ સાંભળ્યું છે, તે પુરુષની પાસે થઈને પણ કોઈ વખત તે માણસ નીકળશે, તો પણ તેને નહિ જ ઓળખી શકે, પરંતુ જેણે તે માણસની છબી જોઈ હશે તે તો તુરત જ ઓળખી લેશે કે, 'આ અમુક માણસ છે.' આથી પણ સિદ્ધ થાય છે કે, પ્રત્યેક વસ્તુનું સ્વરૂપ ઓળખવા માટે નામ જેટલું ઉપયોગી છે, તેના કરતાં મૂર્તિ અથવા આકાર વિશેષ ઉપયોગી છે.

સાકાર માત્રને આકારના સહારે જ નિરાકારની ભક્તિના શિખરે પહોંચવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે તે નિઃસંદેહ છે.

**પ્રશ્ન ૩૦– જો કારીગરની બનાવેલી પ્રતિમાઓ પૂજનીય છે, તો તેને બનાવનારા વિશેષ પૂજવા યોગ્ય કેમ નહિ ?**

ઉત્તર– કારીગર પ્રતિમાને બનાવનારો છે, પણ જેની તે પ્રતિમા છે, તે વ્યક્તિનો બનાવનારો નથી. બીજને જમીનમાં વવાય, તેમાં ખાતર નંખાય અને ખેડૂતની મહેનતથી જ તે બીજમાંથી ધાન્ય નિપજાવી શકાય. છતાં ધાન્યને ખાનારાઓ માટી કે ખાતર વગેરેને ખાવાનું પસંદ કરતા નથી.

શ્રી જિનપ્રતિમા બને છે પત્થર આદિમાંથી અને બનાવે છે કારીગર. પણ તેનું મૂળ બીજ તો શ્રી વીતરાગ પરમાત્મા છે. જો કારીગર શ્રી વીતરાગ પરમાત્માનો જ સર્જક હોય તો તે જરૂર પૂજનીય બને, પણ તેમ નથી.

પ્રતિવ્રતા સ્ત્રી પતિના ફોટાનો આદર કરે છે, પણ ફોટો પાડનારનો તેવો આદર કરે છે ખરી ? વળી શાસ્ત્રો લખનારા લહીઆઓ છે, છતાં તેઓ પૂજનીય ગણાય છે ખરા ? નહિ જ. કારણ કે શાસ્ત્રોનું ઉદ્ભવ સ્થાન લહીઆઓ નથી. તેઓ તો માત્ર નકલ કરનારા છે.

શાસ્ત્રો પૂજનીય હોવાના કારણે શાસ્ત્રકાર મહાત્માઓ પૂજનીય ગણાય અને શાસ્ત્રકાર મહાત્માઓ પૂજનીય હોવાના કારણે તેઓશ્રીએ રચેલાં શાસ્ત્રો પૂજનીય મનાય એ બરાબર છે. એ જ રીતે શ્રી જિનેશ્વર-દેવો પૂજનીય હોવાના કારણે, તે તારકોની પ્રતિમાઓ પૂજનીય ગણાય પણ પ્રતિમાઓને ઘડનારા કારીગરો નહિ.

જો કે કોઈ પૂજ્ય કે પ્રિય વ્યક્તિના ફોટા વગેરેને જેમ બને તેમ વધુ યથાર્થતાનો ખ્યાલ આપે તેવા બનાવી આપનાર વ્યક્તિ, આનંદ પમાડનાર અગર ઇનામને પાત્ર બને છે. તેમ શ્રી જિન મૂર્તિને પણ શ્રી વીતરાગતાની સુંદર છાયારૂપે ઘડી આપનાર કારીગર આનંદ પમાડનાર અને ઇનામને પાત્ર બને છે. પણ પૂજાને પાત્ર નથી બનતા

અગાઉ કહી ગયા તેમ જેનો ભાવ નિક્ષેપો પૂજનીય છે, તેના બાકીના ત્રણ નિક્ષેપા પૂજનીય છે. શ્રી જિન મૂર્તિની પૂજનીયતા શ્રી જિનેશ્વરદેવોના ગુણમયતાના જ પ્રતાપે છે. એ વાતને સમજનારા આત્માઓ તો કદી પણ આવા કુતર્કો કરતા નથી.

**પ્રશ્ન ૩૧ પ્રતિમા અજીવ છે, તો તેને કેમ પૂજાય ?**

ઉત્તર જે દ્રવ્ય પૂજનિક હોય છે, તે સજીવ હો કે અજીવ હો, પણ પૂજનીય છે. જેમ કે દક્ષિણાવર્ત શંખ, કામ કુંભ, ચિંતામણિ રત્ન, ચિત્રાવેલી વગેરે પદાર્થો અજીવ અને જડ હોવા છતાં લોકમાં પૂજાય જ છે. અને તેમને પૂજનારાઓના મનનું ધાર્યું સિદ્ધ પણ થાય છે.

જેમ એ અજીવ વસ્તુઓ પોતાના સ્વભાવથી પૂજનારાઓનું હિત કરે છે, તેમ શ્રી જિન પ્રતિમા પણ તેને પૂજનાર આત્માઓને સ્વભાવથી જ શુભ ફળ આપે છે.

કામકુંભ ચિંતામણિ રત્ન આદિ અજીવ પદાર્થો તેને પૂજનારાને જે શુભ ફળ આપે છે, તે તો શ્રી જિન પ્રતિમા આપે જ છે. પણ તદ્ઉપરાંત ચિંતામણિ રત્ન આદિ પદાર્થોથી ન મળે તેવું મોક્ષફળ પણ

આપે છે માટે જેના ભંડારમાં ચિંતામણિ રત્ન આદિ પદાર્થો હોય છે, તે દેવો પણ શ્રી જિન પ્રતિમાની ભક્તિ કરે છે.

**પ્રશ્ન ૩૨**–શ્રી જિન પ્રતિમા તો સામાન્ય કિંમતમાં વેચાય છે, તેને ભગવાન કેમ માની શકાય ?

ઉત્તર–ભગવાનની વાણી પણ શ્રી આચારાંગ, શ્રી ભગવતી આદિ પુસ્તકો દ્વારા થોડી થોડી કિંમતમાં વેચાય છે. તો પછી તેને પૂજનીય કેમ માની શકાય ? અને છતાં પૂજનીય મનાય છે, એ હકીકત છે. કારણ કે તેના પઠન શ્રવણ મનન દ્વારા ભવ્યાત્માઓને પરમાત્મ–સ્વરૂપનો બોધ થાય છે. તે જ રીતે પ્રતિમા દ્વારા પણ ભવ્યાત્નાઓને પરમાત્મ-સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેથી તે પણ પૂજનીય જ છે.

શાસ્ત્રો કે જે કાગળો ઉપર શાહીથી લખાયેલાં છે, તેને પણ શાસ્ત્રોમાં સ્વયં ગણધર મહર્ષિઓએ 'ભગવાન' કહી વંદન નમસ્કાર કરેલ છે, તો પછી એ શાસ્ત્રો જેના અંગભૂત છે, વાણીના પ્રકાશનારા શ્રી જિનેશ્વર દેવની પ્રતિમા વંદન નમસ્કાર કરવા લાયક હોય. તેમાં શંકા જ શી છે ? શાસ્ત્રોમાં કહ્યું છે કે–

**'नमो बंभा लिविए'** બંભિ લિપિને નમસ્કાર થાઓ !
**'आयारस्सण भगवओ'** ભગવાન શ્રી આચારાંગ ઈત્યાદિ

સુલભ અને સામાન્ય કિંમતવાળી વસ્તુઓ પણ કેટલીક વખત પંચના સ્વીકારથી દુર્લભ અને કિંમતી બની જાય છે, તેમ થોડી કિંમતમાં મળતી પ્રતિમાઓ પણ અંજન શલાકા અને પ્રતિષ્ઠા વગેરે શુભ ક્રિયાઓ વડે અમૂલ્ય અને પરમ પુજનાય બને છે.

રાજ્યાભિષેક થવાથી જેમ સામાન્ય માણસ પણ રાજા ગણાય છે, પ્રજાના સત્કારને પાત્ર બને છે અને વિવાહ થયા બાદ સમાન્ય ઘરની કન્યાને પણ રાજરાણી કે મોટા ઘરની શેઠાણી ગણી શકાય છે, તેમ અલ્પ મૂલ્યે મળતી પ્રતિમાઓ પણ શ્રી સંઘ દ્વારા વિધિપૂર્વક પ્રતિષ્ઠા થવાથી, સાક્ષાત્ પરમાત્મા તુલ્ય પુજનીય બને છે.

**પ્રશ્ન ૩૩**–મૂર્તિ પરમાત્મા તુલ્ય હોય, તો તેને સ્ત્રીનો સંઘટ્ટો કેમ ? તથા તાળા કૂચીમાં શા માટે રાખવામાં આવે છે ?

ઉત્તર- સ્ત્રીના સંઘટ્ટાનો દોષ ભાવ અરિહંતને આશ્રયીને છે. પ્રતિમા તો શ્રી અરિહંત પરમાત્માની સ્થાપના છે, સ્થાપના-અરિહંતને તેના સંઘટ્ટાથી કોઇ પણ દોષ ન લાગે,

સૂત્રોમાં સુવર્ણ, રજત તથા સ્ત્રી પુરુષ અને નપુંસક વગેરે ઘણી વસ્તુઓના નામો લખેલાં હોય છે. તે બધા તે-તે નામોના અક્ષરોની સ્થાપના છે. તથા તેમાં ચિત્રો પણ હોય છે. જો સ્થાપના અને ભાવમાં સમાન દોષ લાગવાની કલ્પના કરાય, તો તેને હાથમાં લેવાથી સાધુ-સાધ્વીઓના મહાવ્રતો ચાલ્યા જવા જોઈએ પણ તેમ નથી.

શાસ્ત્રો તો તમામ મૂનિગણ પોતપોતાના અધિકાર અનુસાર હાથમાં લઇને વાંચે છે, તેમાં દેવલોકના દેવ દેવીઓનાં ચિત્રો નારકીઓનાં ચિત્રો વગેરેનો સૌ કોઈ સ્પર્શ કરે છે. તથા વર્તમાનપત્રો અને પુસ્તકોમાં સ્ત્રી-પુરુષોના ફોટાઓ તથા ચિત્રો પાને-પાને રહેલાં હોય છે. તેને બ્રહ્મચારી મુનિવરો આદિ પણ સ્પર્શ કરે છે, તો તે તમામમાં શીલવ્રત રહે કે ભાંગી જાય ?

ચિત્રો વગેરેને સ્પર્શ કરવાથી શીલવ્રત નષ્ટ થઈ જતું હોય, તો પછી જગતમાં શુદ્ધ બ્રહ્મચર્ય પાળનાર કોઈ જડશે જ નહિ. માટે જેમ ચિત્રો પુરુષાદિની સ્થાપના છે, તેનો સ્પર્શ કે સંઘટ્ટો થવાથી બ્રહ્મચારીને દોષ નથી, તેમ મૂર્તિ એ શ્રી અરિહંત પરમાત્માની સ્થાપના છે, તેને સ્ત્રી આદિનો સંઘટ્ટો થવાથી દોષ કેમ લાગે ?

સાધુ લીલી વનસ્પતિને હાથ ન અડાડે, છતાં ગ્રન્થોમાં ઠેર ઠેર ઝાડી કે વનસ્પતિઓનાં ચિત્રો આવે છે, તો તેનો સ્પર્શ કરતાં વનસ્પતિના સંઘટ્ટાનો દોષ લાગે ? ન જ લાગે. આથી સિદ્ધ થાય છે કે- ભાવ અરિહંત અને સ્થાપના અરિહંત ઉભયને આશ્રયીને એકસરખા દોષોનું આરોપણ થઈ શકે નહિ, તેમ કરવાં જતાં મહા અનર્થ થાય.

બીજી વાત-તાળાકુંચીની : પ્રતિમાજી એ ભગવાનની સ્થાપના છે. તેની રક્ષા માટે મંદિરાદિને તાળાં લગાવવામાં આવે, તેથી તો ઉલટી ભક્તિ થાય છે, નહિ કે દોષ લાગે છે. વ્યક્તિને પોતાને મન જે વસ્તુ કિંમતી હોય છે, તેની સુરક્ષાનો શ્રેષ્ઠ પ્રબંધ તે કરે જ છે. તેમ સર્વ કાળના તત્ત્વજ્ઞી મહર્ષિઓએ જીવલોકને તરવાના અનન્ય સાધનરૂપ શ્રી જિન પ્રતિમાને સદા સુરક્ષિત રાખવાના શ્રેષ્ઠ પ્રબંધને

પણ શ્રી જિનભક્તિનો જ એક પ્રકાર કહ્યો છે અને તેના અપલાપને કર્મબંધનકારી અભક્તિ કહી છે. આ વાત કદાચ એકાએક ગળે ન ઉતરે, તો એટલું વિચારવું પર્યાપ્ત થઈ રહેશે કે- અત્યંત મૂલ્યવાન વસ્તુને રેઢિ મૂકાય ખરી ?

જો લૌકિક દૃષ્ટિએ મૂલ્યવાન એવા ઝવેરાતને પણ જો માણસો સલામત સ્થળોમાં રાખે છે, તેમજ તેના માટે રક્ષકો નીમે છે, તો પરમ તારક એવી શ્રી જિન પ્રતિમાની સુરક્ષાનો શ્રેષ્ઠ પ્રબંધ કરવો તે આરાધક માત્રનું શ્રેષ્ઠ ધર્મકાર્ય બની રહે છે.

**પ્રશ્ન ૩૪** – મૂર્તિમાં શું વીતરાગ પરમાત્માના ગુણો છે ?

**ઉત્તર** – એક અપેક્ષાએ છે અને એક અપેક્ષાએ નથી. પૂજક પુરુષ મૂર્તિમાં વીતરાગ ભાવનું આરોપણ કરીને પૂજા કરે છે, ત્યારે તે મૂર્તિ વીતરાગ સદૃશ બને છે અને શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ જેટલું જ ફળ આપે છે, એ અપેક્ષાએ શ્રી જિનમૂર્તિ, શ્રી જિનવર સમાન છે.

દુષ્ટ પરિણામવાળા પુરુષને મૂર્તિના દર્શનાદિથી કાંઇ ફાયદો થતો નથી, ઉલટું અશુભ પરિણામથી અશુભ કર્મનો બંધ થાય–એ અપેક્ષાએ મૂર્તિ, શ્રી વીતરાગ સદૃશ નથી, એમ કહેવું હોય તો કહી શકાય. પણ તેનામાં જીવને તારવાની જે શક્તિ છે, તે ચાલી જતી નથી.

સાકર મીઠી હોવા છતાં ગધેડા ને ભાવતી નથી, ઉલટું નુકસાન કરે છે. તેથી કાંઈ સાકરનો સ્વાદ નષ્ટ થઈ જતો નથી. તેમ શ્રી જિન મૂર્તિ પણ મિથ્યાદૃષ્ટિ જીવોને ન રૂચે, તો તેથી તેની મોક્ષદાયકતા ચાલી જતી નથી.

**પ્રશ્ન ૩૫** – મૂર્તિ જો જિનરાજ તુલ્ય છે, તો આ પાંચમા આરામાં શ્રી તીર્થંકર પરમાત્માનો વિરહ કેમ કહ્યો ?

**ઉત્તર** – ભરતક્ષેત્રમાં પાંચમા આરામાં શ્રી તીર્થંકર પરમાત્માનો વિરહ કહ્યો છે, તે ભાવ તીર્થંકર પરમાત્માને આશ્રયીને કહ્યો છે, સ્થાપના અરિહંતને આશ્રયીને નહિ. કોઈ ગામમાં સાધુ ન હોય પણ તેમની છબી હોય, તો પણ એમ કહેવાય છે કે, 'આ ગામમાં હાલ કોઇ સાધુ બિરાજતા નથી.' તો તે વિરહ ભાવ સાધુનો જ સમજાય

છે. કોઈ એમ નથી કહેતું -કે 'આં ગામમાં સાધુની છબિનો પણ વિરહ છે.'

**પ્રશ્ન ૩૬** – એક ક્ષેત્રમાં બે તીર્થંકરો એકઠા ન થાય, છતાં એક જ મંદિર–મકાનમાં અનેક મૂર્તિઓ કેમ રખાય છે ?

**ઉત્તર** – આ વિષય પણ સ્થાપના સંબંધી છે અને જે નિષેધ છે, તે ભાવથી અરિહંત સંબંધી છે. જેમ સર્વ તીર્થંકરો સિદ્ધિ ગતિને પ્રાપ્ત થાય છે, ત્યારે અનંતી ચોવીસીના તીર્થંકરો એક જ ક્ષેત્રે (દ્રવ્ય નિક્ષેપે) રહે છે, તેમ સ્થાપના નિક્ષેપે એક જ મંદિરમાં અધિક પ્રતિમાઓને રહેવામાં કાંઈ બાધ નથી.

સ્થાપનાને પણ એક સાથે રહેવામાં જો બાધ હોત, તો શ્રી જંબૂદ્વીપમાં સેંકડો પર્વતો, નદીઓ, દ્રહો વગેરે જુદે–જુદે સ્થળે આવેલ છે, તેનો એક જ નકશામાં સંગ્રહ કરી લોકોને કેમ સમજાવવામાં આવે છે ? સૂત્રોમાં સર્વ શ્રી તીર્થંકર દેવોના નામની સ્થાપના જેમ એક જ પાના પર કરવામાં આવે છે, નામ અરિહંત અને દ્રવ્ય અરિહંતને એકત્ર રહેવામાં જેમ કોઈ પણ જાતનો બાધ નથી, તેમ સ્થાપના અરિહંતને પણ એક જ મંદિર–મકાનમાં રહેવામાં બાધ નથી. જે બાધ છે, તે ભાવ અરિહંતને આશ્રયીને જણાવેલો છે.

ભક્તિના વિષયમાં બાધ તેમજ વાંધા–વચકા, જીવને મુક્તિ માર્ગથી દૂર હડસેલે છે, તે વાત સારી રીતે સમજનારા સહુ જ્યારે જે સામગ્રી પાસે હોય તેના વડે ભાવપૂર્વક પરમાત્માની મૂર્તિ વગેરેની ભકિત કરે છે.

**પ્રશ્ન ૩૭** – શું ગુરૂની છબી જોઇને શિષ્ય તથા પિતાની છબી જોઈને પુત્ર ઊભો થશે ? આદર આપશે ? સસરાની તસ્વીર જોઈ પુત્રવધૂ લાજ કાઢશે ? જો ના તો મૂર્તિને માનવાનો આગ્રહ શા માટે ?

**ઉત્તર** – શિષ્ય પોતાના ગુરૂની તથા પુત્ર પોતાના પિતાની તસ્વીરને માન અને આદર નહિ આપે, તો શું અપમાન કરશે ? અથવા કોઈ શત્રુ તે તસ્વીરોનાં મુખ કાજળ કે શાહીથી કાળાં કરવા માગશે તો તે કરવા દેશે ? તેને સહન કરશે ? અથવા તે તસ્વીરોને કાગળ તથા શાહીના માત્ર સંયોજનરૂપ સમજી, રસ્તામાં લોકોના પગ તળે આવે તે રીતે રઝળતી મૂકશે ? આવાં કાર્યો કોઇએ કર્યા નથી

અને કદાચ કરે, તો તે વિવેકીઓની દૃષ્ટિએ હાંસી પાત્ર કુશિષ્ય તેમજ કપૂત જ ગણાય. એ પ્રકારનું વર્તન સાક્ષાત્ પિતાનું અપમાન કર્યા તુલ્ય જ લેખાય. આથી ઉલટું તે તસ્વીરોને સારી ફ્રેઈમમાં મઢાવી, મેજ કે સિંહાસન પર ઊંચા સ્થાને સ્થાપન કરે અથવા દિવાલ પર ટાંગી સ્વચ્છતાથી રાખે, તો ગુરૂ કે પિતાનું બહુમાન કર્યું જ ગણાય છે. તથા તેને જોઈને પોતાના ગુરૂ કે પિતા યાદ આવ્યા સિવાય રહેતા નથી.

નાસ્તિક-આસ્તિક સર્વ જનોમાં આ વલણ પ્રચલિત છે. તે જ તેનાં મૂળ કેટલાં ઊંડાં છે તે પુરવાર કરે છે. તસ્વીર છબી વગેરે દરેક સમાજમાં યથાર્થ રીતે યોગ્ય સ્થાને રખાય છે, તે સર્વ વિદિત છે.

બીજી વાત :- શિષ્ય કે પુત્ર પોતાના ગુરૂ કે પિતાના નામનો આદર કરે કે નહિ? જો કરે, તો નામ કરતાં છબીથી તો વિશેષ સ્મૃતિ થઇ આવે છે, તો તેના વિનયાદિ તો વિશેષ કરવા જોઇએ.

જે વ્યક્તિને જેનું નામ ખરેખર ગમતું હોય, તેને તેની છબી જોતાં જ અધિક હર્ષ થાય એ નિયમ જગવિખ્યાત છે. વળી પુત્રવધૂ પોતાના સસરાની છબી જોઈને લાજ નહિ કાઢે-એ તર્ક પણ નકામો છે. જેમ છબી જોઇને લાજ નહિ કાઢે, તેમ નામ શ્રવણ કરતાં પણ લાજ કાઢશે નહિ. તો પછી પરમાત્માનું નામ પણ નિરર્થક સમજવું? ઉલટું સસરાની છબીથી - વહુએ સસરાને પ્રથમ નહિ જોએલ હોય, તો બોધ થશે કે, આ મારા સસરા છે! તેમ જેઓએ ભગવાનને નહિં જોયા હોય, તેઓને મૂર્તિથી ઓળખાણ થશે કે- આ મારા ભગવાન છે.

સસરાની ઓળખાણ થતાં વહુને લાજ કાઢવાની ગૂંચ કે શંકા રહેતી નથી, પણ લાજ કાઢવા નહિ કાઢવાનું કામ સુગમ થઈ જાય છે. સસરાને જોઈને તે તરત લાજ કાઢે છે અને બીજાઓને જોઇને તેવી લાજ કાઢતી નથી તેમ મૂર્તિ દ્વારા પ્રભુની પણ પિછાણ થતાં, અસેવ્યનો પરિત્યાગ કરવાનું તથા સેવ્યની સેવા-ભક્તિ કરવાનું કાર્ય સુગમ થઈ જાય છે અને કોઈ પણ જાતની ભ્રમ જાળમાં પડવાનું રહેતુ નથી. મૂર્તિનો એ પણ એક મહાન ઉપકાર છે.

**પ્રશ્ન ૩૮**- નિરંજન - નિરાકારની મૂર્તિ કેવી રીતે બની શકે ?

**ઉત્તર** - તમામ જાતના દેવ તથા શાસ્ત્રોના રચનાર નિરાકાર નથી થયા, પણ સાકાર જ થયા છે. દેહધારી સિવાય કોઈથી શાસ્ત્રો રચી શકાય જ નહિ કે મોક્ષ માર્ગ બતાવી શકાય જ નહિ. તમામ શાસ્ત્રો અક્ષર સ્વરૂપ છે. અક્ષરનો સમૂહ તાલુ, ઓષ્ઠ, કંઠ, દંત વગેરે સ્થાનેથી ઉત્પન્ન થાય છે અને તે સ્થાનો દેહધારીને જ હોય છે, તેથી તે દરેકની મૂર્તિ અવશ્ય હોઈ શકે છે.

મોક્ષે સિધાવ્યા પછી તેઓ અવશ્ય નિરાકાર હોય છે, તો પણ તેમને ઓળખાવવા માટે પણ મૂર્તિની આવશ્યકતા રહે છે. જેમ કે શાસ્ત્રના કહેનારા દેહધારીઓના મુખથી નીકળેલો અક્ષરોનો સમૂહ ખાસ કોઈ આકારનો હોતો નથી, છતાં તેનો આકાર કલ્પી શાસ્ત્રનાં પાનાઓ ઉપર દાખલ કરવામાં આવ્યો છે અને તો જ તેનો બોધ થાય છે. તે જ રીતે નિરાકાર એવા સિદ્ધ પરમાત્માનો આકાર પણ આ દુનિયામાં તેમનો જે છેલ્લો ભવ થયો, તે મુજબ કલ્પી મૂર્તિમાં ઉતારવામાં આવે છે. તેથી નિરાકાર એવા સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ પણ સમજી શકાય છે અને સાક્ષાત્ સિદ્ધની પેઠે તેનું ધ્યાન કરનારના સઘળા મનોરથો પણ પૂર્ણ થાય છે.

એવો એક નિયમ છે કે, કોઇપણ નિરાકાર વસ્તુને ઓળખાવવી હોય તો તેને સાકાર બનાવીને જ ઓળખાવી શકાય છે. એ માટે પ્રસિદ્ધ દૃષ્ટાન્ત સર્વ પ્રકારની લિપિઓનું છે.

પોતાના મનનો આશય બીજાને શબ્દો દ્વારા સ્પષ્ટપણે સમજાવી શકાય છે અને એ શબ્દો જે વર્ણના બનેલા છે, તે વર્ણને જુદા જુદા 'આકાર' આપવાથી જ, પોતાના અર્થોનું સ્પષ્ટ ભાન કરાવાય છે.

વર્ણોને **क, ख, ग, घ**, કે A, B, C, D આકારો ન આપવામાં આવે, અગર સર્વની આકૃતિ એક સરખી કરી દેવામાં આવે, તો કોઇને બોધ થઇ શકે ખરો કે ? નહિ જ. માટે નિરાકાર વસ્તુનો સ્પષ્ટ બોધ, તેને આકાર આપ્યા સિવાય કરી શકાતો જ નથી.

**પ્રશ્ન ૩૯** - આ કાળના બુદ્ધિમાન માણસો મૂર્તિને માનતા નથી. માત્ર જડ લોકો જ માને છે, એ વાત શું બરાબર છે ?

**ઉત્તર** - કોઈ પણ કાળના ખરેખર બુદ્ધિમાન પુરુષોને મૂર્તિને માન્યા સિવાય ચાલતું જ નથી. કોઇ પ્રત્યક્ષ રીતે માને છે, તો કોઇ

પરોક્ષ રીતે માને છે. પણ માને તો છે જ. સહુ પોતપોતાના મતના ઉપદેશકોને માને છે. તેઓ દેહધારી હોય છે, તેથી તેમને આકાર હોય જ છે. તેથી એ નક્કી થાય છે કે મૂર્તિને માત્ર જડ લોકો માને છે, એ વાત ખોટી છે. વળી યુરોપ, અમેરિકા, એશિયા અને આફ્રિકા વગેરે ભિન્ન ભિન્ન ખંડો અને તેમાં આવેલાં શહેરો, નદીઓ અને પર્વતો વગેરેની સમજણ આપવા માટે, દરેક મનુષ્યને તે-તે દેશના નકશાઓ વગેરેનું આલંબન લેવું જ પડે છે. વળી કોઇ પણ નવું ઘર, હાટ, હવેલી, દુકાન, મહેલ કે કિલ્લાઓ બનાવતાં પહેલાં, તેનો પ્લાન તૈયાર કરવો જ પડે છે, તે મૂર્તિ નથી, તો શું છે ?

પ્રત્યેક દેશના બુદ્ધિમાન માણસોને એ આકારોનો આશ્રય લેવો જ પડે છે, છતાં માત્ર દેવ મૂર્તિ બાબતમાં વાંધો ઉઠાવવામાં આવે છે, તેમાં મુખ્ય ભાગ બુદ્ધિની જડતા ભજવે છે.

આપણે જોઇ ગયા કે સઘળું યે જ્ઞાન નિરાકાર શ્રુત છે અને તે તેના અક્ષરોની આકૃતિથી જ મેળવી શકાય છે. પ્રત્યેક મતવાળાઓ શાસ્ત્ર તથા માળાને તો માને જ છે. શાસ્ત્ર-એ જેમ વચનની સ્થાપના છે તેમ માળા પણ પોતે માનેલી ઇષ્ટ વસ્તુઓની કે તેના ગુણની સ્થાપના જ છે. અન્યથા અમુક સંખ્યાના મણકાની જ માળા હોવી જોઇએ, એવો નિયમ ન હોઇ શકે.

હવે દરેક મતવાળા પોતાના ઇષ્ટ દેવને પૂજવા માટે કોઇને કોઇ પ્રકારના આકારને માને જ છે, એ વાત બીજી રીતે સ્પષ્ટ કરીએ.

ખ્રીસ્તીઓમાં રોમન કેથોલિકો ઈસુની મૂર્તિને માને છે. પ્રોટેસ્ટંટો ઈસુની યાદગીરી અને તેની પરની શ્રદ્ધા કાયમ ટકાવવા માટે ઈસુને અપાયેલી શૂળીનું નિશાન જે ક્રોસ (+) તેને હંમેશાં પોતાની પાસે રાખે છે. જ્ઞાનની સ્થાપના રૂપ બાઇબલનો આદર કરે છે. પોતાના પૂજ્ય પાદરીઓની છબીઓ રાખે છે તથા તેમનાં બાવલાં, પૂતળાં તથા કબરોને સારી રીતે માન આપે છે.

મુસલમાન લોકો નમાજ પઢતી વખતે પશ્ચિમમાં 'કાબા' તરફ મોં રાખે છે. શું ખુદા પશ્ચિમ સિવાય બીજી દિશાઓમાં નથી ? છે. તો પછી પશ્ચિમમાં મોં રાખવાની શી જરૂર ? 'કાબા'ની યાત્રા પશ્ચિમ દિશામાં છે, માટે પશ્ચિમ તરફ મોં રાખે છે. તે પણ ખુદાની સ્થાપના

જ માની ગણાય. મક્કા-મદીના હજ કરવા જાય છે અને ત્યાં રહેલાં કાળા પત્થરને લળી લળીને નમસ્કાર કરે છે, પ્રદક્ષિણા આપે છે અને તે તરફ દૃષ્ટિ સ્થિર રાખી નમાજ પઢે છે, તેની યાત્રા માટે હજારો રૂપિયા ખર્ચે છે, તે પત્થરને પાપનો નાશ કરનાર માની, તેનું ખૂબ સન્માન કરે છે

જો વગર ઘડેલો તે પત્થર પણ તેમના માટે ઈશ્વર તુલ્ય સન્માન કરવા યોગ્ય છે, અને તેનું સન્માન પાપ નાશક છે, તો પરમાત્માના સાક્ષાત્ સ્વરૂપની બોધક પ્રતિમા પરમાત્મા તુલ્ય કેમ નહિ ? અને તેથી તેનું સન્માન, તેનો આદર અને તેની ભક્તિ કરનારનાં પાપ કેમ નાશ ન પામે ?

શું પરમાત્મા દરેક સ્થાને નથી, કે જેથી, મક્કા-મદીના જવું પડે છે ? માટે કહો કે-મનને સ્થિર કરવા માટે મૂર્તિ સ્વરૂપે કે અન્ય સ્વરૂપે સ્થાપનાને માનવાની આવશ્યકતા રહે જ છે. વળી મુસ્લિમો તાબૂત બનાવે છે, તે પણ બૂતની સ્થાપના જ છે. આ બૂત પરસ્તીની નિશાની જ છે. તાબૂતને લોબાનનો ધૂપ તથા પુષ્પના હાર વગેરે ચઢાવી, સારી રીતે આદર આપે છે.

શુક્રવારને શુભ દિવસ ગણી મસ્જિદમાં તથા ઈદના દિવસે મોટી મસ્જિદમાં જઈને નમાજ પઢે છે. તે મસ્જિદો પણ સ્થાપના જ છે.

કુરાને શરીફને ખુદાનાં વચનો સમજી માથે ચઢાવે છે, તે પણ સ્થાપના જ છે.

ઓલિયા, ફકીર, મીરાં સાહેબ, ખ્વાજા સાહેબ વગેરેની દરગાહોની યાત્રાઓ કરે છે અને ત્યાં રહેલી કબરો પર ફૂલહાર વગેરે ચઢાવી વંદન પૂજન આદિ કરે છે, તો તે પણ સ્થાપના-સન્માન નથી તો બીજું શું છે ?

મસ્જિદો તથા મક્કા-મદીનાની છબીઓ પડાવીને પોતાની પાસે રાખે છે, તે પણ સ્થાપના જ છે.

આ રીતે ઘણા પ્રકારે મુસ્લિમો પણ પોતે માનેલ પૂજ્ય વસ્તુઓની મૂર્તિ (આકાર) ને એકસરખું માન આપે છે.

પારસી ભાઈઓ અગ્નિને માને છે અને એ પણ એક પ્રકારની સ્વ-ઇષ્ટ દેવની સ્થાપના જ છે.

નાનક પંથીઓ ગુરૂ નાનક પછી તેમની પાટ પર જેટલા ગાદીપતિઓ થયા, તે બધાંઓએ બનાવેલાં પુસ્તકોને પરમેશ્વર તુલ્ય માની ભક્તિ કરે છે. ગ્રન્થની પધરામણી વખતે મોટી મોટી સવારીઓ કાઢે છે. તેને સુશોભિત મકાનમાં ઊંચે આસને પધરાવી, તેની સન્મુખ નાટયારંભ ઈત્યાદિ કરે છે. અને તેના અહર્નિશ ગુણગાન ગાય છે. આમ નાનક-પંથીઓ પણ સ્થાપનાને માને જ છે કારણ કે પુસ્તકો, એ પણ અક્ષરોની સ્થાપના જ છે.

કબીરપંથીઓ કબીરની ગાદીને પૂજે છે. કેટલાક તેમની પાદુકાઓને પૂજે છે અને બધા જ તેમનાં બનાવેલાં પુસ્તકોને મસ્તકે ચઢાવે છે.

દાદુપંથીઓ દાદુજીની સ્થાપના તથા તેમની વાણીરૂપ ગ્રન્થને પૂજે છે, દેરીઓ બંધાવી તેમાં ગુરૂનાં ચરણો પધરાવે છે અને પૂજે છે.

વેદમાં પણ મૂર્તિ પૂજાના સંખ્યાબંધ પાઠો છે છતાં આર્ય-સમાજીઓ મૂર્તિનું ખંડન કરે છે, તે જરા પણ યોગ્ય નથી. તેઓના સ્વામી દયાનંદ શરીરધારી (મૂર્તિમય) હતા. વેદ શાસ્ત્રના અક્ષરોરૂપ શાસ્ત્રોને માનતા હતા તથા પોતે બનાવેલાં સત્યાર્થ પ્રકાશ વગેરે પુસ્તકોમાં પોતાની વાણીની આકૃતિઓ દ્વારા જ બોધ કરતા અને કરાવતા હતા. એ આકૃતિઓનો આશ્રય લીધો ન હોત, તો પોતાનો મત જ શી રીતે સ્થાપી શકત ?

જે મૂર્તિ યા આકૃતિનો આશ્રય લઈ પોતાનું કાર્ય સાધ્યું તે મૂર્તિનો જ અનાદર કરવો એ બુદ્ધિમાનને છાજતું કામ તો ન જ ગણાય.

મત–મમત્વમાં તણાઈને કરવા જેવા સત્ કાર્યથી મોં ફેરવવું તેમાં બુદ્ધિની સાર્થકતા નથી. આ રીતે દરેક પંથના અનુયાયીઓ પોતપોતાને પૂજનીય વસ્તુના આકારને કોઈને કોઇ રીતે પૂજે જ છે. તેથી મૂર્તિપૂજા આબાલ પંડિત સર્વ કોઈને માન્ય છે.

કોઈ પણ દેહધારી સાકારની પૂજા કર્યા સિવાય રહી શકતો જ નથી. ભલે પછી તે આકારનો પ્રકાર ગમે તેવો હોય. તો પછી સાક્ષાત્ શ્રી

જિનેશ્વર દેવની પૂર્ણ ગુણમયતાનું દર્શન કરાવીને દિલમાં દેવભક્તિની ગંગા વહેવડાવનારી શ્રી જિન પ્રતિમાની જ સીધેસીધી ભક્તિ કરવામાં આનાકાની શાને ?

તેમ છતાં આવા જીવોને પણ જીવનમાં કોઈને કોઈ આલંબન તો લેવું જ પડે છે. ડૂબતો તણખલાને બાઝે તેવાં આ આલંબનો ગણાય છે. તો પછી સાક્ષાત્ જહાજરૂપી શ્રી જિન મૂર્તિનું પુષ્ટ આલંબન ગ્રહણ કરીને ભવ સાગર તરી જનારા મહાત્માઓને શા માટે ન અનુસરવું ?

વિવેકી માત્રને આ વાત સ્વીકાર્ય છે, તે એમ સૂચવે છે કે, મૂર્તિપૂજા-એ અમૂર્ત આત્માને અપનાવવાનો ઉત્કૃષ્ટ માર્ગ છે.

પ્રશ્ન ૪૦-ગુરૂ સાક્ષાત્ ઉપદેશ આપે છે, તેમ મૂર્તિ કદી ઉપદેશ આપતી નથી કે આપવાની નથી. તો પછી સાક્ષાત્ ગુરૂને છોડી જડ મૂર્તિની ઉપાસના કરવાથી શો લાભ ?

ઉત્તર-સૌથી પહેલાં એ સમજવું જોઇએ કે, ગુરૂઓ પણ ઉપદેશ કોને આપી શકે છે ? જેઓ શૂન્ય હૃદયવાળા છે, તેઓને ગુરૂઓ પણ ઉપદેશ શી રીતે આપવાના ? ગુરૂનો ઉપદેશ સમજવા માટે જેમ પહેલાં શાસ્ત્રાભ્યાસ કરવો પડે છે. તથા સમજવાની શક્તિ પ્રાપ્ત કરવી પડે છે અને પછી જ તે ઉપદેશનો મર્મ બરાબર સમજાય છે, તેમ મૂર્તિપૂજા માટે પણ જેની મૂર્તિ પૂજવી છે, તેના ગુણોનું સ્વરૂપ સમજી પછી તેની પૂજા કરવામાં આવે તો લાભ કેમ ન થાય ? અવશ્ય થાય. વળી-'ગુરૂઓ ઉપદેશ આપે છે અને મૂર્તિ ઉપદેશ આપતી નથી' -એ કારણે જ જો ગુરૂઓ પૂજનીય હોય અને મૂર્તિ પૂજનીય ન હોય, તો સ્વર્ગસ્થ ગુરૂઓ બધા જ અપૂજનીય બનવાના કારણકે શું તેઓ ઉપદેશ આપે છે ? નહિ. તો પછી તેમને પણ હાથ જોડવા કે નમસ્કારાદિ કરવા છોડી દેવા પડશે.

માટે સદુપદેશાદિ કરે તે તો ઉત્તમ છે જ પરંતુ જેઓ સર્વથા કૃતકૃત્ય બની તે કાર્યથી વિરામ પામ્યા છે, તેઓ તો તેનાથી પણ ઉત્તમ છે-એમ માનવું જ જોઈએ.

મૌન એ વાણીનો સર્વોચ્ચ પ્રકાર છે તેમ પ્રગટપણે ઉપદેશ નહિ આપતી મૂર્તિ પોતાના મૂર્તિમંત સ્વરૂપ દ્વારા સેંકડો ઉપદેશકોનું

મહાન ઉપદેશ કાર્ય કરે છે, એ હકીકતનો જાત અનુભવ મૂર્તિને ભક્તની આંખે જોનાર-પૂજનાર-સ્તવનાર મહાનુભાવોને થયો છે, તેમજ થાય છે. માટે 'મૂર્તિ પ્રગટપણે ઉપદેશ આપતી નથી એટલે પૂજનીય નહિ. એ વાત યથાર્થ સમજ વગરની છે.

ઉપદેશાદિ આપીને સર્વથા કૃત કૃત્ય બનેલા સિદ્ધ ભગવંતોની મૂર્તિ તો ઉપદેશ આપનારા ગુરૂઓથી પણ વિશેષ પૂજનીય છે, કારણ કે ગુરૂઓ પણ તેઓશ્રીનું આલંબન લેવાથી જ ગુરૂ બની શકયા છે. તે સિદ્ધ ભગવંતોની પૂજા કરવાની જેઓ 'ના' પાડે છે, તેઓને શાસ્ત્રકારોએ 'મહાકૃતઘ્ની' કહ્યા છે.

જેઓશ્રીની પ્રગટ-અપ્રગટ ઉપકારોની કોઇ સીમા નથી, તે સિદ્ધ ભગવંતોની મૂર્તિની પૂજા-ભક્તિ કરવાનો મળેલ ધન્યાતિધન્ય અવસર સફળ કરવો એ જ કર્તવ્ય છે.

પ્રભાતે સારા માણસનું મોં જોનારનો આખો દિવસ 'સારો' જાય છે તો પછી પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરનારનો આખો ભવ સુધરી જાય તેમાં કોઈ શંકા નથી.

જિનપ્રતિમામાં શ્રી જિનેશ્વર દેવનું દર્શન કરનારની દૃષ્ટિમાં અખૂટ આત્મસ્નેહ અંજાય છે. મનમાં સર્વના મંગળની શુભ ભાવના છલકાય છે. પ્રાણોમાં અપૂર્વ હર્ષ ઉભરાય છે.

## પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૪૧ થી ૪૩

# ૧૬

- □ ગણુરો માન્ય, તીર્થંકરો અમાન્ય?
- □ આગમો ૩૨ કે ૪૫?
- □ આગમોમાં ઠેર-ઠેર પ્રતિમાની પૂજનીયતાના પુરાવા.

**પ્રશ્ન ૪૧**- કેટલાક કહે છે કે, માત્ર મૂળ સૂત્રને માનવાં જોઈએ ટીકા વગેરે પાછળથી થયેલ છે માટે તેને નહિ માનવાં જોઇએ. તો તેમાં તથ્ય શું છે?

ઉત્તર-મૂળ સૂત્રોમાં કહ્યું છે કે-**गणहरा गथंति अरिहा भासइ।** અર્થાત્ શ્રી ગણધર ભગવંતો સૂત્રને ગૂંથે છે અને શ્રી અરિહંત ભગવંતો અર્થને કહે છે. કેવળ મૂળ સૂત્રોને માનવાનું કહેનાર, છદ્મસ્થ એવા ગણધર ભગવંતોનું વચન માનવાનું કહે છે અને કેવળ જ્ઞાનીઓએ કહેલા અર્થ જેમાં ભરેલા છે એવાં ટીકા, ચૂર્ણિ, ભાષ્ય અને નિર્યુક્તિ વગેરે શાસ્ત્રોને માનવાની ના પાડે છે. તેનાથી વધુ મોટી આશ્ચર્યજનક બીજી કઈ ઘટના હોઇ શકે? છદ્મસ્થ ગણધરોનુ કહેલું માનવું અને કેવળ-જ્ઞાની ભગવાનનું કહેલું ન માનવું, એ શું વ્યાજબી છે? એ કારણે શાસ્ત્રોમાં ઠેર-ઠેર નિર્યુક્તિ આદિને માનવા માટે ઉપદેશ આપ્યો છે, કહ્યું છે કે-

**"सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्तिमीसिओ भणिओ।**
**तइयो य निरवसेसो, एस विही होइ अणुओगो॥"**

અર્થાત્-અનુયોગ એટલે વ્યાખ્યાનના ત્રણ પ્રકાર છે. સૌથી પહેલાં કેવળ સૂત્ર અને તેનો અર્થ, બીજો અનુયોગ નિર્યુક્તિથી મિશ્ર અને ત્રીજો ભાષ્યચૂર્ણિ આદિ સમસ્ત. એ રીતે 'અનુયોગ' એટલે અર્થ કહેવાનો વિધિ ત્રણ પ્રકારનો છે.

સૂત્ર તો માત્ર સૂચનારૂપ હોય છે, તેનો વિસ્તૃત ખુલાસો તો પંચાંગીથી જ મળી આવે છે. જેઓ પંચાંગીને માનવાની ના પાડે છે, તેઓ પણ ગુપ્તપણે ટીકાઓ વગેરે દેખે છે, ત્યારે જ તેમને અર્થનો પત્તો લાગે છે. વળી શાસ્રો કહે છે કે, 'દશ પૂર્વધરનાં વચનો સૂત્ર તુલ્ય હોય છે.

નિર્યુક્તિઓના રચનારા શ્રી **ભદ્રબાહુસ્વામીજી** ચૌદ પૂર્વધર છે.

ભાષ્યકાર **શ્રી ઉમાસ્વાતિજી** વાચક પાંચસો પ્રકરણોના રચનારા દશ પૂર્વધર છે.,

**શ્રીજિનભદ્રગણિ** ક્ષમાશ્રમણ પણ પૂર્વધર છે. તેથી તે સર્વનાં વચનો સર્વ પ્રકારે માનવા લાયક છે. ચૂર્ણિકારો પણ પૂર્વધર છે. ટીકાકાર શ્રી **હરિભદ્ર સૂરીશ્વરજી** મહારાજા તથા શ્રી **અભયદેવસૂરિજી** મહારાજા આદિ પણ ભવભીરૂ, બુદ્ધિ નિધાન અને દેવ સાન્નિધ્યવાળા છે, તેથી તેમનાં વચનોને પ્રમાણભૂત ન માનવા એ પણ ભયંકર અપરાધ છે.

પ્રત્યેક ભવભીરૂ આત્માની ફરજ છે કે-આ પ્રામાણિક મહા પુરુષોના એક પણ વચન પ્રત્યે અજ્ઞાનતાથી પણ દુર્ભાવ ન જાગી જાય તેની સંપૂર્ણ કાળજી રાખવી.

અનંતજ્ઞાની ભગવંતોના પ્રત્યેક વચનને પૂરા વફાદાર રહેનારા તેમજ હર હાલતમાં તે વફાદારીને દીપાવનારા એ પ્રામાણિક પુરુષોના પ્રત્યેક વચનમાં રહેલી કર્મવિનાશક તેમજ શાતા પ્રદાયક શક્તિનો પૂરો લાભ તે વચનને ત્રિવિધે અંગીકાર કરનારને મળે જ છે, તેમાં કોઇ સંશય નથી.

**પ્રશ્ન ૪૨**- આગમો પીસ્તાળીસ કહેવાય છે, છતાં કેટલાક બત્રીસ જ માને છે, તો તે વ્યાજબી છે ?

**ઉત્તર**- નહિ જ. બત્રીસ આગમો માનનારા પણ શ્રી નંદિસૂત્રને માને છે, જેમાં તમામ સૂત્રોની નોંધ આપી છે. તેમાં ગણાવેલા અનેક સૂત્રામાંથી માત્ર બત્રીસ જ માનવા અને બીજાને નહિ માનવાં એનું શું કારણ ?

બત્રીસ સિવાયનાં બીજાં નવા લખાએલાં છે, એમ કહેનારને પૂછવું પડે કે એ બત્રીસ પણ નવાં નથી લખાયેલાં એનું પ્રમાણ શું છે ? જો પરંપરા પ્રમાણ છે, તો એ જ પ્રામાણિક પરંપરાના આધારે બીજાં સૂત્રોને પણ માનવાં જોઇએ. વળી બત્રીસ સૂત્રો માનનારને એ બત્રીસમાં નહિ કહેલી એવી પણ બીજી ઘણી વાતો માનવી પડે છે. **વીસવિહરમાનના અધિકાર, ધન્નાશાલિભદ્ર ચરિત્ર, નેમ રાજૂલના ભવ, રામાયણ** વગેરે ઘણી વસ્તુઓ બત્રીસ આગમોમાં નથી, છતાં તેઓને માનવી પડે છે.

બત્રીસ સિવાયનાં બીજાં સૂત્રો **અરસ-પરસ** મળતાં નથી, માટે માનતા નથી-એમ કહેનારને તો બત્રીસમાં પણ ઘણે સ્થળે વિરોધ દેખાય છે, તેનું કેમ ? એ વિરોધ નિર્યુક્તિ, ભાષ્ય અને ટીકાદિને માન્યા સિવાય ટળી શકતો જ નથી. કેટલાંક વચનો ઉત્સર્ગનાં હોય છે, કેટલાંક અપવાદનાં હોય છે, કેટલાંક વિધિ વાક્યો હોય છે અને કેટલાંક અપેક્ષા વાક્યો હોય છે. વળી કેટલાક પાઠાંતરો હોય છે, કેટલાંક ભય સૂત્રો હોય છે અને કેટલાંક વર્ણનસૂત્રો હોય છે. તેના ગંભીર આશયને સમુદ્ર સમાન બુદ્ધિના સ્વામી એવા ટીકાકારો વગેરે જ સમજી શકે, બીજાઓને એ વિષયનો સ્પર્શ પણ ન હોય.

આ હકીકતને લક્ષ્યમાં લઇને શ્રી જિનવાણીના અંગભૂત પીસ્તાળીસ આગમોને તેમજ પૂર્વધર ભગવંત રચિત પંચાંગી આદિને પૂરી શ્રદ્ધાથી સ્વીકારવા તે શ્રી જિનેશ્વરદેવના અનુયાયી માત્રની પવિત્ર પ્રથમ ફરજ છે. આ પડતા કાળમાં માર્ગભ્રષ્ટ થતાં બચવાનો આ ઉત્તમ ઉપાય છે,

**પ્રશ્ન ૪૩ શ્રી જિનપ્રતિમા સંબંધી ઉલ્લેખો કયા કયા સૂત્રમાં છે ?**

ઉત્તર-સૂત્રામાં સેંકડો ઉલ્લેખો શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના મળી આવે છે, એ નીચે ક્રમશઃ જોઈ એ.

(૧)

## શ્રી મહાકલ્પસૂત્રમાંનો પાઠ

**"से भयवं तहारूवे समणे वा माहणे वा चेइय घरे गच्छेज्जा ? हंता ! गोयमा ! दिणे दिणे गच्छेज्जा । से भयवं जत्थ दिणे न गच्छेज्जा तओ किं पायच्छित्तं हवेज्जा ? गोयमा! पमायं पडुच्च तहारुवे**

समणे वा माहणे वा जो जिणधरं न गच्छेज्जा तओ छट्ठ अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा । से भयवं समणोवासगस्स पोसहसालाए पोसहिए पोसहबंभयारी किं जिणहरं गच्छेज्जा ? हंता ! गोयमा ! गच्छेज्जा । से भयवं केणट्ठेणं गच्छेज्जा ! गोयमा ! णाणदंसणचरणट्ठाए गच्छेज्जा । जे केइ पोषहबंभयारी जओ जिणहरे न गच्छेज्जा तओ पायच्छित्तं हवेज्जा ? गोयमा ! जहा साहू तहा भाणियव्वं छट्ठं अहवा दुवालसमं पायच्छित्तं हवेज्जा ।"

ભાવાર્થ :- શ્રી ગૌતમ સ્વામી પૂછે છે-"હે ભગવન્ ! તથારૂપ શ્રમણ અથવા માહણુ તપસ્વી ચૈત્યઘર અર્થાત્ જિનમંદિરે જાય ?" ભગવાન કહે છે "હા, ગૌતમ ! હંમેશાં નિત્ય પ્રતિ જાય.' ગૌતમ-"હે ભગવન્ ! જો નિત્યપ્રતિ નહિ જાય તો પ્રાયશ્ચિત આવે ?" ભગવંત-"હા ગૌતમ ! પ્રાયશ્ચિત્ત આવે." ગૌ. "હે ભગવન્ ! શું પ્રાયશ્ચિત્ત આવે ?" ભ. "હે ગૌતમ ! પ્રમાદને વશે કરી તથારૂપ શ્રમણુ અથવા માહણુ જો જિનમંદિરે ન જાય તો છઠ (બે ઉપવાસ) નું પ્રાયશ્ચિત આવે અથવા પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત હોય." ગૌ. "હે ભગવન્ ! શા વાસ્તે જિન મંદિર જાય ?" ભ. "હે ગૌતમ ! જ્ઞાન, દર્શન અને ચારિત્રની રક્ષા વાસ્તે જાય." ગૌ. "હે ભગવન્ ! જે કોઈ શ્રમણોપાસક શ્રાવક પૌષધશાળામાં રહ્યો થકો પૌષધ બ્રહ્મચારી જો જિનમંદિરે ન જાય તો પ્રાયશ્ચિત આવે ?" ભ. "હા ગૌતમ ! પ્રાયશ્ચિત આવે ! હે ગૌતમ ! જેમ સાધુને પ્રાયશ્ચિત, તેમ શ્રાવકને પ્રાયશ્ચિત જાણવું. તે પ્રાયશ્ચિત છઠ અથવા પાંચ ઉપવાસનું હોય.

## (૨)
## શ્રી મહાકલ્પસૂત્રમાંનો પાઠ.

"तेणं कालेणं तेणं समपणं जाव तुंगीयाप नयरीप बहवे समणोवासगा परिवसंति, संखे, मयगे, सिलप्पवाले, रिसिदत्ते, दमगे, पुक्खली, निबद्धे, सुपइट्ठे, भाणुदत्ते, सोमिले, नरवम्मे, आणंदकामदेवा इणो जे अन्नत्थ गामे परिवसंति इड्ढा दित्ता विच्छिन्नविपुलवाहणा-जाव लद्धट्ठा गहियट्ठा चाउद्दसट्ठमुदिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं पालेमाणा निग्गंथाण य निग्गंथीण फासुपणं पसणिज्जेणं असणं पाणं खाइमं साइमं जाव पडिलामेमाणा चेइयालपसु तिसंज्झं चंदण

पुप्फधूववत्थाइहिं अच्चणं कुणमाणा जाव विहरंति से तेणट्ठेणं गोयमा ? जो जिणपडिमं न पूयइ सो मिच्छदिट्ठी जाणियव्वो, मिच्छदिट्ठिस्स नाणं न हवइ, चरणं न हवइ, मुक्खं न हवइ; सम्मदिट्ठिस्स नाणं, चरणं मुक्खं च हवइ, से तेणट्ठेण गोयमा ? सम्मदिट्ठिसड्ढेहिं जिणपडिमाणं सुगंध पुप्फचंदणविलेवणेहिं पूया कायव्वा।'

ભાવાર્થ:-તે કાળે તે સમયે તુંગીયા નગરીમાં ઘણા શ્રાવકો વસે છે. ૧ શંખ, ૨ શતક, ૩ સિલપ્પવાલ, ૪ ઋષિદત્ત, ૫ દ્રમક. ૬, પુષ્કલી ૭ નિબદ્ધ ૮ ભાનુદત્ત ૯ સુપ્રતિષ્ઠિત, ૧૦ સોમિલ, ૧૧ નરવર્મ ૧૨. આણંદ અને ૧૩ કામદેવ પ્રમુખ જેઓ બીજા ગામમાં રહે છે. ધનવાન, તેજવાન, વિસ્તીર્ણ બલવાન છે : ઘણા પ્રાપ્ત કર્યા છે સૂત્રનાં અર્થ તથા ગ્રહણ કીધા છે સૂત્રના અર્થ જેમણે એવા તેઓ ચૌદશ, આઠમ, અમાવાસ, પૂનમની તિથિઓનાં દિવસે પ્રતિપૂર્ણ પોસહ પાલતા થકા સાધુ સાધ્વીને પ્રાસુક અને એષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદિમ યાવત પ્રતિલાભતાં થકા વિચરે છે. જિનમંદિરોને વિષે જિનપ્રતિમાને ત્રિકાલ ચંદન, પુષ્પ વસ્ત્રાદિકે કરીને પૂજા કરતાં થકાં યાવત્ વિચરે. હે ગૌતમ ! જિનપ્રતિમાને પૂજે તે સમ્યગ્ દૃષ્ટિ, ન પૂજે તે મિથ્યાદૃષ્ટિ. મિથ્યાદૃષ્ટિને જ્ઞાન ન હોય, ચારિત્ર તથા મોક્ષ ન હોય. સમ્યગ્ દૃષ્ટિને જ્ઞાન, ચારિત્ર તથા મોક્ષ હોય છે. તે કારણથી હે ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિએ જિનમંદિરમાં જિનપ્રતિમાની ચંદન, પુષ્પ, વસ્ત્રાદિએ કરી પૂજા કરવી જોઇએ (શ્રી નંદીસૂત્રમાં આ મહાકલ્પ સૂત્રની નોંધ આપેલી હોવાથી માનવા લાયક છે. છતાં ન માને તેને નંદીસૂત્રની આજ્ઞા ભંગનો દોષ લાગે.)

(૩)

શ્રી ભગવતીસૂત્રમાં તુંગીયા નગરીના અધિકારે કહ્યું છે કે-
"ण्हाया कय बलिकम्मा।"
અર્થ -'સ્નાન કરી, દેવ પૂજા કરી.'

(૪)

શ્રી ઉવવાઇ સૂત્રમાં ચંપાનગરીના વર્ણનમાં કહ્યું છે કે -
" बहुलाइं अरिहंतचेइयाइं ।"
અર્થ :-"ઘણાં અરિહંતના જિનમંદિરો છે."

તથા બાકીની નગરીઓના વર્ણનમાં શ્રી જિનમંદિર સબંધી ચંપા નગરીની ભલામણ કરી છે. તેથી સાબિત થાય છે કે, આગળના વખતમાં ચંપાનગરીની જેમ બીજા શહેરોમાં પણ ગલીએ ગલીએ દહેરાસરો હતાં.

(૫)

શ્રી ભગવતીસૂત્રમાં જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓએ શ્રી જિનપ્રતિમા વાંદ્યાનો અધિકાર વીશમા શતકને નવમે ઉદ્દેશે કહ્યો છે:

**'नंदीसरदीवे समोसरणं करेइ, करेइत्ता तहिं**

**चेइयाइं वंदइ, वंदइत्ता इहमागच्छइ, इहमागच्छइत्ता, इह चेइयाइं वंदइ ।**

ભાવાર્થ : (જંઘાચારણ વિદ્યાચારણ મુનિઓ) શ્રી નંદીશ્વર દ્વીપમાં સમવસરણ કરે છે, કરીને ત્યાંના શાશ્વતાં ચૈત્યો (જિનમંદિરો)ને વાંદે છે, વાંદીને અહીં ભરતક્ષેત્રમાં આવે છે અને આવીને અહીંના ચૈત્યો (અશાશ્વતી પ્રતિમાઓ) ને વાંદે છે.

(૬)

શ્રી ભગવતી સૂત્રમાં ચમરેંદ્રને અધિકારે ત્રણ શરણાં કહ્યાં છે તે નીચે પ્રમાણે –

**अरिहंते वा अरिहंतचेइयाणि वा भाविअप्पणो अणगारस्स ।'**

ભાવાર્થ : (૧) શ્રી અરિહંત દેવ (૨) શ્રી અરિહંતદેવનાં ચૈત્ય (પ્રતિમા) અને (૩) ભાવિત છે આત્મા જેનો એવા સાધુનું–એ ત્રણ શરણાં જાણવા

(૭)

શ્રી આચારાગના પ્રથમ ઉપાંગ શ્રી ઉવવાઇ સૂત્રમાં અંબડ શ્રાવકે તથા તેમના સાતસો શિષ્યોએ અન્ય દેવ–ગુરૂને વંદનનો નિષેધ કરી શ્રી જિનપ્રતિમા તથા શુદ્ધ ગુરૂને નમસ્કાર કરવાનો નિયમ કર્યો છે, તે સૂત્રપાઠ નીચે પ્રમાણે છે.

**अंबडस्स परिवायगस्स नो कप्पइ अन्नउत्थिए वा अन्नउत्थियदेवयाइं वा अन्नउत्थिअपरिग्गहिआइ अरिहंत चेइयाइं वा वंदित्तए वा नमंसित्तए वा नन्नत्थ अरिहंते वा अरिहंतचेइआइं वा ।"**

ભાવાર્થ : અંબડ સંન્યાસીને ન કલ્પે. અન્ય તીર્થી પ્રત્યે અથવા અન્ય તીર્થીના દેવ પ્રત્યે અથવા અન્ય તીર્થીએ ગ્રહણ કર્યા હોય એવા અરિહંતના ચૈત્ય (પ્રતિમા) પ્રત્યે (શ્રી જિનપ્રતિમાને અન્ય દર્શનીએ પોતાના દેવ તરીકે માની હોય, તે અત્રે સમજવી) વંદના, સ્તવના, નમસ્કાર કરવા ન કલ્પે, પરંતુ અરિહંત અથવા અરિહંતની પ્રતિમાને નમસ્કાર કરવા કલ્પે.

(૮)

છઠા અંગ શ્રી જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદી શ્રાવિકાએ સત્તર ભેદે દ્રવ્ય તથા ભાવપૂજામાં "**नमोत्थुणं अरिहंताणं**" કહ્યાનો પાઠ આ રીતે છે:-

**तपणं सा दोवई रायवरकन्ना जेणेव मज्जणघरे तेणेव उवागच्छई मज्जणघरं अणुप्पविसइ ण्हाया कयबलिकम्मा कयकोउयमंगलपायच्छित्ता सुद्धप्पावेसाइं वत्थाइं परिहिया मज्जणघराओ पडिणिक्खमइ, जेणेव जिणघरे तेणेव उवागच्छइ उवागच्छइत्ता जिणघरं अणुप्पविसइ अणुप्पविसइत्ता आलोए जिणपडिमाण पणामं करेइ लोमहत्थयं परामुसइ एवं जहा सूरियाभो जिणपडिमाओ अच्चेइ तहेवं भाणिअव्व जाव धूवं डहइ धूवं डहइत्ता वामं जाणुं अंचेइ, अंचेइत्ता दाहिणं जाणुं धरणितलंसि निवेसेइ तिखुत्तो मुद्धाणं धरणितलंसि ईसीं पच्चुण्णमइ पच्चुण्णमइत्ता करयल जाव कट्टु एवं वयासी नमोत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं वंदइ णमइ जाव जिणघराओ पडिणिक्खमइ "**

ભાવાર્થ : ત્યારપછી તે દ્રૌપદી નામની રાજકન્યા, જ્યાં સ્નાન મજ્જન કરવાનું ઘર છે, ત્યાં આવે, આવીને મજ્જન ઘરમાં પ્રવેશ કરે. પ્રવેશ કરીને પ્રથમ નાહી પછી બલીકર્મ અર્થાત્ ઘર દહેરાસરની પૂજા કરીને મનની શુદ્ધિ માટે જેણીએ કૌતુકમંગલ કર્યા છે એવી રાજવર કન્યા દ્રૌપદી શુદ્ધ, દોષરહિત, પૂજન યોગ્ય, મોટા જિનમંદિરમાં જવા યોગ્ય પ્રધાન વસ્ત્ર પહેરી મજ્જન ઘરમાંથી નીકળે. નીકળીને જ્યાં જિનમંદિર છે ત્યાં આવે. આવીને જિન ઘરમાં પ્રવેશ કરે. પ્રવેશ કરીને મોરપીંછી વડે પ્રમાર્જન કરે પછી સર્વ વિધિ જેમ સૂર્યાભ દેવે પ્રતિમાપૂજી તે પ્રમાણે સત્તર ભેદે પૂજા કરે. ધૂપ ઉવેખે. ધૂપ કરીને ડાબો ઢીંચણ ઊંચો રાખે, જમણો ઢીંચણ જમીન પર સ્થાપન કરે. ત્રણવાર

મસ્તક પૃથ્વી પર નૂમાવે પછી થોડે નીચે નમીને હાથ જોડી દશ નખ ભેગા કરી, મસ્તક પર અંજલિ કરી એમ કહે 'નમસ્કાર થાઓ અરિહંત ભગવાન પ્રત્યે યાવત સિદ્ધિગતિને પામ્યા છે. ત્યાં સુધી અર્થાત સંપુર્ણ શકસ્તવ બોલે. વંદન-નમસ્કાર કર્યા પછી દહેરાસરમાંથી બહાર નીકળે.

(પ્રથમમાં દ્રૌપદીએ ઘર દહેરાસરની પુજા કરી છે. ત્યાર પછી ઉમદા વસ્ત્રો પહેરી દહેરાસર ગઈ છે. જેમ હાલમાં પણ ઘણા શ્રાવકો કરે છે.)

શ્રી ઉપાસક દશાંગ સુત્રમાં આનંદ શ્રાવકે જિનપ્રતિમા વાંદ્યાનો પાઠ છે, તે નીચે પ્રમાણે-

**नो खलु मे भंते ! कप्पइ अज्जप्पभिई अन्नउत्थिए वा, अन्नउत्थियदेवयाणि वा अन्नउत्थिय परिग्गहियाणि अरिहंतचेइयाणि वा वंदित्तए वा नमंसित्तए वा''**

ભાવાર્થ : હે ભગવન્ ! મારે આજથી લઈને અન્યતીર્થી (ચરકાદિ), અન્યતીર્થીના દેવ (હરિહરાદિ) તથા અન્યતીર્થીએ ગ્રહણ કરેલાં અરિહંતનાં ચૈત્ય જિન-પ્રતિમા તેમને વંદન નમસ્કાર કરવા ન કલ્પે.

અન્ય દેવ તથા ગુરૂનો નિષેધ થતાં જૈન ધર્મના દેવ-ગુરૂ સ્વયમેવ વંદનીય ઠરે છે, છતાં કોઈ કુતર્ક કરે તો તેને પૂછવાનું કે 'આનંદ શ્રાવકે અન્ય દેવને ચારે નિક્ષેપે વંદના ત્યાગી કે માત્ર ભાવ નિક્ષેપે ?'

જો કહેશો કે, અન્ય દેવના ચાર નિક્ષેપોનો નિષેધ કર્યો છે, ત્યારે તો સ્વતઃ સિદ્ધ થયું કે અરિહંતદેવના ચારે નિક્ષેપા તેને વંદનીય છે. જો અન્ય દેવના ભાવ નિક્ષેપાનો જ નિષેધ કર્યાનું કહેશો, તો તે દેવના બાકીના ત્રણે નિક્ષેપા આનંદને વંદનીય રહેશે અને તે પ્રમાણે કરવાથી વ્રતધારી શ્રાવકને દૂષણ લાગે જ.

અન્ય દેવ હરિહરાદિ આનંદના વખતમાં સાક્ષાત્ વિદ્યમાન હતા નહિ તેમની મૂર્તિઓ હતી. તો બતાવો કે તેણે કોનો નિષેધ કર્યો? જો 'અન્યદેવની મૂર્તિનો કહેશો તો અરિહંતની મૂર્તિ સ્વતઃ સિદ્ધ થઈ.

આ પાઠમાં "ચૈત્ય" શબ્દનો અર્થ "સાધુ કરી, કેટલાક લોકો ઉલ્ટો અર્થ કરે છે. તેમને પૂછવાનું કે, સાધુને અન્ય તીર્થ ગ્રહણ શી રીતે કરે ?' જો જૈનસાધુને અન્ય દર્શનીએ ગ્રહણ કર્યા હોય અર્થાત્ ગુરૂ

કરી માન્યા હોય અને તેમણે વેષ પણ બદલી નાખ્યો હોય તો પછી તે સાધુ અન્ય દર્શની થઈ ગયા. પછી તે કોઈ પ્રકારે જૈન સાધુ ન ગણાય.

(૧૦)

સિદ્ધાર્થ રાજાએ દ્રવ્યપૂજા કર્યાનું વર્ણન શ્રી કલ્પસુત્રમાં આ પ્રમાણે છે

**"तए णं सिद्धत्थे राया दसाहियाए ठिइवडियाए वट्टमाणीए, सइए अ, साहस्सिए अ, सयसाहस्सिए अ, जाए अ, × × × × लंभे पडिच्छमाणे अ, पडिच्छावेमाणे अ एवं वा विहरइ ॥"**

**ભાવાર્થ** :- ત્યાર બાદ સિદ્ધાર્થ રાજા "દસ દિવસ સુધી મહોત્સવ-રૂપ કુલ મર્યાદા પ્રવર્તે છતે જેમાં સો દ્રવ્ય લાગે, હજાર દ્રવ્ય લાગે અને લાખ દ્રવ્ય લાગે તેવા યાગ-અરિહંત ભગવંતની પ્રતિમાની પૂજાને કરતાં, બીજા પાસે કરાવતાં તથા વધામણાને પોતે ગ્રહણ કરતાં અને સેવકો પાસે ગ્રહણ કરાવતાં વિહરે છે.

**શંકા**- સિદ્ધાર્થ રાજાએ યજ્ઞ કર્યો હતો, પણ પૂજા ક્યાં કરી હતી ?

**સમાધાન**- સિદ્ધાર્થ રાજા શ્રી પાર્શ્વનાથ સ્વામીના બાર વ્રતધારી શ્રાવક હતા. એમ શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે. તો વિચાર કરો કે- ઘોડા, બકરા આદિ પશુવધનો યજ્ઞ તેઓ કદી કરે-કરાવે ખરા ?

વ્યાકરણના આધારે '**यज**' શબ્દ **देवं पूजयामीति वचनात्**, દેવ-પૂજાવાચી છે.

શ્રાવક તો જિનયજ્ઞ-પૂજા કરે. પરમ સમ્યક્ત્વધારી શ્રાવક સિદ્ધાર્થ રાજા, જો હિંસક યજ્ઞ કરનાર હોત, તો નક્કી નરકમાં જવા જોઈએ. પરંતુ સિદ્ધાર્થ રાજા તો મોક્ષગામી જીવ હોવાનું સ્વયં શ્રી મહાવીર પરમાત્માએ ફરમાવ્યું છે. વળી ચોવીસ તીર્થંકરોના માતા-પિતા નક્કી મોક્ષગામી જીવો જ હોય છે.

શ્રી સિદ્ધાર્થ રાજા શ્રી મહાવીરસ્વામી પરમાત્માના પિતા હતા. એ દૃષ્ટિએ જોતાં-વિચારતાં પણ સ્વીકારવું પડે કે તેઓ શ્રી જિનયજ્ઞ એટલે શ્રી જિનપૂજા કરનારા હતા.

(૧૧)

શ્રી વ્યવહાર સૂત્રમાં કહ્યું છે કે-સાધુ શ્રી જિનપ્રતિમાની સન્મુખ આલોયણા લે છે.

(૧૨)

શ્રી **મહાનિશીથ સૂત્ર**ના ચોથા અધ્યયનમાં શ્રી જિનમંદિર કરાવનારને બારમો દેવલોક અર્થાત્ દાન, શીલ, તપ અને ભાવના આરાધનથી જે ફળ મળે, તે ફળ પ્રાપ્ત થાય છે. એમ ફરમાવ્યું છે.

**"काउंपि जिणाययणेहिं, मंडियं सव्वमेइणीवट्टं ।**
**दाणाइचउक्केण सड्ढो, गच्छेज्ज अच्चुयं जाव न परं ॥"**

**અર્થ** :- શ્રી જિનમંદિરોથી પૃથ્વીતળને મંડિત કરીને અને દાનાદિ (દાન, શીલ, તપ અને ભાવ) કરીને શ્રાવક અચ્યુત-બારમા દેવલોક સુધી જાય છે, તે ઉપર નહિ.

(૧૩)

વળી તે જ સૂત્રમાં અષ્ટ પ્રકારી પૂજા વગેરેનું વિસ્તારથી વર્ણન છે. તેને જાણવા ઇચ્છનારા પુરુષોએ ત્યાંથી જોઈ લેવું.

(૧૪)

શ્રી **આવશ્યક સૂત્ર**માં ભરત ચક્રવર્તીએ શ્રી જિનપ્રાસાદ કરાવ્યાનો અધિકાર છે.

**" थूमसयभाउगाणं, चउवीसं चेव जिणहरेकासी ।**
**सव्वजिणाणंपडिमा, वण्णपमाणेहिं निअएहि. ॥**

**અર્થ** :- **શ્રી** અષ્ટાપદ પર્વત ઉપર એક સો ભાઈના સો સ્થંભ તથા જિનમંદિરો કરાવ્યાં, તમામ તીર્થંકરોની પ્રતિમા, તેમના વર્ણ તથા શરીરના પ્રમાણવાળી ભરત રાજાએ સ્થાપિત કરી.

(૧૫)

શ્રી **આવશ્યક સૂત્ર**માં કહ્યું છે કે-

**" अंतेउरे चेइयहरं कारियं पभावती ण्हाता, तिसंज्झे अच्चेइ, अन्नया देवी णच्चेइ, राया वीणं वाएइ ।"**

**ભાવાર્થ** :- પ્રભાવતી રાણીએ અંતઃપુરમાં ચૈત્યઘર (જિનભુવન) બનાવ્યું. તે દહેરાસરમાં, રાણી સ્નાન કરીને પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સાયંકાલ એમ ત્રિકાળ પૂજન કરે છે. કોઈ એક સમયે રાણી નૃત્ય કરે છે અને રાજા પોતે વીણા વગાડે છે.

(૧૬)

**શ્રી શાલિભદ્ર ચરિત્ર** કે જેને પ્રાયઃ તમામ જૈનો માને છે, તેમાં કહ્યું છે કે-

"શાલિભદ્રના ઘરમાં તેમના પિતાએ જિનમંદિર કરાવ્યું હતું તથા રત્નોની પ્રતિમા કરાવી હતી. તે મંદિર અનેક દ્વારો સહિત દેવવિમાન જેવું બનાવવામાં આવ્યું હતું.

(૧૭-૧૮-૧૯)

**શ્રી ભગવતી, શ્રી રાયપસેણી** અને **શ્રી જ્ઞાતાસૂત્રા**દિ અનેક **સૂત્રો**માં શ્રાવકોના વર્ણનમાં—

**'न्हाया कयबलिकम्मा'** અર્થાત્ સ્નાન કરી, દેવપૂજા કરી એવા ઉલ્લેખો છે.

**શ્રી ભગવતીજી**માં તુંગીયા નગરીના શ્રાવકના અધિકારે કહ્યું છે કે- "શ્રાવક યક્ષ, નાગ વગેરે અન્ય દેવને પૂજે નહિ."

**શ્રી સૂયગડાંગ** સૂત્રમાં પણ કહ્યું છે કે-' **नागभूतयक्षादि**' તેર જાતના અન્ય દેવની પ્રતિમાને પૂજવાથી મિથ્યાત્વીપણું પ્રાપ્ત થાય છે. અને બોધિ-બીજનો નાશ થાય છે.

આથી સિદ્ધ થયું કે-શ્રી અરિહંત દેવની પ્રતિમા પૂજવાથી સમકિતની પ્રાપ્તિ થાય છે અને બોધિ-બીજની રક્ષા થાય છે. આ કારણે **'कयबलिकम्मा'** પાઠથી શ્રાવકોએ શ્રી જિન પ્રતિમાની પૂજા કરવી, એવો તેનો અર્થ થયો. કેટલાક "**न्हाया कयबलिकम्मा**"નો "સ્નાન કરીને પાણીના કોગળા કર્યા" એવા શાસ્ત્રથી તદ્દન વિપરીત અર્થ કરે છે, જે અસત્ય છે.

ભાવનિક્ષેપે સાક્ષાત્ તીર્થંકર પરમાત્માને વંદન પૂજન કરવાનું જે ફળ છે, તેમજ સમ્યક્ત્વ અને જ્ઞાન સહિત ચારિત્ર પાળવાનું જે ફળ સૂત્રમાં છે, તે જ ફળ શ્રી જિન પ્રતિમાના વંદન-પૂજનથી કહ્યું છે. યાવત્ મોક્ષ પર્યંતનું ફળ ફરમાવ્યું છે.

(૨૦)

શ્રી દશાશ્રુતસ્કંધના દશમા અધ્યયને કહ્યું છે કે -

શ્રી મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં સમોસર્યા ત્યારે શ્રેણિક રાજા વાંદવા જવાની સર્વે તૈયારીઓ કરી ચેલ્લણા રાણી પાસે આવી, જે કહેવા લાગ્યા, તે પાઠ નીચે પ્રમાણે છે.

"चिल्लणादेवी एवं वयासी तं महाफलं देवाणुप्पिये ? समणं भगवं महावीरं वंदामो, णमंसामो सक्कारेमो, सम्माणेमो, कल्लाणं मंगलं चेइयं पज्जुवासेमो तेणं इह भवे य पर भवे य हियाए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइ ।"

ભાવાર્થ : નિશ્ચે કરી, હે ચિલ્લણાદેવી ! તેનું મહાફલ છે. કોનું ? તે કહે છે – હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામિને વંદના કરવાનું, નમસ્કાર કરવાનું. સત્કાર કરવાનું સન્માન કરવાનું, કલ્યાણકારી મંગલકારી દેવ સંબંધી ચૈત્ય (જિન પ્રતિમા) ની પેઠે પર્યુપાસના કરવાથી આ ભવ તથા પરભવમાં હિતને વાસ્તે, સુખને વાસ્તે, ક્ષેમને વાસ્તે નિઃશ્રેયસ જે મોક્ષ તેને વાસ્તે થાય છે. તથા ભવોવમાં સાથે આવનાર થાય છે.

ઉવવાઇ આદિ સૂત્રમાં આવોજ પાઠ ચંપાનગરીના કોણીક રાજાને અધિકારે છે. બીજા પણ આવા પાઠો છે.

(૨૧)

શ્રી રાયપસેણી સૂત્રમાં સૂર્યાભદેવના અધિકારે આ પ્રમાણે પાઠ છે.

"तएणं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गयस्स समाणस्स इमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था किं । मे पुव्विं करणिज्जं ? किं मे पच्छा करणिज्जं । किं मे पुव्वं सेयं ? किं मे पच्छा सेयं ? किं मे पुव्विंपि पच्छा वि हियाएं सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ ?"

"तएणं तस्स सूरियाभस्स देवस्स सामाणियपरिसोववण्णगा देवा सूरियाभस्स देवस्स इमेयारुवं अज्झत्थियं जाव संकप्पं समुप्पण्णं समभिजाणित्ता जेणेव सूरियाभे देवे तेणेव उवागच्छन्ति । उवागच्छित्ता सूरियाभं देवं करयल परिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धावेन्ति, वद्धावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया सूरियाभे विमाणे जिणपडिमाणं जिणस्सेह-पमाणमेत्ताणं अट्ठसयं सण्णिक्खित्तं चिट्ठइ । सभाए णं सुहम्माए णं माणवए चेइयखंमे वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ सण्णिक्खित्ताओ चिट्ठन्ति । ताओ णं देवाणुप्पियाणं अन्नेसिं च बहूणं

**वेमाणियाणं देवाणं य देवीण य अच्चणिज्जाओ वंदणिज्जाओ णमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ सम्माणिज्जाओ जाव पज्जुवासणिज्जाओ। तं एयं णं देवाणुप्पियाणं पुव्वं करणिज्जं, एयं णं देवाणुप्पियाणं पच्छाकरणिज्जं एवं णं देवणुप्पियाणं पुव्विं सेयं, एयं णं देवाणुप्पियाणं पच्छा सेयं, एयं णं देवाणुप्पियाणं पुव्वं पच्छा वि हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ"**

ભાવાર્થ :– ત્યારે તે સૂર્યાભ દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિએ પર્યાપ્તિભાવ પામ્યા. તે સૂર્યાભ દેવના મનને વિષે આવા પ્રકારનો વિચાર થયો કે –"મારે પહેલાં શું કરવું જોઇએ તથા પછી શું કરવું જોઇએ ? વળી મારે પ્રથમ કલ્યાણકારી શું છે ? ને પછી કલ્યાણકારી શું છે ? પ્રથમ તથા પાછળથી શ્રેયઃકારી શું છે ? વળી આત્માને હિત ભણી, સુખ ભણી, ક્ષેમ ભણી, મોક્ષ ભણી એટલે સર્વથા દુઃખથી મુક્ત થવા ભણી અને પરંપરાએ શુભાનુબંધી શું છે ? તે વારે સૂર્યાભદેવની સામાનિક સભાના અન્ય દેવતાઓ સૂર્યાભદેવતાના ઉપર મુજબના વિચારોને જાણી, જ્યાં સૂર્યાભદેવતા છે ત્યાં આવે. આવીને સૂર્યાભદેવ પ્રત્યે કરસંપુટ એકઠા કરી, મસ્તકમાં આવર્ત કરી અંજલી જોડીને, જય અને વિજય વડે વધાવે. વધાવીને તેને એમ કહે કે – 'હે દેવાનુપ્રિય ! આપના સૂર્યાભ વિમાનને વિષે સિદ્ધાયતન (જિનમંદિર) છે. તે જિનમંદિરને વિષે એકસો આઠ જિનપ્રતિમા છે. તે જિનરાજની અવગાહના પ્રમાણે ઉંચાઇમાં છે. તથા સુધર્મા સભાને વિષે માણવક નામે ચૈત્યસ્તંભ છે. તે સ્તંભ વિષે વજ્રમય ગોળવટ દાભડાઓ છે. તેમાં ઘણા જિનેશ્વર ભગવાનના દાઢા વિગેરે અસ્થિઓ રૂડી રીતે સ્થાપન કર્યા છે. તે જિનપ્રતિમાઓ તથા દાઢાઓ, હે દેવાનુંપ્રિય ! આપને તથા બીજાપણ સમ્યગ્દષ્ટિ વૈમાનિક દેવ-દેવીઓને અર્ચન કરવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, નમસ્કાર કરવા યોગ્ય, પૂજન કરવા યોગ્ય અને સન્માન કરવા યોગ્ય છે. વળી કલ્યાણકારી–મંગળકારી છે, માટે આપને પ્રથમ કરવા યોગ્ય એહી જ છે તથા પછી કરવા યોગ્ય પણ એહી જ છે ને વળી એ જ પહેલાં શ્રેય છે ને પાછળ શ્રેય છે. આપને પહેલાં અને પછી હિત ભણી, સુખ ભણી, ક્ષેમ ભણી, મોક્ષ ભણી અને પરંપરાએ શુભાનુબંધી થશે.

૨૨

શ્રી રાયપસેણીય સૂત્રમાંનો પાઠ

"**हियाए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइ**"

અર્થ શ્રીજિનપ્રતિમા પૂજવાનું ફળ પૂજકને હિતને વાસ્તે, સુખને વાસ્તે, મોક્ષને વાસ્તે તથા જન્માંતરમાં પણ સાથે આવનારૂં છે.

શ્રી જીવાભિગમ સૂત્રમાં વિજયપોલીએ તથા બીજા અનેક સમ્યગ્દષ્ટિ દેવોએ સત્તર ભેદે પૂજા કરી છે. તેનું ફળ યાવત્ મોક્ષ સુધીનું કહ્યું છે.

(૨૩)

શ્રી **જ્ઞાતા સૂત્રમાં** તીર્થંકર ગોત્ર બાંધવાનાં વીસ સ્થાનકો કહ્યાં છે. તેમાં "સિદ્ધપદ આરાધવું" એમ ફરમાવ્યું છે. તે અરૂપી સિદ્ધ ભગવાનનું ધ્યાન-આરાધન, તેમની મૂર્તિ સિવાય બની શકે જ નહિ.

(૨૪)

શ્રી વ્યવહાર સૂત્રમાં કહ્યું છે કે –

"**सिद्धवेयावच्चेणं महानिज्जरा महापज्जवसाणं चेवत्ति ।**"

અર્થ :- શ્રી સિદ્ધ પરમાત્માની વૈયાવચ્ચ કરવાથી મહા નિર્જરા થાય યાને મોક્ષ મળે.

**તર્ક** – શ્રી સિદ્ધ પરમાત્માની વૈયાવચ્ચ તો નામ સ્મરણથી થઈ શકે છે, તો પછી મૂર્તિનું શું પ્રયોજન ?

**સમાધાન** – નામ-સ્મરણ કરવું તેને તો ગુણગાન, કીર્ત્તન, ભજન, સ્વાધ્યાય વગેરે કહે છે, પણ વૈયાવચ્ચ નહિ. જો વૈયાવચ્ચનો અર્થ એવો કરશો તો શ્રી **પ્રશ્ન** વ્યાકરણમાં બાળકની, વૃદ્ધની, રોગીની અને કુલગણાદિની દશ પ્રકારે વૈયાવચ્ચ સાધુએ કરવાની કહી છે, તો શું નામ યાદ કરવાથી જ વૈયાવચ્ચ થઈ જશે ? કે આહાર, પાણી, ઔષધિ, અંગમર્દન, શય્યા, સંથારા વગેરે કરવાથી થશે ?

નામાદિ કરવાથી વૈયાવચ્ચ થઇ નહિ ગણાય, પણ પૂર્વોક્ત પ્રકારે સેવા-ચાકરી કરવાથી જ ગણાશે.

શ્રી સિદ્ધ પરમાત્માની વૈયાવચ્ચ તો તેમનું મંદિર બંધાવી, તેમાં તેમની મૂર્તિ સ્થાપન કરી, વસ્ત્રાભૂષણ, ગંધ, ધૂપ, પુષ્પ, દીપે કરી અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી આદિ પૂજા કરવી, તેને જ કહી શકાય.

(૨૫)

શ્રી પ્રશ્ન વ્યાકરણમાં ફરમાન છે કે નિર્જરના અર્થી સાધુ 'चेइयट्ठे' અર્થાત્ જિનપ્રતિમાની, હીલના, તેના અવર્ણવાદ તથા તેની બીજી પણ આશાતનાઓનું ઉપદેશ દ્વારા નિવારણ કરે.

(૨૬)

શ્રી આવશ્યક મૂળ સૂત્ર પાઠમાં –

"अरिहंत चेइयाणं करेमि काउस्सग्गं ।"

–એમ કહી, સાધુ અને શ્રાવક સર્વ લોકમાં રહેલી શ્રી અરિહંતની પ્રતિમાનો કાઉસ્સગ્ગ બોધિબીજના લાભ માટે કરે– એમ કહ્યું છે.

૨૭

'थयथुइ मंगलं ।'

– સ્થાપનાની સ્તુતિ કરવાથી જીવ સુલભ બોધિ થાય છે, એમ શ્રી ઉતરાધ્યયન સૂત્રમાં લખ્યું છે.

(૨૮ – ૨૯)

શ્રી અનુયોગ દ્વાર તથા શ્રી ઠાંણાગ સૂત્રમાં ચારે નિક્ષેપા તથા દસ પ્રકારનાં સત્યોનું વર્ણન કરેલું છે, તેમાં સ્થાપના નિક્ષેપ તથા સ્થાપના – સત્ય પણ આવી જાય. છે. તેનાથી પણ સ્થાપના એટલે મૂર્તિ માનવાનું સિદ્ધ થઇ જાય છે.

કદાગ્રહ રહિત બુદ્ધિમાન પુરુષોને માત્ર ઇશારો જ બસ છે સૂત્રના સેંકડો પાઠોમાંથી માત્ર આટલા જ પાઠો આપવા અહીં ઉચિત જણાય છે. વિસ્તાર – ભયથી વધુ પાઠો નથી આપ્યા, છતાં બીજા પણ કેટલાંક પ્રમાણો પ્રસંગોપાત વિચારી શું. તે ઉપરથી વિવેકી વાચક વર્ગ યથાર્થ નિર્ણય કરી શકશે. જૈનોમાં મૂર્તિ પૂજા પરંપરાથી ન હોત, તો તે મૂળ સૂત્રોમાં આવી ક્યાંથી ?

દુનિયામાં દરેક નામવાળી વસ્તુ પોતપોતાના અમુક ગુણો કરીને સંયુક્ત હોય છે, , તેમ 'મૂર્તિ' નામ ધરાવનારી વસ્તુ પણ કોઈ રીતે નિરર્થક નથી. 'મૂર્તિ' શબ્દ પણ તેમાં રહેલ વસ્તુનો યથાર્થ બોધ કરાવે છે.

'પત્થર' શબ્દ બોલવાની સાથે તેમાં રહેલા કાઠિન્યનો બોધ થાય છે. તેમ 'મૂર્તિ' શબ્દ મૂર્તિમંત પરમાત્મ-સ્વરૂપનો બોધ કરાવે છે. તેમજ મૂર્તિનો જે આકાર હોય છે, તે પણ મૂર્તિમંત પરમાત્મ સદૃશ હોય છે. એટલે શ્રી જિનેશ્વરદેવના બાકીના ત્રણ નિક્ષેપા જેટલો જ ઉપકારક આ ચોથો નિક્ષેપો પણ છે જ, બલકે ચઢીયતો છે, એમ બાળ જીવોની અપેક્ષાએ કહી શકાય. આથી નક્કી થાય છે કે જ્યાં સુધી મૂર્તિમંત વિશ્વનું અસ્તિત્વ છે, ત્યાં સુધી મૂર્તિનું અસ્તિત્વ છે જ, ભલે પછી કોઈ કદાગ્રહને વશ થઈને કે મતના એકાન્ત મમતાને વશ થઈને તેનો અપલાપ કરવા પ્રેરાય તેમ છતાં તેવા માનવોને પણ આત્મોત્કર્ષ કાજે કોઈ કોઈને આલંબન તો લેવું જ પડે તે સર્વ વિદિત છે.

ચન્દ્રના દર્શન તો બધા કરે છે, પણ ચકોરને ચન્દ્ર- દર્શને જે આનંદ થાય છે, તે અલૌકિક હોય છે.

તે જ રીતે જેને શ્રી જિનેશ્વર દેવના અનંત ઉપકારો મનમાં વસ્યા હોય છે, તેને તેમના પ્રતિમાના દર્શનથી અકથ્ય આનંદ થાય છે.

(૧) ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. એ ધર્મમંગલ બે પ્રકારનું છે. એક ક્રિયારૂપ અને બીજું જ્ઞાનરૂપ મંગલ વિના એકલું ક્રિયારૂપ મંગલ કે ક્રિયારૂપ મંગલ વિના એકલું જ્ઞાનરૂપ, મંગલ મોક્ષમાર્ગ બની શકતું નથી. જ્યાં જ્ઞાન રહેલું છે, ત્યાં ગૌણપણે ક્રિયા રહેલી છે. અને જ્યાં ક્રિયા મુખ્ય છે, ત્યાં ગૌણરૂપે જ્ઞાન પણ રહેલું છે જ્ઞાન પ્રકાશક છે, ક્રિયા સ્થૈર્યજનક છે. બન્ને મળીને આત્મસુખનું કારણ બને છે.

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી

# ૧૭

- પૂજા દ્વારા વીતરાગને ભોગી બનાવાય ?
- પ્રભુ સમક્ષ નૈવેદ્યના ઢગ શા માટે ?
- મૂર્તિપૂજાથી ચતુર્વિધ ધર્મની આરાધના
- વિષય કષાય રૂપ પ્રમાદના યોગથી જીવનો નાશ, એ જ હિંસા

**પ્રશ્ન ૪૪** – પ્રતિમાને શ્રી જિનરાજ તુલ્ય માનવી અને તેને દાગીના – અલંકારાદિ ચઢાવવા, સ્નાન, વિલેપન, ધૂપ, પુષ્પ આદિ કરવાં, એ શું વ્યાજબી છે ? ત્યાગીને ભોગી બનાવવા જેવી એ ક્રિયા નથી ?

ઉત્તર – ત્યાગી અને ભોગીના ભેદની જેને સાચી સમજ હોય, તેનાથી આ પ્રશ્ન થઈ શકે જ નહિ. 'અર્હંત્' શબ્દનો વ્યાકરણના આધાર નીચે મુજબ અર્થ છે–

**'अरिहंति वंदणनमंसणाइ अरिहंति पूअसक्कारं सिद्धिगमणे च अरहो, अरहंता तेण वुच्चंति ॥'**

અર્થ : જે વંદન – નમસ્કારાદિ – ભાવપૂજાને–યોગ્ય છે, જેઓ (ઈન્દ્રાદિ દેવોએ રચેલ આઠ પ્રાતિહાર્ય રૂપ) પૂજા અને સત્કારને યોગ્ય છે, અને જેઓ સિદ્ધિ ગતિને પામવાને યોગ્ય છે તેને અર્હંત કહેવાય છે.

આ રીતે અર્હંત નામ જ દ્રવ્ય પૂજાને સૂચવે છે. જેમના રાગ-દ્વેષ જડમૂળથી ઉખડી ગયા છે, જેમનું રક્ત સુદ્ધાં દૂધ જેવું શ્વેત છે. તેઓ બીજાની કરેલ પૂજાથી ભોગી કે રાગી કેવી રીતે બનવાના હતા ?

રાગ પેદા થવાનું કારણ જે મોહ-મમતા છે, તે તો સર્વથા નાશ પામી ગયેલ છે. તો પછી તેઓ કેવી રીતે લેપાય ?

શાસ્ત્રો ફરમાવે છે કે સમગ્ર વિશ્વ જેઓશ્રીના સ્વભાવથી પ્રભાવિત છે, તે શ્રી અરિહંત પરમાત્માને વિશ્વનો કોઈ પદાર્થ પ્રભાવિત કરી શકતો જ નથી. જેઓ સર્વ ગુણે કરીને સર્વોત્તમ છે તેમની ભક્તિમાં ઉત્તમ પદાર્થો વાપરવાથી ઉત્તમ ગુણોનું ઉત્તમ પ્રકારે પૂજન-બહુમાન આદિ થાય છે. તેમજ આ વિશ્વના ગમે તેવા ઉત્તમ પદાર્થો તરફની મૂર્છા ક્ષીણ થાય છે એટલે પવિત્રતાની પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિની પૂજા - સેવા - ભક્તિમાં સર્વોત્તમ શ્રેષ્ઠ, નિર્દોષ પદાર્થો વાપરવાની ભાવના થવા, એ સાચી ભક્તિ જાગ્યાની નિશાની છે.

જો ઉત્તમ દ્રવ્યો વગેરે વડે પૂજવાથી પ્રભુ ભોગી બની જશે, તો શું નિંદાથી ખરેખર નિંદનીય બની જશે? નહિ જ. પૂજા કે નિંદાથી તેમનો મહિમા વધતો કે ઘટતો નથી, પૂજા કે નિંદાની સાથે તેમને કાંઈ સંબંધ નથી, એ બેથી તેઓ સર્વથા પર છે, પણ પૂજક અગર નિંદક વ્યક્તિને જ તે-તે ક્રિયા શુભાશુભ ફળ આવે છે.

ભગવાનને કેવળજ્ઞાન થયા પછી નીચેના આઠ પ્રાતિહાર્ય થવાનું વર્ણન શ્રી સમવાયાંગ સૂત્રમાં છે.

(૧) અશોક વૃક્ષ ભગવાનને છાયા કરે છે.

(૨) દેવતાઓ જળ-સ્થળમાં પેદા થયેલ પંચરંગી પુષ્પોને જાનુ પ્રમાણ વરસાવે છે.

(૩) આકાશમાં દેવ દુંદુભિ વાગે છે.

(૪) ભગવાનની બંને બાજુ ચામરો ઢોળાય છે.

(૫) દેવાધિદેવને બિરાજવા માટે રત્ન જડિત સુવર્ણ-સિંહાસન કાયમ સાથે રહે છે.

(૬) રત્નમય તેજના અંબારરૂપ ભામંડલ દેવાધિદેવની પાછળ રહે છે.

(૭) દિવ્ય ધ્વનિરૂપ પ્રાતિહાર્ય વડે મનોહર વીણાના સ્વરો થાય છે.

(૮) એક પર બીજું, એમ ત્રણ - ત્રણ છત્રો દેવાધિદેવના શિર પર રહે છે.

લાખો-કરોડો દેવો 'જય જય' શબ્દથી સ્તુતિ કરતા - કરતા સાથે રહે છે. દેવો સમવસરણ બનાવે છે. જેને ત્રણ ગઢ હોય છે. ચાંદીના

ગઢને સોનાના કાંગરા, સોનાના ગઢને રત્નના કાંગરા અને રત્નના ગઢને મણિમય કાંગરા હોય છે.

આ સમવસરણને વીસ હજાર પગથિયાં એકેક તરફ હોય છે. દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા સ્ફટિક મણિના સિંહાસન ઉપર બિરાજી, પૂર્વ દિશામાં મુખ રાખી દેશના દે છે. બાકીની ત્રણ દિશાઓમાં દેવતાઓ ભગવાનની ત્રણ મૂર્તિઓ સ્થાપન કરે છે. તે-તે દિશાઓમાંથી આવનારા મનુષ્યો અને તિર્યંચો તેને સાક્ષાત્ પ્રભુ જાણી નમસ્કાર કરે છે.

પ્રભુજી એક પોતાનું મુખ તથા ત્રણ મૂર્તિનાં મુખ – એમ ચાર મુખે અતિશય વડે દેશના આપે છે. સુવર્ણ કમળો પર ચરણ કમળ મૂકી, પ્રભુજી ગ્રામાનુગ્રામ વિચરે છે.

સુગંધી પવન, સુગંધી જળનો છંટકાવ અને પુણ્યવાન પુરુષોને લાયક એવા અનેક દિવ્ય પદાર્થો પ્રભુજીની પ્રભુતા સમક્ષ પ્રગટ થાય છે. આવા અદ્ભુત પદાર્થો વડે સેવાવા છતાં જેઓનું ત્યાગીપણું ગયું નહિ, જેમને કર્મ લાગ્યાં નહિ, જે ભોગી બન્યા નહિ, તે શ્રી તીર્થંકર પરમાત્માની મૂર્તિ સન્મુખ પૂજકની દ્રવ્ય પૂજાથી તેઓશ્રી ભોગી બનવાનો આરોપ, આક્ષેપ કે કુતર્ક કરવો, તે તેઓશ્રીના લોકોત્તર સ્વરૂપ વિષેના સરિયામ અજ્ઞાનનો સૂચક છે.

ભોગીપણું કાંઈ બાહ્ય પદાર્થોથી થતું નથી. તે તો આંતરિક મોહના પરિણામને આધીન છે. તેવા મોહને તો પ્રભુજીએ પ્રથમથી જ દેશવટો આપી દીધો છે. શ્રી વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંતે આ મુદ્દાની સ્પષ્ટ છણાવટ કરી છે.

રાગ – દ્વેષથી સર્વથા મુક્ત શ્રી જિનરાજને જેમ પૂજાથી રાગ નથી, તેમ અપૂજા–નિંદાથી દ્વેષ પણ નથી. અસાધારણ ઊંચાઈવાળા માણસને એક બાળક ઊંચાઈમાં આંબી શકતો નથી, તેમ અસાધારણ ગુણ-ગરિમાવાન શ્રી જિનેશ્વરદેવને કોઈ પણ પ્રકારનો દોષ સ્પર્શી શકતો નથી.

'ગુણ સઘળા અંગી કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલ રે......' એવા પરમ ગુણ સંપન્ન શ્રી જિનરાજની પૂજક જે ભાવે પૂજા કરે છે, તેવું ફળ તે પામે છે. જેમ રાજાને સલામ કરનારો, જો તેને રાજાને બદલે

ભિખારી સમજવાની ભૂલ કરે, તો તે સલામ ન જ કરે અને કદાચ કરે, તો મશ્કરીના રૂપમાં જ હોય, સાચા અર્થમાં નહિ. તેમ જેઓ શ્રી જિન મૂર્તિને શ્રી જિનરાજ તુલ્ય સમજીને પ્રણામ કરવાને બદલે આ તો પાષાણ કે અન્ય પદાર્થની માત્ર કલાકૃતિ છે, એવું સમજવાની ભયંકર ભૂલ કરી બેસે છે, તેઓનો નમસ્કાર પણ બનાવટી પ્રકારનો હોય છે. માટે તેવા માણસોને ફળ પણ તેવું જ મળે છે અને તેના માટે જવાબદાર તેમની વિપરીત મતિ જ હોય છે.

બાકી શ્રી તીર્થંકરદેવો જન્મથી માંડી, નિર્વાણ પર્યંત પૂજનીય અને વંદનીય જ છે. કારણ કે નિંદનીય વસ્તુના ચારે નિક્ષેપા જેમ નિંદનીય હોય છે, તેમ પૂજનીય વસ્તુના ચારે નિક્ષેપા પૂજનીય હોય છે.

દ્રવ્ય નિક્ષેપાથી પ્રથમ જન્માવસ્થાનું આરોપણ કરી, જેમ ઇન્દ્રાદિ દેવોએ સ્નાન કરાવ્યું, તેમ પ્રભુજીને જળથી સ્નાન કરાવી એવી ભાવના ધારણ કરવાની છે કે – હે પ્રભો! જેમ જળ પ્રક્ષાલનથી શરીરનો મેલ દૂર થાય છે અને બાહ્ય તાપનો નાશ થાય છે, તેમ ભાવરૂપ શૂચિ જળથી મારા આત્મા સાથે રહેલ કર્મમળ નાશ પામો! અને વિષય – કષાયના તાપ ઉપશમો!'

યૌવનાવસ્થા કે રાજ્યાવસ્થાનું આરોપણ કરી, વસ્ત્ર – આભૂષણાદિ પહેરાવવામાં આવે છે, ત્યારે ચિંતવવું કે – "અહો પ્રભુ! આપને ધન્ય છે કે, આ પ્રમાણે વસ્ત્રાભૂષણ, રાજ્યપાટ છોડી, સંયમ ગ્રહણ કરી, અનેક ભવ્ય જીવોને આપે તાર્યા. હું પણ મારી અલ્પ ઋદ્ધિ અને પરિગ્રહને છોડી એવો ક્યારે થઈશ?"

એ પ્રમાણે કેસર, ચંદન, નૈવેદ્યાદિ ચઢાવી સર્વે ઠેકાણે જુદી – જુદી ભાવના ભાવવામાં આવે છે અને કેવળી-અવસ્થાનું આરોપણ કરી, નમસ્કાર-સ્તુતિ વગેરે કરવામાં આવે છે. શ્રી અરિહંતદેવ ગૃહસ્થાવાસમાં વસ્ત્રાભૂષણના ભોગી જણાવા છતાં તે અવસ્થામાં પણ મનથી તો ત્યાગી જ હોય છે. તેઓશ્રીનું આત્મ દ્રવ્ય જ એવી વિશિષ્ટ કોટિનું હોય છે કે કોઈ ભૌતિક પદાર્થ ચરમ ભવમાં તેઓશ્રીને મુદ્દલ આકર્ષી શક્તો નથી. પરંતુ તીર્થંકર પદવીનું નિકાચિત પુણ્ય ઉપાર્જન કરીને આવેલા હોવાથી, પ્રાતિહાર્યાદિ બાહ્ય ઋદ્ધિ વણમાંગી આવીને હાજર થાય છે અને તેને અલિપ્તપણે – નિર્લેપપણે જળકમળવત્ તેઓશ્રી ભોગવે છે, પણ તેઓશ્રી રાગ – દ્વેષ રહિત શુદ્ધ ભાવમાં વર્તતા હોવાથી, નવા કર્મબંધ થતા નથી.

વીતરાગ પ્રભુનું ખાવું, પીવું, બેસવું, ઉઠવું વગેરે સઘળું મોહ મમત્વરહિત હોવાથી બંધના નહિ, પણ નિર્જરાના હેતુભૂત છે. સકળ જીવલોકના ઉત્કૃષ્ટ હિતમાં એકાકાર શ્રી વીતરાગ અરિહંત પરમાત્માની પ્રત્યેક ક્રિયા કર્મ નિર્જરામાં પરિણમતિ હોવાનું શાસ્ત્રીય વિધાન એટલું સ્પષ્ટ, અવિસંવાદી અને ન્યાય સંગત છે કે, એક વાર પણ જેઓ તે અવસ્થાના સ્વરૂપ ઉપર ચિંતન કરી શકે, તેઓને તેમાં તલ ભાર સંદેહ ન રહે.

શ્રી અરિહંત પરમાત્માની ત્રણ અવસ્થામાં પ્રથમ પિંડસ્થ અવસ્થાના ત્રણ ભેદ છે.

(૧) જન્માવસ્થા – નવરાવવું, પ્રક્ષાલન કરવું, અંગ લૂંછવું વગેરે કરતી વખતે જન્માવસ્થા ભાવવાની છે.

(૨) રાજ્યાવસ્થા – કેસર, ચંદન, ફૂલમાળા, ઘરેણાં, અંગરચના વગેરે કરતી વખતે રાજ્યાવસ્થા ભાવવાની છે.

(૩) શ્રમણાવસ્થા – ભગવાનનું કેશરહિત મસ્તક, કાયોત્સર્ગાસન વગેરે જોઇ શ્રમણાવસ્થા ભાવવાની છે.

બીજી પદસ્થ અવસ્થા છે. પદ એટલે શ્રી તીર્થંકર પદ. અહીં કેવળજ્ઞાનથી માંડી મોક્ષે ગયા સુધીની કેવળી અવસ્થા ભાવવાની છે.

આ અવસ્થામાં પ્રભુ અષ્ટમહા પ્રાતિહાર્ય સહિત હોય છે. અને રત્નજડિત સિંહાસન પર બેસે છે, સોનાનો નિરંતર સ્પર્શ કરતાં છતાં તેઓશ્રીનો વીતરાગભાવ જતો રહેતો નથી, પણ અણીશુદ્ધ રહે છે અને જો જતો રહેતો હોત, તો ગણધર મહારાજ તથા ઇન્દ્રાદિ દેવો શા માટે 'વીતરાગ' કહીને તેઓશ્રીની સ્તુતિ કરત? વીતરાગપણાનો ભાવ, એ કોઈ બાહ્ય પદાર્થ નથી કિંતુ અભ્યંતર વસ્તુ છે.

ત્રીજી રૂપાતીત અવસ્થા છે. તે રૂપ વગરની સિદ્ધપણાની અવસ્થા છે. આ અવસ્થા પ્રભુને પર્યંકાસને, કાઉસગ્ગ ધ્યાને, શાન્ત મુદ્રાએ બેઠેલા જોઈને ભાવવાની છે. આવી અવસ્થામાં પ્રભુને જોઈને, એ અવસ્થાની ભાવના ભાવતાં આત્મામાં અપૂર્વ શાન્તિ પેદા થાય છે. જેઓ પ્રાતિહાર્યાદિ પૂજાને ન માને, તેઓએ માત્ર નિર્વાણ અવસ્થાને જ માનવી જોઈએ. પણ તેમ તો ત્યારે જ બની શકે કે, જો ભગવાનની એકાંત નિર્વાણ અવસ્થા જ પૂજનીય હોય અને બાકીની અવસ્થાઓ અપૂજનીય હોય.

પ્રભુની સર્વ અવસ્થાઓ પૂજનીય છે, તેથી તેઓશ્રીને પૂજવાની રીત પણ ઉપરોક્ત ત્રણ પ્રકારે શાસ્ત્રકારોએ ફરમાવી છે.

એક વાત એ પણ સમજવાની છે કે જે સાધુને ગૃહસ્થો વાંદે છે, તે સાધુઓ ત્યાગી છે કે ભોગી? જો ત્યાગી છે, તો આહાર-પાણી વગેરે વાપરે છે? આ 'વાપરવું'' તે શું છે? વળી વસ્ત્ર-પાત્ર વગેરે લેવાથી તેઓ તેના ભોગી, અભિલાષી કે તૃષ્ણાવંત સિદ્ધ થાય છે? જો નહિ, તો જેમ સાધુ મહાત્માઓ નિરાગીપણે પૂર્વોક્ત વસ્તુઓને ઉપયોગમાં લઈને સંયમ સાધના કરે છે, છતાં ભોગી બની જતા નથી, તેમાં લેપાઈ જતા નથી, માત્ર સેવક વર્ગ એ રીતે તેમની યથોચિત ભક્તિ કરીને આત્મ કલ્યાણ સાધે છે, તેમ શ્રીવીતરાગ અરિહંત પરમાત્માની ભક્તિ માટે પણ સમજી લેવું.

પ્રશ્ન ૪૫-ભગવાન તો સાધુ છે, તેમને કાચા પાણી વડે સ્નાન કરાવવામાં ધર્મ કેમ સંભવે?

ઉત્તર- ઉપર જણાવી ગયા તેમ ભગવાન તો જન્મથી માંડી પૂજનિક હોવાથી, જન્માવસ્થાને આરોપી સ્નાન તથા યૌવનાવસ્થાને આરોપી વસ્ત્રાલંકાર પહેરાવવામાં આવે છે. જેમ શ્રદ્ધાળુ શ્રાવક સંઘને ખબર પડે કે 'અમુક પુરુષ યા સ્ત્રી દીક્ષા ગ્રહણ કરનાર છે' તો તેને એક બે માસ સુધી ઘરે-ઘરે ભાવથી જમાડવામાં આવે છે. સ્નાન કરાવી, વસ્ત્રાભૂષણ પહેરાવી, વરઘોડે ચઢાવી ફેરવવામાં આવે છે. તે કાંઈ સગપણ-સંબંધને અંગે કરવામાં આવતું નથી, માત્ર ભકિત નિમિત્તે જ કરવામાં આવે છે, છતાં પણ તે જ પુરુષ કે સ્ત્રી જ્યારે સાધુ કે સાધ્વી થઈ જાય છે, ત્યારે તેમાંનું કાંઇ કરી શકાતું નથી. અર્થાત્ ભાવ નિક્ષેપાને આશ્રિત કાર્યો અને દ્રવ્ય નિક્ષેપાને આશ્રિત કાર્યો જુદાં-જુદાં હોય છે. ભગવાનને સ્નાન-અલંકાર આદિ દ્રવ્ય નિક્ષેપાની ભક્તિને અનુલક્ષીને છે, કિન્તુ ભાવનિક્ષેપાને કારણે નહિ. મૂર્તિની ભકિત ચારે નિક્ષેપાના કારણે કરવાની હોય છે.

શ્રી તીર્થંકર મહારાજાઓએ તો ચાર ઘનઘાતી કર્મોનો ક્ષય કરી નાખ્યા છે, કર્મબંધનનું મૂળ જે મોહ છે, તેને બાળીને ભસ્મીભૂત કરી નાખ્યો છે. પ્રભુને નવા કર્મનો બંધ વીતરાગ હોવાથી ન પડે, એમ શ્રી ભગવતી તથા શ્રી પન્નવણા આદિ સૂત્રોમાં ફરમાવ્યું છે. જ્યારે સાધુને તો ચાર કષાય, છ લેશ્યા અને આઠે કર્મ ખપાવવાનાં બાકી છે, તેથી સામાન્ય સાધુ અને ભગવાનની પૂજાનો કલ્પ એકસરખો શી રીતે હોય?

ભગવાન સોનાના સિંહાસન પર બિરાજે છે, પણ સામાન્ય સાધુ જો સોનાને સ્પર્શ કરે. તો પણ દોષ લાગે, કારણ કે સાધુને મોહ પેદા થવાનું તે કારણ છે. પ્રભુને પચીસ ક્રિયામાંથી એક ઈરિયાપથિકી (રસ્તે ચાલવાની) ક્રિયા માત્ર લાગે છે અને તે પણ પ્રથમ સમયે લાગે, બીજા સમયે ભોગવે અને ત્રીજા સમયમાં ક્ષય કરે. માટે કયાં કેસરી સિંહ ને કયાં હરણ? કયાં રાજા ચક્રવર્તી ને કયાં એક ભિક્ષુક? તેમ શ્રી વીતરાગ અરિહંત પરમાત્મા અને છદ્મસ્થ સાધુ વચ્ચે મહાન અંતર છે, એટલે બંનેની પૂજાનો વ્યવહાર પણ એકસરખો કયાંથી હોઇ શકે?

મૂર્તિ એ ભગવાનના ગુણોનું સ્મરણ કરાવવા માટેનું એક પુષ્ટ આલંબન છે, તેથી કાચા પાણીના સ્નાનનો દોષ તેને કેવી રીતે લાગે? સાક્ષાત્ પ્રભુની પૂજાનો અને તેમની મૂર્તિની પૂજાનો કલ્પ ન્યારો જ છે. જેમ કે સાક્ષાત્ પ્રભુને કદી રથમાં બેસાડીને ભક્તિ કરવામાં નથી આવતી, જ્યારે પ્રભુની મૂર્તિને ભક્તિ માટે સહુ કોઈ રથમાં બેસાડે છે, વગેરે અનેક પ્રકારે ભાવ-અરિહંતની અને સ્થાપના અરિહંતની ભક્તિ કરવાની રીતમાં ફરક પડે છે.

**પ્રશ્ન ૪૬**– ભગવાન તો આધાકર્મી કે અભ્યાહૃત આહાર વહોરતા નહિ. તો પછી તેમની મૂર્તિ પાસે, બનાવેલો, વેચાતો લાવેલો કે બીજો લાવેલો નૈવેદ્યાદિ આહાર કેમ મૂકાય?

**ઉત્તર**– આધાકર્મી વગેરે આહાર ન લેવા સંબંધી વિચાર તો દીક્ષા ગ્રહણ પછીનો છે, અને નૈવેદ્યાદિ તો તે પહેલાંની અવસ્થાનો વિષય છે. આ ખુલાસો ઉપર થઈ ગયો છે. જેમ સાધુ થનાર વ્યક્તિને, દીક્ષા લીધા પહેલાં ઘરે-ઘરે જમાડવામાં આવે છે, પણ સાધુ થયા પછી નહિ. તે જ રીતે નૈવેદ્યાદિ પૂજા, દ્રવ્ય નિક્ષેપા અંગે છે, ભાવ નિક્ષેપા અંગે નહિ.

જેમ ઇન્દ્ર મહારાજ અને અન્ય દેવો ભગવાનના જન્મ મહોત્સવ વખતે અનેક ઉત્તમ દ્રવ્યોથી પ્રભુનું અર્ચન કરે છે તથા પાછળથી પણ દેવતાઓ વારંવાર આવી ભક્તિ કરે છે, તેમ પ્રભુની છદ્મસ્થ અવસ્થાને કારણે ઉપરોક્ત વિધાન છે, તેથી તેમાં દોષારોપણ કરવું વ્યર્થ છે.

**પ્રશ્ન ૪૭** – નાનકડી મૂર્તિ આગળ નૈવેદ્યના ઢગલે-ઢગલા કરવામાં આવે છે, તે શું અયુક્ત નથી? મૂર્તિને શું ખાવાની જરૂર પડે છે?

ઉત્તર- નૈવેદ્ય કાંઈ મુર્તિને ખાવા માટે નથી ધરાવાતું. કિંતુ પૂજક પુરુષ પોતાની ભકિત માટે તે ધરે છે. પૂજ્યને તેમાં કોઈ પ્રયોજન નથી. મૂર્તિ ખાતી નથી, તેથી પ્રભુ સન્મુખ એ ભાવના ભાવતાં નૈવેદ્ય આદિ ધરવાનાં છે કે "હે પ્રભો! આપ નિર્વેદી તથા સદા અનાહારી છો. આપની પાસે હું આ આહાર મૂકું છું, તે એવા ભાવથી કે-હું આહાર અને નૈવેદ્યનો સર્વથા ત્યાગ કરી સદાને માટે આપના જેવું અનાહારી પદ (મોક્ષ) ને પ્રાપ્ત કરૂં. વળી હે દેવાધિદેવ! ઉત્તમ સ્વાદવાળો આ આહાર રહું વાપરીશ, તો મારામાં રાગ-દ્વેષની પરિણુતિ જાગૃત થશે અને જેટલો આપને ધરીશ તેટલી આહાર સંબંધી રાગ-દ્વેષની પરિણુતિ ઓછી થશે. ભકિતનો લાભ મળશે અને પરંપરાએ મુકિતરૂપી સર્વોત્તમ ફળ ચાખવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થશે.

ઉત્તમ ભૂમિમાં ઉત્તમ ભાવપૂર્વક વાવેલું ઉત્તમ બીજ, યથા કાળે ઉત્તમ ફળ આપે છે, તેમ ત્રિભુવનમાં સર્વોત્તમ એવા શ્રી જિનરાજની પ્રતિમાને ધરેલા ઉત્તમ ફળ-નૈવેદ્ય આદિ પણ યથા કાળે સર્વોત્તમ એવા મુક્તિ-ફળને આપે છે. ચિત્ત, વિત્ત અને પાત્રના સુયોગનું આવું સરસ પરિણામ અચૂક આવે છે.

મુખ્ય મુદ્દો તમે નૈવેદ્યાદિ કોને ધરો છો, તે છે. જેમને કશાનો ખપ નથી એવા પરમાત્માને, તેમની પ્રતિમાને! એટલે જ તે અનંત ગુણુ થઈને ફળે છે. ધરતીમાં વાવેલા એક દાણામાંથી સેંકડો દાણા નીપજે છે, તો પછી શાશ્વતા સાત ક્ષેત્રો પૈકી એક એવા શ્રી જિનેશ્વરદેવની ભક્તિના ક્ષેત્રમાં વાવેલું આ નૈવેદ્ય આદિરૂપ બીજ યથા કાળે અનંતગુણું ફળ આપે તે સ્વાભાવિક છે.

અઢળક પુણ્ય ઉપાર્જન કરીને અનંત સંસારનો ક્ષય કરનારી ધર્મબુદ્ધિ પેદા કરવાના આવા ઉત્તમ સત્કાર્યને કેવળ જડ બુદ્ધિથી જતું કરવું, કે અવગણવું તે ખરેખર કરવા જેવા એક મહાન કાર્યથી હાથ ધોવા જેવું અયોગ્ય કાર્ય છે.

**પ્રશ્ન ૪૮-** ભગવાન અપરિગ્રહી છે, તેમને પૈસા ટકાદિ ધન ચઢાવી પરિગ્રહી બનાવવાની શી જરૂર?

**ઉત્તર-** આ પ્રશ્ન પણ ઉપરોકત પ્રકારનો જ છે. છતાં તેના પર ફરી વિચાર કરીએ.

પરિગ્રહ એ પાંચમું પાપ સ્થાનક છે. મોહ, મમતા, તૃષ્ણા વગેરે તેના પ્રકાર છે. પરમાત્માનો મોહ-મમતા-તૃષ્ણારૂપ પરિગ્રહ તો બળીને સર્વથા નાબૂદ થઈ ગયો છે એટલે બીજાનો આપ્યો હવે આપી શકાતો નથી. તો પછી અપરિગ્રહી અને નિર્મોહી ભગવાન બીજાના કર્યા સપરિગ્રહી કે સમોહી કેવી રીતે થઈ શકવાના ? વળી શ્રી જિન પ્રતિમાની સન્મુખ દ્રવ્ય ચઢાવતી વખતે પૂજકની ભાવના કેવી હોય છે, તે પણ સમજવા યોગ્ય છે.

દ્રવ્ય ચઢાવતી વખતે પૂજક ચિંતવે કે "હે પ્રભો ! મારે આજની ઘડી ધન્ય છે કે, સંસાર વૃદ્ધિનાં કાર્યો પાછળ ખર્ચાતા ધનમાંથી થોડુંક પણ આપની ભકિતમાં સાર્થક કરવાની સદ્બુદ્ધિ મને થઇ.

હે પરમ ત્યાગી પરમાત્મા ! હું જાણું છું કે આપને આ ધન કોઈ ખપનું નથી. પણ મારે આપ જેવી અપરિગ્રહ વૃત્તિનો ખપ છે, એટલે હું તે આપને ધરૂં છું કે, જેથી મારા મનમા કોઈ ઐહિક કામના ન રહે અને જો હું આ ધન અહીં આપની ભકિતમાં નથી વાપરતો, તો તેનો ઉપયોગ એવા માર્ગે થવાનો જ છે કે, જે નિર્વિષયી અને નિષ્કષાયી બનવાના મારા મનોરથને ખત્મ કરી દેશે. વળી આ ધન ખરેખર મારૂં નથી, પણ આપે પ્રકાશેલા ધર્મની નાના મોટી આરાધના કરતાં બંધાએલા શુભ પુણ્યના ઉદયે મને આવી મળેલું છે, એટલે 'તારૂં તુજને અર્પણ, એ ન્યાયનું, પાલન કરવા સિવાય, આ ધન આપને ધરવામાં હું કોઇ અધિક પરાક્રમ કરતો નથી.

હે દેવાધિદેવ ! મારાથી તેનો સ્વભાવ ભિન્ન છે. હું તો ચેતન છું, તે જડ છે. માટે તેના પરથી જેટલો મોહ ઉતરે તેટલો મારે ઉતારવા યોગ્ય છે.

આવી ઉત્તમ ભાવના ભાવતાં-ભાવતાં પૂજક પોતાના પરિગ્રહ અને તેની મમતાને ઘટાડવા માટે પ્રભુ-ભક્તિ વગેરે ધાર્મિક કાર્યોમાં દ્રવ્ય વાપરે છે. જેટલા અંશે સુકૃતમાં દ્રવ્ય વાપરવાની ઇચ્છા થાય છે, તેટલા અંશે તૃષ્ણા ઓછી થાય છે. અને જેટલા અંશે ધન સંચય કરવાની ઇચ્છા કરી, તેટલા અંશે પરિગ્રહ અને લોભમાં વૃદ્ધિ થાય છે. એટલે દાન, ભોગ અને નાશ એ ત્રણ પૈકી ગમે તે એક માર્ગે જનારા દ્રવ્યને દાનના માર્ગે વાળવું-વાપરવું તે સર્વ વિવેકી જનોનું કર્તવ્ય ગણાયું છે.

દાનથી જ પરિગ્રહ-લાલસા કપાય છે. વસ્તુ એ માણસને મારનારી નથી, પણ તેની મમતા છે. મુનિવર્યો પણ સંયમના નિર્વાહ અર્થે વસ્ત્ર, પાત્ર,

પુસ્તક વગેરે રૂપી પદાર્થો ગ્રહણ કરે છે. કાયા એ પુદ્ગલ છે, તેને પણ તેઓએ ધારણ કરેલ છે. આહાર-પાન વગેરે પણ તેઓ કરે છે. શિષ્ય સમુદાય પણ તેઓને હોય છે. આ સર્વ રૂપી પુદ્ગલો જ છે, તે બધાને જો પરિગ્રહ જ ગણશો, તો સાધુઓનું પાંચમું મહાવ્રત સર્વથા નષ્ટ થયું જ સમજવું પડશે અને કોઈ પણ સાધુનો મોક્ષ થઈ શકશે જ નહિ. પરંતુ આજ સુધીમાં અનંતા સાધુઓ મોક્ષે ગયા છે અને જશે. માટે જેમ સાધુ-પુરુષો પાસે પૂર્વોક્ત વસ્તુઓ હોવા છતાં પણ તેઓ તેમાં લુબ્ધ અને મમતાવાળા નહિ હોવાથી અપરિગ્રહી જ કહેવાય છે, તેમ શ્રી વીતરાગ પરમાત્મા પણ અપરિગ્રહી જ છે.

મરૂદેવી માતા હાથીની અંબાડીમાં બેઠેલા હોવા છતાં, કરોડોના અલંકારો પહેરેલા હોવા છતાં તેમને આંતરિક મોહ ઉપશમતાંની સાથે જ કેવળજ્ઞાન થયું તથા છ ખંડના સ્વામી ભરત ચક્રવર્તીને ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, તેથી કેવળ બાહ્ય પદાર્થોના યોગને જ પરિગ્રહ કહી શકાતો નથી.

બાહ્ય પદાર્થોના યોગને જ પરિગ્રહ કહીએ, તો એક ભિક્ષુક કે જેની પાસે પહેરવા વસ્ત્ર કે ખાવા અન્ન અથવા ફૂટી કોડી પણ નથી, તેને તો પરમ નિષ્પરિગ્રહી અને મહાત્યાગી સમજવો જોઈએ, પણ તેમ તો કોઈ માનતું નથી. કારણ એ છે કે-તે ભિક્ષુક પાસે બાહ્ય પદાર્થો નહિ હોવા છતાં, અભ્યંતર પરિગ્રહ જે તૃષ્ણા, તે તો છે જ, તેથી તેનું કલ્યાણ થતું નથી. આથી સિદ્ધ થાય છે કે ઇચ્છા, તૃષ્ણા વગેરે પાપના પુદ્ગલો સૌ સૌના પોતાની પાસે જ રહે છે, તેની આપ-લે થઈ શકતી નથી. એટલે જે નિષ્પરિગ્રહી છે, અભ્યંતર તૃષ્ણા રહિત છે, તે બીજાના કર્યા પરિગ્રહી થતા નથી. તેમ શ્રી વીતરાગને ભક્તિ નિમિત્તે દ્રવ્ય ચઢાવવાથી વીતરાગ પરિગ્રહી બની જતા નથી.

**પ્રશ્ન ૪૯-** દાન, શીલ, તપ અને ભાવના-એ ચાર પ્રકારનો ધર્મ છે. તેમાં મૂર્તિપૂજા કયા પ્રકારના ધર્મમાં આવે છે ?

ઉત્તર-મૂર્તિપૂજામાં ચારે પ્રકારના ધર્મ મોજુદ છે. તે નીચે પ્રમાણે :

**પ્રથમ સુપાત્ર દાન ધર્મ**-તેના બે ભેદ છે: (૧) અકર્મી (કર્મરહિત) સુપાત્રદાન (૨) સકર્મી સુપાત્રદાન પાત્ર પણ બે પ્રકારના છે. એક રત્નપાત્ર તથા બીજું સુવર્ણપાત્ર. શ્રીતીર્થંકર પરમાત્મા અને શ્રી સિદ્ધ પરમાત્મા કર્મરહિત, આશા-તૃષ્ણા રહિત રત્નપાત્ર છે. તેમને ઉત્તમ પદાર્થો અર્પણ કરવા, તે અકર્મી સુપાત્રદાન ગણાય.

–સુવર્ણપાત્ર તે સુસાધુ ! તેમને દાન દેવું તે સકર્મી સુપાત્રદાન કહેવાય. સાધુઓ આઠે કર્મ સહિત છે. તેઓને છ લેશ્યા પણ હોય છે, ક્ષુધા તૃષા શાન્ત કરવા તથા શીતોષ્ણ–પરિષહ નિવારવા અનેક વસ્તુઓની આવશ્યકતા પણ હોય છે.

શ્રી સિદ્ધ પરમાત્મા અને કેવળી ભગવંતના મુકાબલામાં છદ્મસ્થ અત્યંત સામાન્ય છે, તેમ છતાં તેમને દાન દેવાથી ગૃહસ્થ પુણ્ય ઉપાર્જનનો મહાન લાભ પ્રાપ્ત કરે છે તથા અનુક્રમે મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે, તો પછી ઇચ્છા રહિત અકર્મી એવા શ્રી સિદ્ધ પરમાત્માની સન્મુખ ભાવપૂર્વક ઉત્તમોત્તમ દ્રવ્ય અર્પણ કરતાં અષ્ટ સિદ્ધિ, નવ નિધિ તથા મુક્તિ પદની પ્રાપ્તિ થાય, તેમાં શંકા ન જ હોઈ શકે. એક સ્થળે કહ્યું છે કે–

**"देहीति वाक्यं वचनेषु नेष्टं, नास्तीति वाक्यं ततः कनिष्टं ।**
**गृहाण वाक्यं वचनेषु राजा, नेच्छामि वाक्यं राजाधिराजः ॥"**

**ભાવાર્થ**–અમુક વસ્તુની યાચના કરવી કે– 'મને (તે વસ્તુ) આપો'– એ નીચ વચન છે. વસ્તુ માગવા છતાં ન આપવી અને 'ના' કહેવી, એ તેના કરતાં પણ નીચ વચન છે. વસ્તુ સન્મુખ કરી કહેવું કે "લો" –એ ઉત્તમ વચન છે અને 'મારે ઇચ્છા નથી' એ વચન તો સર્વોત્તમ છે.

માટે ઇચ્છા–તૃષ્ણા રહિત ભગવાન સર્વ પાત્ર શિરોમણિ સુપાત્ર છે. તેમની સન્મુખ દ્રવ્ય ચઢાવી પૂજા કરતાં પ્રથમ **દાનધર્મ** ઉત્તમ રીતે સિદ્ધ થાય છે.

**બીજો શીલધર્મ** : તે પાંચે ઇન્દ્રિયોને વશમાં રાખવી તેને કહેવાય છે. ગૃહસ્થ જ્યારે ભાવપૂર્વક દ્રવ્ય પૂજા કરે છે, ત્યારે પાંચે ઇન્દ્રિયો સંવર ભાવને પ્રાપ્ત કરે છે, એથી **શીલધર્મ** પણ સિદ્ધ થાય છે.

**ત્રીજો તપધર્મ** : તે છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર પ્રકારે છે. તેમાં શ્રી જિનપ્રતિમાને પૂજતી વખતે–ચારે પ્રકારના આહારનો ત્યાગ હોવાથી બાહ્ય તપ થયો તથા ભગવાનના વિનય, વૈયાવચ્ચ, ધ્યાન આદિ કરવાથી અભ્યંતર તપ થાય છે.

**ચોથો ભાવ ધર્મ** : તે શુભ ભાવ થવાને લીધે જ શ્રાવક, ભગવાનની ભક્તિ પૂજા કરે છે. હજારો–લાખો રૂપિયા ખર્ચી દહેરાસરો વગેરે બંધાવવાં તે ભાવ વિના અશકય પ્રાયઃ છે. પૂજન કરતી વખતે શ્રી તીર્થંકર દેવોનાં પાંચે કલ્યાણકોની ભાવના ભાવવી, એ પણ ભાવ ધર્મ છે.

આ રીતે વિવેકપૂર્વક વિચારવાથી સમજી શકાય તેમ છે કે, શ્રી જિનેશ્વરની મૂર્તિપૂજામાં પણ ચારે પ્રકારના ધર્મ એક સાથે આરાધાય છે.

**પ્રશ્ન ૫૦- 'आरंमे नत्थि दया ।** એ સૂત્ર વચન છે, તેથી દયામાં જ ધર્મ છે, પણ આરંભમાં નહિ. શ્રી જિનપૂજામાં તો આરંભ થાય છે તેથી ધર્મ કેમ હોઈ શકે ?

ઉત્તર- માત્ર એક પદ બોલી, બાકીની ગાથા છોડી દેવાથી અર્થનો અનર્થ થાય છે. આખી ગાથાનો પૂર્વાપર સંબંધ મેળવી તે અર્થ કરવાથી જ સત્ય પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે, તે આખીય ગાથા એવા અર્થને જણાવનારી છે કે-

**"આરંભમાં દયા નથી, સદ્આરંભ વિના મહા પુણ્ય નથી, પુણ્ય વિના કર્મની નિર્જરા નથી, અને કર્મની નિર્જરા વગર મોક્ષ નથી.'**

એવું કયું કામ છે કે, જેમાં આરંભ અર્થાત્ દ્રવ્યહિંસા ન હોય ? પણ ક્રિયાની પ્રશસ્તતા અને અપ્રશસ્તતા તથા તે સમયનો આત્માનો ભાવ વગેરે ખાસ વિચારવું જોઇએ.

શુભ ભાવમાં રહેવાથી આરંભ છતાં પાપ ન હોય-એ માટે શ્રી ભગવતી સૂત્ર ફરમાવે છે કે-

**"शुभ जोग पडुच्च अणारंभो ।"**

અર્થાત્- જ્યાં મન, વચન, કાયાના શુભ જોગ હોય, તેવા આરંભને શ્રી તીર્થંકર દેવ અનારંભ કહે છે. તેથી કર્મબંધન હોય નહિ.

સાધુ નદી ઉતરે, વિહાર કરે, ગોચરી કરે, પડિલેહણા કરે, વગેરે કાર્યો જાણી જોઇને કરે છે. અગર અજાણપણે કરવાનું કહેશો તો મહા દોષ લાગશે, કારણ કે સાધુને કરવા, નહિ કરવા યોગ્ય કાર્યની ખબર જ નહિ હોય, તો પછી તે શંકારહિત સમ્યગ્ દૃષ્ટિ શી રીતે કહેવાશે ? જેમ તે કામોમાં ભગવાનની આજ્ઞા છે, ને સાધુ શુભ ભાવમાં વર્તતા તે કામો કરે છે, માટે કર્મ બાંધે નહિ, તેમ શ્રાવકને પણ દ્રવ્યપૂજામાં તથા સાધુને આહાર વહોરાવવામાં શ્રી જિનાજ્ઞાનું પાલન છે, તેથી તે કાર્યો ધર્મના અંગભૂત છે તેમાં જો કે હિંસા દેખાય છે, તો પણ તે સ્વરૂપ-હિંસા હોવાથી તથા પરિણામ હિંસાના નહિ, પણ દેવ-ગુરૂની ભક્તિના હોવાથી અનારંભી છે.

અહીં એમ કહેશો કે- દ્રવ્યપૂજામાં તો પ્રત્યક્ષ હિંસા જણાય છે, તેથી તેમાં ધર્મ કેમ સંભવે ? તો આ વચન પણ વ્યાજબી નથી. 'પ્રત્યક્ષ જીવને

ન મારવા'- એને જ જો 'અહિંસા ભાવ' માનશો, તો સૂક્ષ્મ એકેન્દ્રિય (લોકવ્યાપી પાંચે સ્થાવર) માં શુદ્ધ અહિંસકભાવ હોવાનું માનવું જોઈએ. કારણ કે તેઓ બિચારા હિંસાનું નામ નિશાન પણ સમજતા નથી. અને કોઇ પણ જીવની પીડામાં નિમિત્ત બનતા નથી તેથી તેઓ જ ખરેખરા અહિંસક સિદ્ધ થશે, અને તેઓ જો અહિંસક સિદ્ધ થાય તો સૌથી પહેલી મુક્તિ પણ તે જીવોની થવી જોઈએ. પરંતુ આવું વિપરીત બનવું ત્રણે કાળમાં સંભવિત નથી. માટે સાચી અહિંસાની વ્યાખ્યા "જીવને ન મારવાં' તેટલી જ નથી, પણ **'વિષયકષાયરૂપ પ્રમાદના યોગે જીવને ન મારવા,' તેનું જ નામ સાચી અહિંસા છે.**

શ્રી જિનપૂજામાં પ્રમાદના અધ્યવસાય નથી, પણ ભકિતના શુભ અધ્યવસાય છે અને તેથી તેને શ્રી જૈન શાસ્ત્ર મુજબ હિંસા કદી પણ કહી શકાય નહિ. આ રીતે જે પુરુષ દ્રવ્ય તથા ભાવ અહિંસાનું સ્વરૂપ જાણી અહિંસા પાળે, તે જ ખરો અહિંસક ગણાય.

કેટલાક કાર્યોમાં પ્રત્યક્ષ હિંસા આદિ હોવા છતાં પણ તે-તે કાર્યોને તેવા-તેવા પ્રસંગોએ આદરવાની આજ્ઞા સાધુ-મુનિરાજને શાસ્ત્રે ફરમાવી છે. જેમ કે-

(૧) **શ્રીભગવતીજી**માં કહ્યું છે કે શ્રી સંઘનું કારણ આવી પડે, તો લબ્ધિવંત સાધુ તલવાર હાથમાં લઇને આકાશમાર્ગે જાય.

(૨) **શ્રી ઠાણાંગ સૂત્ર** તથા શ્રી **બૃહત્ કલ્પસુત્ર**માં કહ્યું છે કે કાદવમાં ખૂંપેલી તથા જળમાં તણાતી સાધ્વીને બહાર કાઢે, છતાં શ્રી જિનાજ્ઞાને અતિક્રમે નહિ તથા સાધુ-સાધ્વીના પગમાં કાંટો કે ખીલો વાગે અથવા આંખમાં રજ પડે અને કોઈ કાઢનાર ન હોય, તો તેઓ પરસ્પર કાઢે.

(૩) શ્રી **સુયગડાંગસુત્ર**માં કારણવશાત્ આધાકર્મી આહાર લેતાં સાધુને દોષ ન લાગે, એમ કહ્યું છે.

(૪) શ્રી **આચારાંગ સુત્ર**માં સાધુને નદી ઉતરવાની તથા ખાડામાં પડી જાય, તો ઝાડની ડાળી કે લાકડું વગેરેને પકડીને બહાર નીકળવાની આજ્ઞા છે.

(૫) શ્રી ઉવવાઇ સૂત્રમાં કહ્યું છે કે શિષ્યની પરીક્ષા કરવા માટે ગુરૂ તેના પર ખોટા દોષ આરોપે.

હવે જો પ્રત્યક્ષ જીવ ન મારવા તેને જ અહિંસા કહેશો, તો પંચ મહાવ્રતધારી સાધુને તો ત્રિવિધ હિંસાનાં પચ્ચકખાણ છે, છતાં તેમને ઉપરનાં કામો કરવાનું કહ્યું છે, તેનું શું ? એમાં તમે કહો છો તેવી

હિંસા તો સ્પષ્ટ પણે રહેલી જ છે. એટલે સાધુ જો ઉપર જણાવ્યા મુજબનાં આજ્ઞાવિહિત કાર્યો કરે, તો તેથી તેમનાં મહાવ્રતોનું ખંડન થશે કે નહિ ? તથા ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં પણ તમે કહો છો, તેવી હિંસા તો થાય જ છે, તો તે હિસાબે તેઓ હિંસક કે અહિંસક?

ભગવાને તો એ પ્રકારે જીવોનો ઘાત થવા છતાં પણ યતનાવાન સાધુઓને આરાધક કહ્યા છે. ધર્મનિમિત્તે શુભ ભાવે કોઇ કામ કરતાં હિંસા થાય, તો પણ શાસ્ત્રે તેમાં વિરાધકપણું માનેલું નથી.

સાધુને જ્યારે આ પ્રમાણે અધિક લાભ જાણીને હિંસાયુક્ત લાગે તેવાં પણ કાર્યો કરવાની આજ્ઞા છે, તો પછી શ્રાવકને ધર્મ નિમિત્તે આરંભ કરતાં પાપ લાગે. એમ કેમ બને ! તેવાં કાર્યોને તો ભગવંત શુભાનુબંધી કહે છે. જેમ કે-

(૧) સૂર્યાભદેવના સામાનિક દેવોએ ભગવાનને સમવસરણ વગેરે રચી ભક્તિ કરવા ઈચ્છા બતાવી, ત્યારે ભગવાને કહ્યું કે "તમારો એ ધર્મ છે. મેં તથા બીજા તીર્થંકરોએ અનુજ્ઞા આપેલ છે !" વગેરે. એક યોજન પ્રમાણ જમીન સાફ કરવામાં અસંખ્યાતા વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય તથા બીજા જીવજંતુ આદિનો સંહાર થઈ જાય, છતાં ભગવાને તો તેમાં દેવતાઓની ભક્તિને પ્રધાન ગણી આજ્ઞા આપી છે.

(૨) શ્રી રાયપસેણી સૂત્રમાં ચિત્ર નામે પ્રધાન કપટ કરીને ઘોડા દોડાવી, પ્રદેશી રાજાને શ્રી કેશી ગણધર મહારાજા પાસે ઉપદેશ પમાડવા લઇ ગયો. તેમાં અનેક જીવોની હિંસા થવા છતાં શુદ્ધ પરિણામી હોવાથી, તેને 'ધર્મની દલાલી' કહી છે, પણ 'પાપદલાલી' કહી નથી.

(૩) તેવી જ રીતે શ્રી કૃષ્ણે દીક્ષાની દલાલી કરી, તેને પણ 'પાપ દલાલી' ન કહેતાં 'ધર્મદલાલી' જ કહી છે.

(૪) શ્રી જ્ઞાતાસુત્રમાં સુબુદ્ધિ પ્રધાને જિતશત્રુ રાજાને સમજાવવા માટે ગંદા પાણીને સાફ કરવા હિંસા કરી, તે પણ ધર્મને માટે કહી છે.

(૫) કોઈ શ્રાવક સાધુને વંદના કરવા, તથા વ્યાખ્યાન સાંભળવા દૂરથી ગાડીમાં બેસી વરસતા વરસાદે આરંભ કરતો આવ્યો, સામાયિક કરી સાધુની વાણીનો લાભ ઉઠાવ્યો, તેમાં પાપ કે પુણ્ય ?

(૬) કોઈ દીક્ષા લેવાનો અભિલાષી છે, તેને ઓઘા, મુહપત્તિ, વસ્ત્ર, પાત્રની જરૂર છે. તે કોઇ શ્રાવક આપે, તો તેમાં ધર્મ કે અધર્મ?

(૭) સાધુને આવતા જાણી સામો જાય, વિહાર કરતા જાણી વળાવવા જાય, સેંકડો ગાઉ દૂર વાંદવા જાય, ખપતી વસ્તુનો જોગ કરાવે, દીક્ષા મહોત્સવ, મરણ-મહોત્સવ વગેરે કરે. આ સર્વ કાર્યોમાં જીવોની પ્રત્યક્ષ હિંસા થાય, છતાં તે કરવાથી ધર્મ થાય, એમ સર્વજ્ઞકથિત શાસ્ત્રો કહે છે.

(૮) ૧૯ મા તીર્થંકર **શ્રી મલ્લિનાથ** સ્વામીએ છ રાજાને પ્રતિબોધવા માટે મોહનઘર બનાવી પોતાના પરનો મોહ હઠાવવા માટે પોતાના સ્વરૂપની એક પૂતળી ઊભી કરી તથા તેમાં નિત્ય આહાર-પાણી નાંખતાં તેમાં લાખો જીવો ઉત્પન્ન થયા અને નાશ પામ્યા છતાં તેનું પાપ ભગવાનને લાગ્યું નહિ, તેઓ તો તે જ ભવે મોક્ષે સિધાવ્યા. તેથી જો પાપવૃદ્ધિ થતી હોત, તો તેઓ તે કેમ કરત? અને કરવા છતાં મોક્ષ કેમ મળત?

આ પ્રમાણે આજ્ઞા સહિતના કાર્યોમાં સ્વરૂપે 'હિંસા' હોય છે, તો પણ પરિણામની વિશુદ્ધિથી અનુબંધે 'દયા' છે, એમ સમજવું જોઈએ.

અહીં કોઈ શંકા કરે કે-છ કાયના જીવોને શ્રી તીર્થંકરદેવ પોતાની ભક્તિ નિમિત્તે હણવાનો હુકમ કેવીરીતે કરે? તેના જવાબમાં કહેવાનું કે, મહાન પુરુષો કદાપિ એમ ન કહે કે, 'મારી ભકિત કરો, મને વાંદો અગર તો મને પૂજો.' પણ શ્રી ગણધર મહારાજાએ બતાવેલ શાસ્ત્રયુકત વિધિ મુજબ પૂજન કરતાં સેવક જનનું જરૂર કલ્યાણ થાય. જેમ સાધુ પોતાને ઉદ્દેશીને ન કહે કે 'મારી સેવા-ભકિત કરો.' પણ ઉપદેશ દ્વારા સામાન્ય રીતે ગુરૂ-ભકિતનું સ્વરૂપ ઓળખાવે, સુપાત્ર દાનનો મહિમા સમજાવે અને ભકતજનો તે પ્રમાણે કરે તેથી સાધુને પોતાની ભક્તિનો ઉપદેશ આપનાર તરીકે ન ગણાય. કારણકે સમુદાયની ભક્તિના ઉપદેશમાં વ્યક્તિનું પ્રવર્તકપણું ગણાતું નથી. માટે શ્રી જિનોક્ત-હિંસા-અહિંસાના સમગ્ર સ્વરૂપને સમજીને શુભારંભમાં પ્રવર્તવું તે મોક્ષ માર્ગમાં આગળ વધવાનો ઉપાય ગણાયો છે. થતી જણાતી હિંસાને આગળ કરીને જો તેનો અપલાપ કરવામાં આવે, તો કોઈ જીવ કદી શુભમાં પણ આવશ્યક પ્રવૃત્તિ કરી ન શકે.

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૫૧ થી ૬૩

# ૧૮

- ☐ દ્રૌપદીએ કરેલ પૂજા માન્ય કેમ?
- ☐ નંદીશ્વર આદિ દ્વીપમાં જંઘાચારણ–વિદ્યાચારણ મૂનિઓ શું કરે છે?
- ☐ મહાનિશીથ સૂત્રનાં પુરાવા માન્ય કેમ?
- ☐ મૂર્તિને સચિત્ત જલથી સ્નાન શા માટે?

**પ્રશ્ન૦ ૫૧–દ્રૌપદીએ પૂર્વ ભવમાં ખોટાં કર્મો કર્યાં હતાં, તો તેની કરેલ પૂજા કેમ માન્ય કરાય?**

ઉત્તર૦–આગલા જન્મમાં કરેલ કુકર્મોની અપેક્ષા વર્તમાન જન્મમાં ગણુશો, તો અનેક મહાપુરુષોએ પૂર્વભવમાં ખોટાં કામો કર્યાં જ હશે, તો તમારા હિસાબે તો કોઈ માનવા-પૂજવા લાયક નહિ રહે. વર્તમાન ગુરુઓ પણુ વંદન કરવા યોગ્ય નહિ રહે, કારણુ કે–તેઓએ પણુ પૂર્વ જન્મમાં ઘણાં અયોગ્ય કાર્યો કર્યાં હશે, જેથી તેના ફલ રૂપે આ સંસાર-ચક્રમાં ભ્રમણુ કરવા ઉપરાંત અનેક પ્રકારની કાયકલેશાદિ મહાન વ્યથાઓ સહન કરવી પડે છે. જો શુભ કામો કર્યાં હોત, તો ભવભ્રમણુ મટી જઈ મુક્તિ જરૂર પામત. પૂર્વ જન્મનો વિચાર તો બાજુ પર રહ્યો, પણુ આ જન્મમાં પણુ ગૃહસ્થપણુામાં આજીવિકા આદિ માટે કેઈ પાપો કર્યાં હશે, માટે સૌ પહેલાં ગુરુઓ જ અવંદનીય ઠરશે. પરંતુ કર્મના પ્રભાવથી જીવને અનેક વિટંબનાઓ ભોગવવી પડે છે, તેથી ભવચક્રમાં

પૂર્વે કરેલ અનુચિત કામથી આ ભવના મહિમામાં લેશમાત્ર ક્ષતિ પહોંચતી નથી.

**પ્રશ્ન -૫૨-**પાંચ પતિ કરનારી **દ્રૌપદી** શ્રાવિકા કેમ ગણાય ?

**ઉત્તર**-તીર્થંકર, વાસુદેવ, ચક્રવર્તી, અન્ય રાજા-મહારાજાઓ-અને શેઠ શાહુકારોને હજારો રાણીઓ અને સ્ત્રીઓ હોવા છતાં, શાસ્ત્રકારોએ તેમને સ્વદારાસંતોષી. પરમ સમ્યગ્દષ્ટિ શ્રાવકો ગણેલા છે, તથા ઘણા તો તે જ ભવે મોક્ષે ગયા છે. તે ન્યાયે **દ્રૌપદીએ** પૂર્વકૃત નિયાણાના પ્રભાવથી, પંચની સાક્ષીએ, અનાસક્ત-ભાવે પાંચ પુરુષો સાથે વિવાહ કર્યો, તેથી તેના શીયલવ્રતને કોઈ નુકશાન પહોંચી શકતું નથી : કારણ કે-શાસ્ત્રકારોએ તેણીને મહાસતી કહી છે. **દ્રૌપદીનો** દાખલો નિયાણાના પ્રતાપે એક અપવાદ રૂપ હોઈ, અન્ય સ્ત્રીઓ તેનું અનુકરણ કરી શકે નહિ.

**પ્રશ્ન-૫૩-**વિવાહ પ્રસંગે **દ્રૌપદીએ** યોગ્ય વર મળવા સારૂ કામદેવની પૂજા કરી છે, જિનપ્રતિમાની નહિ-એમ કેટલાક કહે છે તે બરાબર છે ?

**ઉત્તર**-વિચારવાનું એ છે કે-મહાન ઋદ્ધિમાન, નિર્મળ સમ્યકત્વનો ધણી અને એકાવતારી એવો જે **સૂર્યાભ દેવ**, તેણે કરેલી શ્રી જિનપ્રતિમાની પૂજાની વિધિની ભલામણ **દ્રૌપદીની** પૂજાના અધિકારમાં કરવામાં આવી છે : તો જેમ **સૂર્યાભ દેવ સમ્યગ્દષ્ટિ**, તેમ **દ્રૌપદી** પણ **સમ્યગ્દષ્ટિ** જ સિદ્ધ થાય છે. તથા **સૂર્યાભ દેવે** જેમ શ્રી જિનમૂર્તિની સત્તર ભેદે પૂજા કરી, તે પ્રમાણે **દ્રૌપદીએ** પણ શ્રી જિનપ્રતિમાની જ સત્તર ભેદે પૂજા કરી એમ જાણવું : કારણ કે-સમ્યગ્દષ્ટિ તથા મિથ્યાદષ્ટિના દેવ-પૂજનની વિધિ તથા ભાવનામાં ઘણો તફાવત છે, તેથી ભલામણવાળી બંને વ્યક્તિઓ એક જ ધર્મને પાલનારી હોય તો જ ભલામણ થઇ શકે. અન્યથા, એક બીજાની ભલામણ ઘટે જ નહિ.

**દ્રૌપદીએ** કામદેવાદિ જેવા કોઈ મિથ્યાત્વી દેવની પૂજા કરી હોત, તો ભલામણ તેવા મિથ્યાત્વી પુરૂષની પૂજાની આપવી જોઈતી હતી, પરંતુ અહીં તો **સૂર્યાભ** જેવા દૃઢ સમક્તિધારી દેવની ભલામણ કરી છે, તો પછી **દ્રૌપદીને** પણ સમ્યકૃત્વધારી શ્રાવિકા કહેવામાં શો વાંધો છે ?

તથા યોગ્ય વરની પ્રાપ્તિ સારૂ પૂજન કર્યું હોય, તો સ્તુતિ આ પ્રમાણે કરવી જોઈએ કે-"હે કામદેવ ! મને તમારી સેવાથી ખૂબસૂરત

અને ગુણી વર મળશે તો અમૂક કિંમતની મીઠાઈ આદિના ભોગ ચઢાવીશ" આમ તો તેણીએ કહ્યું નથી, પણ તેણીએ તો **"नमुत्थुणं अरिहंताणं भगवंताणं।"** અર્થાત્ "નમસ્કાર થાઓ શ્રી અરિહંત ભગવંતોને" એમ શ્રી અરિહંત ભગવાનનું નામ લઇને સ્તુતિ કરી છે, છતાં કામદેવનું ખોટું નામ દેવું યોગ્ય નથી. ? વળી "નમુત્થુણં"માં તેણીએ શી માગણી કરી છે?–**"तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोयगाणं, सव्वन्नूणं सव्वदरिसीणं।"** અર્થાત્–હે ભગવાન્! તમે તર્યા છો ને મને તારો, તમે કેવળજ્ઞાનને પામ્યા છો ને મને પમાડો, તમે કર્મથી છૂટેલા છો ને મને છોડાવો–વિગેરે પ્રાર્થનાથી તો તેણીએ મોક્ષફળની જ યાચના કરી છે. તે શું અરિહંત સિવાય બીજો કોઈ મિથ્યાત્વી દેવ આપવા સમર્થ છે? તથા એવા અનુપમ ગુણયુક્ત બીજો કોઇ દેવ છે, કે જેની એ મુજબ સ્તુતિ કરી શકાય? છેવટે તેણીએ કહ્યું છે કે–**'सीद्धिगईनामधेयं ठाणं संपत्ताणं।'** સિદ્ધિગતિ છે નામ જેનું, એવા સ્થાનકને આપ પામ્યા છો. તો વિચારી જુઓ કે–શ્રી અરિહંતદેવ સિવાય બીજા કયા દેવ સિદ્ધિગતિ નામના સ્થાનને પામી શકયા છે? લાયક પતિ માગવા સંબંધી પ્રાર્થનાનું સૂત્રમાં નામનિશાન પણ નથી, છતાં પરમ સમ્યગ્દષ્ટિ શ્રાવિકા માટે અયોગ્ય કલ્પના કરવી ઉચિત નથી.

**પ્રશ્ન૦ ૫૪**–**"नमोत्थुणं"** ના પાઠ બીજા દેવ પાસે ન કહેવાય, તો પછી **અંબડ શ્રમણોપાસક**ના સાતસો શિષ્યોએ પોતાના ગુરૂને તે પાઠ કેમ કહ્યો?

ઉત્તર–**"नमोत्थुणं।"** માં વર્ણવેલા ગુણો અરિહંત સિવાય અન્ય દેવમાં હોઈ શકે જ નહિ, તેથી શાસ્ત્રમાં કયાંય પણ બીજા દેવ પાસે કહ્યાનો ઉલ્લેખ છે જ નહિ. અંબડ સંન્યાસી શ્રાવકના સાતસો શિષ્યોએ કેવી રીતે કર્યું હતું, તેનો પાઠ શ્રી ઉવવાઈ સૂત્રમાં નીચે મુજબ છે–

**"नमोत्थुणं अरिहंताणं भगवंताणं जावसंपत्ताणं, णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स जाव संपाविउकामस्स, नमोत्थुणं अंबडस्स परिव्वायगस्स अम्ह धम्मायरियस्स धम्मोवएसगस्स।"**

**અર્થ**–(તે સાતસો શિષ્ય બે હાથ જોડીને એમ કહે છે કે–) નમસ્કાર થાઓ–શ્રી અરિહંત ભગવંતોને, યાવત્ મોક્ષને પ્રાપ્ત થયા

છે તેમને નમસ્કાર થાઓ, શ્રમણભગવાન શ્રી મહાવીર પરમાત્માને યાવત્ મુક્તિ પામવાના કામીને ! નમસ્કાર થાઓ, અંબડ પરિવ્રાજકને, અમારા ધર્માચાર્યોને અને ધર્મોપદેશકને !—

ઉપરના પ્રથમ બે નમસ્કારમાં, તો "**નમોત્થુણં ।**" નો પાઠ મોક્ષ-ગતિ સુધી કહ્યો અને પાછલા નમસ્કારમાં તો પોતાના ગુરુને વંદન કર્યું છે. તેને કંઈ અરિહંત ભગવાન કહેલ નથી. તેમ તે ઠેકાણે અરિહંતના ગુણોના વર્ણનવાળું **શક્રસ્તવ (નમોત્થુણં)** કહ્યું નથી. માત્ર "**નમોત્થુણ**" (નમસ્કાર થાઓ) તે એક પદના કહેવાથી, **શક્રસ્તવનો** પાઠ આવી જાય છે, એમ મનાય નહીં.

**પ્રશ્ન ૫૫–દ્રૌપદીએ** તો માત્ર એક જ વાર પૂજા કરી જણાવ્યું છે. તે વળી મિથ્યાદૃષ્ટિપણામાં, કેમ કે – નિયાણું પૂરું થયા વિના સમ્યક્ત્વ પ્રાપ્ત કેમ થાય ?

**ઉત્તર–જે સૂત્રમાં દ્રૌપદીના** નિત્યકર્મની નોંધ આવી હોય, તે જ સૂત્રમાં તેણે નિત્યપ્રતિ પૂજન કર્યાનો લેખ હોઈ શકે. સર્વત્ર ક્યાંથી હોઈ શકે ? શું વારંવાર એકની એક જ વાત શાસ્ત્રકાર સર્વત્ર લખ્યા કરતા હશે ? વિવાહની ધમાલ અને ધામધૂમમાં સેંકડો રાજપુત્રો પોતાના આંગણે આવેલ હોવા છતાં, પોતાનું નિત્યકર્મ જે પૂજા–તેને જે ભૂલી નથી અને જેણીએ અત્યંત વિનય પૂર્વક, શુભભાવયુક્ત બનીને શક્રસ્તવથી પ્રભુની ભક્તિ કરી છે, તે અન્ય શાંતિના સમયે જિનપૂજન ન કરતી હોય, એ શું શક્ય છે ? સૂત્રપાઠથી જ પ્રગટ જણાય છે કે–તેણી રોજ પૂજન કરનારી છે. એ બનવાજોગ છે કે–પદ્મોત્તર રાજાને ત્યાં પરાધીનપણે સંકટમાં રહેલ હોવાથી, દેરાસર તથા સામગ્રીના અભાવે કદાચ પૂજા ન બની શકી હોય, તો પણ ત્યાં રહ્યાં છતાં તેવા સંકટના સમયે છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપસ્યા કરવી સ્વાધીન હોવથી, તેણીએ કરી છે.

વળી પૂજન કરવાનું તો એક વખત પણ કહ્યું છે, કિંતુ ભોજન-પાન, સુવું, બેસવું એ વગેરેનું તો એક વાર પણ કહ્યું નથી, તેથી શું તે કૃત્યો નહિ કર્યાં હોય ? તુંગીયા નગરીના શ્રાવકોએ સાધુને વંદન કરવાનું એક વાર જ કહ્યું છે, તો શું બીજી વાર વંદણા નહિ કરી હોય ?

**દ્રૌપદીને** પૂજા કરતી વખત સમ્યક્ત્વ હતું-એમ આગળના પ્રશ્નોત્તરમાં સાબીત કરી ગયા છીએ 'નિયાણું પુરૂં થયા પહેલાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય' -એ કહેવું સર્વથા પ્રમાણરહિત છે. શ્રી દશાશ્રુત સ્કંધમાં નવ પ્રકારનાં નિયાણાં કહ્યાં છે. તેમાં સાત નિયણાં તો કામભોગનાં છે. તે જો તીવ્રરસથી બાંધ્યાં હોય, તો સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોય અને જો મંદ રસથી બાંધ્યાં હોય તો સુખેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. જેમ કૃષ્ણનુ વાસુદેવ પદવીનું નિયાણું મંદ રસવાળું હોવાથી સમ્યક્ત્વને તેઓ પામ્યા હતા. અત્રે જો કહેશો-"કૃષ્ણને વાસુદેવની પદવી મળી એટલે નિયાણું પુરૂં થતાં સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, તેમ દ્રૌપદીને પણ પાંચ પતિ મળતાંની સાથે તેનું નિયાણું પુરૂં થયું."-તો આ કહેવું પણ વ્યાજબી નથી. નિયાણું સમસ્ત ભવ આશ્રિત હોવાથી, તેના ફલને જીંદગી પર્યંત ભોગવવું પડે છે. નિયાણાવાળી વસ્તુ પ્રાપ્ત થતાંની સાથે જ અગર નિયાણું પુરૂં થઇ જતું હોય, તો પછી તે વસ્તુનો તરત જ વિયોગ કે નાશ થવો જોઈએ, પણ તેમ તો બનતું નથી. કૃષ્ણ વાસુદેવે તો જીંદગી પર્યંત વાસુદેવની પદવી ભોગવી છે તથા દ્રૌપદી પણ પોતાના પાંચ પતિની હયાતિમાં દેવલોક ગઈ છે. શ્રી દશાશ્રુત સ્કંધમાં નવમું નિયાણું દીક્ષાનું છે, તો દીક્ષા લીધાની સાથે તે જ ઘડીએ નિયાણું પુરૂં થઇ જવું જોઈએ તથા ત્યારપછી તેજ ભવમાં કેવલજ્ઞાન પામી કોઈને મોક્ષ પણ પ્રાપ્ત થવો જોઈએ, પણ શાસ્ત્રકારે તો નિયાણાવાળાને તેજ ભવે મોક્ષ પામવાનો પણ નિષેધ કર્યો છે.

કોઇ તાપસ પોતાની તપસ્યાના પ્રભાવે આવતા ભવમાં રાજ્યલક્ષ્મી મેળવવાનું નિયાણું કરે, તો તે તાપસ મરીને કોઇ રાજાને ત્યાં પુત્ર તરીકે જન્મી યોગ્ય વયે ગાદીએ બેસતાંની સાથે જ નિયાણું પુરૂં થતાં દરિદ્રતા પામશે કે તે રાજ્યને પોતાના આયુષ્ય પર્યંત ભોગવશે ?

તાત્પર્ય એ કે-મંદ રસના નિયાણાવાળાને સમ્યક્ત્વ પામવામાં બાધ આવતો નથી. અને ઉત્કૃષ્ટ રસના નિયાણાવાળાને તો શ્રી વીતરાગનો ધર્મ કાને પણ સાંભળવાનો અવસર ન મળે. પણ દ્રૌપદીએ તો પાછળથી સંયમ પણ લીધું છે.

કૃષ્ણ મહારાજા જેમ સમ્યગ્દષ્ટિ શ્રાવક હતા, તેમ દ્રૌપદી પણ વિવાહ પહેલાં બાળપણાથી જ સમ્યગ્દષ્ટિ શ્રાવિકા હતી, તથા જીવન પર્યંત તેવા દઢ સમ્યગ્દષ્ટિ રહી હતી. શ્રી જ્ઞાતાસૂત્રમાં લખ્યું છે કે-

"જ્યારે દ્રૌપદીની પાસે નારદ મુનિ આવ્યા, ત્યારે તેમને અસંયતિ, અવિરતિ, અપચ્ચકખાણી જાણી માન ન દીધું, ઉભી થઈ નમસ્કાર પણ ન કર્યો."

તથા તેજ સૂત્રમાં જણાવ્યું છે કે-"પદ્મોત્તર રાજાના અંતઃપુરમાં રહી થકી છંમેરાં છટ્ઠ, આયંબીલ આદિ તપસ્યા કરતી આત્માની ભાવના ભાવતી."

એ પ્રમાણે શુદ્ધ શ્રાવિકા વગર કોણ કરી શકે? શ્રી ભગવતીજીમાં જઘન્યથી એક પણ વ્રત કરનારને શ્રાવક કહ્યા છે તથા તે સૂત્રમાં પચ્ચકખાણને ઉત્તરગુણમાં લખેલ છે. શ્રી દશાશ્રુતસ્કંધમાં દસણસાવએ।" કહેતાં સમ્યક્ત્વધારી જીવને પણ શ્રાવક ગણ્યો છે તથા શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રની વૃત્તિમાં દ્રૌપદીને પરમ શ્રાવિકા કહી છે. કોઈ પણ ઠેકાણે એમ નથી કહ્યું કે- 'વિવાહ પહેલાં તો દ્રૌપદી મિથ્યાદૃષ્ટિ હતાં અને ત્યાર પછી તે સમ્યગ્દૃષ્ટિ થઈ.' આથી સિદ્ધિ થાય છે કે-તેણી બાલપણાથી માંડીને ઠેઠ સુધી દૃઢ શ્રાવિકા તથા ચુસ્ત સમ્યગ્દૃષ્ટિ હતી, તથા નિયાણાથી તેને ધર્મકાર્યમાં કાંઈ બાધા પહોંચી નથી.

શંકા-સ્ત્રીએ કરેલ પૂજા શી રીતે પ્રમાણ કરી શકાય ?

**સમાધાન**-એ માન્યતા કબૂલ રાખવામાં આવે, તો ચારિત્ર પાળનાર સાધ્વી સ્ત્રીની સમ્યક્ત્વની કરણી પણ માનવા લાયક નહિ ગણાય. સ્ત્રીએ ગ્રહણ કરેલ સંયમ પણ નિરર્થક થશે. અને તેમ માનવા જતાં ચતુર્વિધ સંઘનો એક પાયો જ તૂટી જશે. શાસ્ત્રકારોએ તો અનેક સ્ત્રીઓ ઉત્તમ પ્રકારે ધર્મની આરાધના કરીને મોક્ષે ગયાનું લખ્યું છે.

મરૂદેવી માતા આ અવસર્પિણીમાં સૌથી પહેલાં સિદ્ધ થયાં છે. શ્રી મલ્લીનાથસ્વામી સ્ત્રીરૂપે તીર્થંકર થયા છે. ચંદનબાલાએ શ્રી મહાવીર પ્રભુનો અભિગ્રહ પૂર્ણ કર્યો છે. ઈત્યાદિ અનેક પ્રશંસનીય કાર્યો આ કાલચક્રમાં સ્ત્રીઓએ કરેલાં છે. તથા પુરૂષોને તો પૂજાની સામગ્રી મળવી સુલભ છે, પણ સ્ત્રીઓને દુર્લભ હોવા છતાં દ્રૌપદીએ પૂજા કરી છે, તેથી તેના શુભ કાર્યની શાસ્ત્રકર્તાએ વિસ્તારથી પ્રશંસા કરી છે. તે ઉપરથી પુરુષોએ તો પૂજાના કાર્યને અવશ્ય આદરવું જોઈએ, એમ સિદ્ધ થાય છે.

પ્રશ્ન૦ ૫૬-દ્રૌપદીની પૂજાને માટે સૂર્યાભ દેવની ભલામણ કરી, ત્યારે કોઈ શ્રાવકની કેમ ન કરી ?

ઉત્તર૦ શાસ્ત્રકાર મહારાજા શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજે શ્રી રાયપસેણી સૂત્રમાં સૂર્યાભ દેવના અધિકારે શ્રી જિનપ્રતિમાની

પૂજાનું સવિસ્તર વર્ણન કર્યું છે. તેની ભલામણ બીજે ઠેકાણે આપી છે, કારણ કે-એકજ વાતનું વિવેચન સ્થળે સ્થળે સૂત્રમાં આપવામાં આવે, તો શાસ્ત્ર વધી જાય. તે ભયથી શાસ્ત્રકાર મહારાજા એક-બીજા સૂત્રની ભલામણ કરે છે. શ્રી **મહાવીર** પરમાત્મા તથા ગણધર ભગવંતોએ તો તમામ જગ્યાએ સંપૂર્ણ વર્ણન કર્યું હતું, પણ શાસ્ત્રકર્તા સૂત્રને સંક્ષેપ કરવાના અભિપ્રાયથી અરસપરસ સૂત્રોની ભલામણ કરે છે.

બીજું કારણ એ છે કે- કેટલાક લોક શાશ્વતી જિનપ્રતિમાની દેવતા પૂજા કરે એમ તો માને છે, પણ અશાશ્વતી (કૃત્રિમ) મૂર્તિ માનવાનો નિષેધ કરે છે. તેઓનાં અંતર્ચક્ષુ ખોલવા સારૂ **સૂર્યાભ દેવની** ઉપમા આપી છે કે-જેમ શ્રી **રાયપસેણી** સૂત્રમાં કહ્યા મુજબ દેવતાઓ નિરંતર શાશ્વતી મૂર્તિઓ પૂજી, પોતાનું હિત, કલ્યાણ તથા મોક્ષની સાધના કરે છે, તેવી જ રીતે **શ્રાવકો** તથા શ્રાવિકાઓ પણ અહીં રહ્યાં શ્રી જિનપ્રતિમાના પૂજનથી તેમની પેઠે આત્માનું કલ્યાણ સાધી સંસાર-સમુદ્રનો પાર પામી શકે છે.

વળી શાશ્વતી કે **અશાશ્વતી** બંને પ્રકારની મૂર્તિના પૂજનથી એક સરખું ફલ પ્રાપ્ત થાય છે, એમ જણાવવાનો પણ શાસ્ત્રકારોનો આશય છે.

શાશ્વતી પ્રતિમાનો આદર કર્યા પછી અશાશ્વતી પ્રતિમાનો નિરાદર કરવો, એ અજ્ઞાનતા છે. બન્ને પ્રકારની પ્રતિમા એક સરખી સન્માનનીય છે : કેમકે બધી પ્રતિમા એક જ દેવની છે. જૂદા જૂદા દેવની નથી, કે જેથી એકનું બહુમાન ને બીજીનું અબહુમાન થઈ શકે.

એક કારણ એ પણ છે કે-દેવતાઓની શક્તિ અચિન્ત્ય હોવાથી જેટલા ભાવથી તેઓ પૂજા કરે, તેટલા ભાવથી પ્રાયઃ મનુષ્ય કરી ન શકે, છતાં **દ્રૌપદી** મનુષ્ય અને તેમાં પણ પોતે સ્ત્રી હોવા છતાં મહાન **સૂર્યાભ દેવની** માફક મોટા આડંબર સહિત જિનપૂજા કરી એમ જણાવવું, તે છે તથા જેમ **સૂર્યાભ** શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે, તેમ **દ્રૌપદી** પણ પરમ શ્રાવિકા છે, એમ જણાવવાનો પણ આશય છે.

તથા જે વિધિથી શાશ્વતી પ્રતિમાઓ પૂજાય છે, તે જ વિધિથી અશાશ્વતી પ્રતિમાઓ પૂજવાથી પણ પોતપોતાના ભાવ પ્રમાણે સમાન ફળ મેળવી શકાય છે, એવું સૂચન છે.

અન્ય કોઈ શ્રાવકની ઉપમા ન આપવાનું કારણ એ પણ જણાય છે કે-આણંદાદિ શ્રાવકના વર્ણનમાં શાસ્ત્રકારે પૂજાવિધિનું **સૂર્યાભના**

અધિકારની પેઠે સંપૂર્ણ વિવેચન કર્યું નથી, તેથી બીજાની ભલામણ કેવી રીતે આપી શકાય ? જે સ્થળે વિશેષ ખૂલાસો આપ્યો હોય, તે સ્થળનું નામ જ આપી શકાય.

**પ્રશ્ન૦ ૫૭-શ્રી ભગવતી** સૂત્રમાં કહ્યું છે કે-"જે સાધુ **નંદીશ્વરદ્વીપ** જાય, તે પાછા **ભરતક્ષેત્રમાં** આવી આલોયણા કર્યા વિના અર્થાત્ ઈરિયાવહિ પડિક્કમ્યા વિના કાળ કરે તો જિનાજ્ઞા વિરાધક બને અને જો આલોયણા લીધા પછી કાળ કરે તો આરાધક થાય" તથા શ્રી **સમવાયાંગ સૂત્રમાં** કહ્યું છે કે-"જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ સત્તર હજાર યોજનથી કાંઇક અધિક સીધા આકાશમાં ઉડીને પાછા તીરછી ગતિ કરે" એ મુજબ મુનિઓનું ત્યાં જવું સાબીત કરનારા ઘણા પાઠો છે પણ **નંદીશ્વર દ્વીપની** જાત્રા કરવા જતાં જો આલોયણા આવે છે, તો પછી તે જાત્રાનું શું પ્રયોજન ?

ઉત્તર૦-જે આલોયણા છે, તે પ્રમાદગતિની છે. લબ્ધિ ફોરવવાથી તે મુનિઓને પ્રમાદગતિ થાય છે, તેથી તેની આલોયણા છે, પણ ચૈત્યવંદનની આલોયણા નથી. વળી તીરના વેગની માફક ચારણ મુનિ-ઓની ગતિનો ઉતાવળો સ્વભાવ હોવાથી, માર્ગમાં શાશ્વતાં-અશાશ્વતાં જિનમંદિરો રહી જાય છે, તે પણ પ્રમાદગતિ છે, તેથી તેની આલોયણા આવે છે.

શ્રી **દશવૈકાલિક સૂત્રમાં** કહ્યું છે કે-'સાધુ ગોચરી લાવી ગુરુની પાસે સમ્યક્ પ્રકારે આલોવે.' તે આલોયણા ગોચરીની નહિ, પણ તેમાં પ્રમાદે કરી આવવા-જવામાં ઉપયોગ ન રહેવાથી જે કોઈ દોષ લાગ્યો હોય, તેની આલોયણા કહી છે. સાધુને આવતાં-જતાં, પ્રતિક્રમણ કરતાં કે બીજું હરકોઇ કામ કરતાં આલોયણા તથા ઇરિયાવહી પડિક્કમવાની છે, તે પ્રમાદને આશ્રીને છે : નહિ કે-તે તે શુભ કાર્યોને આશ્રીને !

**પ્રશ્ન૦ ૫૮**-જંઘાચારણ અને વિદ્યાચારણ મુનિઓ શ્રી **નંદીશ્વર** આદિ દ્વીપોમાં "**चेइयाइं** ।" શબ્દથી જ્ઞાનનું આરાધન કરે છે, પણ પ્રતિમાને વંદન કરે છે એમ નહિ-એ બરાબર છે ?

ઉત્તર૦-શ્રી ઠાણાંગ તથા શ્રી **જીવાભિગમ સૂત્રમાં નંદીશ્વરાદિ** દ્વીપોમાં શાશ્વતી પ્રતિમાઓ હોવાનું કથન વિસ્તારપૂર્વક છે. તથા શ્રી **જંબૂદ્વીપ પન્નત્તિ** સૂત્રમાં **માનુષોત્તર** પર્વતના તેર કૂટોનાં નામો ગણાવી હરેક કૂટ પર તથા દેવતાઓનાં તમામ ભુવનોમાં સિદ્ધાયતન (જિન-

મંદિર) હોવાના પાઠો છે. તેની વંદણા કરવા લબ્ધિવંત મુનિઓ જાય, એમ પ્રાય: સર્વ જૈનો માને છે. છતાં "चेइयाइं।" શબ્દનો અર્થ મન: કલ્પિતપણે 'જ્ઞાન' કરવો એ અયોગ્ય છે. ચૈત્ય શબ્દનો જ્ઞાન અર્થ કોઈ પણ વ્યાકરણને સમ્મત નથી. વળી જ્ઞાન તો અરૂપી વસ્તુ હોવાથી, તેનું ધ્યાન તો ઘર બેઠાં પણ પણ થઈ શકે, એ માટે શ્રી નંદીશ્વર દ્વીપે જવાનું શું કામ? તથા જ્ઞાન તોએકવચને છે ને "चेइयाइं।" શબ્દ બહુવચને છે. 'चेइयाइं।" બહુવચન છે, એટલે પણ તેનો અર્થ 'પ્રતિમાઓ' સિવાય બીજો થઈ શકતો જ નથી.

**પ્રશ્ન૦** દેવતાઓને શ્રી **ભગવતી સૂત્ર**માં "**नो धम्मिआ।**" કહ્યા છે તેમની કરેલી મૂર્તિપૂજા શી રીતે પ્રામાણિક ગણાય?

**ઉત્તર૦** તે ઠેકાણે તો ચારિત્રની અપેક્ષાએ "**नो धम्मिआ।**" કહ્યા છે. જેમ શ્રી **ભગવતીજી**માં દેવતાઓને "**बाल**" કહ્યા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર–એ ત્રણ મોક્ષના માર્ગમાંથી દેવતાને સમ્યગ્જ્ઞાન તથા દર્શન હોય છે, પણ ચારિત્રની પ્રાપ્તિ નહિ હોવાથી '**नो- संयति**' પણ કહ્યા છે. શ્રી **ઠાણાંગ સૂત્ર**માં સમ્યક્ત્વને સંવરધર્મ રૂપ કહ્યો છે અને શ્રી જિનપ્રતિમાનું પૂજન એ સમ્યક્ત્વની કરણી છે, તેથી એ હિસાબે સમ્યગ્દૃષ્ટિ દેવોને ચારિત્રની અપેક્ષાએ '**बाल**', '**नो धम्मिआ**' કે **नो संयति**' કહેલા છે, કિન્તુ સમ્યગ્દર્શન કે જ્ઞાનની અપેક્ષાએ નહિ.

એ જ ન્યાયે "**नो संयत**" આદિ પદોનો અર્થ "**अधर्मी**" કે "**असंयति**" આદિ કરવાનો નથી, પણ ઈષત્ ધર્મી, ઈષત્ સંયમી આદિ કરવાનો છે.

વળી શ્રી **આચારાંગ**, શ્રી **દશાશ્રુતસ્કંધ** તથા શ્રી **જ્ઞાતાસૂત્ર**માં કહ્યું છે કે" લોકાંતિક દેવતાઓ અનંતાકાળથી સ્વયં બુદ્ધ એવા શ્રી **તીર્થંકર**-દેવોને દીક્ષાના કાળનું સ્મરણ કરાવવા પ્રતિબોધે છે કે– 'હે ભગવાન્! જગતને હિતકર તીર્થ પ્રવર્તાવો!' આવા વિવેકી દેવતાઓને કોણ બુદ્ધિમાન અધર્મી કહી શકે?

શ્રી **દશવૈકાલિક** સૂત્રમાં દેવતાઓને મનુષ્ય કરતાં મહા વિવેકી અને બુદ્ધિમાન કહ્યા છે.

**धम्मो मंगलमुक्किट्टं अहिंसा संजमो तवो।**
**देवा वि तं नमसंति, जस्स धम्मे सया मणो॥**

**અર્થ**–જેમનું મન ધર્મના વિષયમાં સદા પ્રવર્તમાન છે, તેમને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. (તો મનુષ્ય કરે તેમાં નવાઈ શી?)

વળી શ્રી **ઠાંણાગસૂત્ર**માં દેવતાઓ કેવી શુદ્ધ ભાવના ભાવી, તે માટે કહ્યું છે કે–

દેવલોકમાં નવો ઉત્પન્ન થયેલો દેવતા દિવ્ય કામભોગમાં મૂર્છિત થતો નથી. કામભોગોને અનિત્ય જાણી અતિ ગૃદ્ધ, અતિ આસક્ત થતો નથી. તે મનમાં વિચારે છે કે–મારા મનુષ્યભવના ધર્મોપદેષ્ટા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગચ્છના સ્વામી, જેના પ્રભાવથી આ પ્રત્યક્ષ દેવતાની ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય દેવપ્રભાવ હું સમ્યગ્ભાવે પામ્યો છું, માટે હું જાઉં, તે ઉપકારી ભગવંતને હું વાંદું, નમસ્કાર કરૂં, સત્કાર કરૂં, સન્માન કરૂં, કલ્યાણકારી–મંગલકારી દેવચૈત્ય એટલે જિનપ્રતિમા, તેની સેવા કરૂં. ઈત્યાદિ.

વળી કહ્યું છે કે–

(તથા વળી દેવો એવો વિચાર કરે છે કે–) મનુષ્યભવમાં મોટા મોટા જ્ઞાની મહારાજાઓ છે અને તપસ્વીઓ છે, અતિ ઉત્કૃષ્ટ કરણીના કરનાર છે, સિંહગુફા, સર્પબિલે કાઉસ્સગ્ગ કરનારા છે. દુષ્કર બ્રહ્મચર્યને પાળનારા છે, માટે હું જાઉં, એવા ભગવાનને વાંદુ, નમસ્કાર કરૂં, યાવત્–સેવાભક્તિ કરૂં.

ફરી પણ તેઓ ખેદ કરે છે કે–

“અહો હો ! દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યજન્મ પામી, પૂર્વભવમાં ગુરુમહારાજના યોગે તપસંયમ ગ્રહણ કરી પ્રમાદ છોડ્યો નહિ, તપ સંયમ રૂડી રીતે પાળ્યા નહિ, આળસથી ગુરુ તથા સાધર્મીનો વૈયાવચ્ચ પૂર્ણ રીતે કર્યો નહિ સિદ્ધાંત પુરૂં ભણ્યો નહિ, ચારિત્રની મર્યાદા લાંબા વખત સુધી ઉત્તમ રીતે પાળી નહિ, હવે એવો સંજોગ ફરી હું કયાં પામીશ અને કયારે હું હૃદયમાં શુભ ધ્યાનને ધ્યાયીશ ? મોક્ષપદને હું કયારે પ્રાપ્ત કરીશ ? જેથી ગર્ભાવાસમાં ફરી આવવું છૂટી જાય”

ઇત્યાદિ શ્રી **ઠાણાંગસૂત્ર**માં કહ્યા મુજબ ઘણે પ્રકારે શુભ ભાવનામાં લીન થનાર અને શ્રી જિનરાજની આજ્ઞાનું પાલન કરનાર દેવોને અધર્મી કહેવા – તે ઉચિત નથી.

શ્રી**ઉત્તરાધ્યયન સૂત્ર**ના સાતમા અધ્યયને દેવગતિનો લાભ મનુષ્યને કહ્યો છે અને આચાર્ય ભગવાન કહે છે કે–અમે પણ તેમજ સદ્દહીએ છીએ.

**“धीरस्सयस्स धीरत्तं, सव्वधम्माणुवत्तिणो ।**
**चिच्चा अधम्मं धम्मिट्ठे, देवेसु उववज्जइ ॥१॥”**

**ભાવાર્થ**-આ મનુષ્યભવમાં શ્રી વીતરાગપ્રણીત તપસંયમ સાધીને દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયા.

જો આ દેવોને અધર્મી કહેશો, તો શું જિનરાજના કહેલા તપ અને સંયમની તેઓએ અધર્મી થવા સારૂ સાધના કરી, હાલમાં સાધના કરે છે કે ભવિષ્યમાં સાધના કરશે ? જો સર્વ દેવને અસંયતિ જ ગણુશો, તો તપ-સંયમને સાધવાથી તો ઉલટા વીતરાગના ધર્મને ખોઇ દેવાનું અને મિથ્યાત્વમાં પડી જવાનું થશે તથા તપ-સંયમની ક્રિયા જ દુર્ગતિમાં લઈ જનારી થશે. હાલમાં આ ક્ષેત્રમાં મોક્ષ તો છે જ નહિ, ત્યારે મોટા મોટા ક્રિયાવાદિઓ અને તપ-સંયમ આચનારાઓ શું દેવગતિમાં જઈ ઉલટા મિથ્યાત્વમાં પડી જશે ? માટે સર્વ દેવતાને અધર્મી કહેવા, એ ભયંકર ભુલ છે.

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓએ સાધુ તથા શ્રાવકને ઉપદેશ આપી જૈન-ધર્મમાં સ્થિર કરી, દુર્ગતિમાં પડતા કેવી રીતે અટકાવ્યા છે, તે નીચેનાં સૂત્રોની વિગતો ઉપરથી સમજાશેઃ-

શ્રી **નિરયાવલી** સૂત્રમાં કહ્યું છે કે-મહા મિથ્યાત્વી **સોમીલ** તાપસ રાત્રીએ ધ્યાન લગાવી, નેતર જેવા કોમળ કાષ્ઠની મુખમુદ્રા બનાવી, મુખમાં નાખી, બંને છેડા કાને ચઢાવી, ઉત્તર દિશામાં મુખ રાખી બેઠો છે. ત્યાં એક દેવે આવી કહ્યું કે-'હે સો**મીલ** ! આ તારી પ્રવ્રજ્યા (દીક્ષા) દુઃપ્રવ્રજ્યા છે, માટે શ્રી જિનેશ્વર ભગવાને કહેલી સુપ્રવ્રજ્યા અંગીકાર કર.'' પણ **સોમીલે** તે ઉપર કાંઇ લક્ષ્ય ન આપ્યું. દેવ એમ પાંચ દિવસ સુધી કહેતો રહ્યો કે-'હે **સોમીલ** ! આ તારી દીક્ષા જૂઠ્ઠી છે. આ તારૂં કષ્ટ અજ્ઞાન કષ્ટ છે માટે વારંવાર વિચાર કર !'' આવાં હિતનાં વચનો વારંવાર સાંભળી **સોમીલે** શુદ્ધ જૈનધર્મને માન્ય કરી, મિથ્યાત્વનું દુષ્કૃત આલોવી, શુદ્ધ તપ-જપ અને સંયમનું આરાધન કર્યું. અન્તે તે **મહાશુક્ર** દેવવિમાનમાં ઉત્પન્ન થયો તથા આગામી ભવે મોક્ષે જશે. તે દેવે ભગવાન શ્રી **મહાવીર** પરમાત્મા સન્મુખ નાટક પણ કર્યું હતું.

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં ગોશાલક મતના ઉપાસક **સદ્દાલપુત્રને** દેવતાએ શ્રી **મહાવીરસ્વામી** પાસે જવાનો ઉપદેશ કરી ધર્મમાં દૃઢ કર્યો તો વિચારો કે જો તે દેવ સમ્યગ્દૃષ્ટિ ન હોત, તો શ્રી **મહાવીર** પ્રભુ પાસે શા માટે મોકલત ?

શ્રી જ્ઞાતાસૂત્રમાં ફરમાવ્યું છે કે-મહા મોહાંધ તેતલી પુત્ર મંત્રીને પોટિલ નામના દેવે ઘણા ઉપાય કરી ધર્મબોધ આપ્યો, તેથી તેણે જૈન દીક્ષાનો સ્વીકાર કર્યો તથા તે જ વેળા તે કેવળજ્ઞાનને પામ્યો.

ધર્મની આવી ઉચ્ચ લાગણી ધરાવનાર દેવોના હૃદયકમલમાં સમ્યક્ત્વ રોમેરોમ વ્યાપેલું હોય, તો જ આમ બની શકે. મિથ્યાત્વી દેવોને આવી સજ્જડ ધાર્મિક લાગણી હોઈ શકે નહિ.

આટલું જોવા અને જાણવા છતાં પણ, દેવતાની કરણીને જો અધર્મ રૂપ માનશો, તો એક દેવતા તો તીર્થંકર, સાધુ, શ્રાવકને ઉપદ્રવ કરે છે ને બીજો દેવતા ભક્તિપૂર્વક તેનું નિવારણ કરે છે-તો તે બંને દેવને એક સરખું ફળ મળશે કે જૂદું જૂદું ? તમારા મત પ્રમાણે તો એક સરખું ફળ મળવું જોઇએ; ગોળ ને ખોળ એક જ ભાવે ખપવો જોઈએ. પણ તેમ કદાપિ બને નહિ. વળી ઉપર બતાવેલ દેવોએ ઘણા જણને ધર્મમાં પ્રવર્તાવ્યા છે. તેમને તથા કોઈ શિષ્ય દેવપણે ઉપજી પોતાના પૂર્વના ગુરુને ચારિત્રથી પતિત અવસ્થામાં જોઈ પ્રતિબોધ કરે તે દેવને ધર્મી ગણશો કે અધર્મી ?

પ્રશ્ન ૫૯-દેવતાઓ તો ચોથે ગુણઠાણે હોવાથી, તેમની કરેલ મૂર્તિપૂજાને પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનકવાળા મનુષ્યો કેમ માન્ય કરે ? દેવો તો પોતાનો જીત આચાર સમજી પૂજા કરે તેમાં પુન્ય કેમ હોય ?

ઉત્તર૦-ચોથે ગુણસ્થાનકે જીવ સમ્યક્ત્વને પામે ત્યારથી એટલે ચોથાથી ચૌદમા ગુણસ્થાનક સુધી જીવોની ધર્મશ્રદ્ધા એક સમાન હોય છે. શ્રદ્ધામાં જરા પણ ફેર હોતો નથી. જો કે તેમાં નિર્મલતા આદિને અંગે તફાવત હોઈ શકે છે, પણ તે તફાવતની વાત અહીં નથી. અહીં તો વાત એ છે કે-ચોથા ગુણસ્થાનકે અમૂક દેવાદિ વિષે શ્રદ્ધા અને આગળનાં ગુણસ્થાનકોમાં તે તે વિષયમાં શ્રદ્ધાભેદ થતો હોય એમ છે જ નહિ. તે તે સ્થિતિમાં રહેલા જીવો અન્ય દેવ-ગુરુને ચારે નિક્ષેપે ત્યજનારા હોય, તેથી તેમને શ્રી અરિહંતદેવ ચારે નિક્ષેપે પૂજનીક રહે, તેમાં આશ્ચર્ય નથી. ચોથા ગુણસ્થાનકવાળા જીવને વ્રતપચ્ચકખાણ હોતા નથી અને પાંચમા ગુણસ્થાનકવાળાને હોય છે વિગેરે તફાવત છે. બાકી સમકિત તો બન્ને ને હોય જ. ભગવાને સમ્યગ્દષ્ટિ ઘણા દેવોને મોક્ષગામી અને એકાવતારી કહ્યા છે. જો તેઓ અધર્મી હોય, તો તેમને મુક્તિની પ્રાપ્તિ આટલી નિકટ કેમ સંભવે ? તપ-સંયમની

આરાધનાથી પૂર્વે બાંધેલું નિકાચિત પુણ્ય ભોગવ્યા વિના છૂટકો નહિ તથા દેવતાના ભવે ચારિત્રનો ઉદય ન હોય, તેથી તે જ ભવે મોક્ષે ન જઈ શકે અને એકાદ વાર મનુષ્યગતિમાં અવશ્ય આવવું જ પડે, પણ તેથી દેવતાઓ અધર્મી બની જતા નથી.

શ્રી ઉપાશક દશાશ્રુતસ્કંધમાં ગોશાલાના ભક્ત મિથ્યાત્વી દેવે કુંડકોલિક શ્રાવકને જૈનધર્મથી ભ્રષ્ટ કરવા ઘણા ઉપાય કર્યા. કુંડકોલિકે તે દેવને ઘણી યુક્તિથી શુદ્ધ ધર્મનો બોધ કર્યો, છતાં તેણે પોતાની હઠ ન છોડી. આથી સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદૃષ્ટિ દેવોમાં ઘણો ફેર છે, એમ નિશ્ચય થાય છે.

વળી ચોવીસે શ્રી તીર્થંકર મહારાજ ગૃહસ્થાવાસમાં ચોથે ગુણસ્થાનકે હોય છે. તેઓને ધર્મી કહેવા કે અધર્મી ? શ્રી **મહાવીર** પરમાત્મા, માતા-પિતાના સ્વર્ગવાસ પછી પણ કેટલોક કાળ ગૃહસ્થીપણે રહ્યા. સર્વ મમતાથી રહિત તથા રાગદ્વેષથી વિરક્ત થયા હતા, છતાં ગુણસ્થાનક તો ચોથું જ હતું. **ભરત ચક્રવર્તી** ગૃહસ્થપણામાં ચોથે ગુણસ્થાનકે હતા, છતાં એકદમ કેવલી થઈ ગયા : માટે જો દેવતાઓને ચતુર્થ ગુણસ્થાનકે હોવા માત્રથી અધર્મી કહ્યા, તો ઉપરના સર્વે મહાત્માઓ અધર્મી જ ઠરશે.

શુદ્ધ ભાવ વડે જ મુક્તિ છે. તે ભાવ જ્ઞાન-દર્શનથી પેદા થાય છે અને જ્ઞાન-દર્શનની શુદ્ધિ માટે મૂર્તિપૂજા કરવાની કહી છે, એ કારણે દેવતાની જિનપૂજાદિ શુભ કરણી અધર્મપક્ષમાં નહિ, કિન્તુ ધર્મપક્ષમાં જ ગણાય છે.

દેવતાની શુભ કરણીને જીત આચારમાં ગણીને પણ ઉત્થાપી શકાય તેમ નથી. પ્રથમ તો જીત આચાર કોને કહેવાય, તે સમજવું જોઈએ. જીત એટલે 'અવશ્ય કરવા યોગ્ય.'' અવશ્ય કરવા યોગ્ય કાર્યને જીતાચાર કહેવાય. જેમકે-શ્રાવકનો જીત વ્યવહાર રાત્રીભોજનનો ત્યાગ, અભક્ષ્ય-અનંતકાયનો ત્યાગ, પ્રતિક્રમણાદિ ક્રિયાનું કરવું, વિગેરે છે. તેથી પુન્ય બંધાય કે નહિ ? જો કહેશો કે-'જરૂર બંધાય' તો પછી દેવતાએ જીતાચાર તરીકે કરેલી મૂર્તિપૂજા પણ ધર્મપક્ષમાં તથા પુણ્યબંધનું કારણ જ ગણાશે. ભગવાને પણ તેમજ ફરમાવ્યું છે.

જે વખતે **સૂર્યાભ દેવતા**, આભિયોગિક દેવતાઓની સાથે ભગવાન **શ્રી મહાવીર** પરમાત્મા પાસે આવી વંદણા કરવા પૂર્વક સમવસરણ

રચી, ભકિત કરવાની ઇચ્છા જાહેર કરે છે, તે વારે શ્રી **વીરપ્રભુએ** શ્રીમુખે ફરમાવ્યું છે કે-

**"पोराणमेयं देवा०, जीयमेयं देवा०, कीयमेय देवा०, करणिज्जमेयं देवा०, आचीन्नमेयं देवा०, अब्भणुन्नायमेयं देवा० ।"**

**ભાવાર્થ**-ચિરકાલથી દેવતાઓએ આ કામ કર્યું છે. હે દેવાનુપ્રિય! તમારો એ આચાર છે, તમારૂં એ કર્તવ્ય છે, તમારી એ કરણી છે, તમને એ આદરવા યોગ્ય છે. મેં તથા બીજા તમામ તીર્થંકરોએ અનુજ્ઞા આપેલી છે. (શ્રી **રાયણપસેણી** સૂત્ર.)

સાક્ષાત્ શ્રી તીર્થંકરદેવ જેની કરણીને આ પ્રમાણે વખાણે છે અને કરવા અનુમતિ આપે છે, તેને નિરર્થક કે પાપની કરણી કહેવા કોણ સમર્થ છે?

ભગવાનનાં પાંચે કલ્યાણકોએ દેવતાઓ ભારે મહોત્સવ કરે છે, એમ **શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ** સૂત્રમાં ફરમાવ્યું છે.

**શ્રી** જિનેશ્વરદેવનાં અસ્થિઓને કેવા ઉત્તમ ભાવથી અનેક અસુર કુમાર દેવ-દેવીઓ તથા ચમર અસુરેંદ્ર વિગેરે પૂજે છે, તેનું વર્ણન તથા ફલ શ્રી **ગૌતમસ્વામિના** પૂછવાથી શ્રી **મહાવીર** પરમાત્માએ શ્રી **ભગવતી** આદિ સૂત્રોમાં નીચે મુજબ ફરમાવ્યું છે,

**'चमरस्स असुरिंदस्स असुरकुमारन्नो अन्नेसिं च बहूणं असुरकुमाराणां देवाणां देवीण य अच्चणिज्जाओ, वंदणिज्जाओ, नमंसणिज्जाओ पूयणिज्जाओ सक्कारणिज्जाओ, संमाणणिज्जाओ कल्लाणं मंगलं देवयंचेइयं पज्जुवासणिज्जाओ भवंति ।**

**ભાવાર્થ**-(તે દાઢા અસ્થિઓ) ચમર અસુરેંદ્ર, અસુરકુમાર દેવતાઓ તથા દેવીઓને અર્ચવા યોગ્ય, વંદન કરવા યોગ્ય, નમવા યોગ્ય પૂજવા યોગ્ય, સત્કાર કરવા યોગ્ય, સન્માન કરવા યોગ્ય, કલ્યાણકારી, મંગલકારી દેવ સબંધી ચૈત્ય જે જિનપ્રતિમા તેની માફક સેવા કરવા યોગ્ય છે.

શ્રી **જંબૂદ્વીપ** પન્નતિ માં પણ દાઢાને અધિકારે કહ્યું છે કે "**केइ जिणभत्तीए** ।" અર્થાત્-કેટલાક દેવો જિનભક્તિ જાણી તથા કેટલાક ધર્મ જાણી પ્રભુની દાઢા-અસ્થિઓને લે.

આવી ભક્તિ કરનાર દેવોને શી રીતે અધર્મી કહેવાય? શ્રી **ઉત્તરાધ્યયનજીમાં** ભક્તિનું ફલત્ યાવ મોક્ષ તથા શ્રી **રાયપસેણીના** આધારે

જિનપૂજાનું પણ તેટલું જ ફલ સર્વજ્ઞ પરમાત્માઓ ફરમાવે છે. તેને નિરર્થક કેમ ગણાય ?

તેમ છતાં જો જીતાચારથી પુન્ય કે પાપ કાંઇ ન થવાનું કહેશો, તો શાસ્ત્રમાં "જીવ સમય સમયમાં સાત આઠ કર્મ બાંધે"–એ કેમ મળતું આવશે ? કદાચ કહેશો કે–પાપબંધ થાય, તો તે કહેવું તદ્દન જુઠું છે: કારણ કે–ભગવાને તો એ કરણીનું મોક્ષફળ બતાવ્યું છે. વળી પૂજા વખતે દેવતાઓ ઉત્કૃષ્ટ શુભ ભાવમાં વર્તે, તો તેવા શુભ-ભાવનું ફલ ઉલટું અશુભ મળે, એ શું ઘટિત છે ? કદી નહિ. ભક્તિ કરતાં મનુષ્યોને તો પુણ્ય થાય અને દેવતાઓને કર્મબંધન થાય, એ કેવી રીતે માન્ય થાય ?

તર્ક–દેવતાઓ તો એકજવાર આખી જીંદગીમાં મૂર્તિપૂજા કરે છે, પછી નહિ તથા સમ્યદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ બંને વર્ગના દેવો તેમ કરતા હોવાથી તેને જીતાચાર જ કહેવાય. પણ શુભકરણી કહેવાય નહિ.

સમાધાન–શ્રી રાયપસેણી સૂત્રમાં સુર્યાભે જ્યારે પૂછ્યું કે–"મારે પહેલાં તથા પછી હિતકારી અને કરવા યોગ્ય શું છે ?" ત્યારે તેના સામાનિક દેવોએ કહ્યું કે–"તમારે પૂર્વે તથા પછી શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા હિતકારી અને કરવા યોગ્ય છે." આથી સમ્યગ્દૃષ્ટિ સુર્યાભાદિ દેવોએ શ્રી જિનપ્રતિમાની પૂજાને નિત્ય કરણી તથા હિતકારી સમજી નિરંતર કરી છે, એમ સમજવું જોઈએ.

કોઇ પણ મિથ્યાદૃષ્ટિ દેવે શ્રી જિનપૂજા કરી હોય, એવો ક્યાંય પણ સૂત્રમાં દાખલો નથી, તેથી એ કરણી સમસ્ત દેવોની નહિ પણ ફક્ત સમ્યગ્દૃષ્ટિ દેવોની જ છે. શ્રી રાયપસેણી સૂત્રમાં પણ એમ જ લખ્યું છે કે- બીજા પણ ઘણા દેવો તથા દેવીઓને પૂજવાલાયક છે.

ઇત્યાદિ પાઠથી સ્પષ્ટ જણાય છે કે–ફક્ત સમ્યગ્દૃષ્ટિ દેવો જ પૂજે છે. જો તમામ દેવોની એ કરણી હોય, તો "**सव्वेसिं वेमाणियाणं देवाणयं** ॥" એમ સર્વે દેવોને ઉદ્દેશીને પાઠ હોવો જોઇએ.

આ રીતે જે દેવોની ભક્તિની ખૂદ શ્રી તીર્થંકર મહારાજા પ્રશંસા કરે છે, જેઓ નિરંતર શુભ ભાવનામાં મગ્ન રહે છે, ગુરુઓનાં દર્શન કરવા તથા પ્રશ્નોત્તર પૂછવા વિનયસહિત આવે છે, એક ચિત્તે ભગવાનની તથા ગુરુઓની દેશના સાંભળે છે, મિથ્યાદૃષ્ટિ દેવોના કરેલ ઉપદ્રવોને દૂર કરે છે, ધર્મભ્રષ્ટ થયેલા જીવોને ઉપદેશ આપી સ્થિર કરે છે

અને વિવિધ પ્રકારે શાસનોન્નતિનાં કાર્યો કરે છે-તે તમામ કાર્યોને ધર્મપક્ષમાં ગણુશો અને માત્ર મૂર્તિપૂજા કર્યાથી તેઓને અધર્મી ઠરાવવા પ્રયત્ન કરશો, તો તે કાર્ય તો અયોગ્ય (અનુચિત) ગણાશે : કારણ કે-પૂર્વોક્ત તમામ કાર્યોમાં જો દેવતાઓ ભગવાનની સ્તુતિ, ભજન, સ્મરણ, વૈયાવચ્ચ આદિ કરી ધર્મના મહિમાને વધારે છે, તો શું સિદ્ધાયતનમાં જઈ જિનપ્રતિમાની સામે તેથી વિપરીત કરતા હશે ? અર્થાત્-ભગવાનની નિંદા કરતા હશે ? અથવા એવાં બીજાં કયાં અધમ કૃત્યો કરતા હશે, કે જેથી તેમની કરેલ મૂર્તિપૂજાને નિરર્થક અને અશુભ પક્ષમાં ગણવાનું મન થઈ શકે ? શાસ્ત્રમુજબ તો તેઓ શુભ ભાવયુક્ત 'नमोत्थुणं ।' નો પાઠ કહી સ્તુતિ કરે છે. નાટક, ગીતગાન, આદિ કરી પરમોત્કૃષ્ટ ગતિના બંધને બાંધે છે.

શ્રી આવશ્યક સૂત્રમાં 'देवाणं आसायणाए' એ પાઠ કહી દેવતાની આશાતનાનો 'मिच्छामीदुक्कडं' દેવામાં આવે છે તે રીતે મિચ્છામિ દુક્કડં દેઈ ફેર આ પ્રમાણે અવર્ણવાદ બોલવા, એ ન્યાય ક્યાંનો ગણાય ? શ્રી ઠાણાંગ સૂત્રના પાંચમા ઉદ્દેશે કહ્યું છે કે-સમ્યગ્દષ્ટિ દેવોની આશાતના કે નિંદા કરવાથી જીવ ચીકણા કર્મ બાંધે છે અને દુર્લભબોધિ એટલે જિનધર્મની પ્રાપ્તિ તેને જન્માંતરમાં દોહિલી થાય છે.

"**पंचहि ठाणेहिं जीवा दुल्लभबोहियत्ताए कम्मं पकरेति तं जहा-अरिहंताणमवन्नं वदमाणे १ अरिहंतपणत्तस्सं धम्मस्स अवण्णं वदमाणे आयारिय उवज्झायाणं वदमाणे चाउवण्णसंघस्स अवण्णं वदमाणे ४ वित्तिक्त बंभचेराणं देवाणं अवन्नं वदमाणे ५ ।।**"

ભાવાર્થ-પાંચ સ્થાનકે જીવ દુર્લભબોધિપણાનું કર્મ બાંધે અને જૈનધર્મની પ્રાપ્તિ દોહિલી કરે છે તે પાંચ સ્થાનકના નામ કહે છે-(૧) અરિહંત ભગવાનના અવર્ણવાદ-નિંદા કરવાથી, (૨) અરિહંત ભગવાને પ્રરૂપેલ ધર્મના અવર્ણવાદ બોલવાથી, (૩) આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદ બોલવાથી, (૪) ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલવાથી, તથા (૫) પાછલા ભવમાં પરિપૂર્ણ તપ તથા બ્રહ્મચર્ય શુદ્ધપણે પાળવાથી, દેવતાપણું પામ્યા એવા સમ્યગ્દષ્ટિ દેવોની નિંદા અવર્ણવાદ બોલવાથી જીવ દુર્લભબોધિપણાને ઉપાર્જન કરે. શ્રદ્ધા પૂર્વક જૈનધર્મની પ્રાપ્તિ ફરી મુશ્કેલ થઈ જાય.

તથા તે જ સૂત્રમાં કહ્યુ છે કે-તેમના ગુણગ્રામ કરવાથી જીવ સુલભબોધિ અર્થાત્ જિનભાષિત ધર્મને સુખે કરી પામે છે.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ તથા મિથ્યાદષ્ટિ દેવ વચ્ચે રાત અને દિવસનું અંતર છે. તેને યથાર્થ રીતે સમજી સમ્યગ્દૃષ્ટિ અને ઉપકારી દેવોને વિપરીત કે સામાન્ય કોટિમાં મૂકવાના પાપથી બચી જવું જોઇએ.

**પ્રશ્ન૦** ૬૦-કહેવાય છે કે શ્રી **મહાનિશીથ** સૂત્રના અમૂક પાના નષ્ટ થવાથી કેટલાક આચાર્યોએ મળી ફરીથી તે તૈયાર કર્યા છે, તો પછી તેને માનવામાં શંકા કેમ ન રહે ?

**ઉત્તર૦**તો પછી બાકીનાં સૂત્રો માનવામાં પણ શંકા રાખવી જોઇએ, કેમકે તે પણ આચાર્યોનાં જ બનાવેલાં છે, પણ આવો તર્ક શ્રી જિનપૂજા નહિ માનવાની મનોવૃત્તિમાંથી જ ઉત્પન્ન થએલો છે.

શ્રી **મહાનિશીથ** સૂત્રમાં સ્થળે સ્થળે મૂર્તિપૂજાની પુષ્ટિ કરેલ હોવાથી, શ્રી **નંદીશ્વરદ્વીપ**માં આ સૂત્રની નોંધ હોવા છતાં તેનો અનાદર કરવા માટે આ વાતને આગળ ધરવામાં આવે છે પરંતુ શ્રી **મહાનિશીથ** ઉપરાંત બીજા અનેક સૂત્રોમાં શ્રી જિનપ્રતિમા અને તેની પૂજાના પાઠો આવે છે, તેનું શું ? શ્રી **દેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણ મહારાજે અનેક ગ્રન્થો પુસ્તકારૂઢ કર્યા તેમાંના શ્રી **નંદીસૂત્ર**માં સર્વ સૂત્રોની નોંધ આપી છે. એ જ નોંધમાંનું આ શ્રી **મહાનિશીથ** છે. શ્રી તીર્થંકર ગણધર મહારાજાની પરંપરાથી ચાલતી આવેલી પ્રણાલિકા મુજબ આ આચાર્યોએ તે સૂત્રનો પાછળનો ભાગ લોપ થઇ જવાથી પોતાને જેટલું મળી આવ્યું તેટલું શ્રી જિનાજ્ઞા મુજબ લખી દીધું. તેઓ આત્માર્થી ભવભીરૂ ગીતાર્થ હોવાથી, પોતાની મન:કલ્પનાથી એક અક્ષરની પણ નવીન રચના કરી નથી. તેઓશ્રી લખે છે કે-"શ્રી **મહાનિશીથ** સૂત્રના અમુક પાનાનો નાશ થઈ જવાથી તે વિષે ગુરુપરંપરાથી જિનાજ્ઞાનુસાર જેટલો અધિકાર મલ્યો તેટલો અત્રે સ્થાપન કરેલો છે. અમારી બુદ્ધિથી કાંઇ પણ નવીન લેખ દાખલ કર્યો નથી. આથી સાબીત થાય છે કે જે અધિકાર ચાલ્યો જવાથી તેઓ પ્રાપ્ત ન કરી શકયા, તે અધિકારને સર્વથા છોડી દીધો. જો તેઓ પક્ષપાતી હોત તો યદ્વા તદ્વા ખરાખોટાં ગપ્પાં મારીને પુરૂં કેમ ન કરત ? પણ શુદ્ધ અંતઃકરણવાળા મહાત્માઓ એવું ઉત્સૂત્ર ભાષણ કદી ન કરે. પ્રાય: તમામ સૂત્રો ગણધરદેવોએ રચ્યાં હતાં તેટલા શ્લોકોની સંખ્યા પ્રમાણ આજ રહ્યા નથી. આચાર્યોને જેટલા જેટલા શ્લોકો યાદ હતા તેટલા લખી લઇ બાકીના છોડી દીધાં છે, તો પછી જ્યારે શ્રી **મહાનિશીથ**માં શંકા ઉત્પન્ન

થાય છે તેની શંકા બાકીના અંગસૂત્રોમાં પણ થવી જોઈએ. અહીં એટલું સમજવું અગત્યનુ છે કે સમુદ્ર જેવા અગીયાર અંગ એક લોટામાં સમાઇ જાય તેવા રહી ગયા છે પણ પાણી તો એ જ સ્યાદ્વાદમય દ્વાદશાંગી રૂપ સમુદ્રનું જ છે તેમાં જરા પણ ફેરફાર નથી. શ્રી **મહાનિશીથ** સૂત્ર પણ બાકીના સૂત્રોની માફક અક્ષરશઃ સત્ય છે. સમુદ્ર સમાન ગંભીર બુદ્ધિના ધણી પરોપકાર રત મહાન્ આચાર્યોને શ્રી જિનપ્રતિમાના દ્વેષથી મૃષાવાદી ગણી કલંક લગાડવું, એ મહા અનુચિત છે. એક અક્ષર પણ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપવાથી અનંત સંસારી થવાય, તો શું આ આચાર્યોને પરભવનો ડર મુદ્દલ નહોતો ? વળી **શ્રી મહાનિશીથ**ને લખાયાને આજ લગભગ ચૌદસો વર્ષ થઇ ગયાં અને તેમાં શંકા કરનારાઓને તો આજ સો બસો વરસ થયાં છે ત્યારે વચલા હજાર બારસો વરસ સુધી કોઈ એવા કુતર્કો કરનાર પેદા કેમ ન થયા ? એ દરમ્યાન સેંકડો આચાર્યો અને સાધુઓ થઈ ગયા, જેઓએ નિઃશંકણે એ સૂત્ર માન્ય કરી મસ્તકે ચઢાવ્યું છે. માટે તેની પ્રમાણિકતામાં સંદેહ ઉભો કરનારા જ અપ્રમાણિક સિદ્ધ થાય છે.

**પ્રશ્ન ૬૧**–શ્રી જિનેશ્વર ભગવાનને વંદન–નમસ્કાર કરવા રૂપ ભાવ પૂજાથી લાભ છે, તો પછી પુષ્પ–ફલાદિ ચઢાવવાથી શો ફાયદો ?

**ઉત્તર**–સાધુ લોકોની પૂજા પણ ભાવથી જ કરવી જોઇએ. સેંકડો કોસ ગાડી, ઘોડા, રેલ પ્રમુખ પર ચઢીને વંદન કરવા જવામાં શો ફાયદો છે ? મન થકી ઘેર બેઠાં જ ભાવના ભાવી લેવી જોઈએ. તથા આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ભેષજ, બાજોઠ, પાટ વિગેરેથી દ્રવ્ય પૂજા શા સારૂ કરવી જોઈએ ? તેમાં તો પ્રત્યક્ષ હિંસા દેખાય છે. સાધુ આહાર કરે, ઠલ્લે જાય, પેશાબ કરે, વરસાદની મોસમમાં વરસતા વરસાદમાં મળમૂત્રને પરઠવે, એમ કરતાં અસંખ્યાતા જીવો યાવત્ પંચેન્દ્રિય સુધીની હિંસા થાય, કદાપિ સાધુને અજીર્ણ સંબંધી રોગ પેદા થતાં તેઓ દુઃખ પામે, પેટમાં બેઇન્દ્રિયાદિ જીવો ઉત્પન્ન થાય અને નાશ પામે, એ સઘળું પાપ આહાર દેનારને કેમ નહિ લાગે ? વળી વસ્ત્ર મેલું થાય, જુ તથા લીખ વિગેરે પડી જાય, માટે એવી સાવદ્ય દ્રવ્યપુજા છોડીને નિરવદ્ય વંદન ભાવથકી કેમ નથી કરવામાં આવતું ?

જો કહેશો કે–'સાધુને દાન દીધાથી તો એકાંત નિર્જરા બતાવી છે'–તો પછી શ્રીજિનમૂર્તિની દ્રવ્યપૂજામાં કર્મબંધ થાય, એમ કયા સૂત્રમાં કહ્યું છે ?

વળી પૂજામાં વપરાતાં પુષ્પ વિગેરેના જીવ તો માત્ર એકેન્દ્રિય અવ્યક્ત ચૈતન્યવાળા છે. તેમાં તો તમે દોષ બતાવો છો અને સાધુને ઉષ્ણ અને મિષ્ટ ભોજન વહોરાવતાં, ઉઠ-બેસ કરતાં, સામે જતાં, પહોંચાડતાં વિગેરે ક્રિયામાં ઉપર કહ્યા મુજબ અનેક ત્રસ જીવોની હિંસા થઇ જાય છે, છતાં તેમાં તમે નિર્જરા બતાવો છો, એ ક્યાંનો ન્યાય ગણાય ? એકેન્દ્રિયની હિંસા કરતાં બેઇન્દ્રિયને મારવામાં વિશેષ પાપ છે, એમ અનુક્રમે પંચેન્દ્રિયને મારવામાં અનંતગુણું પાપ છે, તો વિચાર કરો કે-સાધુને દ્રવ્ય દાન દેતાં વધારે પાપ કે શ્રી તીર્થંકરની દ્રવ્યપૂજામાં વધારે પાપ ? જેમ સાધુને દાન દેવાનો હુકમ અનેક સૂત્રોમાં છે, તેમ શ્રી જિનેશ્વરની દ્રવ્યપૂજાનો હુકમ પણ અનેક સૂત્રોમાં છે. જે વાતનો નિષેધ નહિ તેનો હુકમ જ સમજવો. જેવી રીતે ગૃહસ્થ પણે રહ્યા થકાં મુનિને દાન દેવાનું છૂટે નહિ, તેમ દ્રવ્યપૂજા પણ ન છૂટે. એકનો આદર કરવોને બીજાનો અનાદર કરવો, તે સ્પષ્ટ પક્ષપાત સિવાય બીજું કાંઈ નથી : કારણ કે-સમ્યક્ત્વની કરણીમાં સુપાત્રદાન અને જિનપૂજા, એ બન્ને કાર્યોનો સમાવેશ થાય છે. વળી એ પણ વિચારવા જેવું છે કે-'ઇચ્છા રહિતને દાનઆપવું ઉત્તમ છે કે ઇચ્છાવાનને દાન આપવું શ્રેષ્ઠ છે ? સકર્મીને દાન અપવું યોગ્ય છે કે અકર્મી એટલે કર્મરહિતને દાન આપવું યોગ્ય છે? વિચાર કરતાં સહેજે માલુમ પડશે કે-ઇચ્છાવાન સકર્મી સાધુની દ્રવ્યપૂજા કરતાં પણ ઇચ્છારહિત અને કર્મમલથી સર્વથા દૂર એવા શ્રી વીતરાગદેવની દ્રવ્યપૂજા કરવી, ફળ-નૈવેદ્યાદિ વડે યથાયોગ્ય ભક્તિ કરવી, એ વિશેષ ફલદાયક છે. એ કારણે, **શ્રી પ્રશ્નવ્યાકરણમાં** દ્રવ્યપૂજાને 'દયા' શબ્દથી પણ સંબોધી છે તથા શ્રી **આવશ્યકસૂત્રમાં** પુષ્પાદિથી પૂજા કરતાં સંસારનો ક્ષય થાય, એમ કહ્યું છે.

**પ્રશ્ન ૬૨**-શ્રી **પ્રશ્નવ્યાકરણમાં** આઠ નામ દયાનાં આપ્યાં છે, તેમાં પૂજા પણ દયામાં કહી છે, પરંતુ તે ભાવપૂજા કેમ ન સમજવી ?

**ઉત્તર**૦ અહીં ભાવપૂજા શું વસ્તુ છે, તે સમજવા જેવું છે. જે વખતે દ્રવ્યપૂજા કરવામાં આવે છે, તે વખતે દ્રવ્યપૂજા કરતાં કરતાં મનમાં જે શુભ પરિણામ ઉત્પન્ન થાય છે, તેનું જ નામ ભાવ-પૂજા છે. દ્રવ્ય વિના કોઈ કાળે ભાવ હોઈ શકે જ નહિ. જેમ રસોઈ કરી હોય તો જ તે આહાર રૂપ દ્રવ્યથી સાધુને દાન દેવાની ભાવના ભાવી શકાય છે અને તેને જ ભાવ કહેવાય છે. ખાલી ભાવના કોઈ

પદાર્થ જ નથી. બાર ભાવના જે છે, તે પણ અમુક દ્રવ્ય પર છે. શ્રી જિનેશ્વરના ગુણની પ્રશંસા કરવી તે સ્તુતિ કહેવાય, પરંતુ પૂજા નહિ: અને દ્રવ્યપૂજા કરનારની અનુમોદના કે પ્રશંસા કરવી, તે ભાવપૂજા કહેવાય.

અગર કોઈ સ્ત્રી રસોઈની સામગ્રી તૈયાર કર્યા સિવાય સાધુને દૂરથી આવતા જોઈ બારણું વાસી મેડીનાગોખે ચઢી મનમાં ભાવના ભાવે કે-"સાધુને આહારપાણી વહોરાવ્યાથી જીવ મુક્તિએ જાય."-તો ભાવના સાચી કે ખોટી ? સાર્થક કે નિરર્થક ? દ્રવ્ય-પદાર્થ વિનાની હોવાથી આ ભાવના ફોકટ છે. જ્યાં ચિત્ત, વિત્ત અને પાત્ર-એ ત્રણેનો જોગ મળે, ત્યાં જ અનુપમ લાભ થવાનો સંભવ છે. વિત્ત અને પાત્ર વિનાનું કેવળ ચિત્ત શાસ્ત્રકારોએ વખાણ્યું નથીઃ કારણ કે-મોટે ભાગે તે દંભ રૂપ બની જાય છે.

શ્રી આવશ્યકસૂત્રમાં "લોગસ્સ"ના પાઠમાં જે **कित्तिय वंदिय महिया**" આવે છે, તેમાં "**कित्तिय**" નો અર્થ કીર્તિ અથવા સ્તુત કરી અને "**वंदिय**"નો અર્થ વંદણા કરી;-એ બે શબ્દો ભાવપૂજાવાચી છે, પરંતુ "**महिया**' શબ્દનો અર્થ "**महिताः पुष्पादिभि**" અર્થાત્-પુષ્પાદિકે પૂજા કરી, એટલે એ વચન દ્રવ્યપૂજા આશ્રી છે. છતાં કેટલાક ભાવ-પૂજાનો ખોટો અર્થ કરી ભ્રમમાં પાડે છે, તે અસત્ય છે. કોઈ પણ ટીકાકાર અથવા ટબ્બાકારે એકલો ભાવપૂજાનો અર્થ કર્યો નથી, કિન્તુ ભાવપૂજા અને દ્રવ્યપૂજા ઉભય અર્થ જ કરેલ છે.

**પ્રશ્ન ૬૩**-મૂર્તિને સ્નાન જ કરાવવું છે, તો પછી કાચા પાણી કરતાં અચિત્ત ગુલાબજલાદિ વડે કરાવવું શું ખોટું ? ફૂલને બદલે કાગળના ફૂલો તથા એલચી, લવીંગ વિગેરે અચિત્ત વસ્તુઓ વાપરવી શી ખોટી ?

**ઉત્તર૦** ભદ્રિક આત્માઓને સન્માર્ગથી ખસેડી દેવાનો આ એક કુટિલ તર્ક છે. આ જાતિનો કુતર્ક કરનાર આત્માઓએ પોતાને ઘેર આ તર્ક શીખવનાર પોતાના ગુરુઓ ગોચરી માટે આવે ત્યારે કાગળ તથા કપડાની અચિત્ત રોટલીઓ વહોરાવવી, ગરમ પાણીને બદલે અચિત્ત ગુલાબજળ કે કેવડાજલ વિગેરે આપવું, પોતે પણ ઉપવાસ કરે ત્યારે કેવડાજલ કે ગુલાબજળ પીવું તથા એકાસણું કરે ત્યારે

કાગલની રોટલીઓ ખાવી: કારણ કે-પાણી ગરમ કરવાથી હિંસા થશે તથા રસોઈ કરતી વખત તો ષટ્કાયજીવનો નાશ થઈ જવાનો. આ તમામ વૃથા તર્ક છે. પૂજાની જે ઉચિત રીતિ છે અને પરંપરાથી ચાલી આવે છે, તેને ફેરવી નાખવાથી ભયંકર અનર્થ સિવાય બીજું પરિણામ આવે નહિ.

કાગલના ફૂલ કે ગુલાબજળથી પૂજા કે દાન દેતાં આજ્ઞાભંગનો મહાન દોષ તો લાગે જ છે, પરંતુ તે સિવાય બીજા પણ અનેક દોષોની પરંપરા જન્મે છે. ભક્તિના બદલે કેવળ અભક્તિ અને આશાતના જ થાય છે. જેઓ મોજશોખ કે સાંસારિક કાર્યપ્રસંગોએ ફૂલના હારો, ગજરાઓ વિગેરે બનાવરાવી પાસે રાખે છે અને રખાવે છે તથા તેમાં સેંકડો ફૂલોની હિંસા થઈ જાય તેના પાપનો જરા પણ ખ્યાલ ધરાવતા નથી, તેઓ પૂજામાં વપરાતાં ફૂલો, કે જે પ્રભુના અંગ ઉપર નિર્ભય સ્થાને ચઢે છે, તેમાં મોટું પાપ લાગી જવાના ભયને આગળ ધરે છે, માટે તેઓની ચતુરાઇ આડે માર્ગે ચઢી ગયેલી છે, એમ સમજવું જોઇએ. એવું કુશિક્ષણ આપનાર ગુરુને સામે લેવા જતાં, તે ગુરુઓના દીક્ષા તથા મરણના મહોત્સવમાં, સેંકડો કોસ વાંદવા જતાં અને વ્યાખ્યાનસભા ભરતાં,-એ વિગેરે કૃત્યોમાં એકેન્દ્રિય ઉપરાંત વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય સુધીના જીવોની પ્રત્યક્ષ હિંસા થાય છે. તે નહિ જોતાં પૂજામાં એકેન્દ્રિય જીવોની હિંસાને આગળ કરવી, તે શ્રી જિનપૂજા રૂપી મહાન ધર્મથી સ્વયં ભ્રષ્ટ થવા સાથે અન્યને ભ્રષ્ટ કરવા માટે છે. પ્રાય: એવું કોઈ પણ ધર્મકાર્ય નથી, કે જેમાં હિંસાનો લેશ માત્ર પણ ન હોય. એટલા ખાતર જો ધર્મકાર્ય ત્યાજ્ય હોય, તો જગતમાં એક પણ કાર્યને ઉપાદેય ગણી શકાશે જ નહિ.

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૬૪–૭૧

# ૧૯

- ☐ પુષ્પ પૂજા અને હિંસા.
- ☐ વ્યવહારની મુખ્યતા કે નિશ્ચયની ?
- ☐ બારવ્રત અને જિનપૂજા.
- ☐ સેંકડો ગ્રંથમાં ઉપલબ્ધ પ્રતિમાપૂજનનાં વિધિવિધાન.
- ☐ પૂજાથી લાભ પામનારનાં દૃષ્ટાંતો.

પ્રશ્ન–૬૪ જીવને મારવો, છ કાયનો કુટો કરવો, તે હિંસા છે તથા જીવ પર દયા લાવી તેને ન મારવો, છ કાયની રક્ષા કરવી તે ધર્મ છે તો પછી જાણીને જીવહિંસા કરતાં ધર્મ કેમ સંભવે ?

ઉત્તર– આ પ્રશ્ન એકાંતવાદીનો છે. પૂર્વે જે કામ સાધુ, સાધ્વી તથા શ્રાવકોને માટે કરવાની આજ્ઞા હોવાનું બતાવ્યું તેમાં શું હિંસા નથી ? અવશ્ય છે. પણ એ હિંસા માત્ર દ્રવ્યહિંસા છે. મારવાના પરિણામથી કરેલી હિંસા નથી. તેથી તે હિંસા પાપકારી અર્થાત્ ભાવહિંસા ન ગણાય.

બાકી હિંસા તો શ્વાસોચ્છવાસ લેતાં હાથ–પગ ઊંચા–નીચા કરતાં અને ચાલતાં–બેસતાં થયા જ કરે છે. કોઈ પણ કાર્ય એવું પ્રાયઃ નથી કે જેમાં દ્રવ્ય હિંસા ન હોય,

હવે ઉપરનાં કાર્યોમાં હિંસા અજાણતાં થાય છે. એમ કહેવું એ પણ અયોગ્ય છે, કારણ કે આહાર નિહાર, વિહાર, આવશ્યક આદિ તમામ ક્રિયા જાણી જોઈ ને જ કરવામાં આવે છે. તેને અજાણતાં કરવાનું કહેવાથી તો તે ક્રિયા કરનારા સર્વે સાધુ શ્રાવક એ રીતે અજ્ઞાની ઠરશે કે, તેઓને કૃત્યાકૃત્ય ગમનાગમનની પણ ખબર નથી ! અને તેમ થાય તો તેઓ સમ્યગદૃષ્ટિ શી રીતે કહેવાય ?

માટે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં રહીને આજ્ઞા મુજબ જ દરેક કામ કરનાર માણસ હિંસક નહિ પણ અહિંસક ગણાય., પાપી નહિ, પણ પુણ્યવાન ગણાય.

જો આમ ન માનીએ, તો એકેન્દ્રિય જીવો તો જાણતાં કે અજાણતાં લેશ માત્ર હિંસા કરતા નથી. માટે તેઓને તો સૌથી ઉચ્ચ ગતિની પ્રાપ્તિ થવી જોઇએ. અને જો એમ જ બને, તો પછી ક્રિયા, કષ્ટ, તપ, જપનું શું પ્રયોજન ?

માત્ર મુખની 'દયા-દયા' બોલવાથી દયા ઉત્પન્ન થતી નથી. એ માટે-'દયા તથા હિંસાનુ પરમાર્થ સ્વરૂપ શું છે'-તે સમજવું જોઈએ શાસ્ત્રોમાં હિંસા તથા અહિંસા ત્રણ-ત્રણ પ્રકારની કહી છે. તે પ્રકારો નીચે મુજબ છે.

હિંસાના ત્રણ પ્રકાર : (૧) હેતુહિંસા, (૨) સ્વરૂપહિંસા, (૩) અનુબંધહિંસા.

અહિંસાના ત્રણ પ્રકાર : (૧) હેતુ અહિંસા, સ્વરૂપ અહિંસા (૩) અનુબંધ અહિંસા.

જેમાં જીવની હિંસા થઈ નથી. પણ જીવરક્ષાના પ્રયત્નનો અભાવ છે તેને હેતુહિંસા કહેવાય છે.

જેમા જીવરક્ષાનાં પ્રયત્ન હોવા છતાં જીવહિંસા થઇ છે, તેને સ્વરૂપ હિંસા કહેવાય છે.

અને જેમાં જીવની હિંસા પણ છે અને જીવરક્ષાનાં પ્રયત્ન પણ નથી. તેને અનુબંધ હિંસા કહેવાય છે.

એજ રીતે અહિંસા માટે પણ સમજી લેવું.

શ્રીજિન પૂજાદિ ધર્મ કાર્યમાં સ્વરૂપથી હિંસા છે. પણ હિંસાનો ભાવ નહિ હોવાથી. અનુબંધ અહિંસાનો પડે છે.

જ્યાં સુધી મન, વચન, કાયાનાં યોગોની સંપૂર્ણ સ્થિરતા થઈ નથી. ત્યાં બોલતાં ચાલતાં એમ દરેક કાર્ય કરતાં આરંભ પણ થાય છે અને તેથી અલ્પાધિક કર્મબંધ પણ થાય છે તો પછી સર્વથા અહિંસા કોઈ પણ કાર્યમાં કેવી રીતે હોઇ શકે ?

શ્રી ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે નીચે મુજબ ચતુર્ભંગી છે.

(૧) સાવદ્ય વ્યાપાર ને સાવદ્ય પરિણામ.

(૨) સાવદ્ય વ્યાપાર ને નિરવદ્ય પરિણામ

(૩) નિરવદ્ય વ્યાપાર ને સાવદ્ય પરિણામ.

(૪) નિરવદ્ય વ્યાપાર ને નિરવદ્ય પરિણામ.

તેમાં પહેલો ભાંગો મિથ્યાત્વીને અનુલક્ષીને છે.

બીજો ભાંગો – સમ્યગ્ દૃષ્ટિ અને દેશવિરતિ શ્રાવકનો છે. કારણ કે શ્રાવકને યોગ્ય દેવપૂજા, સાધુવંદન આદિ કાર્યોમાં, જોવામાં તો તે સાવદ્ય વ્યાપાર માલુમ પડે છે, પણ તેમાં શ્રાવકનાં પરિણામ હિંસાના નહિ હોવાથી, તે સ્વરૂપહિંસા માત્ર છે.

ત્રીજો ભાંગો. શ્રી પ્રસન્નચન્દ્ર રાજર્ષિ જેવાનો જાણવો.

અને ચોથો ભાંગો – સર્વ વિરતિ સાધુ સંબંધી છે.

દ્રવ્યપૂજા કરવાથી હિંસાનું પાપ લાગવાનું કોઈ કારણ નથી. શ્રી ઠાણાંગ સૂત્રના પાંચમા સ્થાનમાં, બીજા ઉદ્દેશામાં કર્મબંધનનાં પાંચ દ્વાર કહ્યાં છે.

" **पंच आसवदारा पन्नता तं जहा–**

**(१) मिच्छत्तं, (२) अविरई, (३) पमाओ, (४) कषाय (५) जोगा ।"**

અર્થ :– પાપબંધનાં પાંચ કારણો કહ્યાં છે. (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ, (૩) પ્રમાદ, (૪) કષાય અને (૫) યોગ.

હવે પ્રભુપૂજા શાન્ત ચિત્તે, સમ્યક્ત્વ સહિત, પ્રમાદરહિત, યથાવિધિ કરવાની હોવાથી, તે વખતે મિથ્યાત્વ, અવિરીત, પ્રમાદ કે કષાય વગેરે ચાર પ્રકારે કર્મબંધ થવાનું બીલકુલ સંભવે નહિ.

પાંચમું 'યોગ' કારણ કહ્યું છે. શ્રી ભગવતી સૂત્રમાં (૧) શુભ જોગ તથા (૨) અશુભ જોગ: એવા બે પ્રકાર યોગના કહ્યા છે. શુભ જોગ–એ પુણ્યબંધ તથા અશુભ જોગ એ પાપ બંધનું કારણ છે. શ્રી જિન પૂજામાં કોઇની કોઈ પણ જાતની નિંદા કે અવર્ણવાદ વગેરે ન હોવાથી, તે અશુભ જોગ તો કહેવાય જ નહિ. કેવળ શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, ગુણગાન–સ્તુતિ વગેરે હોવાને લીધે, તે શુભ જોગ જ કહેવાય અને જેટલે દરજ્જે તે હશે, તેટલે દરજ્જે શુભ બંધ પડવાનો. કારણ વિના કાર્ય નિપજે નહિ, એ ન્યાયે દ્રવ્યપૂજામાં અશુભ બંધના કોઈ પણ કારણના અભાવે અશુભ ફળ ન જ હોય.

તર્ક – એમ તો ધર્મ નિમિત્તે માંસાહાર કરતાં પણ કોઈ શુભ ભાવ રાખે, તો તેને પણ પાપ લાગવું ન જાઇએ.

**સમાધાન**- જો માંસાહાર કરવાથી બુદ્ધિ તથા પરિણામ શુદ્ધ રહેતાં હોય, તો સર્વજ્ઞ પરમાત્માને ભક્ષ્યાભક્ષ્યનો ભેદ બતાવવાની જરૂર પડત જ નહિ.

અન્ન, જલાદિ ભક્ષ્ય પદાર્થો નિર્વિકારી, નિરોગી, પૌષ્ટિક અને શારીરિક તથા માનસિક બળને વધારનારા છે, જ્યારે માંસ મદિરા આદિ અભક્ષ્ય વસ્તુઓ વિકાર કરનારી, રોગ વધારનારી, શરીર તથા મનને બગાડનારી અને નિર્દયતાના હેતુરૂપ હોઈ અગ્રાહ્ય છે. તે ખાવાથી શુભ ભાવ કેવી રીતે પેદા થવાનો હતો!

'અન્ન તેવો ઓડકાર' અને 'જેવું અન્ન ખાય, તેવી બુદ્ધિ થાય' એ વગેરે કહેવતોને પણ ભૂલથી જોઈએ નહિ.

કોઈ કહેવત એકાએક લોકવ્યાપી બની જતી નથી, પણ તેની તે મુજબની યોગ્યતા કે અયોગ્યતાના લગભગ નિરપવાદ પ્રભાવના કારણે લોકવ્યાપી બને છે.

બટાટા એ કંદમૂળ છે, એ સર્વજ્ઞ-કથનમાં શ્રદ્ધાવાળા એક જૈન ચિંતકને એકવાર વિચાર આવ્યો કે, બટાટા વાપરવાથી ચિંતનના પ્રવાહ ઉપર કેવી અસર થાય છે, તેનો જાત અનુભવ કરવા માટે અખતરારૂપે ફક્ત એકવાર એક બટાકાની વાનગી વાપરૂં.

સર્વજ્ઞ પરમાત્માના ત્રિકાલાબાધ્ય વચનના સર્વ જીવ હિતકર સ્વરૂપનો આ રીતે દ્રોહ કરવાના વિચારને વશ થઈને એ ભાઈએ બટાટાની વાનગી વાપરી અને પછી તેમના ચિંતન પ્રવાહમાં જે ગાબડું પડ્યું, તેનું વર્ણન કરતાં પોતે લખે છે કે,

**"મારા જીવનની એ ઘડી ખરેખર અશુભ ઘડી હતી કે, જ્યારે બટાટું વાપરવાનો અશુભ વિચાર સ્પર્શી ગયો તે વાપર્યાના ૭૨ કલાક વીતી જવા છતાં હું હજી પણ એ ચિંતન ધારા માટે વલખાં મારૂં છું, જે તે પૂર્વે મને સહજ સાધ્ય હતી. હવે પછી કયારેય સર્વજ્ઞ પરમાત્માના વચનની કસોટી કરવાની મિથ્યા ચેષ્ટા હું નહિ કરૂં."**

આ ઘટના અભક્ષ્ય પદાર્થો વાપરવાથી જીવનની સાત્વિકતામાં પડતા મોટા ગાબડાની દ્યોતક છે એટલે સાત્ત્વિક જીવનના આરાધકો, હંમેશાં સાત્ત્વિક પદાર્થો વાપરે છે.

વળી અવ્યક્ત ચેતનાવાળા એકેન્દ્રિય જીવો કરતાં બે ઇન્દ્રિય જીવોનું પુણ્ય અનંતગણું વિશેષ છે. એમ ક્રમશઃ પંચેન્દ્રિય જીવોની પુણ્યાઈ તેમના કરતાં અનંતગુણી છે, એટલે તેમને મારવાથી પાપ પણ અનંતગુણું વિશેષ લાગે છે. તેમજ તેમને મારવામાં તીક્ષ્ણ શસ્ત્ર આદિનો ઉપયોગ કરતાં ક્રોધ, નિર્દયતાદિ ધારણ કરવાં પડે છે, તેથી નિષ્ઠુર પરિણામ તો શરૂઆતમાં જ થઈ ચૂકે છે તથા માંસમાં સમય-સમય પર પંચેન્દ્રિય (સંમૂચ્છિંમ) જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થયા કરે છે.

તેથી જ અનંત જ્ઞાનના ધારક સર્વજ્ઞ પરમાત્માઓએ તેવી ઘોર હિંસાને નિષેધી છે એટલે માંસાહાર કરતાં શુભ ભાવ રાખવાની વાત, કોલસો ચાવીને હોઠ રાતા રાખવા જેવી છે.

**પ્રશ્ન ૬૫**- પુષ્પપૂજાથી પુષ્પના જીવોને કિલામણા પહોંચે છે, તેનું કેમ?

**ઉત્તર**- જે પુષ્પો ભગવાનને ચઢે છે, તેના જીવોને કાંઈ પણ કિલામણાં કે દુઃખ થતું નથી. ઉલટું અભય-સ્થાન પામે છે તેથી પુષ્પપૂજા કરનારા તો તેમના પર દયા કરનારા છે. તે ફૂલોને કોઈ શોખીન માણસ લઈ જઈ હાર, ગજરા વગેરે બનાવી સુંઘે મર્દન કરે, કોઈ વેશ્યા વગેરે પોતાના પલંગ પર બિછાવે, અત્તરના વેપારી તેને ચૂલે ચઢાવે, તેલ કાઢવા માટે પીલે-એમ અનેક પ્રકારે વ્યથા પહોંચાડે છે. જ્યારે જે ફૂલો પ્રભુના અંગે ચઢે, તેમને તો પૂરા આયુષ્ય પર્યંત ઈજા કરવા કે મારવા કોઈ સમર્થ નથી, એટલે તેઓ સુખેથી પોતાનું આયુષ્ય પૂરું કરે છે.

જયણાપૂર્વક ફૂલોને લાવી, જયણાપૂર્વક તેને ગૂંથી, હાર બનાવી, વિધિપૂર્વક ભગવાનને ચઢાવનારો પુષ્પોના જીવોને કીલામણા ઉપજાવતો નથી, પણ અભય આપે છે.

શ્રી આવશ્યક સૂત્રની બૃહદ્વૃત્તિના બીજા ખંડમાં કહ્યું છે કે-

**"जहा णवणयराइसन्निवेसे केइ पभूयलाभावओ तण्हाइ परिगया तदपनोदार्थं कूपं खणंति तेसिं च जइबि तण्हादिया वड्ढंति मट्टिका कद्दमाईहि य मलिणिज्जन्ति तहावि तदुब्भवेण चोव पाणिहणं तेसिं ते तण्हाइया सो य मलो पुव्वओ य फिट्टइ सेसकालं च ते**

तद्दण्णे य लोगा सुहभागिणो हवंति । एवं दव्वत्थए जइवि असंजमो तहावि तओ चेव सा परिणाम सुद्धी हवइ जाए असंजमो वज्जियं अण्णं च निरवसेसंकम्मं खवेइत्ति तम्हा विरियाविरएहिं एस दव्वत्थओ कायव्वो सुभाणुबंधी पभूयतरणिज्जराफलोयत्ति काऊणमिति । ”

અર્થ :- જેમ કોઇ નવા નગરમાં જળની વિશેષતાને અભાવે ઘણા મનુષ્યો તરસે મરે, તેના નિવારણાર્થે કૂવો ખોદે. તે વખતે તેમને વધુ તરસ વગેરે લાગે તથા કાદવ-માટીથી શરીર મલિન થાય; તો પણ તે કૂવો ખોદ્યા બાદ તેમાંથી નીકળેલ પાણીથી તેમની તરસ મટે તથા પ્રથમનો લાગેલ કાદવ પણ દૂર થઈ જાય. ત્યાર બાદ હંમેશને માટે તે કૂવો ખોદનાર માણસો તથા અન્ય માણસો પણ તે પાણીથી સુખ ભોગવે. તેવી જ રીતે દ્રવ્યપૂજામાં જો કે સ્વરૂપમાં જીવવિરાધના જણાવે છે. તથાપિ તે પૂજાથી પરિણામની એવી તો શુદ્ધિ થાય છે, કે જેથી અસંયમથી ઉત્પન્ન થયેલ એવા બીજા સંતાપો પણ ક્ષય પામે છે. અર્થાત્ સંસાર પાતળો કરવાનું તે સબળ કારણ બને છે. તેથી દેશવિરતિ શ્રાવકને જિનપૂજા શુભાનુબંધી અને અત્યંત નિર્જરાના ફળને આપનારી થાય છે.

ઉકત શાસ્ત્ર-પાઠ તેના અર્થ અને ભાવાર્થ પર ચિંતન કરવાથી દ્રવ્યપૂજા કેટલી આત્મોપકારી છે તે બરાબર સમજાય છે.

પાંચ જ કોડીનાં પુષ્પો વડે શ્રી જિનપૂજા કરતાં શ્રી કુમારપાળ મહારાજાના જીવે એવું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જન કર્યું કે, બીજા ભવમાં અઢાર દેશના રાજા બન્યા અને આગામી ચોવીસીના પ્રથમ શ્રી તીર્થંકરદેવના ગણધર બની, સર્વ કર્મો ખપાવી મોક્ષે સિધાવશે.

દ્રવ્યપુજા કરતાં થતી જણાતી સ્વરૂપહિંસા પર જેટલો ભાર કેટલાક વર્ગ તરફથી દેવાય છે, તેટલો જ જો શુભ ભાવને ઉત્પન્ન કરવામાં ઉત્તમ દ્રવ્ય, અગત્યનો જે ભાગ ભજવે છે તેના ઉપર દેવાય તો તે વર્ગને પણ વિવિધ ઉત્તમ દ્રવ્યો વડે શ્રી જિનપુજા કરવાની શુભ ભાવના જાગે એમ જરૂર કહી શકાય.

**પ્રશ્ન ૬૯**- શ્રી તીર્થંકરદેવના સમવસરણમાં દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. તે સચિત્ત હોય, તો સાધુથી તેનો સંઘટ્ટો કેવી રીતે થઈ શકે?

ઉત્તર- શ્રી **સમવાયાંગ** તથા શ્રી **રાયપસેણી સૂત્રમાં** સાફ કહ્યું છે કે- '**जलज थलज**' ઇત્યાદિ શબ્દે કરીને જળમાં ઉત્પન્ન થયેલાં કમળાદિ તથા સ્થળ એટલે જમીન ઉપર ઉત્પન્ન થયેલાં જાઇ, જુઈ, કેવડો, ચંપા, ગુલાબ વગેરે પાંચ વર્ણનાં ફૂલોની, બીટડાં નીચે તથા મોઢું ઉપર, એમ જાનુપ્રમાણ ફૂલોની વૃષ્ટિ થવાનો ઉલ્લેખ છે.

તેથી તે ફૂલો અચિત્ત નહિ. પણ સચિત્ત જ સાબિત થાય છે.

ઉપરના **સૂત્રોમાં** લખ્યું છે કે, "**पुष्पवद्दलए विउव्वति**" અર્થાત્ ફૂલોનાં વાદળાં વિકુર્વ્યાં. પણ ફૂલોને વિકુર્વ્યાં નથી તેથી પણ વૈક્રિય-ફૂલો સિદ્ધ થતાં નથી.

'હવે સચિત્ત ફૂલનો સંઘટ્ટો સાધુ કેમ કરે ? 'એ પ્રશ્નના જવાબમાં કહેવાનું કે-જાનુ પ્રમાણ પથરાએલ ફૂલોને સાધુ કે અન્ય મનુષ્યોથી જરા પણ બાધા ન પહોંચે, એવો શ્રી તીર્થંકર દેવનો અતિશય છે. જેના પ્રભાવે સિંહ તથા હરણ, બિલાડી તથા ઉંદર, વાઘ તથા બકરી વગેરે પશુઓ પરસ્પર વચ્ચેના જાતિ વૈરને પણ ભૂલી જઈ, શ્રી તીર્થંકરદેવની ધર્મદેશના સાંભળે છે તે જ પ્રભાવ વડે પુષ્પોના જીવોને કીલામણા ન થાય, તેમાં શું આશ્ચર્ય છે ?

શ્રી સ્થૂલિભદ્રજીના ચરિત્રમાં કહ્યું છે કે- 'કોશ્યા ગણિકાએ સરસવના ઢગલા પર સોયને ઊભી રાખી, તે સોય પર ગુલાબનું ફૂલ મૂકી તેના પર નાચ કર્યો. છતાં ગુલાબને કે સોયને કાંઈ પણ હરકત ન પહોંચી.'

ખ્યાલ કરો કે સરસવ પર સોય, સોય પર ફૂલ ને ફૂલ પર સ્ત્રીનો બોજ હોવાં છતાં કોઈને પણ બાધા ન પહોંચી, તો પછી અચિન્ત્ય અને નિરૂપમ પ્રભાવશાળી શ્રી તીર્થંકર દેવના અતિશયથી ફૂલોને બાધા ન પહોંચે કિંતુ ઉલટાં પ્રફુલ્લિત થાય તેમાં આશ્ચર્ય શું છે ?

જેઓશ્રીના અતિશયથી કરોડો જીવો સમવસરણમાં એકત્રિત થવા છતાં ભીડ થતી નથી. તે શ્રી તીર્થંકર દેવનો પ્રભાવ સામાન્ય માનવીઓની કલ્પના બહારનો હોય, તેમાં નવાઈ શી ?

જન્મથી ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર અને દેવકૃત ઓગણીસ એમ કુલ ચોત્રીસ અતિશયવંત શ્રી તીર્થંકર પરમાત્માનો પ્રભાવ કલ્પનાતીત છે, કોઈ છદ્મસ્થ તેનો પાર પામી શકે તેમ નથી.

અકથ્ય શક્તિના માલિક દેવતાઓ જળથળમાં ઉપજેલાં ફૂલોને લાવી, તેનાં વાદળ વિકુર્વી, એવી ખૂબીથી વરસાવે છે કે, જેથી કોઈ મનુષ્યના પગ તળે તે ન ચગદાય.

વળી સમવસરણમાં મધ્ય ગઢની દિવાલ પાસે ફૂલોની પંક્તિ એવી બનાવે કે, જેથી આવનાર–જનાર સાધુના પગ નીચે પણ તે ફૂલો આવે નહિ.

જેમ બાગમાં ચારે તરફ લીલી ઘરો હોય છે, પણ મધ્યમાં જવા–આવવાની કેડીઓ તથા ખૂલ્લી જમીન હોય છે અને લોકો આવવા જવા માટે તે કેડીનો ઉપયોગ કરે છે. તેમજ ખૂલ્લી જમીન પર બેસે છે, તેમ ફૂલોની વર્ષા થવા છતાં સમવસરણ ભૂમિમાં એકત્રિત થયેલા સાધુઓ વગેરે તરફથી તે ફૂલોના જીવોને કોઈ કીલામણા થતી નથી.

અચિન્ત્ય શકિતસંપન્ન શ્રી તીર્થંકર પરમાત્માના સહજ પ્રભાવને નજર સમક્ષ રાખીને વિચારવામાં આવે, તો કીલામણાનો પ્રશ્ન તરત હલ થઈ જાય છે.

**પ્રશ્ન ૬૭** – સમવસરણમા સચિત્ત વસ્તુ બહાર મૂકીને જવું અને અચિત્ત વસ્તુ અંદર લઈ જવી, એવી આજ્ઞા છે, તેનો મેળ કેમ મેળવવો ?

**ઉત્તર** – સચિત્ત વસ્તુ બહાર છોડવી. એમ જે કહ્યું છે, તે પોતાના ઉપભોગની વસ્તુ સમજવી. પણ પૂજાની સામગ્રી નહિ. જો એકાંતે સચિત્ત વસ્તુનો નિષેધ કરશો, તો મનુષ્યાદિની કાયા પણ સચિત્ત છે, તે અંદર લઈ જઈન શકાય. અને એમ થાય તો સમવસરણમાં કોઈ જઈ શકે જ નહિ.

જીવ યુક્ત પદાર્થો સચિત્ત છે. જીવરહિત પદાર્થો અચિત્ત છે. એટલે સચિત્તને છોડી, અચિત્તને સમવસરણમાં લઈ જવાનું એકાંતે માનશો, તો રાજાના છત્ર, ચામર, છડી, તલવાર, મુકુટ તથા તમામ માણસોના પણ અચિત્ત હોવાથી અંદર લઇ જઇ શકાય. પણ તેની તો મનાઈ છે. તેથી સિદ્ધ થાય છે કે, પૂજાની સામગ્રી સચિત્ત હોય કે અચિત્ત હોય, પણ તેને સમવસરણમાં લઈ જવામાં કાંઈ બાધા ન લાગે.

કઈ સચિત્ત યા અચિત્ત વસ્તુ દેવાધિદેવના સમવસરણમાં લઈ જઈ શકાય તેનો આ રીતે શાસ્ત્ર સાપેક્ષ દૃષ્ટિએ વિચાર કરવો જોઈએ. પણ એકાંત દૃષ્ટિએ વચાર ન કરવો જોઇએ.

**પ્રશ્ન ૬૮** – જે દ્રવ્ય પૂજા સાધુ કરે નહિ, તેનો ઉપદેશ આપી બીજા પાસે કરાવવાથી શો ફાયદો ?

**ઉત્તર** – પંચ મહાવ્રત ધારિણી સાધ્વીને સાધુ નમસ્કાર ન કરે, વૈયાવચ્ચ ન કરે, પણ ઉપદેશ આપી શ્રાવકો પાસે આહાર અપાવે, બીજી સાધ્વીને કહી વૈયાવચ્ચ કરાવે તથા કરતાને ભલા જાણે. વળી સાધુ પોતાના દીક્ષિત શિષ્યને વાંદે નહિ, પણ બીજા પાસે વંદાવે અન્ય રીતે જોઇએ તો ગરીઓને દાન દેવું, સાધાર્મિક વાત્સલ્ય કરવું. તપસ્વીઓને પારણાં કરવવાં, મુનિરાજોને ખપતી વસ્તુઓ પૂરી પાડવી વગેરે ધર્મનાં ઘણાં કાર્યો સાધુ જાતે ન કરે, પણ શ્રાવકોને તે કરવાનો ઉપદેશ આપે અને તેની અનુમોદના પણ કરે, એ ન્યાયે સાધુ સર્વથા દ્રવ્યના ત્યાગી અને નિરારંભી હોઈને દ્રવ્ય પૂજા ન કરે, પણ ઉપદેશ દ્વારા કરાવે તથા અનુમોદે.

સાધુ જાતે શ્રાવકનાં કાર્યો કરવા જાય, તો પોતાની કક્ષાથી ભ્રષ્ટ થાય, એટલું જ નહિ. પણ ચતુર્વિધ શ્રી સંઘમાં ભયાનક અવ્યવસ્થા ફેલાઇ જાય. એટલે શ્રાવકને ઉચિત કાર્યો શ્રાવક કરે અને સાધુને ઉચિત કાર્યો સાધુ કરે, એવી શાસ્ત્રીય વ્યવસ્થા સ્થપાએલી છે. અને તેને જાળવવાથી ધર્મ જળવાય છે.

**પ્રશ્ન ૬૯** – શ્રાવકના બાર વ્રતોમાંથી શ્રી જિનમૂર્તિની પૂજા – દ્રવ્ય પૂજા – કયા વ્રતમાં છે ?

ઉત્તર – જેના વગર સર્વ વ્રતો નિષ્ફળ છે. એવું સમસ્ત શુભ ક્રિયાનું મૂળ જે સમ્યક્ત્વ તેની કરણીમાં શ્રાવકને ગૃહસ્થાવાસમાં રહેવા છતાં શ્રી જિનમૂર્તિની દ્રવ્ય-ભાવ પૂજા કરવાનું શાસ્ત્રોક્ત વિધાન છે. સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિલોકપૂજ્ય શ્રી અરિહંત પરમાત્મા એ મારા દેવ છે. શ્રી અરિહંત પરમત્માની આજ્ઞાનું ત્રિવિધે પાલન કરવા પૂર્વક પંચ-મહાવ્રતોનું રૂડી રીતે જતન કરતા સુસાધુ એ મારા ગુરૂ છે. અને કેવળી પ્રણિત ધર્મ એ મારો ધર્મ છે. આ ત્રણેય ચારે નિક્ષેપે મને

વંદનિક અને પૂજનિક છે. આવું જે દઢતાથી માને તેમજ તે માન્યતાને વફાદાર રહીને તદનુરૂપ આચરણ કરવામાં શક્તિ ગોપવે નહિ તે સમ્યગ્ દૃષ્ટિ કહેવાય છે

એ રીતે શ્રી જિનપૂજા, એ સમ્યક્ત્વની કરણી છે. અને સમ્યક્ત્વ એ સઘળાં વ્રતોનું મૂળ છે. સમ્યક્ત્વ વગરની તમામ કરણી અફળ છે. માટે શ્રી જિનશાસનમાં વધારેમાં વધારે ભાર 'સમ્યક્ત્વ' પદાર્થ ઉપર છે.

આ સમ્યક્ત્વને પામવા માટે શ્રી જિનપૂજાએ શ્રેષ્ઠ ઉપાય છે, તેના પ્રભાવે મિથ્યાત્વનું ઝેર ઝડપથી ઉતરવા માડે છે અને આત્મા ખરેખર જેવો છે, તેવો ઓળખાવા માંડે છે.

**પ્રશ્ન ૭૦** – તપસ્યા કરતાં તો અનેક લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, પણ શ્રી જિન પ્રતિમાને પૂજવાથી કોઈને લબ્ધિ કે જ્ઞાન ઉત્પન્ન થયાનું સાંભળ્યું છે ?

**ઉત્તર** – શ્રી **રાયપસેણી** સૂત્ર, શ્રી **ભગવતી** સૂત્ર, શ્રી **જીવાભિગમ** સૂત્ર, શ્રી **જ્ઞાતા સૂત્ર**, શ્રી ઉવવાઈ સુત્ર શ્રી **આવશ્યક** સૂત્ર આદી ઘણા **સૂત્રો**માં મૂર્તિપૂજાને કલ્યાણકારી, મંગળકારી તેમજ અંતે મોક્ષ આપનારી કહી છે. ચઢતે પરિણામે નિત્ય વિધિપૂર્વક શ્રી જિનપૂજા કરવાથી શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચના પણ થાય છે.

અન્ય દેવીની મૂર્તિની પૂજા વગેરે કરીને ઘણાઓએ ધન – ધાન્ય વગેરે પ્રાપ્ત કર્યાનાં દૃષ્ટાન્તો વિદ્યમાન છે, તો વીતરાગ જિનેશ્વર દેવની મૂર્તિની આરાધનાથી મનોવાંછિત પ્રત્યેક લબ્ધિ પ્રાપ્ત થાય એ સ્વાભાવિક છે. એ માટેનાં દૃષ્ટાન્તો નીચે મુજબ છે. :

(૧) અનાર્ય દેશમાં રહેનાર શ્રી આર્દ્રકુમાર શ્રી ઋષભદેવ સ્વામીની પ્રતિમાના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન પામી વૈરાગ્ય દશામાં લીન થયો. જેનું વર્ણન આજથી બારસો વર્ષ પહેલાં લખાએલ શ્રી **સૂયગડાંગ** સૂત્રના બીજા શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનની ટીકામાં છે.

(૨) પરમાત્મા શ્રી મહાવીર સ્વામીજીના ચોથા પટધારી તથા શ્રી **દશ વૈકાલિક** સુત્રના કર્તા **શ્રી શય્યભવસૂરિ શ્રી શાન્તિનાથ** પ્રભુજીની પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામ્યાનું શ્રી કલ્પસૂત્રની થિરાવલીની ટીકામાં કહ્યું છે.

(૩) શ્રી **દ્વીપસાગર** પન્નતિ તથા શ્રી હરિભદ્રસૂરિકૃત **આવશ્યકની** મોટી ટીકામાં લખે છે કે– શ્રી જિનપ્રતિમાના આકારના માછલાંઓ સમુદ્રમાં હોય છે તેમને જોઇ અનેક ભવ્ય જીવ એવાં માછલાંઓને જાતિસ્મરણ જ્ઞાન થાય છે અને બાર વ્રત ધારણ કરી, સમ્યકૃત્વ સહિત આઠમે દેવલોકે જાય છે. આ પ્રમાણે તિર્યંચ જાતિને પણ, શ્રી જિન-પ્રતિમાના આકાર માત્રના દર્શનથીય અલભ્ય લાભ મળે છે, તો મનુષ્યને મળે, તેમાં શંકા શી ?

(૪) શ્રી **જ્ઞાતા સૂત્ર**માં શ્રી તીર્થંકર ગોત્ર બાંધવાનાં વીસ સ્થાનક કહ્યાં છે, તે મુજબ રાજા રાવણે પ્રથમ શ્રી અરિહંતપદની આરાધના શ્રી અષ્ટાપદ પર રહેલ શ્રી તીર્થંકર દેવની તેમની મૂર્તિ દ્વારા કરી, તીર્થંકર ગોત્ર બાંધ્યું, એમ **રામાયણ**માં કહ્યું છે.

જે **રામાયણ** શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજે આજથી સત્તર સો વર્ષ પહેલાં થયેલાં શ્રી જિનસેનાચાર્યકૃત પદ્મ ચરિત્ર પરથી બનાવેલ છે. અને જેને પ્રાયઃ તમામ જૈનો માને છે.

(૫) તે જ ગ્રન્થમાં લખ્યું છે કે, રાવણે શ્રી **શાન્તિનાથ** પ્રભુજીની મૂર્તિ સામે બહુ રૂપિણી વિદ્યા સાધી અને તે સિદ્ધ થઇ ગઈ.

(૬) **પદ્મ ચરિત્રમાં** કહ્યું છે કે, લંકા જતી વખતે શ્રી રામ-ચન્દ્રજીએ દરિયો ઉતરવા માટે શ્રી જિનમૂર્તિ સન્મુખ ત્રણ ઉપવાસ કર્યા. એટલે ધરણેન્દ્રે આવી, શ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિ આપી. જેના પ્રભાવથી તેઓ દરિયો નિર્વિઘ્ને તરી ગયા.

(૭) પ્રતિ વાસુદેવ જરાસંધે, શ્રી કૃષ્ણ વાસુદેવના સૈન્ય પર 'જરા' નામની વિદ્યાનો પ્રયોગ કર્યો, એટલે આખી સેના મૂર્છિત થઈ ગઈ.

ત્યારે શ્રી નેમિનાથ ભગવાનની સૂચનાથી શ્રી કૃષ્ણ વાસુદેવે ત્રણ ઉપવાસ કર્યા. તેનાથી ખેંચાઈને ધરણેદ્રે આવીને શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ આપી જેના પ્રક્ષાળ – જળનો છંટકાવ કરવાથી 'જરા' વિદ્યાની અસર નાબૂદ થઈ ગઈ અને આખી સેના મૂર્છારહિત બની ગઇ. આ મૂર્તિ શ્રી શંખેશ્વરમાં પાર્શ્વનાથ પ્રભુજીના નામથી હાલ પણ શંખેશ્વરમાં વિદ્યમાન છે. (આ કથન શ્રી **હરિવંશ** ચરિત્રમાં છે.)

(૮) નાગાર્જુન જોગીને કયાંય પણ સુવર્ણ સિદ્ધિ ન થઇ. છેવટે પાદલિપ્તાચાર્યના વચનથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા સન્મુખ શ્રદ્ધાપૂર્વક એકાગ્રતા કરવાથી તે સિદ્ધિ મળી. તેથી તે જોગીએ પરમ સમ્યકૂત્વધારી શ્રાવક બની, પોતાના ગુરૂ શ્રી પાદલિપ્તાચાર્યનું નામ રાખવા સારૂ, શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં પાલીતાણા નામનું નગર વસાવ્યું. એમ શ્રી પાદલિપ્ત ચરિત્રમાં વર્ણવ્યું છે.

(૯) શ્રી શ્રીપાળ રાજા તથા સાતસો કોઢીઆનો અઢાર જાતનો કોઢ ઉજ્જૈન નગરમાં શ્રી કેસરીઆનાથજીની મૂર્તિ સામે શ્રી સિદ્ધચક્ર યંત્રના સ્નામ જળથી દૂર થઈ કંચન સમાન કાયા થઈ ગઈ. જે મૂર્તિ હાલ મેવાડમાં ધુલેવા (શ્રી કેસરીઆજી(માં બિરાજમાન છે. (જુઓ શ્રી શ્રીપાળ ચરિત્ર)

(૧૦) શ્રી**અભયદેવ સૂરિજીનો** ગલત-કોઢ શ્રી સ્તંભન પાશ્વનાથ-જીની મૂર્તિના સ્નાન-જળથી ગયો. ત્યાર બાદ તેમણે નવ અંગ સૂત્રની ટીકા રચી.

(૧૧) શ્રી ગૌતમસ્વામીજીની શંકાનું નિવારણ કરવા માટે ભગવાન શ્રી મહાવીર સ્વામીજીએ જાતે ફરમાવ્યું કે, જે પુરુષ આત્મલબ્ધિથી શ્રી અષ્ટપદ તીર્થ પર ચઢી, ભરત મહારાજાએ કરાવેલી શ્રી જિન પ્રતિઓમાનું ભાવપૂર્વક દર્શન કરે, તો તે એ જ ભવમાં મોક્ષે જાય. આ વાતનો નિશ્ચય કરવા માટે શ્રી ગૌતમસ્વામી શ્રી અષ્ટાપદ પર ચઢયા તથા યાત્રા કરી અને તે જ ભવે મોક્ષે ગયા. એમ શ્રી આવશ્યક નિર્યુક્તિમાં છે.

(૧૨) શ્રી ભગવતી સૂત્રના મૂળ પાઠમાં કહ્યુ છે કે, શ્રી જિનમૂર્તિનું શરણ ખરા ભાવથી લેવાથી કદી નુકશાન ન થાય.

(૧૩) ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી શ્રી આવશ્યક નિર્યુકિતમાં ફરમાવે છે કે-

**अकसिणपवत्तगाणं, विरया विरयाणं एस खलु जुत्तो।**
**संसार पयणुकरणे, दव्वत्थए कूव दिट्ठंतो ॥**

અર્થ :- દેશવિરતિ શ્રાવકને પુષ્પાદિ વડે દ્રવ્યપૂજા અવશ્ય કરવા યોગ્ય છે. તે દ્રવ્યપૂજા કૂવાના દષ્ટાન્તે, સંસારને મતનું - પાતળો કરનારી છે.

(૧૪) ટીકાકાર મહારાજા શ્રી **હરિભદ્ર સૂરિજીએ** શ્રી **આવશ્યક** વૃત્તિમાં પૂજા, પુણ્યના અનુબંધને કરવાવાળી તથા બહુ નિર્જરાના ફળને દેનારી છે, એમ બતાવ્યું છે.

(૧૫) શ્રી **અભયદેવ સૂરિજીએ** પૂજાનું ફળ બતાવતાં કહ્યું છે: જો કે શ્રી જિનપૂજામાં સ્વરૂપહિંસા દેખાય છે, છતાં પણ તે પૂજા કરવાથી ગૃહસ્થ-કૂવાના દૃષ્ટાન્તે શુદ્ધ થાય છે તથા પરિણામની નિર્મળતાથી અનુક્રમે મુક્તિફળને પણ મેળવે છે.

(૧૬) **ગુણવર્મા** રાજાના **સત્તર** પુત્રોમાંથી દરેક પુત્રે એક-એક પ્રકારની પૂજા કરી તથા તેઓ એજ ભવમાં મોક્ષે ગયા. એમ સત્તર પ્રકારની પૂજાના ચરિત્રમાં કહ્યું છે. સત્તર પ્રકારી પૂજાનું સવિસ્તર વર્ણન, **શ્રી રાયપસેણી સૂત્ર**માં છે.

(૧૭) શ્રી જિનપ્રતિમાની પૂજા-ભક્તિ કરવાથી શ્રી શાન્તિનાથ પ્રભુના જીવે શ્રી તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું, એમ શાસ્ત્રો જણાવે છે.

(૧૮) શ્રી ભગવતી સૂત્રમાં તીર્થંકર પરમાત્માના નામ, ગોત્ર સાંભળવાથી પણ મહા પુણ્ય થાય છે એમ કહ્યું છે. તો પ્રતિમામાં તેમનું નામ તથા સ્થાપના બંને છે. એટલે તે બંનેની પૂજા હોવાથી વિશેષ પુણ્ય થાય, તેમાં શી નવાઈ?

(૧૯) શ્રી શ્રેણિક રાજાએ શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાની આરાધનાથી તીર્થંકર ગોત્ર બાંધ્યું, એવો અધિકાર શ્રી યોગશાસ્ત્રમાં છે.

(૨૦) શ્રી મહાનિશીથ સૂત્રમાં-શ્રી જિનમંદિર કરાવનાર બારમા દેવલોકે જાય એમ ફરમાવ્યું છે.

ઈત્યાદિ સેંકડો મૂળ સૂત્ર તથા નિર્યુક્તિ આદિનાં પ્રમાણોથી મૂર્તિપૂજા ઉત્તમ ફળને આપનારી સિદ્ધ થાય છે.

નક્કર આ પ્રમાણોની અવગણના કરીને કેટલાક માણસો, પોતામાં આત્મિક ધન હોવાના નિશ્ચયને આગળ કરી, દ્રવ્ય રહિત કેવળ ભાવને જ પોકારે છે, પરંતુ એ નિશ્ચય તરફ લઈ જનારા વ્યવહારરૂપે દ્રવ્યપૂજાને જતી કરે છે. આ પ્રકારના હુંપદ કે અહંકારથી જે આત્મિક ધન હોય છે, તેને પણ તેઓ ગૂમાવી દે છે તે વિષે શ્રી **ઉત્તરાધ્યયન સૂત્ર**માં એક દૃષ્ટાન્ત છે.

## અહંકારથી આત્મિક ધનનું વ્યય :-

કોઈ એક શાહુકારે પોતાના ત્રણ પુત્રોની બુદ્ધિની કસોટી કરવા માટે દરેકને હજાર-હજાર સોનામહોરો આપીને કહ્યું, આ દ્રવ્યથી વેપાર કરી, નફો મેળવી તુરત પાછા આવજો.

મોટા પુત્રે તો ગુમાસ્તા રાખી, આવતા-જતાની સારી રીતે ચાકરી કરી તથા સર્વને રાજી રાખી, પોતાના ધંધામાં ખૂબ ધન મેળવ્યું.

વચેટ પુત્રે વિચાર કર્યો કે, આપણી પાસે ધન ઘણું છે, તો પછી તેમાં વધારો કરવાની શી જરૂર છે, મૂડી કાયમ રહે એટલે બસ ! આમ વિચારી તેણે અસલ રકમને આબાદ રાખી, ઉપલો નફો ખાવા-પીવા તથા મોજશોખમાં ઉડાવી દીધો.

ત્રીજા દીકરાએ મનમાં ચિંતવ્યું કે, પિતાના મરણ પછી તેમની અઢળક દોલતના અમે જ માલિક છીએ, માટે કમાવાની ચિંતા શા માટે કરવી જોઈએ ? એવા અભિમાની ખ્યાલથી મૂળ રકમને પણ મોજ શોખમાં ઉડાવી દીધી.

કેટલાક સમય પછી ત્રણે પુત્રો પિતા પાસે પાછા આવ્યા. તેમને સઘળી હકીકત પૂછ્યા પછી જે પુત્રે મૂળ પૂંજીને ઉડાવી નાખી હતી, તેને ઘરના કામકાજમાં તુચ્છ નોકર તરીકે રાખી, પેટ ગૂજારો કરવાનું કહ્યું. અને લક્ષ્મી પતિના પુત્ર તરીકેના ઉચ્ચ પદથી ભ્રષ્ટ કરીને નીચ નોકરના પદને લાયક બનાવ્યો.

વચેટ પુત્ર કે જેણે મૂળ ધન સાચવીને તેમાં કાંઇ વધારો નહોતો કર્યો. તેને થોડાક દ્રવ્યથી વ્યાપાર કરવાની આજ્ઞા કરી.

જ્યારે સર્વથી બુદ્ધિમાન એવો મોટો પુત્ર કે જેણે મૂળ રકમ ઉપરાંત મોટો નફો મેળવ્યો હતો, તેને ઘરનો સર્વ ભાર સોંપીને ઘરનો માલિક બનાવ્યો.

ઉપરના દૃષ્ટાન્તનો સાર એ છે કે - અસલ મૂડી તે મનુષ્ય ભવ. તેમાં જેણે વધુ કમાણી કરી, તે ધર્મ માર્ગે વધીને મહાન સમૃદ્ધિમાન દેવગતિ અથવા સર્વોત્કૃષ્ટ અક્ષય સ્થિતિ ક્રમશઃ પ્રાપ્ત કરનારો સમજવો. જેણે મૂળ ધન (મનુષ્ય ભવ) ને સાબૂત રાખ્યો, તે ફરી મરીને મનુષ્યાવતારમાં જ આવ્યો- કાઇ વધ્યો - ઘટયો નહિ, એમ સમજવું.

જ્યારે ત્રીજો પુરુષ તો મૂળ રકમને ગૂમાવી દઇ દેવાળિયો થયો. તેથી મનુષ્ય ભવરૂપ ઉત્તમ રત્નને હારી જઈ નરક, તિર્યંચની નીચ ગતિમાં કર્મવશે જઈ પડયો. એમ સમજવું.

ટૂંકમાં કહીએ તો આત્મિક શકિતના અભાવે અથવા તેને પ્રગટ કરવાના ઉપાયો પ્રત્યે બેદરકાર રહેવાના કારણે ગાઠની પૂંજી ખોઈ દરિદ્ર થવા જેવું છે. જે પુણ્યથી તીર્થંકર ગોત્ર પણ બંધાય છે, એવા પ્રભાવશાળી પુણ્યનો નિરાદર કરવો તે બેસવાની ડાળ પર જ કુહાડો મારવા જુવું બુદ્ધિહીન કૃત્ય છે.

**પ્રશ્ન ૭૧** – શ્રી જિન પૂજાદિ કાર્યો કરવાં, એ તો વ્યવહાર – ધર્મ છે. જેઓ નિશ્ચયને પામ્યા છે, તેઓને તેવા અધર્મ કાર્યની શી જરૂર છે ?

**ઉત્તર** – જેઓ વ્યવહાર ધર્મને વખોડી કેવળ નિશ્ચય પર ચાલવાનો રસ્તો ગ્રહણ કરવા જાય છે, તેઓ બંનેને ચૂકે છે. કારણ કે શ્રી જિનમાર્ગને વિષે શુદ્ધ વ્યવહારને પ્રધાનપદ છે, કેવળ નિશ્ચયને નહિ. તે સાબિત કરવા માટે અનેક દૃષ્ટાન્તો છે. જેમકે–

(૧) શ્રી **ભરત** મહારાજાને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી વેશ બદલવો પડયો. તો શું તેમ કર્યા વિના કેવળજ્ઞાન પાછું ચાલ્યું જતું હતુ ? ના, પણ વ્યવહાર સાચવવા માટે ગૃહસ્થનો વેશ ઉતારવો પડયો અને મુનિવેશ ધારણ કરવો પડયો.

(૨) સાધુ વરસતા વરસાદમાં સ્વ સ્થાન પર આવે, પણ એકલી સ્રીવાળા સ્થાને ન રોકાય. વળી માર્ગમાં ચાલતાં, જો બીજો માર્ગ ન જડે, તો સાધુ લીલી વનસ્પતિ (હરિત કાય) પર પગ દઇને ચાલે પણ સ્રીના સંઘટ્ટાથી બચે કારણ કે તે લોક–વ્યવહારથી વિરુદ્ધ છે.

(૩) કેવળજ્ઞાની ભગવંત દિન–રાત સરખું દેખે છે, પણ વ્યવહાર સાચવવા માટે રાતે વિહાર ન કરે.

(૪) શ્રી મહાવીર સ્વામી ભગવાન નિશ્ચયથી જાણતા હતા કે– 'બે સાધુ ગોશાળાની તેજોલેશ્યાથી સ્વર્ગવાસી થશે'– પણ વ્યવહાર સાચવવા માટે તેમને બોલવાની મના કરી.

(૫) શ્રી મલ્લિનાથસ્વામી અવેદી હતા, પણ લોક વ્યવહાર માન્ય કરવા સારૂં તેઓ સ્ત્રીઓની પર્ષદામાંજ બેસતા.

(૬) મોહ રાગથી બચવા માટે સાધુને ચોમાસા સિવાય એક જગ્યાએ કારણ વિના, એક માસ કરતાં વધુ રહેવું ન કલ્પે, પણ જો મોહરાગ બંધાવાનો હોય, તો રહનેમિની જેમ એક ઘડીમાં પણ બંધાય, છતાં પણ એક માસથી વધારે રહે તો જ વ્યવહારનો ભંગ થયો ગણાય, અન્યથા નહિ.

આ પ્રમાણે વ્યવહાર માર્ગની મુખ્યતાનાં બીજાં પણ સેકડો દૃષ્ટાંતો છે. શ્રી શત્રુંજય ગિરિરાજ જેનું લક્ષ્ય છે, એવા યાત્રાળુને ત્યાં પહોંચવા માટે જયણાપૂર્વક પ્રવાસ કરવો જ પડે છે. એ પ્રવાસ જતો કરીને તે પોતાના સ્થાનમાં જ રહીને એમ માની લે કે મારે તો અહીં જ શ્રી શત્રુંજય ગિરિરાજ છે તો તો પોતાના લક્ષ્યથી વંચિત રહે છે.

"નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરજી,
પાળે જે વ્યવહાર
પુણ્યવંત તે પામશે,
ભવ સમુદ્રનો પાર."

પૂ. ઉપાધ્યાયજી ભગવંતના આ ઉદ્‌ગારો પણ વ્યવહારની મુખ્યતાનું પ્રતિપાદન કરે છે.

નિશ્ચય એ અશ્વ છે.
વ્યવહાર એ રથ છે
રથ વગરનો અશ્વ કયાં જવાનો હતો ?

જો સ્વયં શ્રી તીર્થંકર પરમાત્મા પણ વ્યવહાર માર્ગનું બહુમાનપૂર્વક પાલન કરતા હોય તો અન્ય સર્વ આત્માઓને તેમનું પાલન કર્યા સિવાય શી રીતે ચાલે ?

**પ્રશ્ન ૭૨** – બાર દુકાળમાં (સળંગ બાર વર્ષના દુકાળમાં) સાવદ્યાચાર્યોએ ઉપદેશ આપી મૂર્તિપૂજા કરાવવા માંડી છે, તે પહેલાં તો કંઈ હતું જ નહિ, એમ કેટલાક કહે છે, તે બરાબર છે ?

ઉત્તર – શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની વીસમી પાટે શ્રી સ્કંદિલાચાર્ય થયા. તેમના વખતમાં બાર દુકાળ પડયા હતા.

હવે જો ત્યાર પછીના આચાર્યોએ મૂર્તિપૂજા ચલાવી હોય, તો શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ, તે પછી સત્તાવીસમી પાટે થાય છે, માટે તેઓને પણ સાવદ્યાચાર્યમાં સામેલ કરવા પડશે અને તે વખતે બીજા સેંકડો આચાર્યોએ એકઠા મળીને ક્રોડો ગ્રન્થોની રચના કરી, તે તમામ ગ્રન્થોને નિરર્થક માનવા પડશે. અને જો તેમ થાય, તો જૈન ધર્મ રહેશે જ ક્યાં ?

અલ્પ બુદ્ધિવાળો માણસ પણ સમજી શકે છે કે, દુકાળના વરસમાં નૈવેદ્યાદિ પૂજાનું ખર્ચ વધારવાનો ઉપદેશ શી રીતે ચાલી શકે ? તે વખતે તો લોકો ખર્ચ ઘટાડવાના ઉપદેશને જ ગ્રહણ કરે.

વળી મૂર્તિ આગળ મૂકેલું અન્ન વગેરે સાધુને કામ ન આવે, એમ શું તે સમયમાં કોઇ નહોતું જાણતું ? સાધુ પોતાના સ્વાર્થ માટે એવો ઉપદેશ કરે, તો પણ તે વખતનો શ્રી સંઘ તેને ન જ ચલાવી લે. વળી નૈવેદ્ય પૂજાદિ તે વખતે શરૂ થયા, તો મૂર્તિ તો આગળ હતી જ એમ સિદ્ધ થયું.

સાક્ષાત્ સરસ્વતી આદિ દેવીઓ તથા અન્ય દેવો જે મહાત્માઓની સેવામાં હર વખત હાજર રહેતા. તેવા શાસનપ્રેમી ધુરંધર આચાર્યોને સ્વાર્થી માનવા અને આજ-કાલના અલ્પ બુદ્ધિવાળા માનવો નિઃસ્વાર્થી છે, એમ કહેવું એ કેટલું અસંગત છે.

જેમણે પ્રકાશેલા શ્રુતના અજવાળે આજે પણ અનેક ભવ્ય આત્માઓ મોક્ષ માર્ગ પર ચાલી રહ્યા છે તેમને સાવદ્યાચાર્ય કહેવા એ તો સૂર્યને તિમિરવર્ષી કહેવા જેવી વાત છે.

લાખો વરસની દૃષ્ટિગોચર થતી મૂર્તિઓ અને હજારો વર્ષ પહેલા લખાએલાં પુસ્તકો અપ્રામાણિક અને આધુનિક મન ઘડંત કલ્પનાઓ પ્રામાણિક ? કોઇ કાળે તેમ બની શકે નહિ.

શ્રી જિન પ્રતિમાની પૂજા-ભક્તિ હાલમાં શ્રદ્ધાળુ શ્રાવક વર્ગ તરફથી કરવામાં આવે છે તે માટે તથા પૂજા વખતે શ્રી જિનની પિંડસ્થાદિ ત્રણે અવસ્થાઓનું આરોપણ કરવામાં આવે છે, તે માટે સેંકડો સૂત્રોનો આધાર છે. જેમાંનાં કેટલાંક સૂત્રોનાં નામ નીચે પ્રસ્તુત છે. એ સૂત્રો તથા તેના રચયિતાઓની પ્રામાણિકતા બાબતમાં કોઇનોય બે મત નથી.

(૧) શ્રી **તત્ત્વાર્થ** સૂત્રના કર્તા તથા બીજા પાંચસો પ્રકરણોના રચયિતા દશ પૂર્વધર વાચકશેખર **શ્રી ઉમાસ્વાતિ** મહારાજ વિરચિત **પૂજા પ્રકરણ.**

(૨) ચૌદ પૂર્વધર શ્રી વીર પરમાત્માના છઠ્ઠા પટ્ટધર **શ્રી ભદ્રબાહુસ્વામી કૃત આવશ્યક નિર્યુક્તિ.**

(૩) દશ પૂર્વધર **શ્રી વજ્રસ્વામી** કૃત **પ્રતિષ્ઠા કલ્પ**

(૪) **પાદલિપ્તાચાર્ય કૃત પ્રતિષ્ઠા કલ્પ**

(૫) **શ્રી બપ્પભટ્ટ સૂરિ** કૃત **પ્રતિષ્ઠા** કલ્પ

(૬) **ચૌદસો** ચુંમાળીસ ગ્રંન્થોના કર્તા **શ્રી હરિભદ્રસૂરિ** કૃત **પૂજા પંચાશક.**

(૭) એ જ મહાપુરુષે રચેલ **શ્રી ષોડશક.**

(૮) એ જ મહાપુરુષે રચેલ **શ્રી લલિતવિસ્તરા**

(૯) એ જ મહાપુરુષ કૃત **શ્રાવક પ્રજ્ઞપ્તિ**

**(૧૦) શ્રી શાલિભદ્રસૂરિ** કૃત **ચૈત્યવંદન ભાષ્ય**

**(૧૧) શ્રી શાન્તિસૂરિ** કૃત **ચૈત્યવંદન બૃહદ્ ભાષ્ય**

(૧૨) શ્રી દેવેન્દ્ર સૂરિ કૃત લઘુ **ચૈત્યવંદન** ભાષ્ય.

**(૧૩) શ્રી ધર્મઘોષ સૂરિ** કૃત **શ્રી સંઘાચાર વૃત્તિ.**

**(૧૪) શ્રી સંઘદાસ ગણિ** કૃત **વ્યવહાર ભાષ્ય.**

**(૧૫) શ્રી બૃહત્ કલ્પ ભાષ્ય** અને તેની **શ્રી મલયગિરિ સૂરિ** કૃત **વૃત્તિ.**

**(૧૬)** શ્રી મહાવીર પ્રભુજીના હસ્તે દીક્ષિત, અવધિજ્ઞાની **શ્રી ધર્મદાસ** ગણિ કૃત **ઉપદેશમાલા**

(૧૭) જેમના વિદ્વત્તાભર્યા ગ્રન્થોથી વર્તમાન વિશ્વ પણ ચકિત થઈ રહેલ છે તે કલિકાસર્વજ્ઞ ભગવંત **શ્રી હેમચન્દ્રાચાર્ય** ભગવંત કૃત **શ્રી યોગશાસ્ત્ર**

(૧૮) તેમણે જ રચેલ **શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર.**

(૧૯) પૂર્વધર વિરચિત **શ્રી પ્રથમાનુયોગ.**

(૨૦) પૂર્વધર **શ્રી ચિરંતરસૂરિ** કૃત શ્રી શ્રાદ્ધદિન કૃત્ય **સૂત્ર**

(૨૧) **શ્રી વર્દ્ધમાન સૂરિ** કૃત **શ્રી આચાર** દિનકર

**(૨૨) શ્રી રત્નશેખર સૂરિ** કૃત **શ્રી શ્રાદ્ધવિધિ**

(૨૩) તેમણે જ રચેલ **શ્રી આચાર પ્રદીપ**

(૨૪) **શ્રી કક્ક સૂરિ** કૃત **શ્રી નવપદ પ્રકરણ**

(૨૫) **શ્રી જિન ભદ્રગણિ ક્ષમાશ્રમણ કૃત શ્રી વિશેષાવશ્યક મહાભાષ્ય.**
(૨૬) મલ્લધારી **શ્રી હેમચન્દ્રાચાર્ય** વિરચિત **મહાભાષ્ય** વૃત્તિ.
(૨૭) તેઓ શ્રી એજ રચેલ **પુષ્પમાલા.**
(૨૮) **શ્રી અભયદેવ સૂરિ** કૃત **પંચાશક વૃત્તિ.**
(૨૯) **શ્રી જ્ઞાતા સૂત્ર.**
(૩૦) **શ્રી ઠાણાંગ સૂત્ર**
(૩૧) **શ્રી રાયપસેણી સૂત્ર**
(૩૨) **શ્રી જીવાભિગમ સૂત્ર**
(૩૩) **શ્રી મહા પ્રત્યાખ્યાન સૂત્ર**
(૩૪) **શ્રી મહાનિશીથ સૂત્ર**
(૩૫) **શ્રી દેવસુંદર સૂરિ** કૃત **સામાચારી પ્રકરણ.**
(૩૬) **શ્રી સોમસુંદર સૂરિ** કૃત **સમાચારી પ્રકરણ.**
(૩૭) **શ્રી જિનપતિ સૂરિ** કૃત **સમાચારી પ્રકરણ.**
(૩૮) **શ્રી અભયદેવ સૂરિ** કૃત **સામાચારી પ્રકરણ.**
(૩૯) **શ્રી જિનપ્રભ સૂરિ** કૃત **સમાચારી પ્રકરણ.**

આ પ્રમાણે સેંકડો આચાર્ય દેવોના પ્રામાણિક ગ્રન્થોના આધારે શ્રી મૂર્તિપૂજા કરવામાં આવે છે. આમાંના કયા આચાર્યને 'સાવદ્યાચાર્ય'' કહી શકાય તેમ છે ?

કદાચ કહેવામાં આવે કે પૂર્વધરોના વખતમાં જ્ઞાન કંઠસ્થ હતું, પણ પાછળથી પુસ્તકારૂઢ કરવામાં આવ્યું, તેથી માનવામાં શંકા રહે છે, પરંતુ આમ કહેવું તે અયથાર્થ છે, કારણ કે પુસ્તકોનો સર્વથા અભાવ હોવાનું કયાંય પણ કહ્યું નથી. શું શ્રી ઋષભદેવ સ્વામીએ ચલાવેલી લિપિનો વિચ્છેદ થઈ ગયો હતો ? જો હા, તો પછી લોકોના કામ શી રીતે ચાલતાં હશે ? વળી બીજું પ્રમાણ એ છે કે, શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પ્રભુના નિર્વાણ પછી ૯૮૦ મા વર્ષે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આદિ સેંકડો આચાર્યોએ મળીને એક કરોડ ઉપરાંત પુસ્તકો રચ્યાં હતાં. તે વખતે આચાર્યોની પરંપરાએ ચાલતું આવેલું જ્ઞાન અવિચ્છિન્નપણે પુસ્તકોમાં યથાતથ્ય ઉતારવામાં આવ્યું હતું. તેમાંના ઘણાં પુસ્તકો આજે જ્ઞાન ભંડારોમાં વિદ્યમાન છે.

તે વખતે તે આચાર્યોના પ્રતિપક્ષી કોઈ થયા હોય, તો તેમના તરફથી પણ તે સમયના લખેલાં પુસ્તકો પ્રમાણરૂપે મોજુદ હોવાં જોઇએ. પણ તેવું કશું જણાતું નથી. તો પછી ધર્મના સ્તંભરૂપ પંડિત પુરુષો અને તેમનાં લખાણોની અવજ્ઞા કરવાથી મહાપાપના ભાગી થયા સિવાય બીજું શું ફળ મળે તેમ છે ?

# પ્રેરક બોધક પ્રશ્નોત્તરી ૭૩થી ૮૦ સમાપ્તિ

## ૨૦

- ☐ મંદિરો – મૂર્તિઓની પ્રાચીનતા
- ☐ લાખો વર્ષ સુધી મૂર્તિઓ કઈ રીતે ટકે ?
- ☐ ચૈત્ય એટલે શું ?
- ☐ સૂર્યાભ દેવનાં નાટકો
- ☐ સામયિકમાં વધુ લાભ કે પૂજામાં ?

**પ્રશ્ન ૭૩** – કેટલાક કહે છે કે શ્રીવીર સંવત ૬૭૦ માં સાચોર ગામમાં શ્રી મહાવીર સ્વામીની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ, તે પહેલાં મૂર્તિ હતી જ ક્યાં ?

ઉત્તર – આ કથન પ્રમાણભૂત નથી જો તેમ હોય તો લાખો વર્ષ પહેલાં મૂર્તિપૂજા કર્યાના પાઠો મૂળ સૂત્રોમાં ક્યાંથી આવી ગયા ?

આજ પણ હજારો અને લાખો વરસનાં મંદિરો અને મૂર્તિઓ વિદ્યમાન છે. તે મંદિરો અને મૂર્તિઓની પ્રાચીનતાનાં અંગ્રેજ શોધકો તથા અન્ય દર્શની વિદ્વાનો પણ સાક્ષી પૂરે છે.

**પ્રાચીન મંદિરો અને મૂર્તિઓ માટેના કેટલાક શાસ્ત્રીય ઉલ્લેખો નીચે મુજબ છે :**

(૧) શ્રી આવશ્યક મૂળ પાઠમાં વગ્ગુર શ્રાવકે શ્રી મલ્લિનાથ સ્વામીનું મંદિર પુરિમતાલ નગરીમાં બંધાવ્યાનો ઉલ્લેખ છે.

(૨) ભરત ચક્રવર્તીએ શ્રી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીશ તીર્થંકર પરમાત્માઓની પ્રતિમાઓ તેમના વર્ણ, લંછન તથા શરીરના કદ પ્રમાણે સ્થાપના કર્યાનું શ્રી આવશ્યક મૂળ પાઠમાં કહ્યું છે.

(૩) દક્ષિણમાં આવેલા હૈદ્રાબાદ શહેર પાસેના કુલપાક ગામમાં ભરત ચક્રવર્તીના સમયમાં ભરાવેલી શ્રી ઋષભનાથ સ્વામીની મૂર્તિ છે. જે કાળ - વશે કરી દહેરાસર સહિત જમીનમાં દટાઈ ગયેલ. તે હાલ થોડા વખત પહેલાં પ્રગટ થયેલ છે. લોકો આ પ્રતિમાજીને માણિક્ય સ્વામીની પ્રતિમા પણ કહે છે અને તે દેવાધિષ્ઠિત છે.

(૪) શ્રી શંખેશ્વર ગામમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિ ગઈ. ચોવીસીમાં થઇ ગયેલા શ્રી દામોદર નામના શ્રી તીર્થંકર પરમાત્માના વખતમાં બનેલી દેવરક્ષિત વિદ્યમાન છે. આ પ્રતિમા અનેક અબજો વર્ષોથી અધિક પ્રાચીન છે અને દેવલોક તથા પાતાળ લોકમાં પૂજાયા પછી બાવીસમા તીર્થંકરદેવ શ્રી નેમિનાથ સ્વામીના સમયથી માનવલોકમાં પૂજાય છે.

(૫) મુંબઈ પાસે અગાસી ગામમાં આવેલા શ્રી જિનમંદિરમાં બિરાજમાન શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા તેમના વખતની બનેલી કહેવાય છે.

(૬) શ્રીપાળ રાજા તથા સાતસો કોઢીઆનો કોઢ જે શ્રી ઋષભનાથ સ્વામીની મૂર્તિના પ્રક્ષાળ-જળથી દૂર થયો હતો, તે મૂર્તિ આજે પણ શ્રી ધુલેવા ગામમાં શ્રી કેસરીઆનાથજીના નામે ઓળખાય છે, તેમજ પૂજાય છે. જેને લાખો વર્ષ થઈ ગયાં.

(૭) રાવણ રાજાના વખતમાં બનેલ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથજીની મૂર્તિ, મહારાષ્ટ્રમાં આવેલા આકોલા પાસે શિરપુર ગામમાં છે.

(૮) આ ચોવીસીના શ્રી નમિનાથ ભગવાનના શાસન પછી ૨૨૨૨ વર્ષે આષાઢ નામના શ્રાવકે ત્રણ પ્રતિમાઓ ભરાવી હતી. તેમાંની એક ખંભાતમાં શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુજીની છે. બીજી પાટણ શહેરમાં છે તથા ત્રીજી પાટણ પાસે ચારૂપ ગામમાં હાલ વિદ્યમાન છે. તેના પર નીચે મુજબ લેખો છે-

'नमे स्तीर्थकृते तीर्थे वर्षद्विक चतुष्टये ।
आषाढ श्रावको गौडो कारयेत् प्रतिमा त्रयम् ॥'

આ લેખના હિસાબે તે ત્રણેય પ્રતિમાઓ ૫૮૬૭૪૪ વર્ષ લગભગ પ્રાચીન છે.

(૯) રાજસ્થાનમાં આવેલા શ્રી નાંદિયા ગામમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીજી વિદ્યમાન હતા ત્યારે તેમની મૂર્તિ સ્થાપન થયેલી. જેને જીવિતસ્વામી કહે છે, તે આજે વિદ્યમાન છે.

(૧૦) સૌરાષ્ટ્રમાં આવેલ શ્રી મહુવા શહેરમાં પણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજી વિચરતા હતા. તે વખતની ભરાવેલી તેમની પ્રતિમા છે.

(૧૧) જોધપુર પાસે ઓસિયા ગામમાં શ્રી વીરનિર્વાણ પછી ૭૦ વર્ષે સ્થાપન કરેલી શ્રી મહાવીરસ્વામી પ્રભુની મૂર્તિ શ્રી રત્નપ્રભસૂરિના હાથે પ્રતિષ્ઠિત થયેલી છે.

(૧૨) ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતની તેઓશ્રીની મૂર્તિ હતી. જેને લાખો વર્ષ થઈ ગયાં.

(૧૩) કચ્છમાં શ્રી ભદ્રેશ્વર તીર્થનું જે ભવ્ય અને અતિ પ્રાચીન જિનાલય છે તેના જીર્ણોદ્ધાર વખતે ખોદકામ થતાં જમીનમાંથી એક ત્રાંબાપત્ર જાળ્યું છે. જેના પર પ્રાચીન સમયનો લેખ છે. તેમાં લખ્યું છે કે-'તે દહેરૂં વીરસંવત ૨૩ માં બંધાવવામાં આવ્યું છે. જેને આજ લગભગ અઢી હજાર વર્ષ થઈ ગયાં.

(૧૪) બીકાનેરમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના મંદિરમાં ચોવીસ સો તથા તેથી વધારે વર્ષની સેંકડો પ્રતિમાઓ છે.

(૧૫) સર કનીંગહામના પોતાના 'આર્કિઓલોજીકલ રીપોર્ટ'માં મથુરામાં પ્રાપ્ત થયેલ કેટલીક મૂર્તિઓના લેખ પ્રગટ થયા છે જેની નકલો શ્રી તત્ત્વ-નિર્ણય-પ્રાસાદ નામના ગ્રન્થમાં છપાએલી છે. તો ત્યાં જોઈ શકાય છે.

(૧૬) સમ્રાટ સંપ્રતિએ વીરસંવત ૨૯૦ પછી સવાલાખ મંદિર બંધાવ્યા, છત્રીસ હજાર મંદિરનાં જીર્ણોદ્ધાર કરાવ્યા, સવાક્રોડ આરસની અને પંચાણુ હજાર પીત્તળની મૂર્તિઓ ભરાવી. તે પૈકી ઘણી પ્રતિમાઓ હાલમાં રાજસ્થાન, ગુજરાત આદિ રાજ્યોમાં વિદ્યમાન છે.

આ ઉપરાંત નીચેનાં સ્થળોએ પણ અનેક પ્રાચીન પ્રતિમાઓ વિદ્યમાન છે.

(૧૭) શ્રી ઘોઘામાં શ્રી નવખંડ પાર્શ્વનાથ.

(૧૮) ફ્લોધીમાં શ્રી ફ્લવૃદ્ધિ પાર્શ્વનાથ.

(૧૯) શ્રી ભોયણીમા શ્રી મલ્લિનાથજી ભગવાન.

(૨૦) શ્રી આબુના મંદિરોમાં અનેક પ્રાચીન પ્રતિમાઓ છે.

(૨૧) શ્રી કુમારપાળ રાજાએ બંધાવેલ શ્રી તારંગાજી તીર્થનું ગગનચુંબી જિનાલય અને તેમાં બિરાજમાન શ્રી અજીતનાથ સ્વામીની વિશાળકાય ભવ્ય મૂર્તિ.

(૨૨) શ્રી વરકાણામાં શ્રી વરકાણા પાર્શ્વનાથ.

(૨૩) શ્રી સિદ્ધાચળજી મહાતીર્થ ઉપરના સેંકડો મંદિરો અને હજારો પ્રતિમાઓ.

(૨૪) શ્રી ગિરનારજી ઉપરનાં મંદિરો તથા સેંકડો પ્રતિમાઓ.

(૨૫) શ્રી સમ્મેતશિખરજી ઉપરના અનેક જિનપ્રાસાદો.

વળી બીજાં પણ અનેક શ્રી જિન મંદિરો અને મૂર્તિઓ, સ્થળે-સ્થળે, શ્રી જિનપૂજાની પ્રાચીનતા અને શાસ્ત્રીયતાનો સચોટ ખ્યાલ આપે છે.

જો મૂર્તિપૂજાનો નિષેધ હોત, તો ઉપર પ્રમાણે જિનમંદિર આદિના નિર્માણ પાછળ કરોડો રૂપિયા કેમ ખર્ચાત્? કોણ ખર્ચત? સૂત્રોમાં કોઈ જગ્યાએ પણ શ્રી જિનપૂજાનો નિષેધ નથી અને શ્રી જિનપૂજાની આજ્ઞા ઠેર-ઠેર છે.

**"से किं तं उवासगदसाओ? उवासगदसासुणं उवासगाणं णगराइं उज्जाणाइं चेइआइं वणखंडा, रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इहलोइय परलोईयई ड्ढिविसेसा ॥"**

શ્રી ઠાણાંગ સૂત્રમાં શ્રાવક શબ્દનો જ્યાં અર્થ કર્યો છે, ત્યાં '(૧) જિનપ્રતિમા (૨) જિનમંદિર (૩) શાસ્ત્ર (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા–' એ સાતક્ષેત્રે ધન ખર્ચવાનો હુકમ ફરમાવ્યો છે તથા અન્ય સૂત્રોમાં પણ તે સાત ક્ષેત્રો શ્રાવકને સેવવા યોગ્ય બતાવ્યાં છે.

આનંદ વગેરે બાર વ્રતધારી, દૃઢ ધર્મનિષ્ઠ શ્રાવકો હતા. તેઓએ શ્રી ઉત્તરાધ્યયનના ૨૮મા અધ્યયનમાં કહ્યા મુજબ સમ્યક્ત્વના આઠ

આચારોનું સેવન કર્યું છે. તેમાં ઉક્ત સાત ક્ષેત્રો પણ આવી જાય છે; કારણ કે આચારોમાં સાધર્મિકવાત્સલ્ય તથા પ્રભાવના એ બે આચાર પણ કહ્યા છે.

સાધર્મિક-વાત્સલ્યમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા-એ ચાર ક્ષેત્રો જાણવાં. અને પ્રભાવનામાં શ્રી જિનબિંબ, શ્રી જિનમંદિર તથા શાસ્ત્ર એ ત્રણ ગણાય છે.

આનંદ, કામદેવાદિ શ્રાવકો ઉપરાંત પ્રદેશી રાજાએ પણ શ્રી જિનમંદિર કરાવેલ છે.

**પ્રશ્ન ૭૪**-આગળ અસંખ્યાતા વર્ષોની પ્રતિમાઓ હોવાનું કહ્યું, પણ પુદ્ગલની સ્થિતિ તેટલા વર્ષની ન હોવાથી શી રીતે રહી શકે?

**ઉત્તર**- શ્રી ભગવતી સૂત્રમાં પુદ્ગલની સ્થિતિ બતાવી છે, તે દેવ-સહાય વિનાની સ્વાભાવિક સ્થિતિ વર્ણવેલી છે, પણ જેની દેવ રક્ષા કરે, તે તો અસંખ્યાતા વર્ષ રહી શકે છે. જેમ શ્રી જંબૂ દ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં લખ્યું છે કે-

"ભરત ચક્રવર્તી દિગ્વિજય કરી ઋષભકૂટ પહાડ પર આવી, આગળ થઈ ગયેલા ચક્રવર્તીનાં નામ ભૂંસી નાખી, પોતાનું નામ લખે છે.

હવે વિચાર કરો કે- ભરત ચક્રવર્તી પહેલાં અઢાર કોડાકોડી સાગરોપમનો ભરતક્ષેત્રમાં ધર્મનો વિરહ કહેલો છે, તો તેટલા અસંખ્યાતા કાળ સુધી મનુષ્યલિખિત નામ રહ્યાં કે નહિ? જરૂર રહ્યાં.

તો પછી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિની મૂર્તિઓ દેવતાની મદદથી રહે, તેમાં શી નવાઈ?

ઋષભકૂટ આદિ પહાડ શાશ્વતા છે, પણ નામ તો અશાશ્વતાં છે. જો નામ પણ શાશ્વતાં હોય, તો તે ભૂંસી શકાય નહિ. વળી કોઈ કહે કે, પૃથ્વીકાય તો ૨૨૦૦૦ વર્ષથી વધારે વર્ષ ન ટકે, તો શું દેવતા આયુષ્ય વધારવાને સમર્થ છે?

જવાબમાં કહેવાનું કે, મૂર્તિ એ પૃથ્વીકાય-જીવ નથી. પણ અજીવ વસ્તુ છે. તેને અનુપમ દેવશક્તિથી અગણિત વર્ષો પર્યંત પણ રાખી શકાય છે. કારણ કે જૈન-શાસ્ત્રાનુસાર કોઇ પણ પુદ્ગલ દ્રવ્યનો સર્વથા નાશ અનંતા કાળે પણ થતો નથી. અર્થાત્ દ્રવ્યની અપેક્ષાએ તમામ પુદ્ગલ શાશ્વતા છે, પર્યાયની અપેક્ષાએ અશાશ્વતા છે.

જેમ પર્વતમાંથી એક પત્થરનો ટૂકડો લો, તો તે ટૂકડાના પર્યાય બદલાશે, પણ તેનો બીલકુલ નાશ તો કોઇ કાળે નહિ જ થાય. તે રીતે તમામ પુદ્ગલનું સમજવું. વળી શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં આ અવસર્પિણી કાળના પહેલા આરાનું વર્ણન કરતાં કહ્યું છે કે-"ગાઢ વનો, વૃક્ષો, ફૂલ-ફળોથી સુશોભિત, સારસ, હંસ વગેરે જળચરોથી ભરેલી એવી વાવડીઓ તથા પુષ્કરિણી અને દીર્ઘિકાઓથી શ્રી જંબૂદ્વીપની શોભાથઇ રહી છે."

વિચાર કરો કે પહેલા આરામાં આ વાવડીઓ વગેરે કયાંથી આવી?

આ ભરતક્ષેત્રમાં નવ કોડા કોડી સાગરોપમથી તો યુગલીઆ રહેતા હતા. તેઓ તો બનાવે નહિ. જો તે શાશ્વતી છે નહિ, તો પછી કોણે બનાવી? જેમ એ વાવડીઓ એટલાં અસંખ્યાતાં વર્ષની કાયમ રહી, તો પછી દેવતાઓની મદદથી મૂર્તિઓ પણ કાયમ કેમ ન રહે? અર્થાત્ રહે જ.

**પ્રશ્ન ૭૫**- ચૈત્ય શબ્દનો ખરો અર્થ શો?

**ઉત્તર**- શ્રી સુધર્માસ્વામીના પરંપરાગત આચાર્યોએ 'ચૈત્ય' શબ્દનો જે અર્થ લખ્યો છે, તે શ્રી તીર્થંકર પરમાત્માના મુખમાંથી જ નીકળેલો છે.

પરમ ઉપકારી, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજાએ પોતાના 'અનેકાર્થસંગ્રહ' માં "ચૈત્ય" શબ્દનો આ પ્રમાણે અર્થ કર્યો છે.

"**चैत्यं जिनौकस्तद्‌बिंबं, चैत्यो जिनसमातरुः ॥**"

અર્થ :- ચૈત્ય એટલે (૧) જિનમંદિર, (૨) જિનપ્રતિમા અને (૩) શ્રી જિનરાજની સભાનું ચોતરાબંધ વૃક્ષ.

આ અર્થ સિવાય, બીજો અર્થ શાસ્ત્રમાં કહ્યો નથી. અમરકોશ અથવા બીજો ગમે તે કોશ ગ્રન્થ જુઓ. તેમાં આ અર્થ સિવાય બીજો કોઈ અર્થ કહ્યો નથી. માટે આ અર્થ સિવાય બીજો કોઈ અર્થ કરવો તે અયથાર્થ અર્થઘટન છે. સૂત્ર-પાઠોમાં જ્યાં-જ્યાં ચૈત્ય શબ્દ વપરાયો છે. ત્યાં-ત્યાં બીજો અર્થ લાગુ પડી શકતો જ નથી. તેમ છતાં કોઈ તેવો પ્રયત્ન કરે તો તે નિરાધાર સમજવો.

**પ્રશ્ન ૭૬**– "ચૈત્ય" શબ્દનો અર્થ, કેટલાક 'સાધુ' કે 'જ્ઞાન' કરે છે, તે શું ઉચિત છે?

**ઉત્તર**– "ચૈત્ય"નો અર્થ 'સાધુ' કે 'જ્ઞાન' કોઈ રીતે થઈ શકે નહિ. તેમ શાસ્ત્રના સંબંધમા તે અર્થ બંધબેસતો પણ નથી. સાધુને ઠેકાણે તમામ સૂત્રોમાં "**साहु वा साहुणी वा।**" "**भिक्खु वा भिक्खुणी वा।**" એમ કહેલ છે પણ "**चैत्यं वा चैत्यानि वा।**" એવું તો ક્યાંય કહેલ નથી.

વળી ભગવાન શ્રી મહાવીરસ્વામીજીના ચૌદ હજાર સાધુ હતા, એમ કહ્યું છે, પણ "ચૌદ હજાર ચૈત્ય હતા," એમ કહ્યું નથી.

એ જ રીતે બીજા સર્વ તીર્થંકરો, ગણધરો, આચાર્યો વગેરેના આટલા હજાર સાધુ હતા. એમ કહ્યું છે, પણ 'ચૈત્યો હતાં,' એવા શબ્દો કોઈ સ્થળે નથી.

તથા "ચૈત્ય" શબ્દનો અર્થ 'સાધુ' કરે, તો પછી સાધ્વીને માટે નારી જાતિમાં કયો શબ્દ તેમાંથી નીકળી શકશે? કારણ કે ચૈત્ય શબ્દ સ્ત્રીલિંગમાં બોલાતો નથી.

શ્રી ભગવતી સૂત્રમાં (૧) અરિહંત (૨) સાધુ અને (૩) ચૈત્ય એમ ત્રણ શરણ કહ્યાં છે. ત્યાં જો "ચૈત્ય" શબ્દનો અર્થ 'સાધુ' કરે, તો તેમાં 'સાધુ' શબ્દ જુદો કેમ કહ્યો? તથા જ્ઞાન કહે, તો અરિહંત શબ્દથી જ્ઞાનનો સંગ્રહ થઈ ગયો. કેમકે જ્ઞાન અરૂપી છે, તે જ્ઞાની સિવાય હોય નહિ. માટે ચૈત્યથી જિનપ્રતિમા જ અર્થ થવાનો. "અરિહંત" એવો અર્થ પણ સંભવે નહિ. કારણ કે 'અરિહંત' પણ પ્રથમ સાક્ષાત્ શબ્દમાં કહેલ જ છે.

"ચૈત્ય" શબ્દનો "જ્ઞાન" એવો અર્થ કરવો, એ પણ તદ્દન અસત્ય છે; કારણ કે શ્રી નંદીસૂત્રાદિમાં જ્યાં-જ્યાં પાંચ જ્ઞાનના અધિકાર આવે છે, ત્યાં ત્યાં—

'**नाणं पंचविहं पण्णत्तं।**' એમ કહ્યું છે. પણ '**चेइयं पंचविहं पण्णत्तं।**' એમ તો ક્યાંય લખ્યું નથી. તથા તેનાં નામ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન કહ્યાં છે, પણ મતિચૈત્ય, શ્રુતચૈત્ય. અવધિચૈત્ય, મનઃપર્યવચૈત્ય કે કેવળચૈત્ય ઈત્યાદિ કોઈ સ્થળે નથી કહ્યાં.

તથા તે જ્ઞાનના સ્વામીને મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની ઈત્યાદિ શબ્દથી ઓળખાવ્યા છે, પણ મતિચૈત્યી, શ્રુતચૈત્યી વગેરે નથી જ કહ્યા.

તથા કોઈને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે, તો તેને 'જાતિસ્મરણજ્ઞાન' ઉપજ્યું એમ કહીએ છીએ, પણ 'જાતિસ્મરણ ચૈત્ય' ઉપજ્યું એમ નથી કહેતા.

શ્રી ભગવતી સૂત્રમાં જ જંઘાચારણ–વિદ્યાચારણ મુનિઓના અધિકારમાં '**चेइयाइं**' શબ્દ છે, તથા બીજે ઘણે ઠેકાણે તે શબ્દ વપરાયેલ છે. તેનો અર્થ જ્ઞાન કરશો, તો જ્ઞાન તો એકવચને છે અને '**चैइयाइं**' બહુવચને છે માટે તે અર્થ ખોટો છે.

હવે ચૈત્યનો અર્થ સાધુ કે જ્ઞાન કરનારાઓ પણ ઘણે સ્થળે 'પ્રતિમાં' કરે છે, તેનાં થોડાંક દૃષ્ટાન્ત.

(૧) શ્રી પ્રશ્ન વ્યાકરણમાં આશ્રવ દ્વારે ચૈત્ય શબ્દનો અર્થ 'મૂર્તિ' કર્યો છે.

(૨) શ્રી ઉવવાઈ સૂત્રમાં '**पुण्ण भद्द चेइए होत्था**।' કહી, ચૈત્યનો અર્થ મંદિર અને મૂર્તિ કહ્યો છે.

(૩) આ જ સૂત્રમાં '**बहवे अरिहंत चेइयाइं**।' કહી મંદિર અને મૂર્તિ એવો અર્થ કહે છે.

(૪) શ્રી ભદ્રબાહુ સ્વામીએ શ્રી વ્યવહાર સૂત્રની ચૂલિકામાં દ્રવ્યલિંગીઓ "ચૈત્ય સ્થાપના" કરવા લાગી જશે, ત્યાં "મૂર્તિની સ્થાપના" કરવા લાગી જશે, એવો અર્થ કર્યો છે.

(૫) શ્રી જ્ઞાતાસૂત્ર, શ્રી ઉપાસક દશાંગ સૂત્ર, શ્રી વિપાકસૂત્રમાં '**पुण्णभद्द चेइए**।' કહી પૂર્ણભદ્રયક્ષની મૂર્તિ વા મંદિરનો અર્થ કહે છે.

એટલે "ચૈત્ય" શબ્દના શ્રી જિનમંદિર, શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનરાજની સભાનું ચોતરાબંધ વૃક્ષ એ જ અર્થો સર્વ અપેક્ષાએ સુસંગત ઠરે છે. તે સિવાયના અર્થો સર્વથા અસંગત ઠરે છે.

**પ્રશ્ન ૭૭–** તીર્થયાત્રા વિષે કયા સૂત્રમાં લખ્યું છે અને તેથી શો લાભ થાય?

**ઉત્તર–** તીર્થના બે પ્રકાર છે, (૧) જંગમ તીર્થ. તે ચતુર્વિધ શ્રી સંઘ અને (૨) સ્થાવર તીર્થ. તે શ્રી શત્રુંજય, ગિરનાર, નંદીશ્વર, અષ્ટાપદ, આબુ, સમેતશિખર વગેરે છે. જેની યાત્રા જંઘાચારણ મુનિવરો પણ કરે છે, એમ શ્રી ભગવતી સૂત્રમાં ફરમાવ્યું છે. શ્રી ગૌતમસ્વામીજી પણ શ્રી અષ્ટાપદ તીર્થ પર ગયા હતા.

શત્રુંજય ગિરિરાજ પર અનંતા આત્માઓ મોક્ષે ગયા, એમ શ્રી જ્ઞાતાસૂત્રમાં કહ્યું છે.

શ્રી આચારાંગ સૂત્રમાં બીજા શ્રુતસ્કંધમાં નીચે પ્રમાણે તીર્થભૂમિ બતાવી છે.

"जम्माभिसेय-निक्खमण चरणुप्पाय निव्वाणे ।
दियलोअभवण मंदर नंदीसर भोम नयरे सु ॥ १ ॥
अट्टावयमुज्जिंते गयग्गपयए य धम्मचक्के य ।
पासर हावत्तनगं चमरुपायं च वंदामि ॥ २ ॥"

અર્થ :– શ્રી તીર્થંકરદેવના જન્માભિષેકની ભૂમિ, દીક્ષા લેવાની ભૂમિ, કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે ભૂમિ, નિર્વાણ ભૂમિ, દેવલોકનાં સિદ્ધાયતન, ભુવનપતિઓનાં સિદ્ધાયતન, અષ્ટાપદ, ગિરનાર, ગજપદ તીર્થ, ધર્મચક્ર તીર્થ, શ્રી પાર્શ્વનાથ સ્વામીનાં સર્વ તીર્થ, શ્રી મહાવીર સ્વામીજી કાઉસ્સગમાં રહ્યા તે તીર્થને હું વંદન કરૂં છું.

શ્રી ભદ્રબાહુ સ્વામી શ્રી આવશ્યક નિર્યુક્તિમાં ફરમાવે છે કે, શ્રી તીર્થંકરદેવોનાં જ્યાં જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ થયાં હોય, તે ભૂમિના સ્પર્શથી સમ્યક્ત્વ દૃઢ થાય છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીના વરદ હસ્તે દીક્ષિત થયેલા, અવધિજ્ઞાનને ધારણ કરનારા શ્રી ધર્મદાસ ગણિ શ્રી ઉપદેશમાળા પ્રકરણમાં કહે છે કે, શ્રાવક, શ્રી જિનરાજનાં પાંચે કલ્યાણકોની જગ્યાએ યાત્રા નિમિત્તે જાય, સ્થાવર તીર્થની યાત્રાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે.

શ્રી શત્રુંજય, ગિરનાર, સમેતશિખર આદિ તીર્થક્ષેત્રોના પાવનકારી વાતાવરણમાં જઈને વસવાથી અનાયાસે પણ ત્રિવિધ શાન્તિનો કંઈક અનુભવ તો ગમે તેવા આત્માને પણ થાય છે. અને જેઓ ખરેખર મુમુક્ષુ છે, તેઓને તો ત્યાંનું વાતાવરણ જનેતાના ખોળા જેવું પ્રતીત થાય છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓ, શ્રી ગણધર ભગવંતો, શ્રી પૂર્વધર મહર્ષિઓ, શ્રી શાસન પ્રભાવક આચાર્યદેવો વગેરેના પુનિત ચરણ-કમળથી વાસિત ભૂમિમાં એક ઘડી જેટલો પણ મુકામ કરવાથી નહિ સ્પર્શેલો આધ્યાત્મિક ભાવ આત્માને સ્પર્શે છે. વિષય અને કષાય મંદ પડે છે. પર-પરિણતિ પાતળી પડે છે અને સહેજે આત્માભિમુખ બનાય છે.

શ્રી મહાકલ્પ સૂત્રમાં તીર્થયાત્રાના ઉત્તમફળનું વર્ણન છે, જો કે આપણે રહીએ છીએ, તે સ્થળે પણ દહેરાસરો હોય છે, પણ તીર્થ-યાત્રામાં તે કરતાં વિશેષ લાભ રહેલો છે કારણ કે ઘરના વાતાવરણમાં સંકલ્પ-વિકલ્પાદિ સતત રહેવાથી, ચિત્ત ધર્મધ્યાનમાં સ્થિર રહી શકતું નથી, વળી નોકરી-ધંધાની ઉપાધિ પણ રહે છે. એક પોતાના જ ઘરને લગતા તુચ્છ વિચારોમાં ચિત્ત ખૂંપેલું રહે છે.

જ્યારે ઘર છોડીને તીર્થયાત્રાએ જવાથી તે સર્વ ઉપાધિઓ મહદ્ અંશે છૂટી જાય છે. સાથે બીજા સ્વધર્મી બંધુઓ હોવાથી તેમની સાથે ધાર્મિક વાર્તાલાપથી મન પ્રફુલ્લિત થાય છે. શાસ્ત્રનું જ્ઞાન મળે છે. માર્ગમાં અનેક સુજ્ઞ શ્રાવકોનો જોગ મળવાથી, નવીન શિક્ષા અને બોધ પ્રાપ્ત થાય છે.

તીર્થક્ષેત્રમાં જઈને રહેવાથી તીર્થ સંબંધી તારક વિચારો આવે છે. ત્યાં અનેક મહાનુભાવોને મળવાનો લાભ મળે છે તેમજ મહાત્મા-ઓના દર્શનનો ઉત્તમ જોગ પણ ખાસ થાય છે અને પૂરતો સમય મળવાથી તેમને સાંભળવાનો લાભ પણ મળે છે. દુન્યવી કામ ધંધો નહિ હોવાથી મન ઊંચું-નીચું થતું નથી પણ તેમને એકાગ્રતાથી સાંભ-ળીને તે સદ્‌બોધમા સારી રીતે રંગાય છે. ઘેર રહેવાથી આ બધા લાભ ભાગ્યે જ મળે છે.

તીર્થક્ષેત્રમાં શ્રી તીર્થંકરદેવ, ગણધર મહારાજા તથા બીજા ઉત્તમો-ત્તમ પુરુષોના નિર્વાણ થયા હોય છે, તેથી તેઓની યાદ વારંવાર આવે છે ને તેમના ગુણાનુવાદ કરવાનો ધન્ય અવસર પ્રાપ્ત થાય છે. તેથી બુદ્ધિ નિર્મળ થાય છે, તે પૂજ્ય પુરુષો જે રસ્તે ચાલી ગુણવંત થયા. તે રસ્તે ચાલવાની આપણને પણ ઈચ્છા થાય છે. તે વખતે આ સંસાર અસાર જેવો લાગે છે. તથા સંસાર પર ઉદાસીનતા પેદા થઈ આત્મ ધ્યાન કરવાનું મન થાય છે. પરભાવ રમણતા ઓછી થાય છે.

જે-જે પ્રકારે આત્મવિશુદ્ધિ થઇ શકે, તે તમામ ઉપાયો યોજ-વાની કિંમતી તક, તીર્થક્ષેત્રમાં યાત્રિકને મળે છે, કેટલાક ધ્યાની પુરુષો પહાડની ગુફાઓમાં જઇ, એકાંતમાં બેસી સ્થિર થઈ, આત્મા તથા જડના વિભાગો તથા તે બંનેમાં રહેલી ભિન્નતાનો વિચાર કરે છે, ધર્મધ્યાનમાં તલ્લીન બને છે અને શુકલ ધ્યાનાદિ ધ્યાઈ શકાય તે માટેનો અભ્યાસ કરે છે.

વધારે શુદ્ધિનું બીજું ખાસ કારણ એ છે કે. ઉત્તમ પુરુષોના શરીરના પુદ્ગલ પરમાણુઓ ત્યાં ફેલાએલા હોય છે. તે સર્વે ઉત્તમ ભાવથી વાસિત હોય છે. 'શિવમસ્તુ સર્વ જગતઃ'ની શુભ ભાવનાના લેપવાળા હોય છે. તેનો ઉત્તમ લાભ યોગ્ય યાત્રાળુઓને મળે છે.

જે પુરુષોની મુક્તિ નિકટવર્તી કાળે થવાની હોય છે, તે ઉત્તમ પુરુષોના શરીરમાં ધ્યાનને પુષ્ટિ આપે એવા પુદ્ગલો એકત્ર થયેલા હોય છે. હવે તે પુરુષો તો નિર્વાણ પામી ગયા, પણ તે પુદ્ગલો તેમની નિર્વાણ ભૂમિમાં વિખરાએલા હોય છે અને તે આપણામાં દાખલ થાય છે. ઘણો કાળ વ્યતીત થઈ જવા માત્રથી તે સર્વ પુદ્ગલો કાંઈ નાશ પામતા નથી.

આવી વિશુદ્ધ જગ્યા પર પુણ્યવાન સ્ત્રી-પુરુષોને આ નિર્મળ પુદ્ગલોનો સ્પર્શ થતાં, બુદ્ધિ કેટલી બધી નિર્મળ થતી હશે, તેનો ખ્યાલ તો અનુભવ કરવાથી જ આવી શકે છે.

આ રીતે ઘર કરતાં તીર્થયાત્રામાં અનેકગણો લાભ મળે છે અને ધર્મધ્યાન અધિક સુગમ બને છે. એટલે જ કહ્યું છે કે- શ્રી તીર્થપાંથ રજસા, વિરજી ભવન્તિ (તીર્થક્ષેત્રના પથની રજના સ્પર્શે આત્મા કર્મરહિત બને છે.)

**પ્રશ્ન ૭૮**- ભગવાનની પૂજા, પૂજકને હિતકારી છે, છતાં ચિંતામણિ-રત્નની જેમ તેનું ફળ એકદમ અહીં જ કેમ મળતું નથી ?

**ઉત્તર**- આ વિષયમાં દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવાની જરૂર છે. દરેક વસ્તુને જે-જે કાળે ફળવાનું હોય, તે તે કાળે તે ફળે છે. તેમાં વ્યક્તિની ઉતાવળ કે અધીરાઈ કામ આવતી નથી.

કહેવત છે કે, 'ઉતાવળે આંબા પાકે નહિ.' અર્થાત્ આંબે કેરી તેના કાળે જ આવે છે. તે જ રીતે ખેતરમાં બીજ વાવ્યા પછી તેનો સમય પૂરો થયેથી જ અન્ન પાકે છે, પહેલાં નહિ.

ગર્ભસ્થિતિની પ્રાયઃ નવ માસ વીત્યા બાદ જ પ્રસુતિ થાય છે. વનસ્પતિ, ફળફૂલ પણ એકદમ પાકતાં નથી.

તે જ રીતે રાજા, ઇન્દ્ર પ્રમુખની કરેલી સેવા તત્કાળ નહિ, પણ સમય થયેથી જ ફળ આપે છે.

મંત્ર-જંત્ર પણ કોઈ હજાર જાપથી, કોઈ લાખ કે ક્રોડ જાપથી સિદ્ધ થાય છે.

રોગ નિવારણ અર્થે કરેલી દવા પણ કાળ પાકવાથી જ અસર કરે છે. પારાને સિદ્ધ કરતાં બહુ વખત લાગે છે. એમ સર્વ કાર્યો પોતપોતાની મુદત પૂરી થયા પછી ફળ આપે છે.

એ જ પ્રમાણે આ ભવમાં ભાવ સહિત કરેલી દ્રવ્ય પૂજાનું મહત્ પુણ્ય ભવાંતરમાં ભોગવી શકાય છે તથા સામાન્ય પૂજાનું સામાન્ય પુણ્ય તો ક્વચિત્ આ જન્મમાં પણ ભોગવી શકાય છે,

ઉત્તમ ફળ દેનારા કાર્યોમાં વિવેકી પુરુષોએ ઉતાવળા કે ચિંતાતુર થવું ઘટે નહિ.

વાવેલા બીજને ફળવામાં પવન, પાણી, ખાતર ઉપરાંત ભૂમિનું દળ પણ અગત્યનો ભાગ ભજવે છે, તેમ પ્રભુ પૂજામાં દ્રવ્ય-ભાવ, વિધિ ઉપરાંત પૂજકનું આત્મદળ પણ અગત્યનો ભાગ ભજવે છે.

પોતાના આત્માને દળદાર બનાવવા માટે દળદાર આત્માવાળા શ્રી અરિહંત ભગવંતોની સતત સેવના અત્યંત આવશ્યક છે, તેનાથી આત્માના શુદ્ધ સ્વભાવની અસર આપણી સમગ્ર જાત ઉપર ફેલાય છે.

તે પછી ચિંતામણિ રત્નથી મળતું ફળ સાવ તુચ્છ લાગે છે, વળી તે પરભવમાં નહિ પણ આ મનુષ્ય ભવ કે જે ઘણું કરીને અલ્પ સમયને માટે હોય છે, તેમાં જ ફળ આપે છે. જ્યારે પૂજાથી ઉપાર્જન કરેલ પુણ્યનું ફળ બહુ મોટું હોવાથી ઘણા કાળ સુધી ભોગવવા લાયક હોય છે, એવી સચોટ શ્રદ્ધા તેનાં પૂજકના રૂંવાડે-રૂંવાડે સ્થિર થઈ જાય છે.

વળી ભાવપૂર્વકની શ્રી જિનપૂજાથી બંધાતા પુણ્યની એ વિશિષ્ટતા હોય છે કે, તે પૂજકને પરિણામ-ભ્રષ્ટ થતાં પ્રાય: અટકાવે છે અને ઉચ્ચ પરિણામમા રમતો રાખે છે. અને એ પુણ્ય જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે પૂજકને શ્રી જિનશાસનની વધુને વધુ ભક્તિ કરવાના ઉત્તમ મનોરથ જાગે છે, ભૌતિક સુખોની ભૂખ નથી જાગતી, તેથી તે પુણ્ય પરંપરાએ પૂજકને મોક્ષરૂપી સર્વોત્તમ ફળ આપનારૂં નીવડે છે. જે ફળ ચિંતામણિ રત્ન કદી પણ આપી શકતું નથી. ચિંતામણી રત્નથી ઉત્તમ સામગ્રી મળે છે, જ્યારે શ્રી જિનપૂજાથી બંધાતા પુણ્યના ઉદયે ઉત્તમ સામગ્રી ઉપરાંત ઉત્તમ સમાધિ પણ મળે છે.

તાત્પર્ય કે ઉત્તમ દ્રવ્ય અને ભાવપૂર્વકની શ્રી જિનપૂજા એ તો મોક્ષની વાનગી પોલાસી છે. શુભ પુણ્યને હસી કાઢવાની વાતમાં જરા પણ ખેંચાયા સિવાય તેનાથી મળતા સાક્ષાત્ અને પરંપરક ફળને ધ્યાનમાં લઈને હંમેશાં ઉત્તમ દ્રવ્ય અને ભાવપૂર્વક તેવા પુણ્યનો બંધ કરાવનાર શ્રી જિનપૂજામાં સ્વ-સમયનો શ્રેષ્ઠ સદુપયોગ આપણે કરવો જોઈએ.

**પ્રશ્ન**– ૭૯–દેવ દર્શનાદિમાં સમય ગાળવા કરતાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય કે સામાયિકાદિમાં સમય ગાળવાથી વિશેષ લાભ થાય કે નહિ ?

**ઉત્તર** – આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે– શ્રી જિનમતમાં દરેક વસ્તુ પોતપોતાના સ્થાને એક સરખી પ્રધાનતા અને ઉપયોગિતા ધરાવે છે.

જ્ઞાનાધ્યયનથી નિરપેક્ષ સામાયિક અને સામાયિકથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન જેમ નિષ્ફળ છે, તેમ દેવદર્શનથી નિરપેક્ષ જ્ઞાનાધ્યયન કે સામાયિક પણ નિષ્ફળ છે.

જે જ્ઞાન ભણવા છતાં સામાયિકનો ભાવ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન જેમ સફળ નથી, તેમ જે જ્ઞાન ભણવા છતા દેવભક્તિનો ભાવ ઉત્પન્ન ન થાય, તે જ્ઞાન પણ નિષ્ફળ જ છે.

જેમ જ્ઞાન રહિત સામાયિક કિંમત વિનાનું છે, તેમ દેવભક્તિ રહિત જ્ઞાન કે સામાયિક પણ કિંમત વિનાના છે. અથવા શ્રી જિનમતમાં જેમ સમ્યગ્ દર્શનમાં જ્ઞાન અને ચારિત્ર, સમ્યગ્ જ્ઞાનમાં દર્શન અને ચારિત્ર તથા સમ્યક્ ચારિત્રમાં જ્ઞાન અને દર્શન મળેલાં છે, તેમ જ્ઞાનાધ્યયનમાં દેવદર્શન અને સામાયિક, સામાયિકમાં જ્ઞાનાધ્યયન અને દેવદર્શન તથા દેવદર્શનમાં જ્ઞાનાધ્યયન અને સામાયિક માનેલાં છે. એકને સ્વીકારીને બીજાનો નિષેધ કરનારો એકને પણ શુદ્ધ રીતે સ્વીકારી શકતો નથી. એકલા જ્ઞાનાધ્યયન કે એકલા સામાયિકને પકડી, દેવદર્શનને છોડી દેવાથી સમ્યગ્ જ્ઞાની કે યથાર્થ ચારિત્રી બની શકાતું નથી.

જ્ઞાન જેમ અજ્ઞાનથી થનારા આશ્રવને રોકનાર છે અને ચારિત્ર જેમ અવિરતિથી થતા આશ્રવને અટકાવે છે. તેમ દેવભક્તિ પણ મિથ્યાત્વથી આવતા ઘોર આશ્રવને અટકાવનારી છે. શ્રી જિન મતમાં

અજ્ઞાન અને અવિરતિથી જેમ કર્મનો આશ્રવ અને બંધ માનેલા છે, તેમ મિથ્યાત્વથી પણ કર્મનો આશ્રવ અને બંધ માનેલો છે.

મિથ્યાત્વના આશ્રવને અને બંધને અટકાવવાનું કાર્ય એકલા જ્ઞાન કે ચારિત્રથી થતું નથી. કિંતુ તે માટે દેવભક્તિની પણ પરમ આવશ્યકતા છે. દેવદર્શન એ દેવભક્તિનું પરમ પ્રધાન અંગ છે. એ વિના દેવને નમન-વંદન-અર્ચન પૂજન આદિ કાંઈ પણ થઈ શકતું નથી. એ કારણે દીર્ઘદર્શી જ્ઞાની મહર્ષિઓએ આબાલવૃદ્ધ સર્વને ઉપકારક દેવદર્શનની પવિત્ર ક્રિયા નિરંતર કરવા માટે અત્યંત ભારપૂર્વક ઉપદેશ આપ્યો છે. જેનાથી બીજું કાંઈ પણ ન બની શકતું હોય, તે પણ શ્રદ્ધાપૂર્વક નિરંતર દેવદર્શનની ક્રિયામાં રત રહે અને તેને ન છોડે, તો તેનો ઉદ્ધાર પણ કાળક્રમે શકય છે. મિથ્યાત્વરૂપી જળથી અને દુરાગ્રહરૂપી જળજંતુઓથી ભરેલા આ ભવસાગરને તરી જવા માટે તે પણ મજબૂત એક પાટિયું છે.

અપૂજ્યની પૂજા અને પૂજ્યની અપૂજા કરીને જીવે આ સંસારમાં જે કર્મ-સંચય કર્યો છે, તેનું પ્રક્ષાલન કરવા માટે 'દેવદર્શન' અને 'દેવપૂજન' સમાન બીજું કોઈ પવિત્ર જળ નથી. મિથ્યાત્વ એ પરમ રોગ છે, પરમ અંધકાર છે, પરમ શત્રુ છે અને પરમ વિષ છે.

દેવદર્શન અને દેવપૂજા એ મિથ્યાત્વ-રોગનો પ્રતિકાર કરવા માટે પરમ ઔષધ છે. મિથ્યાત્વરૂપી અંધકારનું નિવારણ કરવા માટે એ પરમ દીપક છે. મિથ્યાત્વરૂપી શત્રુનો સમૂળ ઉચ્છેદ કરવા માટે એ પરમ શસ્ત્ર છે અને મિથ્યાત્વરૂપી વિષનો નાશ કરવા માટે એ પરમ અમૃત છે.

મિથ્યાત્વ-રોગથી મુક્ત થવા માટે, મિથ્યાત્વ-અંધકારને ટાળવા માટે, મિથ્યાત્વ શત્રુનો ઉચ્છેદ કરવા માટે અને મિથ્યાત્વ વિષનો નાશ કરવા માટે દેવદર્શનરૂપી ઔષધ, દીપક, શસ્ત્ર અને અમૃતનો ઉપયોગ કર્યા સિવાય આજ સુધી કોઇને ચાલ્યું નથી, વર્તમાનમાં ચાલતું નથી અને ભવિષ્યમાં ચાલવાનું ય નથી, એ સત્યનો સ્વીકાર કરીને સહુએ આત્મોદ્ધાર માટે દેવદર્શનાદિ ધર્મ ક્રિયામાં અધિકાધિક રસિકતા કેળવવી જોઈએ. ભવ-રસિકતાનો અંત આણવાનો એ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે.

**પ્રશ્ન** – ૮૦–**સૂર્યાભ** નામના દેવે શ્રી મહાવીર પરમાત્મા પાસે નાટક કરવાનું કહ્યું, ત્યારે તેઓશ્રી મૌન કેમ રહ્યા ? તે સાવદ્ય કરણી હતી માટે ને ?

**ઉત્તર** – તે વખતે સૂર્યાભ દેવે શું કહ્યું છે, તે વિષે શ્રી રાયપસેણી સૂત્રના નીચેના પાઠનો વિચાર કરો !

**"अहण्णं भंते ? देवाणुप्पियाणं भत्तिपुव्वयं समणाणं निग्गंथाणं बत्तीसई बद्धं नट्टविहिं उवदंसेमि।"**

અર્થ :– હે ભગવન્ ! હું આપની આગળ ભક્તિપૂર્વક ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને બત્રીસ પ્રકારનું નાટક દેખાડું.

સૂત્રકાર તો 'ભક્તિપૂર્વક' લખે છે, છતાં તેને મનઃ કલ્પિતપણે સાવદ્ય કહી દેવું એ ખરેખર અનુચિત છે તથા સૂર્યાભદેવે પ્રશ્નાર્થે પૂછ્યું નથી, પણ પોતાની ઇચ્છા જાહેર કરી છે. તેવી વાતચીતમાં જવાબ આપવાની જરૂર નિષેધ વખતે જ રહે છે, સ્વીકાર વખતે નહિ.

અગર સવાલના રૂપમાં પૂછ્યું હોય, તો સૂર્યાભ જેવો મહા વિવેકી ભગવાનના જવાબ વગર કાર્યનો આરંભ ન જ કરે. જેમકે કોઈ નોકર અમુક કામનો હુકમ આપવા માટે પોતાના સ્વામીને સવાલ કરે. છતાં તેના હુકમ રૂપે જવાબ મળ્યા સિવાય તે નોકર, તે કામ શરૂ કરે, તો તે અવિવેકી અને આજ્ઞા લોપક જ ગણાય.

પરમ સમ્યક્ત્વવાન સૂર્યાભ દેવને તેવો કેમ ગણી શકાય ? ભક્તિની ઇચ્છા જણાવવાના વાક્યમાં મૌન રહેવાથી જ આજ્ઞા સમજાય છે. અને નિષેધ કરવો હોય, ત્યારે જ બોલવાની જરૂર રહે છે. જેમ કે શ્રાવક ગુરૂ પાસે આવી ઇચ્છા જાહેર કરે કે હે ગુરૂજી ! હું આપને ભક્તિપૂર્વક વંદન કરૂં ?

હવે જો ગુરૂ કહે કે, 'હા. કરો' તો તેથી પોતાના મુખે જ પોતાને વંદન કરવાનું કહેવાથી માની–લોભી ઠરે અને જો 'ના' કહે તો ગુરૂ-વંદનના નિરવદ્ય કાર્યનો નિષેધ થાય. આમ 'સુડી વચ્ચે સોપારી' જેવી સ્થિતિ ગુરૂની થાય, ત્યારે તે કામને નિરવદ્ય જાણી ગુરૂને ચૂપ રહેવું પડે. જગદ્‌ગુરૂ સર્વજ્ઞ ભગવાન અગર શ્રી ગૌતમસ્વામી મહારાજા વગેરે નાટક પૂજાને સાવદ્ય (સપાપ) જાણતા હોત તો નિષેધ કેમ ન કરત ?

'ભક્તિપૂર્વક' શબ્દ શાસ્ત્રકર્તાએ વાપર્યો છે. તેથી સૂર્યાભ દેવની ભક્તિ પ્રધાન છે અને ભક્તિનું ફળ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષ સુધીનું કહ્યું છે.

ક્ષાયિક સમ્યકત્વી, એકાવતારી અને ત્રણ જ્ઞાનનો ધણી સૂર્યાભદેવ શું દેવ–ગુરૂની ભક્તિની વિધિને નહિ જાણતા હોય? વળી સર્વજ્ઞ પરમાત્મા તથા બીજા સૂત્રકારોએ પણ તે કાર્યનો 'ભક્તિ' માં સમાવેશ કર્યો છે અને તેથી જ તેનો નિષેધ નથી કર્યો.

અગર મૌન રહેવાથી જ નિષેધ થઈ જવાનું કહેશો. તો શ્રી ભગવતી સૂત્રના ૧૧મા શતકમાં કહ્યું છે કે, શ્રી વીર પ્રભુ–સન્મુખ ઋષિભદ્રને ઘણા શ્રાવકોએ તેની પ્રશંસા સાંભળી વંદન કર્યું, અપરાધ ખમાવ્યા તથા બારમા શતકે પણ એવો અધિકાર છે કે, શંખ શ્રાવકની પ્રશંસા ભગવાનના મુખે સાંભળી, તેથી તે શંખને ઘણા શ્રાવકોએ ખમાવ્યા.

આ બંને ય પ્રસંગોએ ભગવાન તો મૌન રહ્યા હતા. અગર ભગવાનના મૌનના કારણે આ કાર્યોને આજ્ઞા બહારનાં કહેશો, તો તે ચાલવાનું નથી, કારણ કે ભગવાને જાણતા છતાં ઉપર પ્રમાણે શ્રાવકોની પ્રશંસા કેમ કરી તથા વંદન કરતાને નિષેધ્યા કેમ નહિ? એવો પ્રશ્ન ઊભો થશે.

શ્રીજીવાભિગમ, શ્રી ભગવતીજી તથા શ્રી ઠાણાંગ સૂત્રમાં–દેવતાઓ શ્રી નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઇ મહોત્સવ નાટક ઈત્યાદિ કરે છે, તેમને આરાધક કહ્યા છે, પણ વિરાધક નહિ.

શ્રી રાયપસેણી સૂત્રમાં સૂર્યાભ પણ દેવના સેવકોએ ભગવાનને કહ્યું, ત્યારે ભગવાને તેમની પ્રશંસા કરી છે. શ્રી જ્ઞાતા સૂત્ર વગેરેમાં કહ્યું છે કે, શ્રી પાર્શ્વનાથજીની અનેક સાધ્વીઓ ચારિત્ર–વિરાધી તાપસીઓ બની અને અજ્ઞાન તપસ્યાના પ્રભાવે દેવલોકમાં ગયા બાદ શ્રી મહાવીર પરમાત્મા સન્મુખ બવિધ નાટક કર્યું, જેનું ફળ શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી ભગવાને ફરમાવ્યું કે "આ નાટકની ભક્તિ કરી તેઓ એકાવતારી પણાને પ્રાપ્ત થઈ છે."

આમ, આ બધા પ્રશ્નો અને તેના ઉત્તરો ઉપર પૂર્વગ્રહરહિત-પણે. શાંત ચિત્તે ચિંતન કરવાથી 'પ્રતમા-પૂજન'ની' અનિવાર્યતા. તેમજ તારિકતા–એ ત્રણેયનું વિશદ સ્વરૂપ બુદ્ધિ તેમજ હૃદયને સ્પર્શીને જીવનમાં દૃઢમૂળ બને છે.

(પ્રાણવતી શ્રી જિન ભક્તિના પ્રભાવે જ્ઞાનના વિશિષ્ટ ક્ષયોપશમને પામેલા પરમોપકારી, પરમ પૂજ્ય પંન્યાસજી ભગવંતે આ પ્રશ્નોત્તરીને એટલા વિશાળ ફલક પર નિર્માણ કરી છે કે, કોઇ પણ વિદ્યાશાખામાં પારંગત બનેલા પુરુષને પણ તેમાંના તથ્યનો સ્વીકાર કરવો પડે તેમ છે.

જેને જેનું નામ ગમે, તેને તેની છબી આકૃતિ, પ્રતિમા વગેરે ગમે. એ નિયમ નિરપવાદ છે. આ પ્રશ્નોત્તરીમાં તેનો સર્વ અપેક્ષાએ જે સમાવતાર થયો છે, તે જ તેના અકાટ્ય સ્વરૂપની યથાર્થતાનો પુરાવો છે.–)

પ્રકાશક

કુસંગે ચઢેલા ઉદ્દંડ યુવાનને પોતાના માતા-પિતા તેમજ ઉપકારી વડીલોની હિતકારી વાત પણ સાંભળવી ગમતી નથી, તેમ મિથ્યામતિ જન્ય દોષોથી ખરડાએલા જીવોને નિત્ય કલ્યાણકારી શ્રી જિન પ્રતિમા નથી ગમતી.

જેનો ભાવ-નિક્ષેપ પૂજ્ય હોય છે, તેના બાકીના (નામ-આકૃતિ અને દ્રવ્ય-નિક્ષેપ પણ અવશ્ય પૂજ્ય હોય છે.

વ્યવહારથી પણ આપણને જેનું નામ ગમતું હોય છે, તેની છબિ-ચિત્ર-આકૃતિ વગેરેને જોઈને હર્ષ જ થાય છે પણ લવલેશ ખેદ નથી થતો.

# પ્રતિમા પુજનની પ્રાચીનતા

# ૨૧

### ❋ આકારનો અનાદિકાલીન અવતાર ❋

સમસ્ત વિશ્વ, એ મૂર્તિમાન પદાર્થોના સમૂહરૂપ છે. જેટલી પ્રાચીનતા અનંતતા વિશ્વના અસ્તિત્વની છે, તેટલી જ પ્રાચીનતા મૂર્તિ, આકાર અને તેની પૂજા વગેરેની છે.

જૈન-સિદ્ધાન્ત મુજબ સમસ્ત લોક ષડ્ દ્રવ્યથી ભરેલો છે. એ છ દ્રવ્યોમાં પાંચ દ્રવ્યો અમૂર્ત છે. અને એક મૂર્ત છે. અમૂર્ત એટલે અદૃશ્ય અને મૂર્ત એટલે દૃશ્ય !

એ અમૂર્ત દ્રવ્યોને પણ અમુક આકારને ધારણ કરનારાં માનવામાં આવ્યાં છે યાવત્ અલોકાકાશ, કે જ્યાં કેવળ એક આકાશ દ્રવ્ય જ છે, તેનો પણ છિદ્રવાળા ગોળા જેવો આકાર સ્વીકારવામાં આવ્યો છે.

અમૂર્ત દ્રવ્યોનો જેમ આકાર માનેલો છે, તેમ એ અમૂર્ત દ્રવ્યોના જ્ઞાનને પણ આકારયુક્ત માનવામાં આવેલું છે. અમૂર્ત દ્રવ્યોનું જ્ઞાન પણ મૂર્ત દ્રવ્યો દ્વારાજ થાય છે.

આ રીતે આકાર અને મૂર્તિને માનવાનો ઇતિહાસ કોઈ અમુક કાળનો નથી, પરંતુ વિશ્વની હયાતિ સુધીના સર્વ કાળ માટે એ સર્જાએલો છે.

### ❋ મૂર્તિનો વિશ્વવ્યાપક સિદ્ધાન્ત ❋

મૂર્તિ, આકૃતિ, પ્રતિમા, પ્રતિબિંબ, આકાર, પ્લાન, નકશો, ચિત્ર ફોટો એ સઘળા એક જ અર્થને કહેનારા શબ્દો છે. કોઈને કોઈ પ્રકારે આ આકારાદિને આદર આપ્યા વિના કોઈને પણ ચાલતું નથી.

એક બાળકથી માંડીને મોટા જ્ઞાની પર્યંત સૌ કોઈને પોતાના ઇચ્છિતની સિદ્ધિ માટે, સર્વ પ્રથમ મૂર્તિની જ આવશ્યક્તા પડે છે, ધાર્મિક, વ્યાવહારિક કે વૈજ્ઞાનિક–કોઇ પણ ક્ષેત્રમાં, મૂર્તિને કે આકારને માન્યા સિવાય ચાલતું નથી. મૂર્તિ કે આકારને માનવાનો સિદ્ધાન્ત આ રીતે વિશ્વ વ્યાપી અને વિશ્વ જેટલો જ પ્રાચીન છે.

સુવર્ણ અને તેમાં રહેલી પીળાશ તથા રત્ન અને તેમાં રહેલા કાન્તિ જેમ કદી જ અલગ થઈ શકતાં નથી, તેમ વિશ્વથી તેના આકારની મૂર્તિને પણ અલગ કરી શકાય તેમ નથી. સમસ્ત વિશ્વની પ્રકૃતિ જ આ રીતે મૂર્તિ અને આકારને ધારણ કરનારી છે, તો પછી મૂર્તિને ન માનવી એ એક રીતે વિશ્વની પ્રકૃતિ સામે જ પડકાર કરવા બરાબર છે.

## મૂર્તિપૂજાની પરમ આવશ્યકતા

મુમુક્ષુ માત્રનું અંતિમ ધ્યેય જન્મ, જરા અને મરણ વગેરેનાં દુઃખોનો અંત કરી, અક્ષય સુખને પ્રાપ્ત કરવું તે છે.

એ મહાન ધ્યેયની સિદ્ધિ માટે સૌથી પ્રથમ આવશ્યક્તા, શુભના વાહક નિમિત્ત–કારણોને મેળવવાની છે.

ચંચળ ચિત્ત, ઉચ્છૃંખલ ઇન્દ્રિયો, વિષમ વિષયો અને કટુ કષાયો ઉપર વિજય પ્રાપ્ત થઈ શકે, એવું ઉત્તમ નિમિત્ત, શુકલ ધ્યાનમાં સ્થિત અને પ્રશાન્ત મુદ્રાયુક્ત શ્રી જિનેશ્વર પરમાત્માની મનોહર મૂર્તિથી ચઢી જાય તેવું બીજું એક પણ નથી! પછી એ મૂર્તિ ભલે પાષાણ, કાષ્ઠ, ધાતુ; મૃતિકા (માટી) ગોમય, વાલુકા (રેતી) કે કોઇ પણ શુભ પ્રદાર્થની બનેલી હોય!

ઈશ્વરની ઉપાસના, એ જો ધર્મનું એક મુખ્ય અંગ હોય, તો તેની સિદ્ધિ માટે મૂર્તિની આવશ્યક્તાનો કોઇથી પણ ઈન્કાર થઇ શકે તેમ નથી.

કોઈ પણ નિરાકાર વસ્તુની ઉપાસના, મૂર્તિ (આકાર) વિના અસંભવિત છે, એ સર્વ વાદીઓને સિદ્ધ છે. તેથી ઇશ્વર પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને તેના અસ્તિત્વનો વિશ્વાસ ટકાવી રાખવા માટે મૂર્તિપૂજાની પરમ આવશ્યક્તા છે.

અનુભવીઓ કહે છે કે- પેટપૂજા સિવાય હજીયે ચલાવી લેવાય, પણ પ્રભુ-પૂજા સિવાય તો ન જ ચલાવાય! સર્વ કાળે, સર્વ આત્માઓને સર્વ પ્રથમ પૂજ્ય પ્રભુની પૂજાને પોતાના જીવનમાં પ્રથમ નંબરે સ્થાપીને જ આરાધક આત્મા સર્વ કર્મોનો ક્ષય કરનાર સત્ત્વ પ્રગટાવી શકે છે.

## ગુણપૂજા માટે પણ આકાર જરૂરી !

અહીં કોઈને એવો પ્રશ્ન થાય એ સંભવિત છે કે- ઈશ્વરની ઉપાસના માટે જડ મૂર્તિનું આલંબન લેવા કરતાં, તેમના ખુદ ગુણોનું આલંબન લેવું એ શું ખોટું છે?

આ પ્રશ્ન ઉંડી સમજણ વિનાનો છે ઈશ્વર એ જેમ નિરાકાર છે, તેમ ઈશ્વરના ગુણો પણ નિરાકાર છે. ઇશ્વર અને ઇશ્વરના ગુણોને જો આકાર નથી, તો તેની ઉપાસના અલ્પજ્ઞ જીવો કેવી રીતે કરી શકવાના? અલ્પજ્ઞ જીવોને ઉપાસનામાં જોડવા માટે સાકાર, ઇન્દ્રિય ગોચર અને દૃશ્ય પદાર્થોની જ આવશ્યક્તા રહેવાની છે.

કોઈ એમ પણ કહે એ સંભવિત છે કે- અમે ઈશ્વર કે ઇશ્વરના નિરાકાર ગુણોની મનોમંદિરમાં માનસિક કલ્પના કરીને ઉપાસના કરી લઇશું, તો પછી પાષાણમય મંદિરમૂર્તિની શી જરૂર છે?

આ કથન પણ સાચી સમજના પાયા વગેરનું છે. મનોમંદિરમાં નિરાકાર ઇશ્વરની પણ કલ્પના તો સાકાર જ બનવાની! જેમ કે- અષ્ટ મહાપ્રાતિહાર્યથી વિભૂષિત, કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી યુક્ત, સમવસરણમાં બિરાજમાન શ્રી જિનેશ્વર પરમાત્માની ધર્મ દેશના વખતની અવસ્થા, આ અવસ્થાની કલ્પના નિરાકાર નહિ, પણ સાકાર છે.

મંદિર અને મૂર્તિને માનવાવાળા પણ આ કલ્પનાને જ મૂર્ત સ્વરૂપ આપીને ઉપાસના કરે છે, કલ્પના કરીને કે સાકાર મૂર્તિ બનાવીને ઉપાસના કરો, બંનેનું ધ્યેય એક જ છે. તેમ છતાં તેમાં એટલું અંતર અવશ્ય છે કે- કાલ્પનિક મનોમંદિર ક્ષણવિનાશી છે અને સાક્ષાત્ મંદિર અને મૂર્તિ ચિરસ્થાયી છે!

માટે ચિરસ્થાયી દૃશ્ય મંદિરોમાં જઇને ભગવાનની શાન્ત મુદ્રાયુક્ત મૂર્તિની ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન કરીને આત્મકલ્યાણ કરવું એ સર્વ શ્રેષ્ઠ બાબત છે.

પળે-પળે રંગ બદલતા મનને શુદ્ધ અને શાન્ત કરવાનો શ્રેષ્ઠ ઈલાજ પણ આ જ છે. કોઇ સંસારી તેમજ છદ્મસ્થનું મન સર્વ કાળે એકસરખા શુભ તેમજ શુદ્ધ પરિણામવાળુ હોતુ નથી, તેથી એવા મનને મંદિર બનાવીને તેમાં અદૃશ્ય મૂર્તિની કલ્પનાની સ્થાપના કરીને પૂજા કરવામાં ભક્તિની ખામી છે.

આટલા વિવેચનથી એ સ્પષ્ટ થશે કે જેટલી પ્રાચીનતા સંસારની છે, તેટલી જ પ્રાચીનતા મૂર્તિપૂજાની છે. તેથી જ સંસારના ઈતિહાસની સાથે સંસારી જીવોના કલ્યાણને માટે પરમ આવશ્યક મૂર્તિપૂજાનો ઇતિહાસ પણ પ્રાપ્ત થાય છે.

જીવોનું કલ્યાણ અને મૂર્તિની પૂજા એ બંનેને આપસમાં ઘનિષ્ટ સંબંધ છે. પરમ પુરુષોની મૂર્તિઓના શુભાવહ આલંબનથી સંસારી આત્માઓની પાપ-વાસનાઓ મંદ પડે છે, વિષયકષાયનું જોર ઘટે છે, આરંભ-પરિગ્રહના ત્યાગની ભાવના જન્મે છે, સન્માર્ગની અભિમુખતા કાયમી બને છે અને હંમેશાં ઉચ્ચ ગુણોનો આદર્શ મળતો રહે છે.

બાળક માટે જેવી મા ! ભક્તને તેવી પ્રભુપ્રતિમા ! એ કથન ઘણા-ઘણા મહાભક્તોના ઘણા-ઘણા અનુભવોના નિચોડરૂપ છે, તેનો અપલાપ કરવાથી નિર્જળ રણમાં જળ વગર તરફડતા પ્રાણી જેવી દુર્દશા જીવની થાય છે.

## ❖ મૂર્તિપૂજાનો વિરોધ ઉત્પન્ન થવાનાં કારણો ❖

મૂર્તિપૂજા યુગ યુગ પ્રાચીન અને કલ્યાણકર હોવા છતાં, તેનો વિરોધ ક્યારથી અને કોનાથી અને કયા કારણથી ઉત્પન્ન થયો, તેનો ઇતિહાસ જાણવો પણ જરૂરી છે.

વિશ્વાસપાત્ર હકીકતોથી એ સિદ્ધ થાય છે કે વિક્રમની ૭ મી શતાબ્દિ પહેલાં સમસ્ત સંસાર મૂર્તિપૂજાનો ઉપાસક હતો.

સૌથી પ્રથમ આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં મૂર્તિપૂજાની વિરુદ્ધ ઘોષણા અરબસ્તાનમાં મહંમદ પયગંબરે કરી હતી. કારણ કે તે દેશમાં મૂર્તિપૂજાના નામે અત્યાચાર ઘણા વધી ગયા હતા. માથા ઉપર વાળ વધી જવાના કારણે માથાને જ કાપી નાખવાની ક્રિયા જેટલી અઘટિત છે, તેટલું જ અઘટિત અત્યાચારનો વિરોધ કરવાને બદલે

મૂર્તિપૂજાનો વિરોધ કરવો તે હતું. આંખો બગડે એટલે તેનો યોગ્ય ઇલાજ કરવો પડે, પણ આંખોને ફોડી ન નંખાય પણ એવો વિવેક ન જળવાયો, તેમાંથી અરબસ્તાનમાં મૂર્તિપૂજાનો વિરોધ ઉત્પન્ન થયો.

કેવળ આર્યપ્રજામાં જ નહિ, પણ પાશ્ચાત્ય પ્રદેશોમાં પણ મૂર્તિપૂજાનો મોટો પ્રચાર હતો. એમ ઐતિહાસિક પુરાવાઓ સિદ્ધ કરે છે. ઓસ્ટ્રિયામાં ભગવાન શ્રી મહાવીર સ્વામીજીની મૂર્તિ, અમેરિકામાં તામ્રમય સિદ્ધચક્રનો ગટ્ટો, મોંગોલિયામાં અનેક ભગ્ન મૂર્તિઓના અવશેષો અને મક્કા મદીનામાં જૈનમંદિર (જે હાલ ત્યાંથી ફેરવવામાં આવ્યું છે.) વગેરે મૂર્તિપૂજાના પુરાવા છે.

વ્યક્તિગત કોઈ મૂર્તિપૂજામાં ન માને એ વાત અલગ છે, પરંતુ વિશ્વ-પ્રવાસ કરવાવાળાઓથી એ વાત અજાણી નથી કે- આજે પણ, મૂર્તિપૂજાના પ્રચાર વિનાનો કોઈ પણ પ્રદેશ જગતભરમાં શોધ્યો ય જડતો નથી !

મુસ્લિમ જાતની ઉત્પત્તિ થયા બાદ મુસલમાનોએ ભારત વર્ષ ઉપર અનેક આક્રમણો કર્યાં અને ધર્માંધતાના કારણે ભારત વર્ષના આદર્શ મંદિરમૂર્તિઓને તોડી-ફોડી નાખ્યા; તો પણ ૧૫ મી સદી સુધી ભારત વર્ષની આર્યપ્રજા ઉપર મુસ્લિમ સંસ્કૃતિનો ખાસ પ્રભાવ પડયો નહોતો.

વિક્રમની ૧૩ મી શતાબ્દિમાં દિલ્હી ઉપર મુસ્લિમ સત્તાની હકુમત સ્થપાયા પછી સત્તાના મદમાં આવીને તેઓ અનેક ભદ્રિક અને અજ્ઞાન લોકોને હિંદુધર્મથી ભ્રષ્ટ કરવા લાગ્યા, તો પણ તેમણે સંપૂર્ણ સફળતા મળી નહિ. થોડા-ઘણા જે વિધર્મી થયા, તે પણ મહદ્ અંશે સ્વાર્થી અને ધર્મથી અનભિજ્ઞ લોકો હતા. તેવા વિકટ સમયે પણ ભારતીય ધર્મવીરો ઉપર અનાર્ય સંસ્કૃતિનો ખાસ કાંઈ પ્રભાવ પડયો નહિ.

વિક્રમની ૧૪મી સદીમાં દિલ્હી ઉપરાંત માળવા અને ગુજરાતની ભૂમિ ઉપર મુસ્લિમોની સત્તા કાયમી બની અને ત્યાંની શિલ્પકળા અને મંદિરોનો તેઓએ મોટા પ્રમાણમાં નાશ કર્યો. વિધર્મી નહિ બનનારાઓના ધનમાલ લુંટી લીધા અને તેમને દેહાંત દંડ સુધીની સજાઓ પણ કરી, તો પણ ધર્મવીરો ઉપર અનાર્ય સંસ્કૃતિની અસર ન જ પડી. ઉલટું પ્રતિસ્પર્ધાના કારણે ધર્મ તેમજ મૂર્તિપૂજા ઉપરનો વિશ્વાસ અને ભક્તિભાવ વધતા જ ગયા.

શિલાલેખો પરથી એ સિદ્ધ થાય છે કે, તેવા કટોકટીના સમયે પણ પૂર્વ-મંદિરો કરતાં નવીન મંદિરો અધિક સંખ્યામાં થયાં. દાખલા તરીકે વિ. સં. ૧૩૬૯માં મુસલમાનોએ શત્રુંજયના તમામ મંદિરોનો નાશ કર્યો અને ૧૩૭૧માં શ્રેષ્ઠિ સમરસિંહે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ફરીથી પાછાં શ્રી શત્રુંજય ઉપર સ્વર્ગવિમાન સમાન મંદિરોનું નવનિર્માણ કર્યું. તે જ રીતે મહંમદ ગીઝનીએ જે દિવસે સોમનાથ મહાદેવનું મંદિર લુંટયું તેમજ તોડયું હતું, તે પછી તરત જ તેના જવાબમાં તે કાળના ધર્મશ્રદ્ધાળુ અને મૂર્તિપૂજક આર્યોએ નવાં દશહજાર શિવાલયોનો શિલાન્યાસ કર્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, પરંતુ પડતા કાળે એનો જબરજસ્ત પ્રભાવ પાથર્યો અને તેના પરિણામે મંદિરો અને મૂર્તિઓ તરફ ક્રૂર-દષ્ટિથી જોનારા, તેમજ તેવો જ ઝેરી પ્રચાર કરનારા અનેક તત્ત્વો આ દેશમાં પણ પેદા થયા.

શ્વેતાંબર જૈનોને તો લોકાશા સાથે સબંધ છે, એટલે અહીં મૂર્તિપૂજાના અન્ય અનેક વિરોધીઓનો ઉલ્લેખ ન કરતાં તેમનો જ ઉલ્લેખ કરવો પ્રસ્તુત ગણાશે. લોકાશાના જીવન માટે ભિન્ન ભિન્ન લેખકોના ભિન્ન ભિન્ન ઉલ્લેખો જોવા મળે છે, પરંતુ તેમનું જૈન સાધુ દ્વારા અપમાન થયું હોવાના વિષયમાં બધા સહમત છે, એક બાજુ એમનુ અપમાન અને બીજી બાજુ મુસ્લિમોનો સહયોગ, લોકાશાને કર્તવ્યભ્રષ્ટ કરનારો થયો.

વિ. સં. ૧૫૪૪ની આસપાસ થયેલા ઉપાધ્યાય શ્રી **કમળસંયમી** સિદ્ધાન્ત ચોપાઈમાં લખે છે કે, પીરોજખાન નામનો બાદશાહ દહેરાં અને પૌષધશાળાઓને પાડી નાખીને જિનમતને પીડા આપતો હતો. દુઃષમ કાળના પ્રભાવે લોકાશાને તાવની સાથે જેમ માથું દુઃખવા આવે, તેમ, તેનો સંયોગ મળી ગયો.

આવેશમાં અંધ બનેલો મનુષ્ય કયું અપકૃત્ય નથી કરતો ? એ વિષયમાં જમાલિ અને ગોશાળાનાં દષ્ટાંતો પ્રસિદ્ધ છે.

ક્રોધાવેશમાં આવેલા લોકાશાએ મુસલમાન સૈયદોના વચનો ઉપર વિશ્વાસ મૂકી, મંદિર અને મૂર્તિની ભક્તિ-પૂજામાંની પોતાની એક કાળની નિષ્ઠાને ફગાવી દીધી. તે પહેલાં લોકાશા ત્રિકાળ શ્રી જિનપૂજા કરતા હતા, એવા ઉલ્લેખો મળી આવે છે.

લોકાશાએ કેવળ એક મૂર્તિપૂજાનો જ વિરોધ કર્યો છે, એવું નથી, પણ તેની સાથોસાથ જૈન આગમ, જૈન સંસ્કૃતિ, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, દાન, દેવપૂજા અને પ્રત્યાખ્યાન વગેરેનો પણ વિરોધ કર્યો છે. અંતિમ અવસ્થામાં તેને પોતાનાં આ દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ પણ થયો છે. એ વાતની સાબિતિ એ છે કે—જે બત્રીસ સૂત્રો તેમણે માન્ય રાખ્યાં છે, તેમાં સામાયિક–પૌષધ–પ્રતિક્રમણ વગેરેની વાત નહિ હોવા છતાં એ ક્રિયાઓને તેમણે સાદર સ્થાન આપ્યું છે અને દાન દેવાની પણ ફરીથી છૂટ આપી છે. તથા તેની પછી મેઘજી ઋષિ વગેરેએ તે મતનો સદંતર ત્યાગ કરી ફરીથી જૈન દીક્ષા સ્વીકારી છે અને તેઓ મૂર્તિપૂજાના સમર્થક અને પ્રચારક બન્યા છે.

લોકાગચ્છીય આચાર્યોએ મંદિર અને મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી છે તથા પોતાના ઉપાશ્રયમાં પણ પ્રતિમાઓ સ્થાપન કરીને મૂર્તિઓની ઉપાસના કરી છે. લોકાગચ્છનો એક પણ ઉપાશ્રય એવો ન હતો કે જ્યાં શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિ ન હોય! પરંતુ વિક્રમની ૧૮મી સદીમાં યતિ ધર્મસિંહ અને લવજી ઋષિ એ બે એ લોકાગચ્છથી અલગ થઇને ફરી મૂર્તિ સામે બળવો ઉઠાવ્યો. લોકાગચ્છના શ્રી પૂજ્યોએ તે બંનેને ગચ્છ બહાર પણ કરી દીધા. પરંતુ તે બનેએ પ્રચારેલો મૂર્તિપૂજાના વિરોધનો મત ચાલુ રહ્યો, જે ઢુંઢક મતના નામે ઓળખાય છે.

વિશાળ આકારને ગમે તેટલું મોટું પણ વાદળ સર્વથા ઢાંકી શકતું નથી, તેમ મંદિર અને મૂર્તિની પૂજા ભક્તિમાં નિષ્ઠાવાળાઓ આજે પણ પૂરતા પ્રમાણમાં વિદ્યમાન છે, તેમજ ગઇ કાલ સુધી મૂર્તિ પૂજામાં નહિ માનનારા અનેક માનવોના મનમાં મૂર્તિપૂજા ઉપકારક હોવાનું સત્ય પ્રતિષ્ઠિત થવા માંડયું છે. સનાતન સત્યનો ગમે તેટલો વિરોધ કરવા છતાં તે પોતાના બળ વડે કાયમ ટકી રહે છે, તેમ સનાતન એવી મૂર્તિપૂજાનો પણ ગમે તેટલો વિરોધ થવા છતાં તે પોતાના નૈસર્ગિક પ્રભાવ વડે ટકી રહેલ છે અને વિશ્વના અસ્તિત્વ સુધી ટકવાની છે, તે નિર્વિવાદ હકીકત છે,

મૂર્તિપૂજાનાં મૂળ કેટલા ઊંડા છે, તે મૂર્તિપૂજાનોવિરોધ કરનારાઓ પણ તેની પ્રચંડ અસર નીચે હોવાની હકીકત નીચેના દાખલાઓ દ્વારા પ્રમાણભૂત ઠરે છે.

સૌથી પ્રથમ મૂર્તિપૂજાનો વિરોધ કરનારા મહંમદ પયગમ્બરના અનુયાયીઓ આજે પણ પોતાની મસ્જીદોમાં પીરોની આકૃતિઓ

બનાવી પુષ્પ ધૂપાદિથી તેને પૂજે છે, તાજીયા બનાવી તેની સામે રોવા-પીટવાનું કામ કરે છે તથા યાત્રાર્થે મક્કા-મદીના જઈ ત્યાં એક કાળા પથ્થરને પ્રણામ વગેરે કરે છે અને તેથી પાપનો નાશ થયો એમ દઢતા પૂર્વક માને છે.

મૂર્તિપૂજામાં નહિ માનવાવાળા ઈસાઇઓ શૂળી પર લટકતી જીસસ ક્રાઇસ્ટની મૂર્તિ અને + (ક્રોસ) સ્થાપિત કરી, પોતાના ચર્ચ (દેવળ)માં તેને પૂજ્યભાવથી જુએ અને દ્રવ્યભાવથી પૂજે છે.

કબીર, નાનક, રામચરણ વગેરે મૂર્તિ-વિરોધીઓના અનુયાયીઓ, પોતપોતાના પૂજ્ય પુરુષોની સમાધિઓ બનાવીને પૂજે છે. સમાધિઓનાં દર્શન માટે ભક્ત વર્ગ દૂર-દૂરથી આવે છે અને પુષ્પાદિ પદાર્થો ચઢાવીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરે છે.

સ્થાનકવાસી વર્ગ પોતાના પૂજ્યોની સમાધિ, પાદુકા મૂર્તિ, ચિત્ર, ફોટાઓ વગેરે બનાવીને ઉપાસના કરે છે. દર્શન માટે દૂર-દૂરથી આવે છે અને દર્શન વગેરે કરી પોતાને કૃતકૃત્ય માને છે. આમ, કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઇ પણ પંથ, મત, સંપ્રદાય,જાતિ, ધર્મ, વ્યક્તિ-મૂર્તિપૂજાથી સર્વથા વંચિત નથી, પણ કોઇને કોઇ પ્રકારે એ મૂર્તિ પૂજક જ છે, કારણ કે કેવળ અમૂર્તમાં જ આસ્થા રાખવાનું કોઇ સંસારીનું ગજું નથી.

જીદ, હઠાગ્રહ, પૂર્વગ્રહ મત-મમત્વ વગેરે કારણે જેઓ સીધેસીધા મૂર્તિપૂજા નથી કરતા, તેઓ પણ આડકતરી રીતે તો મૂર્તિને પૂજે જ છે, એવું સાબિત કરનારા આ દાખલાઓ એ પુરવાર કરે છે કે, આ વિશ્વમાં જ્યાં સુધી સાકાર માનવ-પ્રાણીઓ રહેવાના છે, ત્યાં સુધી આકાર-મૂર્તિની પૂજા-ભક્તિ રહેવાની જ છે. જેનાં મૂળ આટલાં ઊંડા અને વ્યાપક છે, તે મૂર્તિ અને તેની પૂજા-ભક્તિ કરવામાં આડે આવતા ક્ષુદ્ર વિચાર-વમળોને વશ ન થવામાં જ આપણું સર્વદેશીય હિત છે.

મનહર જિનમૂર્તિમાં મનને પરોવવાને બદલે મનને ત્યાં નહિ જવા દઇએ, તો એ ક્યાં જઇને ઠરશે ? તે ગંભીર પ્રશ્ન છે. આ ગંભીર પ્રશ્નનો જવાબ આપતાં મહર્ષિઓ ફરમાવે છે કે, મૂર્તિમાન વિશ્વ-માંથી મૂર્તિને બાદ કરી દઇએ, તો આત્મા વગરના દેહ જેવી દયનીય -દશા, મડદાલ દશા વિશ્વની પણ થઇ જાય. જે ત્રણે કાળમાં સંભવિત નથી. કારણ કે ત્રિકાળમાં-ત્રિલોકમાં મૂર્તિના પૂજકો રહેવાનાં જ છે. માટે જાગ્યા ત્યારથી સવાર ગણીને સહર્ષ પુરુષોત્તમ પરમાત્માની મૂર્તિની પૂજા-ભક્તિમાં મનને તલ્લીન બનાવી દેવામાં કલ્યાણ છે.

# અસીમોપકારી દેવ દર્શન

# ૨૨

**अमोघा वासरे विद्युद्, अमोघं निशिगर्जितम् ।**
**नारी-बाल-वचोऽमोघ-ममोघं देवदर्शनम् ॥**

**અર્થ** : દિવસે વીજળી અમોઘ છે. રાત્રિએ ગર્જારવ અમોઘ છે અને સ્ત્રી તથા બાળકનું વચન જેમ અમોઘ છે, તેમ દેવનું દર્શન પણ અમોઘ એટલે કે અવશ્ય ફળને આપનારૂં છે.

પરમોપકારી પરમાત્માની પ્રતિમાનાં દર્શન કરવાનો દૃઢ સંસ્કાર આ દુનિયામાં જ્યાં સુધી સૂર્ય-ચન્દ્ર ઉગે છે, ત્યાં સુધી ટકી રહેવાનો છે. દેવદર્શન કરવાના અતિ ઉત્તમ સંસ્કારનો વિરોધ કરનારાઓ પણ, પોતે માની લીધેલી ઇષ્ટ વસ્તુઓનું દર્શન કરવા માટે હંમેશા તત્પર રહે છે અને એ રીતે પોતાના સમય દ્રવ્ય અને શક્તિનો વ્યય કરે જ છે. એ વ્યયનું પરિણામ અને દેવ દર્શન માટેના સમયાદિના વ્યયનું પરિણામ-એ બે વચ્ચે કેટલું અંતર છે, તે કોઇ પણ તટસ્થ વિચારક તરત સમજી શકે તેમ છે.

દેવદર્શન માટે નિર્મિત થયેલાં દેવમંદિરોની અંદર અને આસપાસ આધ્યાત્મિકતા છવાઇ રહેલી હોય છે, કોઇ પણ પ્રકારના દુન્યવી પાપ કર્મોની કે વિષય-રાગની વૃદ્ધિ થતી દેખાતી નથી. જ્યારે તે સિવાયનાં સ્થાનોમાં કે તેની આસપાસના વાતાવરણમાં તેટલી પવિત્રતા, નિષ્પાપતા કે આધ્યાત્મિકતાનો વાસ અશકય બને છે.

એક સિનેમા-ઘર કે એક નાટયગૃહની આસપાસ જે વિકારક દશ્ય નજરે પડે છે, તે દશ્ય એક દેવમંદિરની આસપાસ કદી પણ દેખાતું નથી, દુન્યવી દશ્યો જોવાના સ્થાનોની ચોમેર પાપ-પ્રવૃત્તિઓના પુંજના પુંજ એકત્ર થાય છે, એથી વિરુદ્ધ દેવદર્શન કરવાના સ્થાનો-દહેરાસરોની ચોમેરથી પાપ-પ્રવૃત્તિઓ દૂરને દૂર હડસેલાતી હોય છે. અને પાપભીરુતાનું વાતાવરણ પ્રસરતું હોય છે આનું કારણ દેવ મંદિરમાં પ્રતિષ્ઠિત થયેલ દેવાધિદેવની મૂર્તિ છે.

દેવાધિદેવની મુર્તિ અને દેહેરાસરના પ્રભાવનો ઈન્કાર કરવો એટલે ઝળહળતા સૂર્ય, તેનાં કિરણો અને પ્રકાશના અસ્તિત્વનો ઈન્કાર કરવો–એમ કહેવામાં કશું ખોટું નથી.

સ્થાનનો પણ અવશ્ય પ્રભાવ છે. સ્થાનમાં પ્રભાવ તેના અધિષ્ઠાયક મૂર્તિ આદિનો પડે છે, પ્રભાવક મૂળ વ્યક્તિની ગેરહાજરીમાં તેના પ્રભાવને વિસ્તારનાર–કાયમી બનાવનાર તેની મૂર્તિ અને મંદિર છે અને એટલા માટે શ્રી જિનેશ્વરદેવનો મૂર્તિની સ્તુતિ કરતાં પ્રતિભાસંપન્ન કવિઓએ ગાયું છે કે–

" किंब्रह्मैकमयी किमुत्सवमयी– श्रेयोमयी किं किमु
ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।
इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीक्षिता,
किं ! सर्वाऽतिगमेव दर्शयति सद्ध्यान प्रसादान्महः ॥"

અર્થ :–શું આ મૂર્તિ બ્રહ્મમય છે ? શું ઉત્સવમય છે ? શું કલ્યાણમય છે ? શું જ્ઞાનના આનંદમય છે ? શું સર્વ શોભામય છે ? એ રીતની કલ્પનાઓમાં તત્પર એવા કવિઓ વડે જોવાયેલી આપની મૂર્તિ સદ્ધ્યાનના પ્રસાદથી સર્વને ઉલ્લંઘન કરી જનાર એવા જ્ઞાનરૂપ તેજને દેખાડે છે.

મૂર્તિ પાષાણની કે ધાતુની હોવા છતાં, કવિઓને તે બ્રહ્મમય, ઉત્સવમય, કલ્યાણમય, જ્ઞાનમય, આનંદમય, ઉન્નતિમય, સર્વ શોભામય કે કેવળજ્ઞાનરૂપી તેજના પુંજમય લાગે છે, તે કેવળ અતિશયોક્તિરૂપ કે ભાષાના અલંકારરૂપ છે, એમ સમજવાનું નથી, પણ તે એક પરમ સત્ય છે. જેમ ગહન જ્ઞાનને સમજાવનાર કોઈ ગ્રન્થવિશેષ, કાગળ અને શાહીના સમૂહરૂપ સાધારણ વસ્તુનો બનેલો હોય છે, તો પણ એકાગ્ર ચિત્તથી તેનું અધ્યયન કરનાર વિદ્વાન પુરુષને તે જ્ઞાનના પુંજરૂપ અને ચૈતન્યના ભંડારરૂપ સમજાય છે, તેમ શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિ પણ તેનો દર્શન કરનાર જ્ઞાની પુરુષને સાક્ષાત્ વીતરાગ તુલ્ય દેખાય છે અને તેના ચિત્તમાં શ્રી વીતરાગના ગુણોને પ્રતિબિંબિત કરે છે. બીજા શબ્દોમાં કહીએ, તો –શ્રી વીતરાગ પાસે જવા માટે, વીતરાગતાની ઉચ્ચ કક્ષાએ ચઢવા માટે,– મૂર્તિ–એ સાક્ષાત્ નિસરણી રૂપ છે.

ગ્રન્થ એ શ્રી વીતરાગના વચનને જાણવાનું અને સમજવાનું સાધન છે, તેમ મૂર્તિ એ સાક્ષાત્ શ્રી વીતરાગ પરમાત્માને જાણવા અને ધ્યાવવા–એકાગ્ર ચિત્તે સ્મરણ કરવાનું બેનમૂન સાધન છે. ગ્રન્થ દ્વારા જ્ઞાન મેળવવા માટે જેમ વ્યાકરણ કાવ્ય, કોષ અને ન્યાય શાસ્ત્રાદિના અધ્યયનનું અને તે દ્વારા અક્ષરોના સંકેતનું તથા વાકય, મહાવાકય અને ઐદંપર્યાર્થ પર્યંતનું જ્ઞાન મેળવવાના આવશ્યકતા રહે છે, તેમ શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિ દ્વારા શ્રી વીતરાગ અને વીતરાગતાનું જ્ઞાન મેળવવા માટે શ્રી વીતરાગના સ્વરૂપનું, શ્રી વીતરાગના ગુણોનું, શ્રી વીતરાગ શક્તિનું, શ્રી વીતરાગની પૂર્વાપર અવસ્થાનું, શ્રી વીતરાગના શાસનનું, શ્રી વીતરાગના શાસનના આરાધકોનું શ્રી વીતરાગના શાસનની આરાધનાનું, તેના ફળનું, ફળની પરંપરા વગેરે–વગેરેનું યથાસ્થિત જ્ઞાન ચિત્તમાં પ્રગટ કરવાની આવશ્કયતા રહે છે.

એ જ્ઞાન જેમ જેમ પ્રગટ થતું જાય છે અને ચિત્તમાં જેમ જેમ સ્થિર થતું જાય છે, તેમ તેમ શ્રી વીતરાગની મૂર્તિના દર્શનથી, શ્રી વીતરાગના સાક્ષાત્ દર્શન અને સમાગમ જેટલો લાભ મેળવી શકાય છે.

શાસ્ત્રોમાં જંઘાચારણ અને વિદ્યાચારણ જેવા લબ્ધિધર તથા અપ્રમત્તદશાએ પહોંચેલા મુનિવરો પણ જ્ઞાન-ધ્યાનમાંથી સમય કાઢી, શ્રી નંદીશ્વરાદિ તીર્થોમાં રહેલાં શાશ્વત ચૈત્યો અને મનુષ્યલોકમાં રહેલા બીજા અશાશ્વત ચૈત્યોની યાત્રાએ જવાના ઉલ્લેખો મળે છે, તે એમ સિદ્ધ કરે છે કે જ્ઞાની મહર્ષિઓને પણ શ્રી વીતરાગ પરમાત્માનું ધ્યાન કરવા માટે શ્રી વીતરાગના બિંબોનું જ એક શરણ સ્વીકારવું પડે છે.

ત્રણે ભુવનમાં શ્રી વીતરાગનાં મનોહર બિંબો અને ચૈત્યો દ્વારા જે ઉપકાર થઇ રહ્યા છે, તે અનુપમ છે, પરંતુ તેની યથાર્થ કદર જ્ઞાની આત્માઓ જ કરી શકે છે, એ કારણે ચાર જ્ઞાનના ધણી શ્રી ગૌતમ સ્વામીજી તથા શ્રુત કેવળી ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામી આદિ પૂર્વધર અને બીજા શ્રુત કેવળી મહાપુરુષોએ પણ ત્રણે લોકમાં રહેલાં શાશ્વત અને અશાશ્વત શ્રી જિનચૈત્યો અને શ્રી જિનબિંબોને નમન, વંદન અને ભક્તિ કરવા માટે તત્પરતા દાખવી છે.

શાસ્ત્રો ફરમાવે છે કે, આ પંચમ કાળમાં જીવને તરવાનાં બે સાધન છે, એક શ્રી વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ પ્રણિત આગમ અને

બીજું શ્રી વીતરાગ પરમાત્માનું બિંબ. શ્રી વીતરાગપ્રણિત આગમ જડ કાગળ અને શાહી વગેરેના બનેલાં છે. શ્રી વીતરાગનાં બિંબ જડ પાષાણ અને ધાતુ વગેરેનાં બનેલાં છે. બંને જડ હોવા છતાં, ચૈતન્યને વિકસાવનારાં છે એ બે જડ વસ્તુઓ જ આ જગતમાં એવી છે કે, જે આત્માની અંદર ભરાયેલી સઘળી જડતાનો સમૂળ-ઉચ્છેદ કરે છે.

એ કારણે શ્રી જિનશાસનમાં શ્રી આગમ શાસ્ત્રોની ઉપાસના ઉપર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે, તેટલો જ અને કોઈ અપેક્ષાએ તેથી પણ વધારે ભાર, વિધિપૂર્વક શ્રી જિનચૈત્યો અને શ્રી જિન મૂર્તિઓની ઉપાસના ઉપર મુકવામાં આવ્યો છે. શ્રી જિનેશ્વરોની ત્રિકાળ પૂજા અને શ્રી જિનેશ્વરોની સ્તુતિ (**जिणपूआ जिणथुणणं**) એ શ્રાવકોનાં અગત્યમાં અગત્યનાં કર્તવ્યો ગણવામાં આવ્યા છે, એથી આત્માની જે શુદ્ધિ થાય છે, તે એના વિના બીજા હજાર ઉપાયોથી પણ થતી નથી.

શ્રી જિનેશ્વર દેવોની પૂજા-ભક્તિ આત્માને વિશ્વના એક સર્વોત્તમ ગુણીની સાથે સીધો સંપર્ક સધાવી આપે છે. તેમના વિપુલ ગુણોનું જ્ઞાન તથા ધ્યાન કરાવતાં શીખવે છે અને અત્યંત નમ્ર બનાવીને આત્માને સદા તેમના ગુણોની અભિમુખ વૃત્તિવાળો બનાવે છે, ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માની મુર્તિના દર્શન કરવાથી શ્રી અરિહંત પરમાત્મા ઓળખાય છે. એક શ્રી અરિહંત પરમાત્માને નહિ ઓળખવાના કારણે જ, અનંતાનંત જીવ અનંત કાળથી આ સંસાર-ચક્રમાં નિઃસીમ દુઃખ અનુભવે છે,

સુજ્ઞ પુરૂષો સમજી શકે છે કે, જગત ઉપર શ્રી અરિહંત ભગવંતોનો મોટામાં મોટો ઉપકાર છે. એ ઉપકારના મહા ભાર તળે સમસ્ત વિશ્વ દબાયેલું છે પરંતુ અફસોસની વાત છે કે, તેવા પ્રકારની યોગ્યતા અને સામગ્રીના અભાવે સમસ્ત વિશ્વનો એક નાનો અંશ પણ શ્રી અરિહંત પરમાત્માના ઉપકારને ઓળખવા ભાગ્યશાળી બની શકતો નથી.

જીવને એવી તક- એ ઉપકારને ઓળખવાની તક કવચિત જ સાંપડે છે એવી તક મળ્યા પછી પણ પ્રમાદથી અને અજ્ઞાનથી એને જતી કરનાર ઘણા છે. એ કારણે લોકોત્તર ઉપકારી શ્રી અરિહંત પરમાત્માને ઓળખવા અને પૂજવા માટે પ્રાથમિક અને સૌથી વધુ અગત્યનું સાધન જે 'દેવદર્શન' છે તેને પુણ્યશાળી આત્માઓએ નિરંતર સેવવું

જોઈએ. વહેલા કે મોડા, એથી જ શ્રી જિનેશ્વરદેવની ઓળખાણ થવાની છે. એમના ઉપકારનો ખ્યાલ આવવાનો છે અને એમની આજ્ઞાના આરાધન માટે ભાવોલ્લાસ જાગવાનો છે. એટલું જ નહિ, પણ સમસ્ત જગતનાં પૂજ્યતમની પૂજાનું ઉલ્લંઘન કરવાથી ઉપાર્જન થતા ભારે કર્મ સમૂહથી એના વિના છૂટકારો થતો નથી.

શાસ્ત્રમાં પુજ્યની પુજાના ઉલ્લંઘનને મોટું પાપ માનેલું છે, દુનિયામાં પણ ઉત્તમ અને અગ્રપદ ધરાવતા પુરૂષને તેને યોગ્ય સન્માનાદિ કરવામાં ન આવે તો તે અપરાધ ગણાય છે તેમ ત્રણ જગતમાં ઉત્તમ સર્વ પ્રાણીગણના નેતા સમસ્ત વિશ્વને મોહરૂપી કૂવામાં પડતા ઉગારનાર વિશ્વોપકારીને અરિહંત પરમાત્માનું તેમને યોગ્ય સન્માનાદિ ન કરવું એ પણ મહા અપરાધ છે શાસ્ત્રોગાં એને મોટું પાપ માનેલું આદિ કર્મોની મિથ્યાત્વ મોહની દીર્ઘ પ્રકૃતિઓને બંધાવનાર કારમો દુષ્ટ અધ્યવસાય માનેલો છે, એ મોટા પાપથી છૂટવા માટેનું અદ્વિતીય સાધન દેવદર્શન છે. દેવાધિદેવની પ્રતિમાનાં દર્શન કરવા તે છે એમ સમજી તેના પ્રત્યે અધિકાધિક આદરવાળા બનવું જોઈએ,

જે ખરેખર સર્વોચ્ચ આદરને પાત્ર છે. તે જિનપ્રતિમાનો સર્વોચ્ચ આદર કરવામાં સાચી બુદ્ધિમત્તા છે તેનો જરા જેટલો પણ અપલાપ કે અનાદર જીવને ઊંચે ચઢતો અટકાવીને નીચે પાડે છે. માટે ઉત્કૃષ્ટ ભાવ અને દ્રવ્ય વડે તેની સેવા ભક્તિ કરવામાં ઉત્કૃષ્ટ શ્રેય છે.

જેમ સૂર્યમાં અંધકાર નથી તેમ શ્રી જિનરાજમાં રાગ-દ્વેષ નથી. એવી જ તેમની પ્રતિમા છે. તેને હૃદયમાં ધારણ કરવાથી-જે શ્રી જિનરાજ છે, તે હું છું-એવો તાત્ત્વિક અભેદ અનુભવ ગોચર થાય છે.એટલું જ નહિ. પરંતુ પરમ ચૈતન્યમય જ્યોતિનો અલૌકિક અણસાર સમગ્ર પિંડમાં અપૂર્વ રીતે સ્ફુરાયમાન થાય છે.

# પ્રતિમા પુજનની અકાટય વ્યાપકતા

# ૨૩

## □ મૂર્તિ-પૂજા-વિષયક એક અજૈનના મનનીય વિચારો

જ્ઞાન એ આત્માનો સહસિદ્ધ ધર્મ છે. સંસારી આત્માઓનું એ જ્ઞાન મોહથી આચ્છાદિત હોય છે, મોહાચ્છાદિત જ્ઞાનને શાસ્ત્રોમાં જ્ઞાનાભાસ તરીકે પ્રતિપાદન કરેલ છે. તેમાં યથાર્થ જ્ઞાન નહિ, પણ જ્ઞાનનો માત્ર આભાસ હોય છે. તેવા જ્ઞાનથી આ દુનિયામાં અનેક કુકલ્પનાઓ ઉત્પન્ન થાય છે. અનેક નિર્ભાગી જીવો એ કુકલ્પનાઓનો ભોગ થઇ પડે છે. કુકલ્પનાની ભ્રમજાળમાંથી બચવાનો એક જ રસ્તો છે અને તે મોહરહિત આત્માઓના જ્ઞાન અને વચનનો આશ્રય લેવો તે જ છે. તે સિવાય તેનાથી બચી શકાતું નથી.

એક મત, આ જગતમાં અજ્ઞાનવાદીઓનો છે, તેઓનું કહેવું છે કે, જ્ઞાનમાંથી જ સઘળો કલહ ઉત્પન્ન થાય છે. જ્ઞાન મેળવવાનો પ્રયાસ આ જગતમાં જ્યાં સુધી અટકે નહિ, ત્યાં સુધી દુઃખનો અંત આવે નહિ, એ રીતે જ્ઞાનનું મૂળ ઉખેડવાનો પ્રયાસ થાય છે. પરંતુ તેમ કરતાં અજાણતા પણ તેનાથી જ્ઞાનનું સમર્થન થઇ જાય છે. કારણ કે જ્ઞાન એ અનર્થનું મૂળ છે, એવું તેનું પ્રતિપાદન પણ જ્ઞાનમાંથી જ જન્મેલું હોય છે.

જ્ઞાનનું ખંડન કરવા જતાં જેમ જ્ઞાનનું મંડન થઇ જાય છે, તેમ 'મૂર્તિ'નું ખંડન કરનાર પોતાની અજાણમાં પણ 'મૂર્તિ' નું મંડન કરી રહ્યા હોય છે, 'મૂર્તિ' કે તેની પૂજાનું ખંડન કરનારાઓ પોતાના વિચારો બીજાઓને ઠસાવવા માટે અક્ષરાકાર મૂર્તિઓનો જ આશ્રય લે છે, કારણ કે તેઓના વિચારોનું પ્રતિપાદન કરનાર પુસ્તકો, નિરાકાર વિચારને સમજાવનારી એક પ્રકારની મૂર્તિઓજ છે.

મૂર્તિ અને તેની પૂજા સત્યથી પરિપૂર્ણ છે. સુખ સંપાદન કરવાનો એનાથી ચઢીઆતો કે એની બરોબરી કરી શકે તેવો અન્ય માર્ગ હજુ સુધી શોધી શકાયો નથી. એ માર્ગને બતાવનારા જ્ઞાની પુરુષો જેટલાં જ્ઞાન, બુદ્ધિ કે દીર્ઘદર્શિતા, વર્તમાન માનવીઓમાં પ્રગટ થઈ શકયાં નથી, પરંતુ મર્કટને રત્ન પણ એક કાચનો કટકો જણાય, તેની જેમ કાચી બુદ્ધિના મનુષ્યો મૂર્તિપૂજા જેવા સર્વોત્તમ અનુષ્ઠાનને પણ નુકશાન કરનાર જણાવીને વખોડે છે કે, "મૂર્તિપૂજા નુકશાન કરનારી છે. વ્યર્થ છે, અતિશયોક્તિવાળી છે, સ્વતંત્ર વિચાર કરવાને અસમર્થ મનુષ્યો જ વિના વિચારે તેનું આચરણ કરી રહ્યા હોય છે," એમ અનેક રીતે, કોઇ પણ જાતનો અભ્યાસ કર્યા વિના જ મૂર્તિ-પૂજાની વિરુદ્ધ અધૂરા માણસો પોતાનો અભિપ્રાય જાહેર કરે છે.

આ સ્થિતિનું કારણ આજે પાશ્ચાત્ય શિક્ષણ આદિથી રંગાએલાં ૧૦૦ માંથી ૭૫ કે ૮૦ -૯૦ માણસોને ઈશ્વરને માનવાની અગત્યતા જણાતી નથી તે છે. પાશ્ચાત્ય શિક્ષણ આદિથી રંગાયેલાઓને સારા અને મોટા માનનારા સેંકડો મનુષ્યો, તેમનાં વચનોને દેવવાણીની જેમ સાચા માની બેસે છે. તેવાઓના અંધકારનો ભ્રમ શાસ્ત્રના પ્રકાશ વિના કદી પણ ટળી શકતો નથી.

જેમ જ્યોતિષ શાસ્ત્રને યથાર્થ રીતે સમજવા માટે બાર વર્ષ સુધી ભારે શ્રમપૂર્વક તેના અધિકારીની નજર નીચે અભ્યાસ કરવો પડે છે અને તો જ તે યથાર્થ રીતે સમજાય છે, અન્યથા ભ્રમણા, વહેમ કે ઠગવિદ્યા જેવું લાગે છે, તેમ મૂર્તિ અને તેની પૂજાનું રહસ્ય યથાર્થ રીતે સમજવા માટે તેવા સમર્થ ગુરૂની નિશ્રામાં વર્ષો સુધી ધીરતાપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

મંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર વગેરે શાસ્ત્રો ભણવા અને તેનું ખરૂં રહસ્ય સમજવા વર્ષોના પરિશ્રમની આવશ્યકતા છે, તેમ અધ્યાત્મ શાસ્ત્ર અને તેના અંગભૂત પરમાત્મ-પ્રતિમા પુજન આદિનું ખરૂં રહસ્ય સમજવા માટે દીર્ઘકાળના પરિશ્રમની જરૂર છે.

પેટ ભરવાના ઉદ્યમ શીખવામાં જ જેઓએ જીંદગીનો મોટો સમય પસાર કર્યો હોય દુન્યવી આળપંપાળમાં જ જેઓની જીંદગીનો મોટો સમય વીત્યો હોય તેઓ પરમેશ્વરની ઉપાસના અને ભક્તિ માટે અત્યંત જરૂરી એવી પરમેશ્વરની મૂર્તિ, મંદિર અને તેની પૂજા માટે મનફાવતું બોલે, તેના ઉપર સુજ્ઞ મનુષ્યોએ બીલકુલ વજન મુકવું જોઇએ નહિ,

'મૂર્તિપૂજન એ અપૂર્વ કલ્યાણને સાધનારૂં છે' એમ સંયમી પુરૂષો શાસ્ત્રાધારે ફરમાવે છે, બીજાઓને તેનો તેવું ન જણાય તો તેમાં દોષ તેઓની અપકવ મતિનો જ સમજવો જોઇએ. શાસ્ત્રોનાં રહસ્યોને સમજવા માટે બુદ્ધિને સંયમબળે સૂક્ષ્મ બનાવવી જોઇએ. કોઇને વીજળીમાં કશું દૈવત ન ભાસતું હોય, તો તે ભલે તેમ માને, પરંતુ 'એડીસન' જેવા વિજ્ઞાનીને વીજળીમાં જો અગણિત ચમત્કારોનું ભાન થતું હોય તો તેની અવગણના થઈ શકે નહિ. એડીસનને ગાંડો કે ગપ્પીદાસ કહેનાર જ પોતાનું ગાંડપણ છતું કરે છે, તેમ હજારો વિદ્વાનોને મૂર્તિનું જે રહસ્ય સૂઝયું તે તેમની વિદ્વતા અને સામર્થ્યનો લાખમાં ભાગ પણ જેમનામાં નથી, તેઓને ન સૂઝ્યું તેટલા માત્રથી તેનું રહસ્ય નષ્ટ થઈ જતું નથી. જ્ઞાન સ્વરૂપ પરમાત્મા સંયમી પુરૂષોને જ પ્રત્યક્ષ થાય છે. એમની મૂર્તિનું સ્થાપન અને તેનું ધ્યાન-પૂજન સઘળા સંયમી પુરુષોથી કરાયેલું હોય છે, તેથી તે સત્ય છે.

કેટલાક કહે છે કે -'પરમેશ્વર નિરાકાર છે, તેમની મૂર્તિ કેમ હોઇ શકે ? આકારવાળાની જ મૂર્તિ હોય અને નિરાકારની ન હોય એમ કહેવું પણ ખોટું છે. 'નિરાકારની મૂર્તિ ન સંભવે' એમ કદાચ એક વખત માની લઈએ, પણ આકારવાળાની મુર્તિ સંભવે છે, એ શી રીતે સિદ્ધ થાય છે. ગાય, ભેંસ કે ઘોડાનાં ચિત્રો પણ ખરી ગાય, ભેંસ કે ઘોડાને કઇ રીતે મળતાં આવે છે ? ખરો ઘોડો ત્રણ-ચાર હાથ ઊંચો અને ચાર-પાંચ હાથ લાંબો હોય છે, ત્યારે એ ચિત્રનો ઘોડો કેટલીક વાર બે ત્રણ તસુ પણ લાંબો પહોળો હોતો નથી. ખરો ઘોડો ખોંખારે છે, ઘાસ ખાય છે, પાણી પીએ છે, માણસને પોતાની પીઠ પર બેસાડી ઘણા ગાઉ સુધી લઈ જાય છે. જ્યારે ચિત્રના ઘોડાથી આમાંનું કશું બનતું નથી. ખરા ઘોડા સાથે ચિત્રના ઘોડાને સરખાવી શકાય એવો એક પણ અંશ ભાગ્યે જ જડે છે.

આકારવાળી વસ્તુની આ રીતે ખરી મૂર્તિ બનવી અશકય છે, તો નિરાકારની બનવી અશકય હોય તેમાં કહેવું જ શું ? કોઈ પણ અંશમાં મળતી ન આવે, એવી મુર્તિઓ અને ચિત્રો બનાવીને તેનું જ્ઞાન આપવામાં આવે છે અને તે જ્ઞાન આપવા કરેલો પ્રયત્ન સફળ થતો પણ જોવામાં આવે છે. તો પછી નિરાકારનું જ્ઞાન આપવા માટે તેની

મૂર્તિ બનાવવાનો પ્રયત્ન ખોટો અને નિષ્ફળ છે-એમ કેમ કહેવાય! આકારવાળાનું જ્ઞાન આપવાનું સાધન આકૃતિ છે, તેમ નિરાકારનું પણ જ્ઞાન આપવાનું સાધન તેમની મૂર્તિ છે.

મૂર્તિપુજાનું ખંડન કરનારા પોતાના આકાર વિનાના વિચારો બીજાઓને સમજાવવા માટે મૂર્તિનો જ આશ્રય લે છે. તેઓનાં સઘળા પુસ્તકો નિરાકાર વિચારોને સમજાવનારી મુર્તિઓ જ છે. બે-ચાર અક્ષરવાળા નામમા નામવાળાને સહેજ અંશમાં પણ મળતું આવે તેવું શું છે?

'દયાનંદ' એવા ચાર અક્ષરવાળા નામમાં 'દયાનંદ સરસ્વતી'ના કહેવાતા ભગીરથ પ્રયત્નનું, અવિરત ઉત્સાહનું કે પ્રચંડ પ્રતિકાર શક્તિનું ભાન કરાવે એવું શું છે? છતાં એ ચાર અક્ષરોના સમુદાયથી બનેલી અક્ષર-મૂર્તિને જોઈને તેમના અનેક ભક્તોનાં હૃદય અપૂર્વ ભક્તિથી ઉભરાય છે?

વિચારો જેવા નિરાકાર વસ્તુનો અન્યને બોધ કરાવવા માટે વાંકા ચૂંકા અને આડા અવળા લીટા જેવા અક્ષરો કે તેની આકૃતિઓ, કે જેના સ્વરૂપને વિચારના સ્વરૂપની સાથે લેશ પણ મળતાંપણું નથી, તેનો નિત્ય ઉપયોગ કરતાં છતાં પણ, મૂર્તિપૂજાનું ખંડન કરનારા મનુષ્યો પોતાને કઈ રીતે બુદ્ધિમાન ગણાવી શકે છે?

આફ્રિકાના હબસીઓ આગળ આગમશાસ્ત્રોને ધરો, તો તેમને તે કીડી, મંકોડી જેવા વાંકાચુંકા લીટા સ્વરૂપ જ લાગશે. જગતના ઉત્તમ પુસ્તકાલયોમાં કૂતરા, બિલાડાઓને છોડી મૂકયા હોય, તો તેમને જ્ઞાનનાં ભંડારરૂપ મહામૂલ્યવાન પુસ્તકો પણ મોઢામાં ઘાલીને તોડવા ફોડવા જેવાં જ લાગે કે રમવાના સાધનરૂપ જ ભાસે, પરંતુ જેમને ભાષાજ્ઞાન થયું છે અને તેથી જેઓ અક્ષરોની મૂર્તિ પાછળ રહેલા જ્ઞાન રૂપી પ્રકાશને જોઇ શકે છે, તેઓએ પણ શું તુચ્છ મતિના કૂતરા, બિલાડાની જેમ દાંતમાં ઘાલીને તોડવા-ફોડવા કે રમવાનાં સાધનરૂપ પુસ્તકો માનવાં?

મનુષ્ય-શરીર મળ્યા છતાં અને શ્વાનથી હજારગુણી કે લાખગુણી બુદ્ધિ મળ્યા છતાં-'મૂર્તિ એ નિરાકાર વસ્તુનો બોધ નથી કરાવતી અને જ્ઞાનના રહસ્યનો પ્રકાશ પાથરવાને અસમર્થ છે.'-એમ બુદ્ધિમાન મનુષ્યોએ પણ માનવું, એના જેવું બેહુદુ બીજું શું છે?

જ્ઞાનને જાણવાનું દ્વાર જો મૂર્તિ છે, તો પછી જ્ઞાનસ્વરૂપ પરમેશ્વરને જાણવાનું દ્વાર પણ મૂર્તિ જ હોય, એમાં આશ્ચર્ય શું છે? મૂર્તિનો આશ્રય લીધા વિના નિરાકાર વસ્તુનો બોધ કરી શકાય છે, એમ જેઓ માને છે. તેઓ સાકાર શરીરના સહારા વિના જ નિરાકાર પદને પ્રાપ્ત કરી શકાય છે, એવી નિરાધાર માન્યતાવાળા છે.

જગતમાં જડ અને ચેતન એમ બે તત્ત્વો છે, ચેતન તત્ત્વનું સામર્થ્ય જણાવવાનું દ્વાર જડ તત્ત્વ છે. મનુષ્યનો આત્મા પોતાના અસ્તિત્વનું અને પોતાની સર્વશક્તિઓનું ભાન દેહરૂપ જડ મર્તિ વડે જ કરી-કરાવી શકે છે. ચેતન આત્માએ દેહરૂપ જડ મુર્તિનો અભાવ થતાં પોતાના અસ્તિત્વનું અને પોતાની શક્તિઓનું ભાન કરાવ્યાનું એક પણ ઉદાહરણ આપી શકાય તેમ નેથી.

વીજળી અને વરાળનું પ્રચંડ સામર્થ્ય પણ જડ યંત્રોનો આશ્રય લીધા બાદ જ જણાવી શકાય છે અને કાર્યમાં લાવી શકાય છે. કેવળ ચૈતન્ય કે કેવળ નિરાકાર અક્રિય જ હોય છે. કર્તા સાકાર સાધનો વડે જ ક્રિયા કરી શકે છે. સ્થૂલ જગતમાં જે નિયમો છે, તે જ સૂક્ષ્મ જગતમાં છે. નિરાકાર શક્તિનો અનુભવ કરવા ઇચ્છનાર, સાકાર મૂર્તિ દ્વારા પ્રયત્ન કરે તો જ તે સફળ થાય છે.

નિરાકાર આત્માનો અનુભવ સાકાર દેહ વિના થઈ શકતો નથી, તેમ નિરાકાર જ્ઞાન પણ આકાર શરીર અને તેના હાથ, પગ, જીભ આદિ અવયવો વિના પ્રગટ કરી શકાતું નથી, પુસ્તકો વગેરે આકાર વાળી મુર્તિઓ વિના નિરાકાર સિદ્ધાન્તોને પ્રસારવાનો બીજો કોઈ માર્ગ આજ સુધી શોધી શકાયો નથી,

આ રીતે કોઇ પણ નિરાકાર દ્રવ્ય આકારવાળા દ્રવ્યની મદદ વિના જો બુદ્ધિમાં ઊતરી શકતું નથી, તો સર્વ રહસ્યોના રહસ્ય અત્યંત નિગૂઢ અને નિરાકાર પરમાત્માના આકારવાળી વસ્તુનો આશ્રય લીધા વિના બુદ્ધિમાં ઉતરી શકે, એ શું સંભવિત છે?

પ્રણવ એટલે ઓમકાર બ્રહ્મનો વાચક છે, એમ સર્વશાસ્ત્રો સ્વીકારે છે. તેનો જાપ, ભાવના અને ધ્યાન કરવાથી બ્રહ્મનુ જ્ઞાન થાય છે. એમ શાસ્ત્રો ફરમાવે છે. હવે એ ઓમકાર અને તેના બ્રહ્મમાં શું સરખાવે છે? બ્રહ્મ ચિદાનંદ સ્વરૂપ છે અને તેના અનુભવથી મનુષ્ય જન્મ

જરા મૃત્યુના દુઃખથી મુક્ત થાય છે. જ્યારે કાગળના કટકા પર લખેલો તે, દરેક મનુષ્યને જ્ઞાન કે આનંદ આપનારો થતો નથી તથા તેને જોનાર બધાંના જન્મ મૃત્યુનાં દુઃખોનો નાશ કરતો નથી, તો પણ અનુભવી પુરુષો જાણે છે કે – એજ ઓમકાર શબ્દ તેના વિધિપૂર્વક કરેલા જાપ અને ધ્યાનથી બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે.

નિરક્ષર ગામડીઆને ઓમકાર ('ઓ ઓ' એવા શબ્દથી) પેટમાં ચુંક આવવાની ભ્રાન્તિ પેદા કરનાર થાય છે, જ્યારે જ્ઞાનીને મન પરમાત્મા કે બ્રહ્મના સ્વરૂપનો બોધ કરાવવા માટે, તે આજ સુધી શોધાયેલા સર્વ શબ્દોમાં સર્વોપરિ પ્રતીત થાય છે, પ્રત્યેક શાસ્ત્ર અને મંત્રોમાં તે પ્રધાનપદ ધરાવે છે અને પ્રારંભમાં તેનું જ સ્થાપન કરવામાં આવે છે. 'આકારવાળી મૂર્તિ નિરાકારનો બોધ કરાવવા અસમર્થ છે'–એવું ખરા અંતઃકરણથી માનનાર ઓમકારનો જાપ કરી શકે નહિ પરંતુ જો મુર્તિસ્વરૂપ ઓમકાર પરમાત્માનો બોધ કરાવી શકે તો પરમાત્માનો બોધ કરાવનાર બીજી આકૃતિ અને મૂર્તિઓને નિરર્થક કે હાનિકર કહીને. પ્રણવનું ચિંતન પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી શકે અને મૂર્તિ ન કરાવી શકે; એમ કહેવા માટે કોઈ પણ પ્રમાણ નથી.

મૂર્તિ એ પરમેશ્વર છે. એવું મૂર્તિને પૂજનારા એકાન્તે માનતા નથી, પણ મૂર્તિ પૂજન એ પમેશ્વરની ઉપાસના કરવાનું તથા તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સર્વોત્તમ સાધન છે– એમ માને છે.

મૂર્તિપૂજકો પાષાણ, ધાતુ, કાષ્ટ કે માટી કે તેની અમુક ઘાટની ઘડેલી આકૃતિને જ ઇશ્વર માનતા નથી. પથરા, ધાતુ, લાકડા કે માટીને જ જો તેઓ ઇશ્વર માનતા હોત, તો જગતમાં તે વસ્તુઓ જ્યાં જ્યાં હોય તે સર્વની તેઓ પૂજા કરતા હોત, પરંતુ કોઇ પણ મૂર્તિપૂજક પોતાના ધર્મસ્થાનના ઓટલાના પાષાણોને, લાકડાના સ્થંભોને કે આંગણામાં પડેલી માટીને કદી પૂજતા નથી અગર પાષાણ વગેરેની આકૃતિને જ જો ઈશ્વર માનતા હોત, તો મૂર્તિઓ વેચનારની દુકાને જઈને પગે લાગત અને શસ્ત્ર, અલંકાર કે નૈવેદ્ય વગેરે ધરાવત, પણ આ પ્રમાણે કોઇ પણ મૂર્તિપૂજક કરતો અનુભવમાં આવતો નથી આથી સિદ્ધ થાય છે કે, મૂર્તિપૂજકો મૂર્તિને જ ઈશ્વર માનતા નથી, કિન્તુ મૂર્તિરૂપ દ્વાર વડે તેઓ કોઈ અન્ય અગમ્ય વસ્તુને જ ઈશ્વર માને છે. તેમજ તેની પૂજા-ભક્તિ કરે છે અગમ્ય ઈશ્વરનું ભાન કરવા માટે મૂર્તિપૂજક મૂર્તિનો આશ્રય લે, તેમાં ખોટું શું છે ?

લાખો માઈલ વિસ્તારવાળી પૃથ્વીનું ભાન શું વિદ્યાર્થીને એક નાની માટલી જેવડા પૃથ્વીના ગોળાથી કે ત્રણ-સાડા ત્રણ ફુટના ચોરસ નકશાથી નથી કરાવી શકાતુ ? આકાશમાં ઉગેલા બીજના ચન્દ્રમાને જોવા માટે શું કોઈ છાપરા ઉપર કે ઝાડ ઉપર જોનારની દૃષ્ટિ આરંભમાં નથી સ્થાપવામાં આવતી ?

સૂક્ષ્મ વસ્તુનું ભાન કરવા-કરાવવા સ્થૂલ પદાર્થોનો આશ્રય આ જગતમાં સર્વ બુદ્ધિમાનો સર્વત્ર લે છે, તો પછી સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા પરમેશ્વરનું જ્ઞાન કરાવવા માટે અને તેમનામાં ભક્તિ પ્રગટાવવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ મૂર્તિની યોજના કરી હોય, તો તેમાં આશ્ચર્ય જેવું શું છે ? અગમ્ય વસ્તુનું ભાન સર્વદા જાણીતી વસ્તુઓ વડે જ કરાવી શકાય છે.

જે શિક્ષક વિદ્યાર્થીની બુદ્ધિમાં ઉતારવા માટે અનેક પ્રકારનાં જાણીતાં સ્થૂલ દૃષ્ટાન્તો આપી શકે છે, તે કુશળ શિક્ષક ગણાય છે, જેઓ આમ નથી કરી શકતા, તેઓ ગમે તેટલા વિદ્વાન છતાં શિક્ષક થવાને લાયક ગણાતા નથી.

પરમેશ્વરનું જ્ઞાન અગમ્યમાં અગમ્ય જ્ઞાન છે અને તે આપવા માટે અત્યંત સૂક્ષ્મ મતિવાળા મહર્ષિઓએ મૂર્તિ દ્વારા જે કુશળતા દર્શાવી છે, તેવી પૃથ્વીના કોઈ પણ દેશના ધર્મ પ્રવર્તકો ભાગ્યે જ દર્શાવી શક્યા છે.

જ્ઞાનનાં ગૂઢતમ રહસ્યો સમજાવવા માટે દરેક દેશના વિદ્વાનોએ સાંકેતિક ચિત્રો વડે, ગૂઢાક્ષરોવડે, ગૂઢ શબ્દો વડે, રૂપકો વડે અને કથાઓ વડે તેમજ મૂર્તિઓ વડે પ્રયાસ કર્યો છે, પરંતુ એ સર્વમાં આર્યમહર્ષિઓએ જે સૂક્ષ્મ દૃષ્ટિ અને બુદ્ધિ-ચમત્કાર દર્શાવ્યો છે, તેવો હજી સુધી કોઈ પણ પ્રજા દર્શાવવાને શક્તિમાન થઈ શકી નથી. ઉત્તમ કલ્યાણકારક રહસ્યોને સંકેતમાં ઉતારવાં, તે કાંઈ રમત વાત નથી. જેમ-જેમ બુદ્ધિની શુદ્ધિ થતી જાય છે, તેમ તેમ આ સામર્થ્ય આવે છે. થોડામાં ઘણા અર્થને બતાવવાનું કામ સૂક્ષ્મ પ્રજ્ઞાવાન પુરુષો જ કરી શકે છે.

પ્રણવ અથવા ઓમ્કારના એક જ અક્ષરમાં કેટલું નિગૂઢ રહસ્ય સમજાવવામાં આવ્યું છે. તેની કલ્પના પણ આજે કરોડમાં એક માણસ

પણ ભાગ્યે જ કરી શકે તેમ છે. ત્રણ ચાર શબ્દથી બનેલા એક જ સૂત્રથી સેંકડો પૃષ્ઠોમાં સમાય તેટલો અર્થ દર્શાવવામાં પૂર્વ ઋષિ-મુનિઓ કેવા વિજયી નીવડયા છે, તે વિશ્વ પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે ગૂઢ રહસ્યને દર્શાવનારા સંકેતો યોજવામાં અગાધ બુદ્ધિ બળની આવશ્યકતા છે. અસાધારણ બુદ્ધિના નિધાન પૂર્વ–મહર્ષિઓ પ્રણવ જેવો એક જ સંકેત યોજીને અટકયા નથી; પણ અસંખ્ય ભેદ-વાળી પ્રકૃતિના મનુષ્યોને જોઈને તે સર્વને જ્ઞાનના માર્ગમાં આકર્ષી લાવવા માટે, સેંકડો સંકેતો યોજવા પ્રયત્નશીલ થયા છે અને સંકેતો યોજવામાં તેમના આ પ્રબળ પ્રયાસના પરિણામે જ અસંખ્ય ભેદ-વાળી અક્ષરાદિની તથા પાષાણાદિની મૂર્તિઓ દૃષ્ટિગોચર થાય છે.

આથી એ સ્પષ્ટ થાય છે કે- મૂર્તિઓ ઈશ્વરના સ્વરૂપને અથવા જ્ઞાનનાં ઊંડા રહસ્યોને ન સમજવાથી અથવા કેટલાક કહે છે તેમ મનુષ્યોની બુદ્ધિની બાલ્યાવસ્થા હતી તે સમયમાં નીકળી છે, એમ નથી; પણ ઈશ્વરના સ્વરૂપને અને જ્ઞાનનાં ઊંડાં રહસ્યોને સમજ્યા પછી બુદ્ધિની પ્રૌઢ અવસ્થામાં નીકળી છે.

એ વાત કેટલાક અંશે સાચી છે કે, આજે મૂર્તિઓ રહી છે, પણ એ મૂર્તિઓથી જે રહસ્ય સૂચવાય છે, તે રહસ્યને શોધી કાઢ-વાની કળાનો મોટે ભાગે લોપ થયો છે; પણ તેમાં મૂર્તિઓનો શો દોષ કે તેમનું ખંડન કરવું ?

કોઈ ગૂઢ ભાષામાં લખેલા ગ્રન્થો આપણા અજ્ઞાનથી આપણને ન સમજાય, માટે તે ભાષા સમજવાનો પ્રયત્ન કરવો એ વધારે યોગ્ય છે કે તે ગ્રન્થોનો ઢગલો કરી તેની હોળી સળગાવવી એ યોગ્ય છે? ગ્રન્થોમાં અક્ષરો અને શબ્દોની ગૂંથણી વડે જ્ઞાન સૂચવવામાં આવ્યું છે અને મૂર્તિઓમાં તેમની આકૃતિ વગેરેથી સૂચવવામાં આવ્યું છે. પણ બંને જ્ઞાનને સૂચવનારા સંકેત છે.

એક અપેક્ષાએ મૂર્તિ ગ્રન્થો કરતાં પણ વધારે ઊંચા અનુભવ જ્ઞાનને સૂચવનારી છે. મૂર્તિનો વિધિ–બહુમાન પૂર્વક ઉપયોગ કરનાર, એ વાતને સારી રીતે જાણી શકે છે. તો પછી ગ્રન્થોને જ્ઞાનનાં સાધન ગણવાં અને મૂર્તિને અજ્ઞાન વધારનારી તથા બુદ્ધિને જડ કરનારી ગણવી એ કેટલી મોટી ભૂલ છે?

કોઈ કહેશે કે, ગ્રન્થોથી તો જ્ઞાન થતું પ્રત્યક્ષ અનુભવાય છે, પણ મૂર્તિથી જ્ઞાન થતું ક્યાં અનુભવાય છે? તેનો ઉત્તર એ છે કે- ગ્રન્થોથી જ જ્ઞાન થતું અનુભવાય છે, તે પણ કોને ? જે ગ્રન્થને સમજવામાં સમર્થ છે તેને, બધાને નહિ. ગાય, ભેંસ, શ્વાન વગેરેને ગ્રન્થોથી કેમ જ્ઞાન નથી થતું ? ગામડાના અભણ મનુષ્યોને ગ્રન્થોથી કેમ જ્ઞાન નથી થતું ? મૂર્તિ સંબંધમાં પણ એમ જ છે.

જેમ ભાષા ભણવામાં અનેક પગથિયાં છે અને કેટલાંક પગથિયાં ચઢી આવનારને જ ભાષાનું જ્ઞાન થાય છે અને ગ્રન્થને સમજવાનું બળ આવે છે. પણ કક્કો કે બારાક્ષરી ભણી ઉતરનારને પ્રૌઢ લેખો સમજવાનું બળ આવતું નથી. તેમ મૂર્તિને ચંદન, પુષ્પ ચડાવનારને કે પગે લાગનારને જ મૂર્તિનાં સઘળાં રહસ્યોને જાણવાનું પૂરૂં બળ આવતું નથી.

હાલ લોકોમાં જે મૂર્તિ પૂજા ચાલે છે. તે તો મૂર્તિપૂજનની પહેલી કે બીજી ચોપડી છે. એનાથી આગળ વધવાનું છે. જેઓ ધૈર્યથી પહેલા પગથિયાને ઓળંગી ઉપરનાં પગથિયાં ચઢતા જાય છે, તેઓને મૂર્તિપૂજાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયા વિના રહેતો જ નથી.

મૂર્તિપૂજાના પહેલા પગથિયાનું કર્તવ્ય પણ જેઓ બરાબર બજાવતા હોય છે, તેઓનું અંતઃકરણ, મૂર્તિપૂજન નહિ કરનાર કરતાં વધારે સાત્ત્વિક અને સમાધાન વાળું હોય છે. આગળના પગથિયાનો તેને બોધ કરાવનાર કોઈ મળ્યું નથી, તેથી તે ત્યાંનો ત્યાં અટકી રહ્યો છે. પરંતુ જો તેને ત્યાં કોઇ બોધ કરાવનાર મળે અને તે પ્રયત્ન સેવે, તો તત્ત્વજ્ઞાનમાં ઘણો આગળ વધ્યા સિવાય રહે નહિ.

મૂર્તિપૂજન નહિ કરનારનું અંતઃકરણ ભક્તિશૂન્ય, તામસી, અનિર્ણિત, ગોટાળાવાળું અને ઢંગધડા વિનાનું હોય છે. જ્યારે મૂર્તિને પૂજનારમાં સાત્વિકતા, ભક્તિ અને અધિક સમાધાનવાળી મનોવૃત્તિ હોય છે, એવી મૂર્તિને ન માનનારમાં ઓછી સંભવિત છે.

પરમેશ્વરનું જ્ઞાન કેવળ શાસ્ત્રોમાંથી તેમના સ્વરૂપને જાણવા માત્રથી થતું નથી, પણ અનુભવવાથી થાય છે. જેણે નારંગી ખાધી નથી. તેની આગળ નારંગીનું ગમે તેટલું વર્ણન કરવાથી પણ નારંગીના સ્વાદનું તેને અંશે પણ ભાન થતું નથી. સ્થૂલ વસ્તુઓમાં જ્યારે આમ થાય છે, ત્યારે સૂક્ષ્મમાં તો તેમ થાય તે સ્વાભાવિક છે.

પરમેશ્વર જેવા છે, તેવો તેમનો અનુભવ શબ્દોથી લેશ પણ થતો નથી. નારંગીના સ્વાદનો અનુભવ કરવા માટે જાતે નારંગી વાપરવી પડે છે, તેમ પરમેશ્વરનો અનુભવ કરવા માટે પરમેશ્વરને પૂજનાદિ વડે પ્રત્યક્ષ કરવા પડે છે. જે જે વસ્તુ અગમ્ય હોય છે, તે તે વસ્તુના સ્વરૂપનું અનુભવજ્ઞાન મનથી તે તે અગમ્ય વસ્તુઓમાં એકાગ્ર બનવાથી થાય છે.

**એડીસને** વીજળીના વિવિધ ધર્મ અને તેનો ઉપયોગ શી રીતે શોધી કાઢયો? જેનું જેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું હતું, તેમાં તેમાં મનને તથા વિચારને એકાગ્ર કરવાથી! રહસ્ય-જ્ઞાનનો પ્રકાશ કરનારી એકાગ્રતા એક દિવસે થતી નથી, મનની ચંચળતા અભ્યાસ વિના ટળતી નથી. આથી પરમેશ્વરનું અગમ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનારે, પરમેશ્વરમાં એકાગ્ર થવાની પ્રથમ આવશ્યકતા છે અને પછી તેનો પગથિયે-પગથિયે અભ્યાસ કરવાની બીજી જરૂર છે, એકાગ્રતાનું પ્રથમ પગથિયું મૂર્તિપૂજન છે.

મૂર્તિ અને તેની પૂજામાં નહિ માનનારા ભલે એમ કહે કે- 'અમે મનને નિરાકાર ઇશ્વરમાં એકાગ્ર કરવા શક્તિમાન છીએ અને તેથી અમારો અધિકાર ઇશ્વરની માનસિક-પૂજા કરવાનો છે પરંતુ તેમનાં નયન, વચન અને વર્ત્તન સ્પષ્ટ દર્શાવે છે કે- આ વાતને વર્તનમાં મૂકવી સહેલી નથી! એકડેએક ભણ્યા વિના ગણિતના મોટા મોટા કોયડા છોડવા કોઈ સમર્થ થતું નથી, તેમ એકાગ્રતા સાધવાના ક્રમવાર પગથિયાં ચઢયા વિના કોઈથી એકાગ્રતા સાધી શકાતી નથી.

પ્રત્યેક પ્રકારની એકાગ્રતા સાધનારે-પછી તે વિદ્યા વિષયક હો, કળા વિષયક હો, વ્યાપાર વિષયક હો કે અધ્યાત્મ વિષયક હો, પરંતુ આરંભમાં મૂર્તિ લેવી જ પડે છે. અને આ મૂર્તિમાં મનને જોડવાના અભ્યાસથી ક્રમે-ક્રમે અંતકરણનું બળ વધતાં વધારે સૂક્ષ્મ પદાર્થો કે ધર્મોમાં એકાગ્રતા સાધી શકાય છે.

મૂતિ પૂજનમાં અંતઃકરણનું બળ વધવાના જે-જે નિયમો છે, તે સંર્વ આશ્ચર્યકારક રીતે યોજાઇ જાય છે. મૂર્તિમાં ઈશ્વરની ભાવના કરી, મૂર્તિપૂજક તેનું પૂજન-અર્ચન કરે છે, તેથી તે સમયે તેના

અંતઃકરણમાં વધારે ઊંચી ભાવના રમણ કરે છે. મૂર્તિને સ્નાન, અલંકાર, નૈવેદ્ય વગેરેથી ભજવાથી અંતઃકરણમાં પરમેશ્વર સંબંધી પ્રેમ અને ભક્તિ સંગીનપણે પોષાય છે.

મૂર્તિરૂપ એક સ્થાનમાં પરમેશ્વરનો આરોપ કરેલો હોવાથી, તેટલા જ સ્થાનમાં મૂર્તિપૂજકની વૃત્તિ ઝટ એકાગ્ર થાય છે. તે જેટલી વાર મૂર્તિપૂજન કરતો હોય છે, તેટલી વાર તેની વૃત્તિઓ જો કે ઉપરથી જોતા જડ પદાર્થનો આશ્રય કરીને રહેલી હોય છે; પણ વસ્તુતઃ જડમાં આરોપેલા ઈશ્વર-તત્ત્વનો ઘડી ઘડી સંબંધ કરવાને તલપ મારતી હોય છે. તેથી તેના અંતઃકરણમાં ઈશ્વર સંબંધી વિચારોનું એક શુદ્ધ દ્રવ્ય જામતું જાય છે અને તે દ્રવ્યમાં નિત્ય અભ્યાસની વૃદ્ધિ થતાં, ઈશ્વરમાં તેનો પ્રેમ અને ભક્તિ વધતાં જ જાય છે. આ સાથે જે સ્થાનમાં તે મૂર્તિપૂજન કરતો હોય છે, તે સ્થાનનું વાતાવરણ પણ તેના પવિત્ર વિચારો વડે અધિક-અધિક પવિત્ર થતું જાય છે અને નિત્ય આમ થતાં અંતમાં તે દેવગૃહની પવિત્રતા અને આધ્યાત્મિકતા કોઈ વિલક્ષણ શાન્તિને, ભક્તિને અને વૃત્તિના ઉચ્ચ ભાવને પ્રગટાવનાર થાય છે. આવી અનેક દૃષ્ટિએ વિચારતાં મૂર્તિપૂજન મનુષ્યની મતિને જડ ન કરતાં અધિક શુદ્ધ, અધિક ભક્તિવાળી અને અધિક આધ્યાત્મિકતાથી સંપન્ન કરવાને સમર્થ થાય છે.

સ્થળે-સ્થળે સ્થપાયેલાં દેવાલયો અને મંદિરોથી આર્યપ્રજાનું આ આધ્યાત્મિક બળ રક્ષાઈ રહ્યું છે. જો કે મૂર્તિપૂજનના વિધિ પ્રત્યે દુર્લક્ષ્ય થવાથી તથા વ્યવસ્થાપકોના અજ્ઞાનથી અધ્યાત્મબળ ઘણે સ્થળે નામનું જ રહેલું જોવામાં આવે છે. તોય નામનું પણ એ અધ્યાત્મ બળ, જ્યાં મૂર્તિપૂજન નથી, એવી પ્રજાઓના અધ્યાત્મબળ કરતાં સેંકડે દરજ્જે ચઢીઆતું છે. ઠેકાણે ઠેકાણે દેવાલયો હોવાથી અનેકવાર રસ્તામાં આવતા-જતાં આર્ય પ્રજાને ઇશ્વર પ્રત્યે વૃત્તિ વાળવાનો યોગ થાય છે.

દિવસમાં બે-ચાર વાર પણ ઈશ્વરમાં વૃત્તિને વાળવાનો યોગ જે આર્યપ્રજાને મળે છે, તે તેમાં દેવાલયોનો પ્રતાપ છે, અને આ હજારો દેવાલયોને લીધે પ્રતિદિન જે હજારો ઉચ્ચ ભાવનાઓ આર્યપ્રજાના હૃદયમાં ઊમટે છે અને વાતાવરણમાં પ્રસરે છે, તેથી આ ભૂમિનું દેવત્વ,

ભારેલા અગ્નિની જેમ હજી પણ ગુપ્ત રીતે રક્ષાઈ રહ્યું છે અને અંદરથી જાવલ્યમાન છે.

**પ્રશ્ન**– 'મૂર્તિપૂજામાં બીજો દોષ નથી, પણ એના ઓથે રહીને સ્વાર્થી મનુષ્યો અનેક પ્રપંચ ચલાવે છે અને ભોળી પ્રજામાં નિરાંતે ચરી ખાય છે. એવા દુષ્ટોનું ટટ્ટુ ન નભે માટે મૂર્તિપૂજાને અટકાવવી જોઈએ.'

**ઉત્તર**– આ વિચાર 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવો છે. મૂર્તિપૂજાના આથે મૂર્તિપૂજકો ચરી ખાય છે અને પ્રજાને ઠગે છે, તો મૂર્તિને નહિ માનનારા કોઈ શું આ જગતમાં ચરી ખાતા નથી? અને ભોળી પ્રજાને ઠગતા નથી? મૂર્તિને નહિ પૂજનારા સઘળા જ શું પોતાનો નિર્વાહ પ્રામાણિકપણે ચલાવે છે? મૂર્તિને નહિ માનનારા બધા જ શું નીતિના સિદ્ધાન્તોને ત્રિવિધે અનુસરનારા હોય છે?

જો નહિ તો અમૂર્તિપૂજકોમાં દોષ હોવા છતાં નભાવી લેવામાં આવે છે, તેમ મૂર્તિપૂજકોમાં કોઈ–કોઈ દોષિત હોય, તો તેના પ્રત્યે ઘૃણા ધરાવવાથી શો ફાયદો? અલબત્ત, તેઓને સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આમ, કોઈ પણ દૃષ્ટિએ યોગ્ય વિચારથી મૂર્તિપૂજાનું ખંડન કરી શકાય તેમ છે નહિ.

મૂર્તિને ન માનનારી પાશ્ચાત્ય પ્રજાઓ પણ, પોતાની પ્રિયતમાના માથાના વાળની કાપેલી લટને પ્રેમથી આલિંગન આપે છે. ઇશુ ખ્રિસ્તના કલ્પિત દાંતને અને એવી જ સેંકડો વસ્તુઓને અત્યંત પ્રેમથી પૂજે છે. મૂર્તિપૂજા તરફ તિરસ્કારથી જોનારા પણ કબરને ફૂલ ચઢાવે છે, પોતાના ધર્મનાં પુસ્તકો પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવે છે, પોતાના રાજા, રાણી, નેતા કે મોટા સરદારના બાવલા આગળ કોઇ દુર્જન અડપલું કરે, તો મોટું અપમાન થયેલું માને છે, સ્વતન્ત્રતાના ઘંટના વરઘોડા ચઢાવે છે અને જે–જે રસ્તેથી તે વરઘોડો પસાર થાય છે, તે તે રસ્તાના તમામ મનુષ્યો ઘંટને જોઇને પોતાની ટોપી ઉતારે છે.

આ રીતે મૂર્તિપૂજા સર્વત્ર વ્યપીને રહેલી છે અને તેમાં ઘણું સત્ય સમાયેલું છે. જેઓ તેને સેવે છે તેઓ કોઈ જાતનું પાપ કરતા નથી, પણ પોતાના આત્મ હિતને જ સાધે છે. મૂર્તિપૂજા જાતે દોષ-વાળી નથી. પણ તેનો વિધિ લોકોને જેવો સમજાવો જોઇએ, તેવો

બરાબર સમજાયો નથી, એટલો જ દોષ છે. તે ન સમજાવાથી મૂર્તિ-પૂજકો આગળ વધતા નથી, અને તેવી હાનિ તો મૂર્તિને નહિ પૂજનારાઓ પણ ભોગવી રહ્યા છે.

મૂર્તિપૂજકો તો-આધ્યાત્મિક માર્ગમાં એક-બે પગથિયાં પણ આગળ વધેલા છે જ્યારે મૂર્તિને નહિ પૂજનારાની સ્થિતિ તો કોઈ પણ પગથિયામાં નથી. આથી મૂર્તિપૂજકોને પોતાની પૂજનની વિધિનો ઉદ્ધાર કરવાની જેટલી અગત્ય છે, તેટલી બલ્કે તેથી વધુ અગત્ય મૂર્તિને નહિ માનનારાઓએ પોતાનું ઘર સુધારવાની છે.

□ ઉક્ત લેખની સમીક્ષા □

એક જૈનેતર ચિંતકનો આ લેખ. એક નહિ પણ અનેક દૃષ્ટિ-કોણથી મનનીય છે. તેમાં કોઈ જાતનો પૂર્વગ્રહ નથી. પણ મૂર્તિમંત આ વિશ્વમાં, મૂર્તિપૂજા જે આગવું સ્થાન ધરાવે છે, તેનું સચોટ નિરૂપણ છે. આ લેખ મૂર્તિપૂજકો માટે પ્રેરણાદાયી છે, તો અમૂર્તિપૂજકો માટે માર્ગદર્શક છે.

માનવ-મનના સમગ્ર સ્વરૂપનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટ થાય છે કે- મૂર્તિપૂજા એ તેને આત્માભિમુખ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ દૃષ્ટિકોણની જે માવજત આ લેખમાં છે, તે તો તેનો અભ્યાસ કરવાથી જ હૃદયગત થાય તેમ છે.

તાત્પર્ય કે મૂર્તિ અને તેની પૂજા ભક્તિ એ ભવસાગર તરવાના સુદૃઢ યાન સમાન છે. તેનો તે રીતે લાભ લેવામાં સ્વપર હિત સમાએલું છે.

તેમ છતાં માત્ર ભાવ--નિક્ષેપટનો આદર કરવો તે બુદ્ધિરહિત કૃત્ય છે.

ખાખરાની ખિસકોલીને સાકારના સ્વાદની કલ્પના ન આવે, કૂવાના દેડકાને સાગરની વિશાળતાની કલ્પના ન આવે. ઝુંપડીવાસીને રાજમહેલના વૈભવની કલ્પના ન આવે, તેમ જેઓએ શ્રી જિનપ્રતિમાના દર્શન-પૂજન-સ્તવન આદિ કર્યાં જ નથી, તેમના નેત્રો જીહવા મુખ આદિ તે અમૃતાસ્વાદની કલ્પના પણ નથી કરી શકતાં, જે આસ્વાદ શ્રી જિનપ્રતિમાના દર્શન પૂજન-સ્તવન આદિ કરનારને અનુભવવા મળે છે

# ૨૪

## શ્લોકાદિનો સંગ્રહ

**પૂ. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્**
યશોવિજયજી મહારાજ વિરચિત
**'શ્રી પ્રતિમાશતક' માંનાં અતિ મનનીય ૧૨ પદ્યો**

[૧]

**ऐन्द्रश्रेणिनता प्रतापभवनं भव्यांगिनेत्रामृतं,**
**सिद्धान्तोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।**
**मूर्त्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्-**
**मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥**

ઈંદ્રોની શ્રેણિએ નમસ્કાર કરેલી, પ્રતાપના ગૃહરૂપ, ભવ્ય પ્રાણીઓના નેત્રને અમૃતરૂપ, સિદ્ધાંતના રહસ્યનો વિચાર કરવામાં ચતુર પુરુષોએ પ્રીતિથી પ્રમાણ કરેલી અને સ્ફુરાયમાન એવી શ્રી જિનેશ્વર-ભગવંતની પ્રતિમા વિવિધ પરિણામવાળા મોહના ઉન્માદ અને ગાઢ પ્રમાદરૂપી મદિરાથી ઉન્મત્ત થયેલા કુમતિ-પુરુષોના જોવામાં આવતી નથી. (૧)

[૨]

**नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं,**
**शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।**
**तेनार्हत्प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-**
**मन्धानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ॥**

નામાદિ ત્રણે નિક્ષેપ ભાવભગવંતના તદ્રૂપપણાની બુદ્ધિનાં કારણ છે, અને તે શુદ્ધ હૃદયવાળા ગીતાર્થ પુરુષોએ શાસ્ત્રથી અને સ્વાનુભવથી સ્વીકારેલ છે તથા વારંવાર અનુભવેલ છે. તેથી અર્હંતની પ્રતિમાનો અનાદર કરી માત્ર ભાવ અર્હંતને જે માનનારાં છે, તેઓની બુદ્ધિ દર્પણમાં મુખ જોનારા અંધ પુરુષોની જેમ કુત્સિત અને દોષયુક્ત છે! (૨)

[ ૩ ]

स्वांतं ध्वान्तमयं मुखं विषमयं दृग् धूमधारामयी,
तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता।
देवैश्चारणपुंगवैः सहृदयैरानन्दितैर्वन्दिता,
ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः॥

જેઓએ ભગવંતની મૂર્તિને નમસ્કાર કર્યો નથી તેઓનું હૃદય અંધકારમય છે, જેઓએ તેની સ્તુતિ કરી નથી તેઓનું મુખ વિષમય છે, અને જેઓએ તેનાં દર્શન કર્યાં નથી તેમની દૃષ્ટિ ધૂમધારાથી વ્યાપ્ત છે. દેવતાઓ, ચારણ મુનિઓ અને તત્ત્વવેત્તાઓ વડે આનંદથી વંદના કરાયેલી આ પ્રતિમાની જેઓ ઉપાસના કરે છે તેઓની બુદ્ધિ કૃતાર્થ છે અને તેમનો જન્મ પવિત્ર છે. (૩)

[ ૪ ]

उत्फुल्लामिव मालतीं मधुकरो, रेवामिवेभः प्रियां,
माकन्दद्रुममंजरीमिव पिकः सौन्दर्यभाजं मधौ।
नन्दच्चन्दनचारुनन्दनवनीभूमिमिव द्योःपति-
स्तीर्थेशप्रतिमां न हि क्षणमपि स्वान्तान्मुंचाम्यहम्॥

જેમ ભ્રમર પ્રફુલ્લિત માલતીને છોડે નહિ, જેમ હાથી મનોહર રેવાનદીને છોડે નહિ, જેમ કોકિલ પક્ષી વસંતઋતુમાં સૌંદર્યવાળી આમ્રવૃક્ષની મંજરીને છોડે નહિ, અને જેમ સ્વર્ગપતિ ઇંદ્ર ચંદનવૃક્ષોથી સુંદર એવી નંદનવનની ભૂમિને છોડે નહિ, તેમ હું તીર્થંકર ભગવંતની પ્રતિમાને મારા હૃદયમાંથી ક્ષણવાર પણ છોડતો નથી. (૪)

[ ૫ ]

मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम-
स्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सताम्।
संसारप्रबलान्धकारमथने, मार्त्तंडचंडद्युति-
र्जैनी मूर्तिरुपास्यतां शिवसुखे भव्याः पिपासास्ति चेत्॥

હે ભવ્ય પ્રાણીઓ ! જો તમારે મોક્ષ સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તમે શ્રી તીર્થંકર ભગવંતની પ્રતિમાની ઉપાસના કરો, જે પ્રતિમા મોહરૂપી દાવાનલને શમાવવામાં મેઘવૃષ્ટિરૂપ છે, જે સમતારૂપ પ્રવાહ ઝરાવવા માટેની નદી છે, જે સત્પુરુષોને વાંછિત આપવામાં કલ્પલતા છે અને જે સંસારરૂપી ઉગ્ર અંધકારને નાશ કરવામાં સૂર્યની તીવ્ર પ્રભારૂપ છે. (૫)

[६]

दर्शं दर्शमवापमव्ययमुदं विद्योतमाना लसद्-
विश्वासं प्रतिमामकेन रहित ! स्वां ते सदानन्द ! याम् ।
सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितामानमद्-
विश्वा संप्रति मामके नरहित ! स्वान्ते सदानं दयाम् ॥

'હે સર્વ દુઃખથી રહિત પ્રભુ ! હે સદા આનંદમય નાથ ! તમારી મૂર્તિને જોઈ જોઈ હું મારા હૃદયમાં વિશ્વાસ મેળવી, અવ્યય, અવિનાશી એવા હર્ષને પ્રાપ્ત થયેલો છું. હે મનુષ્યના હિતકારી પ્રભુ ! તે આપની પ્રતિમા અભયદાનસહિત ઉપાધિવગર વધતા ગુણસ્થાનકને યોગ્ય એવી દયાનું પોષણ કરે છે. (૬)

[७]

त्वद्बिम्बे विधृते हृदि स्फुरति न प्रागेव रूपान्तरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो-
ल्लेखः किंचिदगोचरं तु लसति ज्योतिः परं चिन्मयम् ॥

હે પ્રભુ ! તમારૂં બિંબ હૃદયમાં ધારણ કરવાથી બીજું કોઈ રૂપ હૃદયમાં સ્ફુરાયમાન થતું નથી અને તમારા રૂપનું સ્મરણ થતાં પૃથ્વીમાં બીજા કોઇરૂપની પ્રસિદ્ધિ થતી નથી. તે માટે "તું એ હું" એવી અભેદ બુદ્ધિના ઉદયથી "યુષ્મત્ અને અસ્મત્" પદનો ઉલ્લેખ પણ થતો નથી અને કોઇક અગોચર પરમ ચૈતન્યમય જ્યોતિ અંતરમાં સ્ફુરાયમાન થાય છે. (૭)

[८]

किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,
ज्ञानानन्दमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।

इत्थं किं किमितिप्रकल्पनपरैस्त्वन्मूर्त्तिरुदीक्षिता,
किं सर्वातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः ॥

શું આ પ્રતિમા બ્રહ્મમય છે ! શું ઉત્સવમય છે ! શું કલ્યાણમય શું જ્ઞાનાનંદમય છે ! શું ઉન્નતિમય છે ! શું સર્વ શોભામય છે ! આ રીતની કલ્પના કરતા એવા કવિઓ વડે જોવાયેલી તમારી પ્રતિમા સદ્ધ્યાનના પ્રસાદથી સર્વને ઉલ્લંઘન કરી જનાર એવા જ્ઞાનરૂપ તેજને બનાવે છે. (૮)

[૯]

त्वद्रूपं परिवर्ततां हृदि मम ज्योतिःस्वरूपं प्रभो!
तावद् यावदरूपमुत्तमपदं निष्पापमाविर्भवेत ।
यत्रानन्दघने सुरासुरसुखं संपिंडितं सर्वतो,
भागेऽनन्ततमेऽपि नैति घटनां कालत्रयीसंभवि ॥

હે પ્રભુ ! પાપનો ક્ષય કરનારૂં, ઉત્તમ પદસ્વરૂપ અને રૂપરહિત એવું અપ્રતિપ્રાતી ધ્યાન જ્યાં સુધી પ્રગટ ન ત્યાં સુધી મારા હૃદયમાં તમારૂં રૂપ અનેક પ્રકારે જ્ઞેયાકારરૂપે પરિણામ પામો ! જે આનંદઘનમાં ત્રિકાલસંભવી અને સર્વ તરફથી એકત્ર થયેલું સુર અસુરનું સુખ અનંતમા ભાગે પણ ઘટતું નથી. (૯)

[૧૦]

स्वान्तं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,
दृष्ट्वा तत्प्रतिमामपीह कुधियामित्यात्तलुप्तात्मनाम् ।
अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,
सान्द्रानन्दसुधानिमज्जनसुखं व्यक्तीभवत्यन्वहम् ॥

જિનપ્રતિમાને વિષે જેમનો આત્મા ખંડિત થયો છે એવા કુમતિઓનું, તે પ્રતિમા જોઈ હૃદય સુકાઈ જાય છે, નેત્ર બળી જાય છે, અને મુખ ભસ્મ થઈ જાય છે. જ્યારે રાગથી તે પ્રતિમાને અનિમેષ દૃષ્ટિથી જોતાં એવા અમને તો આનંદઘન અમૃતમાં નિમજ્જનનું સુખ નિરંતર પ્રગટ થાય છે. (૧૦)

[૧૧]

मन्दारद्रुमचारुपुष्पनिकरैर्वृन्दारकैरर्चितां,
सद्वृन्दाभिनतस्य निर्वृतिलताकन्दायमानस्य ते ।
निस्यन्दात् स्नपनामृतस्य जगती पान्तीममन्दामया-
वस्कन्दात् प्रतिमा जिनेन्द्र ! परमानंदाय वन्दामहे ॥

હે જિનેંદ્ર ! ઉત્તમ પુરૂષોના વૃંદોએ નમસ્કાર કરેલ અને મુક્તિ-રૂપ લતાના કંદ સમાન એવી તમારી પ્રતિમા, જે દેવતાએ મંદાર વૃક્ષના પુષ્પ સમૂહ વડે પૂજેલી છે. અને જે ઉગ્ર રોગને શોષણ કરનારા સ્નાત્ર જલરૂપ અમૃતના ઝરણથી સર્વ જગતની રક્ષા કરે છે, તે પ્રતિમાને અમે પરમ આનંદને (મોક્ષને) અર્થે વંદના કરીએ છીએ. (૧૧)

# કુમતિ–લતા–ઉન્મીલન

—યાને—

## શ્રી જિનબિંબ–સ્થાપન–સ્તવન

ભરતાદિકે ઉદ્ધારજ કીધો, શત્રુંજય મોઝાર;
સોનાતણાં જેણે દેરાં કરાવ્યાં, રત્નતણા બિંબ થાપ્યાં,
હો કુમતિ ! કાં પ્રતિમા ઉત્થાપી ? એ જિનવચને થાપી. ! ૦ ૧

વીર પછે બસે નેવું વરસે, સંપ્રતિ રાય સુજાણ;
સવા લાખ પ્રાસાદ કરાવ્યા, સવા કોડ બિંબ થાપ્યાં.
હો કુમતિ ! ૦ ૨

દ્રૌપદીએ જિન પ્રતિમા પૂજી, સૂત્રમાં સાખ ઠરાણી;
છઠ્ઠે અંગે તે વીરે ભાખ્યું, ગણધર પૂરે સાખી.
હો કુમતિ ! ૦ ૩

સંવત નવસેં તાણું વરસે, વિમલ મંત્રીશ્વર જેહ;
આબુ તણાં જેણે દહેરાં કરાવ્યાં, બે હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ ! ૦ ૪

સંવત અગિઆર નવાણું વરસે, રાજા કુમારપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, સાત હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ ! ૦ ૫

સવંત બાર પંચાણું વરસે, વસ્તુપાલ તેજપાલ;
પાંચ હજાર પ્રાસાદ કરાવ્યા, અગીઆર હજાર બિંબ થાપ્યાં.
હો કુમતિ ! ૦ ૬

સંવત બાર ઓહોંતેર વરસે, સંઘવી ધન્નો જેહ;
રાણકપુર જેણે દેરાં કરાવ્યાં, ક્રોડ નવાણું દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ ! ૦ ૭
સવંત તેર એકોતેર વરસે, સમરોશા રંગ શેઠ;
ઉદ્ધાર પંદરમો શેત્રુંજે કીધો, અગીઆર લાખ દ્રવ્ય ખરચ્યાં.
હો કુમતિ ! ૦ ૮
સંવત પંદર સત્તાસી વરસે, બાદરશાહને વારે;
ઉદ્ધાર સોલમો શેત્રુંજે કીધો, કરમાશાહે જશ લીધો.
હો કુમતિ ! ૦ ૯
એ જિનપ્રતિમા જિનવર સરખી, પૂજો ત્રિવિધ તુમે પ્રાણી;
જિનપ્રતિમમાં સંદેહ ન રાખો વાચક જસની વાણી.
હો કુમતિ ! ૦ ૧૦

## શ્રી જિનપ્રતિમા–સ્થાપન–સ્વાધ્યાય

જેમ જિન પ્રતિમા વંદન દીસે, સમકિતને આલાવે;
અંગોપાંગ પ્રગટ અરથ એ, મૂરખ મનમાં નાવે રે.
કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ? ૧
એ મતિ શુભ મતિ કાપી રે–કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ?
મારગ લોપે પાપી રે, કુમતિ ! કાં પ્રતિમા ઉથાપી ?
એહ અરથ અંબડ અધિકારે, જૂઓ ઉપાંગ ઉવવાઈ;
એ સમકિતનો મારગ મરડી, કહે દયા શી ભાઈ રે.
કુમતિ ! ૦ ૨
સમકિત વિણુ સુર દુરગતિ પામે, અરસ વિરસ આહારે;
જૂઓ જમાલી દયાએ ન તરીઓ, હુઓ બહુલ સંસારી.
કુમતિ ૦ ! ૩
ચારણ મુનિ જિન પ્રતિમા વંદે, ભાખિઉં ભગવઈ અંગે;
ચૈત્ય સાખિ આલોયણ ભાખે, વ્યવહારે મન રંગે.
કુમતિ ! ૦ ૪
પ્રતિમા–નતિ ફલ કાઉસ્સગ્ગે, આવશ્યકમાં ભાખ્યું;
ચૈત્ય અર્થ વેયાવચ્ચ મુનિને, દસમે અંગે દાખ્યું રે.
કુમતિ ! ૦ ૫

**સૂરિયાભ** સૂરિ પ્રતિમા પૂજી, **રાયપસેણી** માંહિ;
સમકિત વિણું ભવજલમાં પડતાં, દયા ન સોહે બાંહિ રે.
કુમતિ !૦ ૬

દ્રોપદીએ જિન-પ્રતિમા પૂજી. છઠે અંગે વાંચે;
તો સું એક દયા પોકારી, આણા વિણ તું માચે રે !
કુમતિ !૦ ૭

એક જિન પ્રતિમા વંદન દ્વેષે, સૂત્ર ઘણાં તુ લોપે !
નંદિમાં જે આગમ સંખ્યા, આપમતી કાં ગોપે ?
કુમતિ !૦ ૮

જિનપૂજા ફલદાનાદિક સમ, **મહાનિશીથે** લહિએ;
અંધ પરંપર કુમતિવાસના, તો કિમ મનમાં વહિએ રે ?
કુમતિ !૦ ૯

**સિદ્ધારથ** રાયઈ જિન પૂજ્યા, **કલ્પસૂત્રમાં** દેખો;
આણા શુદ્ધ દયા મન ધરતાં, મિલે સૂત્રના લેખો રે.
કુમતિ !૦ ૧૦

થાવર હિંસા જિન-પૂજામાં, જો તું દેખી ધૂજે;
તો પાપી તે દૂર દેશથી, જે તુઝ આવી પૂજે રે.
કુમતિ !૦ ૧૧

પડિકમણે મુનિ દાન વિહારે, હિંસા દોષ વિશેષ;
લાભાલાભ વિચારી જોતાં, પ્રતિમામાં સ્યો દ્વેષ રે ?
કુમતિ !૦ ૧૨

ટીકા ચૂર્ણિ ભાષ્ય ઉવેખ્યાં, ઉવેખી નિર્યુક્તિ;
પ્રતિમા કારણ સૂત્ર ઉવેખ્યાં, દૂર રહી તુઝ મુગતિ રે.
કુમતિ !૦ ૧૩

શુદ્ધ પરંપર ચાલી આવી, પ્રતિમા-વંદન વાણી;
સંમૂર્ચ્છમ જે એ મૂઢ ન માને, તેહ અદીઠ કલ્યાણ રે.
કુમતિ !૦ ૧૪

**જિનપ્રતિમા** જિન **સરિખી જાણે**, પંચાગીના **જાણ**;
**કવિ જસવિજય કહે** તે ગિરૂઆ, **કીજે** તાસ વખાણ રે.
કુમતિ !૦ ૧૫

# શ્રી જિનપ્રતિમા—સ્થાપન

## શ્રી શાંતિનાથ ભગવાનનું સ્તવન

શાંતિજિનેશ્વર સાહેબ વંદો, અનુભવ રસનો કંદો રે.
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુરનર વૃંદો રે.
શાંતિ૦ ૧

મંજર દેખીને કોયલ ટૌકે, મેઘ ઘટા જેમ મોરો રે,
તેમ જિનપ્રતિમા નિરખી હરખું, વળી જેમ ચંદ ચકોરો રે.
શાંતિ ૨

જિનપ્રતિમા જિનવર ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે,
સુરનર મુનિવર વંદન પૂજા, કરતા શિવ અભિલાષિ રે.
શાંતિ૦ ૩

રાયપસેણિ પ્રતિમા પૂજી, સુરિયાભ સમકિત ધારી રે.
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે.
શાંતિ૦ ૪

જિનવર બિંબ વિના નવિ વંદુ, આણંદજી એમ બોલે રે,
સાતમે અંગે સમક્તિ મૂળે, અવર નહિં તસ તોલે રે.
શાંતિ૦ ૭

જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે,
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહે રાગે રે.
શાંતિ૦ ૬

વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે.
જંઘાચારણ મુનિવરે વંદી, જિનપ્રતિમા મન રંગે રે.
શાંતિ૦ ૭

આર્યસુહસ્તિ સૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિરાય રે,
સવાકોડિ જિનબિંબ ભરાવ્યાં, ધન્ય ધન્ય એહની માયા રે.
શાંતિ૦ ૮

મોકલી પ્રતિમા **અભયકુમારે,** દેખી **આર્દ્રકુમાર** રે,
જાતિસ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે.
શાંતિ૦ ૯

ઇત્યાદિક બહુ પાઠ કહ્યા છે, સૂત્ર માંહે સુખકારી રે,
સૂત્ર તણો એક વર્ણ ઉત્થાપે, તે કહ્યો બહુલ સંસારી રે.
શાંતિ૦ ૧૦

તે માટે જિનઆણા ધારી, કુમતિ કદાગ્રહ વારી રે,
ભક્તિ તણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિ બીજ સુખકારી રે.
શાંતિ૦ ૧૧

એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાય રે,
મુજ મન મંદિરીએ પધરાવ્યા, ધવલ મંગળ ગવરાય રે.
શાંતિ૦ ૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમળાની શાળા રે,
**જીવવિજય** કહે પ્રભુજીની ભક્તિ, કરતાં મંગળમાળા રે.
શાંતિ૦ ૧૩

# શ્રી શાશ્વત-જિન સ્તુતિ

**ઋષભ ચંદ્રાનન** વંદન કીજે, **વારિષેણ** દુઃખ વારે જી,
**વર્દ્ધમાન** જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચારે જી;
**ભરતાદિક** ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારે જી,
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમીયે નિત્ય સવારે જી. ૧

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ, કોડિ પન્નરસેં જાણો જી,
ઉપર કોડી બહેંતાલીસ પ્રણમો, અડવન લખ મન આણો જી;
છત્રીસ સહસ એંશી તે ઉપરે, બિંબ તણો પરિમાણો જી,
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં, પ્રણમુ તે સુવિહાણો જી. ૨

રાયપસેણિ જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખી જી,
જંબૂદ્વીપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી;
વલી આશાશ્વતી જ્ઞાતાકલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખી જી,
તે જિનપ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે સાખી જી. ૩

એ જિન પૂજાથી આરાધક, ઈશાન ઇન્દ્ર કહાયા જી;
તેમ **સૂરિયાભ** પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયા જી,
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયા જી,
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, **પદ્મવિજય** નમે પાયા જી. ૪

## દેવાધિ દેવનાં દર્શન પૂજન આદિનું ફળ

**શ્રી** જિનેશ્વરદેવ અને તેમના ચૈત્ય આદિનાં દર્શન-પૂજન-સ્તવન આદિની ભક્તિનું ફળ પૂ. ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજાના શબ્દોમાં અત્રે રજુ કરીએ છીએ.

પ્રણમું શ્રી ગુરૂરાજ આજ, જિનમંદિર કેરો;
પુણ્ય ભણી કરશું સફળ જિનવચન ભલેરો. ૧

દેહરે જાવા મન કરે. ચોથ[1] તણું ફળ પાવે.
જિનવર જુહારવા ઉઠતાં, છઠ[2] પોતે આવે. ૨

જાવા માંડયું જેટલે, અઠ્ઠમ[3] તણું ફળ હોય,
ડગલું ભરતાં જિન ભણી, દશમ[4] તણુ ફળ જોય. ૩

જાઈસ્યું જિનવર ભણી, મારગ ચાલંતા,
હોવે દ્વાદશ[5] તણું પુણ્ય ભક્તિ માલંતા. ૪

અર્ધ પંથ જિનહર તણો, પંદર ઉપવાસ,
દીઠે સ્વામી તણો ભુવન, લહીએ એક માસ. ૫

જિનહર પાસે આવતાં, છ માસી ફળ સિદ્ધ,
આવ્યા જિનહર બારણે, વરસી તપ ફળ લીધ. ૬

સો વર્ષ ઉપવાસ પુણ્ય પ્રદક્ષિણા દેતાં,
સહસ વર્ષ ઉપવાસ પુણ્ય, જિન નજરે જોતાં. ૭

ભાવે જિનવર જુહારીએ, ફળ હોવે અનંત,
તેહથી લહીએ સો ગુણું, જો પૂજે ભગવંત. ૮

---

૧- એક ઉપવાસ. ૨- બે ઉપવાસ. ૩- ત્રણ ઉપવાસ. ૪- ચાર ઉપવાસ ૫- પાંચ ઉપવાસ.

ફળ ઘણું ફૂલની માળ, પ્રભુ કંઠે ઠવતાં,
પાર ન આવે ગીત નાદ કેરાં ફળ થુણતાં. ૯

નિરમળ તન-મને કરી ધુણતાં ઇન્દ્ર જગીશ,
નાટક ભાવના ભાવતાં, પામે પદવી જગીશ. ૧૦

જિનવર ભક્તિ વળી એ પ્રેમ પ્રકાશી,
નિસુણી શ્રી ગુરૂવચણ સાર, પૂર્વ ઋષિ ભાષી. ૧૧

અષ્ટ કર્મને ટાળવા જિનમંદિર જઈશું,
ભેટી ચરણ ભગવંતના, હવે નિરમળ થઇશું. ૧૨

કીર્તિવિજય ઉવજ્ઝાયનો, વિનય કહે કરજોડ,
સફળ હોજો મુજ વિનતિ, જિનસેવાનો કોડ. ૧૩

જન્મ-જીવન અને બુધિને સાર્થક કરવા માટે પ્રતિમા-પૂજામાં દિલ જોડવું તે આપણું પ્રધાન કર્તવ્ય છે.

જેવા પરમાનંદમય શ્રી જિનેશ્વર ભગવંત છે. તેવી જ તેમની પ્રતિમા છે.

જુઓ શ્રી જિન પ્રતિમા ને છે કોઈ ઉપાધિ? ના. માટે તેની ભક્તિ કરવાથી ઉપાધિ રહિત અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

જાણે દયાના દરિયાનું ઘન સ્વરૂપ જોઈ લો! એવો અનુપમ જિનપ્રતિમાની ભક્તિથી દયાના દિવ્ય ગુણ સ્થાનકે પહોંચી શકાય છે.

# પ્રતિમા–પૂજન: પરમપદનો પાયો !

# ૨૫

## દેવ પૂજનની અગત્યતા

**नामादि भेदैर्विशदैश्चतुर्भि-र्ये लोककालत्रितयं पुनन्तः ।**
**भवोद्विग्नां मुक्तिपदं ददन्ते, सर्वेऽपि ते सर्वविदो जयन्तु ॥**

(પૂ.આ. શ્રી મુનિસુંદર સૂરિજી)

અર્થ–નિર્મળ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર ભેદો વડે ત્રણે લોકને, ત્રણે કાળ પવિત્ર કરતા જેઓ ભવથી ઉદ્વિગ્ન થયેલા આત્માઓને મુક્તિપદ આપે છે, તે સર્વે સર્વવિદો–શ્રી જિનેશ્વર દેવો જયવંત વર્તો.

શાસ્ત્રકાર ભગવંતોએ ધર્મરૂપી મહેલ ઉપર ચઢવા માટે પ્રથમ ભુમિકારૂપ ચાર પગથિયાં બતાવ્યાં છે. તેમાં પ્રથમ સ્થાન દેવપૂજનને છે.

દેવમંદિરનું આગવું પવિત્ર વાતાવરણ ત્યાં જઈને બેસનારને પણ કંઈક લાભ તો કરે જ છે, તેમાં પ્રતિમા અને તેની ભક્તિ અધિક પ્રાણ પૂરેછે. એક બગીચામાં જઈને બેસનારને ત્યાંની સુગંધનો અનાયાસે અનુભવ થાય છે. તેમ દેવમંદિરમાં જઈને બેસનારને થોડીક પણ દિવ્યતાનો સ્વાભાવિક લાભ મળે છે અને તેમાંય સર્વ પ્રકારની અશાતનાઓ ટાળીને, શાસ્ત્રોક્ત સર્વ શુદ્ધિઓનું જ્યાં પાલન કરવાની ચિવટ રખાય છે તે શ્રી જિનમંદિરમાં જઈને બેસનારને તો આ લાભ મળ્યા સિવાય રહેતો નથી.

ગમે તેવો કલામય રાજમહેલ, તેમાં વસનારને જે સુખ આપે છે, તે રાજસિક હોય છે, સાત્ત્વિક નથી હોતું. એટલે તેનાથી દેહને ઠીક જેવું લાગે છે, પણ આત્માની તો પરાધીનતા જ પોષાય છે.

જ્યારે શ્રી જિનમંદિરમાં શ્રી જિનેશ્વર દેવની પ્રતિમા મુખ્ય સ્થાને હોવાથી, સ્વયં શ્રી જિનેશ્વર દેવના સાન્નિધ્યમાં અનુભવવા મળતા આત્મિક સુખનો આંશિક અનુભવ તો ત્યાં જનાર માત્રને થાય છે. અને તત્ત્વદૃષ્ટિવાળાને તો વિશેષ-આત્મિક લાભ થાય છે.

જેમનાં મન-બુદ્ધિ વગેરે ખૂબ જ ચંચળ અને બહિર્ભાવાત્મક હોય છે. તેમને આ લાભનો પ્રગટ અનુભવ તરત કળાતો નથી. જે રીતે રસોડાની અતિશય કાળી ભીંત પર લગાડાતા ચૂનાના એક હાથથી પ્રગટ સફેદી તરત ઉઘડતી નહિ હોવા છતાં તે હાથ બાતલ જતો નથી, પણ કાળાશને કંઈક તો ઓછી કરે જ છે, તેમ આવા આત્માઓને પણ શ્રી જિનમંદિરમાં જવાથી કંઈક આત્મિક લાભ તો થાય જ છે અને તેનું પ્રધાન કારણ શ્રી જિનપ્રતિમા છે.

ભૌતિક દૃષ્ટિએ ગામમાં નિશાળ, દવાખાનું, વ્યાયામ શાળા, મનોરંજન કેન્દ્ર, બાગ વગેરે જેટલાં જરૂરી મનાયા છે, તેના કરતાં ખૂબ-ખૂબ જરૂરી દેવાલય છે. નિશાળ, દવાખાનું, વ્યાયામ શાળા, મનોરંજન કેન્દ્ર, બાગ વગેરેથી શરીરને ફાયદો થતો મનાય છે, તે વાત ક્ષણભર માની લઈએ, તો પણ શરીરના સ્વામી એવા આત્માને તેનાથી ફાયદો નથી થતો એ હકીકતનો ઈન્કાર થઇ શકે તેમ નથી. એટલે એક કાળે આ દેશના પ્રત્યેક ગામમાં ઓછામાં ઓછું એક દેવાલય નિર્માણ કરવાની કાળજી રખાતી હતી !

કરોડ-બે કરોડના ખર્ચે એક દવાખાનું ઉભું થાય છે, તો તેની ખૂબ જાહેરાત થાય છે તેમજ તેના ઉદ્ઘાટન સમારંભમાં સમાજના આગેવાનો હર્ષભેર સામેલ થાય છે, આવાં દવાખાનોથી દેહના કેટલાક રોગ થોડા સમય માટે દૂર થાય છે, તે તેનાથી થતો દૃષ્ટ ફાયદો છે. જ્યારે ઉત્તમ જિનાલયનું નિર્માણ થાય છે તો તેનાથી સ્વપરને સીધા તેમજ આડકતરા જે લાભ થાય છે, તેમાં રોગમુક્તિ, ચિત્તશુદ્ધિ, પવિત્ર વિચાર તેમજ આત્મરતિ વગેરેનો સમાવેશ થઈ જાય છે.

અનુભવી શાસ્ત્રજ્ઞોનો મત છે કે, દેવાલય વગરના ગામ-નગર-એટલે આત્મા વગરના શરીર. ગામ-નગરમાં દેવાલય ન હોય, એટલે પૂ. સાધુ-સાધ્વીજીનો સમાગમ ભાગ્યે જ થાય, વ્રત-નિયમ પાળવાની વૃત્તિ જાગે નહિ, પશુ જેવા જીવનમાં જ રાત-દિવસ પસાર થાય, મન

ઉત્તરોત્તર વધુ મલિન બને, તેમજ દાન-શીલ તપ અને ભાવરૂપ ધર્મની આરાધના કરવા માટે મળેલો માનવભવ વેડફાઈ જાય.

આહાર, નિદ્રા, ભય, મૈથુન આદિ સંજ્ઞાઓ તો પશુઓને પણ વળગેલી છે. જો માણસ પણ તે જ વળગાડને 'જીવન' માનીને જીવે, તો તે 'પશુ' ને સારો કહેવરાવનારો ન ગણાય ?

દેવપદથી ઊંચા પદની પ્રાપ્તિ માટેની ધર્મારાધના, એક માનવના ભવમાં જ થઈ શકે છે. માટે તે દેવદુર્લભ ગણાય છે. આવા અણમોલ માનવભવનું યથાર્થ મૂલ્ય આંકવાની દૃષ્ટિ તેમજ તે દૃષ્ટિ મુજબ ચાલવાની સદ્બુદ્ધિ શ્રી જિનપ્રતિમાની ભક્તિથી જાગે છે. માટે શ્રી જિન-પ્રતિમાને 'ભવજલનિધિ પોત' ભવસાગરથી તારનારી નૌકાની યથાર્થ ઉપમા છે.

જળાશયમાં આસાનાથી તરવા માટે શરીર ઉપરનો ભાર ઉતારી દેવો પડે છે, તેમ ભવસાગર પાર કરવા માટે આત્માને વળગેલા કર્મોનો ભાર ઉતારી દેવો પડે છે. અત્યંત કઠિન આ કાર્ય કોઈ માનવી માત્ર સ્વ-પ્રયત્ને સફળતાપૂર્વક પાર પાડી શકતો નથી. પણ તે માટે તેને શ્રેષ્ઠતમ સહાય-આલંબનની જરૂર પડે છે.

પોતાના પગમાં પેસી ગયેલા કાંટાને પણ માણસ સોય કે તેવા અણીદાર પદાર્થની મદદ વડે જ પગમાંથી બહાર કાઢી શકે છે. તો પછી આત્માના અસંખ્ય પ્રદેશોમાં રહેલા ભાવમળને આપણે કેવળ સ્વ પ્રયત્ને દૂર ન કરી શકીએ, તે સ્વાભાવિક છે.

અસાધારણ કોટિનું આ કાર્ય તેવા જ અસાધારણ કક્ષાના માધ્યમની મદદની અપેક્ષા રાખે છે. શ્રીજિનપ્રતિમા વડે આ અપેક્ષાઓ સંતોષાય છે. માટે મૂર્તિપૂજામાં નહિ માનનારા માણસો પણ પોતાના આત્માની શુદ્ધિ માટે કોઈને કોઈ આકારનું આલંબન ગ્રહણ કરે છે. આવા આલંબનોમાં મૂર્તિ એઉત્કૃષ્ટ આલંબન છે. એટલે તો અનુભવી મહાસંતો જણાવે છે કે તમે શ્રી જિન પ્રતિમા સન્મુખ ઊભા રહો ! આટલું કરશો તો પણ મોરને જોતાંની સાથે નાસભાગ કરતા સર્પ સમૂહની જેમ, આત્માને વળગેલા કર્મોરૂપીસર્પ નાસભાગ કરવા માંડશે. કારણ કે તમે બીજા કોઇની સન્મુખ નથી ઊભા. પણ શ્રીજિનેશ્વર પરમાત્મા રૂપી મોરની સન્મુખ ઊભા છો.

મૂર્તિ, જેમને મૂર્તિમંત કરે છે, તે શ્રીજિનેશ્વર દેવની પડખે રહેવાનું સૌભાગ્ય આપણને સાંપડે આપણો બેડો પાર થઈ જાય એવું જો આપણે માનતા જ હોઈએ, તો શ્રી જિનેશ્વર દેવ તુલ્ય શ્રીજિન પ્રતિમાના દર્શન પૂજન કરવાનો અવસર આપણને આપણા જીવનનો ધન્યતમ અવસર લાગવો જ જોઈએ.

ઘણા વર્ષોથી વિદેશમાં વસતા પોતાના સ્નેહીનો ફોટો જોઇને, માણસને અકથ્ય આનંદ થાય, તે વાતનો સ્વીકાર કરનારા આપણને મોક્ષનગરમાં જઈ વસેલા શ્રી જિનેશ્વરદેવની મૂર્તિનાં દર્શન કરતાં, તેના કરતાં પણ ચઢીઆતો આનંદ થવો જોઇએ.

સમગ્ર સાંસ્કૃતિક પ્રવાહને શુદ્ધ રાખવામાં દેવાલયો જે ભાગ ભજવે છે, તે અજોડ હોય છે. તેથી સર્વ દેશ અને કાળના વિવેકી પુરુષો દેવ-પૂજાનને મહત્ત્વ આપ્યું છે.

મંદિરમાં જઇને ભગવાનની પૂજા કરનારા પૂજકો અનીતિ આચરવામાં પાછું વળીને જોતા નથી, એવું કહેનારાઓને જણાવવાનું કે એમાં મંદિર અને ભગવાનનો શો દોષ? કોઇ માણસ સ્નાન કર્યા પછી પુનઃ ગંદો થાય, તેમાં જો પાણીનો દોષ ગણાતો હોય, તો મંદિરમાં જઈને ભગવાનની પૂજા કરનારો અનીતિ આચરે, તેમાં ભગવાનનો દોષ ગણાય. નહિ નહાવાની વૃત્તિવાળા ગૃહસ્થના દેહ પર મેલના થર જામી જાય છે. પણ તે નહાય છે, તો તેમાં ઘટાડો થાય છે, ભલે પછી તે વિવેક ચૂકીને ગંદો થતો હોય અથવા કુદરતી રીતે પરસેવા આદિથી તેના શરીર પર મેલ જામતો હોય, છતાં એક વાર પણ સ્નાન કર્યાનો લાભ તેના શરીરને તો મળે જ છે. તે જ રીતે દેવપૂજા નહિ કરનારા કરતાં દેવપૂજા કરનારો અમુક કાળ પૂરતો પણ અમુક પ્રમાણમાં આંતરિક શુદ્ધિ પ્રાપ્ત કરતો હોય છે. તે પછી જો તે વિવેક ચૂકીને નીતિ ચૂકે તો તે અનુમોદનીય ના હોવા છતાં તેણે કરેલી પૂજા ભક્તિની તો અનુમોદના કરવી જ પડે.

ધર્મનો આરાધક સદંતર ધાર્મિક હોય જ એવો એકાન્ત આગ્રહ રાખવાથી સંપૂર્ણ ધર્મમય એવા પરમાત્મા શ્રી જિનેશ્વરદેવ અને સિદ્ધ ભગવંત સિવાય અન્ય મહાત્માઓ પ્રત્યેનો પૂજ્યભાવ પણ

જાળવાવો મુશ્કેલ પડે. કારણ કે તેઓ હજી સંપૂર્ણ કર્મરહિત થયા નથી પણ થવાના માર્ગે આગળ વધી રહેલા છે.

તે જ રીતે મૂર્તિપૂજક એટલે પૂર્ણ નીતિમાન-એવી વ્યાખ્યા બાંધવા જઈએ તો મોટો અનર્થ થાય.

અનીતિનો પક્ષ ન કરાય તે સાચું, પણ સંપૂર્ણ નીતિમય જીવન કોઈ માણસ થોડા કાળની ભક્તિથી ભાગ્યે જ પામી શકે છે. પડતાં આખડતાં ચાલતા શીખતા બાળકની જેમ બાળકક્ષાના જીવો પણ મૂર્તિપૂજાના પ્રભાવે કાળક્રમે સંપૂર્ણ શુદ્ધ નિર્દોષ જીવન જીવવાની યોગ્યતા હાંસલ કરે છે.

એક શાળાના ૪૦ વિદ્યાર્થીઓમાં એક જ વિદ્યાર્થી પહેલા નંબરે પાસ થાય છે. તો શું બાકીના ઓગણચાળીસને નાપાસ સમજવા?

ના. એ તો અયથાર્થ ગણાય. બસ, આ જ ન્યાય મૂર્તિપૂજકોને પણ લાગુ પડે છે, લાગુ પાડવો જોઇએ. હા, આપણે એ વાત ભાર દઈને કહેવી જોઇએ કે ભાઈઓ! ઉત્તમ દ્રવ્ય અને ભાવપૂર્વક શ્રીજિનપૂજામાં તન્મય બની જવામાં જ માનવ જન્મની સાર્થકતા છે. પણ માંડ-માંડ પૂજાના માર્ગે ચઢેલા કોઈને ખોટી ઠેસ પહોંચાડવી ન જોઇએ.

ઉત્તમ ભાવોત્પાદક ગીત, નૃત્ય અને સંગીતનો જે ત્રિવેણી સંગમ દેવાધિદેવની ભક્તિ કરતાં-થાય છે. તેમાં એક મિનિટ પૂરતી પણ ડૂબકી મારવાનો વીર્યોલ્લાસ જાગ્યા સિવાય ભાગ્યે જ રહે છે. આ મહાન લાભ દેવાધિદેવના ભવ્યાતિ ભવ્ય દરબારના દરબારીને જ મળે છે.

સ્થૂલ લાભનું જે ગણિત છે. તેના કરતાં નિરાળુ સૂક્ષ્મ લાભનું ગણિત છે. તે ગણિત અનુસાર એકને થતો લાભ, અનેકને લાભપ્રદ નીવડે છે. એક ભાવિક દહેરાસરમાં અર્ધો કલાક ભક્તિની રમઝટ બોલાવે છે, તો ત્યાંના સમગ્ર વાયુ-મંડળ ઉપર તેની પવિત્ર અસર ફેલાય છે અને તેનો લાભ ત્યાં રહેલા તેમજ આવનારા ભાઇ બહેનોને પણ મળે છે.

સ્વરૂપવાન યુવતીનું ચિત્ર જોવાથી કામ-વિકાર જાગતો હોવાની જગપ્રસિદ્ધ હકીકત શાન્તાકાર શ્રી જિન પ્રતિમાના દર્શનથી તુચ્છ રાગ ક્ષીણ થતો હોવાના સમર્થનમાં જ પરિણમે છે. માટે પૂજ્યતમ પરમાત્માની પ્રતિમાને પૂજવાની અગત્યને જીવનમાં અગ્રિમતા આપવી તેમાં બુદ્ધિની સાર્વકતા છે.

સકળ વિશ્વ અક્ષર અને આકૃતિમય છે. એમાંથી એકની પણ ઉપેક્ષા કરવાથી આપણે સ્વયં ઉપેક્ષિત થઇ માર્ગભ્રષ્ટ થઈએ છીએ, આ હકીકત ધ્યાનમાં લઈને આપણે અક્ષરમય શ્રી આગમો અને આકૃતિમય આ શ્રી જિનપ્રતિમાની અનન્ય ભાવે આરાધના-ઉપાસના કરવી જોઇએ.

**શ્રી જિનપૂજનની ન્યાયપુરસ્સરતા**

દશપૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચકવર્ય શ્રી તત્ત્વાર્થ ભાષ્યમાં ફરમાવે છે કે

**"अभ्यर्चनादर्हतां मनः प्रसाद स्तत समाधिश्च ।**
**तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥**

શ્રી અરિહંતો રાગદ્વેષાદિ મળથી રહિત હોવાથી તેમના વંદન અને પર્યુપાસના આદિથી ચિત્ત પ્રસન્ન થાય છે. જેમ નિર્મળ જળથી બાહ્ય મળ દૂર થાય છે તેમ શ્રી અરિહંતો રાગ દ્વેષાદિ મળથી રહિત હોવાથી તેમની ઉપાસના કરનારાના રાગાદિ આંતરિક મળો દૂર થાય છે.

રાગાદિ મળો દૂર થવાથી ચિત્ત પ્રસન્ન થાય છે. ચિત્તની પ્રસન્નતાથી ચિત્તની એકાગ્રતા થાય છે. ચિત્ત એકાગ્ર થવાથી તત્ત્વ શ્રવણની અભિલાષા થાય છે. તત્ત્વ શ્રવણની અભિલાષાથી સાચું-ભાવનાવાળું શ્રવણ થાય છે. ભાવયુક્ત શ્રવણથી તત્ત્વ વિષયક ધારણા, ગ્રહણ અને ઉહાપોહ થાય છે. તત્ત્વનો અભિગમ થવાથી હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થાય છે. હિત-પ્રાપ્તિ અને અહિતનો પરિહાર થવાથી પરમ કલ્યાણ રૂપ મુક્તિની પ્રાપ્તિ થાય છે.

એ રીતે ચિત્તની પ્રસન્નતાથી માંડીને મોક્ષ પર્યંતના કલ્યાણોની પરંપરાની પ્રાપ્તિના હેતુભૂત હોવાથી શ્રી અરિહંતોનું પૂજન, અભિગમન, વંદન અને પર્યુપાસન આદિ સજ્જનો માટે ન્યાય યુક્ત છે.

શ્રી અરિહંતોને તો પૂજનની જરૂર નથી. તો પણ પૂજકને કલ્યાણ પરંપરાના કારણ ભૂત હોવાથી કૃતાર્થ એવા શ્રી અરિહંતોની પૂજા અવશ્ય કર્તવ્ય છે.

શ્રી અરિહંતોની પૂજા તેમના બિંબોની પૂજા દ્વારા થઈ શકે છે. સંસારી આત્માઓ ધર્મ કરવામાં પ્રાયઃ આળસુ, કષ્ટભીરૂ અને પ્રમાદી

હોય છે. તેવા જીવોને શ્રી જિનેશ્વર દેવોની શાન્ત આકારવાળી પ્રતિમાઓ જોઈને કર્મનો ક્ષયોપશમ થાય છે.

કર્મનો ક્ષયોપશમ થવામાં શાસ્ત્રકારોએ દ્રવ્યાદિને હેતુ માનેલા છે. શ્રી જિનેશ્વરદેવોના મનોહર બિંબો, એ ઉત્તમોત્તમ દ્રવ્ય છે. શ્રી જિનમંદિર એ ઉત્તમ ક્ષેત્ર છે. પૂજન વખતનો કાળ તથા ભાવ પણ ઉત્તમ હોય છે. ઉત્તમ પ્રકારના દ્રવ્યાદિની સામગ્રી મળવાથી મોહરૂપી મળ ઘટે છે. અને મોહનીયાદિ કર્મ-પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થાય છે. મોહનીયનો ઉપશમાદિ થવાથી ચિત્ત પ્રસન્ન-સ્વચ્છ-નિર્મળ થાય છે. ચિત્ત નિર્મળ થવાથી શ્રી જિન વચન પ્રત્યે શ્રદ્ધા આવિર્ભાવ પામે છે. તેથી શ્રી જિનવચનનું શ્રવણ સમ્યક્ પ્રકારે થાય છે. અને આ પ્રકારના શ્રવણથી સમ્યગ્ દર્શન આદિ ગુણોનો આરાધકને લાભ થાય છે.

સમ્યગ્દર્શન આદિ ગુણોને પામેલા આત્માઓને પણ શ્રી જિન પ્રતિમાના દર્શન, વંદન, પૂજનાદિ વડે પ્રમાદાદિ દૂર થાય છે, સંવેગાદિ વધે છે અને શ્રી જિન ગુણના ધ્યાનમાં મન એકાગ્ર થાય છે અને તેથી પરમ શમરસભાવની પ્રાપ્તિ થાય છે. માટે શ્રી જિન-પ્રતિમા-પૂજન સર્વથા ન્યાય-સંગત ઠરે છે.

**શ્રી જિન પૂજનથી ત્રણ ગુણની સિદ્ધિ**

**(૧) ગુણ-બહુમાન,**

**(૨) કૃતજ્ઞતા અને**

**(૩) વિનય**

આ ત્રણ ગુણ શ્રી જિન પૂજનથી સિદ્ધ થાય છે. ગુણ-બહુમાનનો પ્રભાવ વર્ણવતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે-

**"गुणबहुमानिनो हि जीवा बहुमानद्वारोपजातावन्ध्यपुण्यप्रबन्धसामर्थ्यान्नियमादिहाऽमुत्र च शरच्छशधरकरनिकरगौरं गुणग्राममवश्यमवाप्नुवन्ति, तद्बहुमानाशयस्य चिन्तारत्नादप्यधिकशक्तियुक्तत्वात्॥"**

અર્થ :-ગુણો પ્રત્યે બહુમાન ધારણ કરનારા જીવો, એ બહુમાન દ્વારા ઉપાર્જન કરેલ અવંધ્ય પુણ્ય સમૂહના સામર્થ્યથી, આલોક અને પરલોકમાં શરદ ઋતુના ચંદ્ર કિરણના સમૂહ જેવા ઉજ્જવળ

ગુણ-સમુદાયને અવશ્ય પ્રાપ્ત કરે છે. કારણકે ગુણ-બહુમાનનો આશય-અધ્યવસાય-ચિન્તામણિ રત્ન કરતાં પણ અધિક શક્તિ યુક્ત છે.

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરનારો, શ્રી જિનેશ્વરદેવના વીતરાગતાદિ અનંત ગુણોનું બહુમાન કરે છે. તેથી એ બહુમાન દ્વારા તે અનંત પુણ્યનું ઉપાર્જન કરે છે.

શ્રી 'સિન્દૂર પ્રકર'ના કર્તા શ્રી સોમસુંદર સૂરીશ્વરજી ફરમાવે છે કે-

"यः पुष्पैर्जिनमर्चति स्मितसुरस्त्रीलोचनैः सोऽर्च्यते,
यस्तं वंदत एकशस्त्रिजगता सोऽहर्निशं वन्द्यते ।
यस्तं स्तौति परत्र वृत्रदमनस्तोमेन स स्तूयते,
यस्तं ध्यायति क्लृप्त-कर्मनिधनः स ध्यायते योगिभिः ॥"

અર્થ : જે પુણ્યાત્મા પુષ્પો વડે શ્રી જિનરાજને પૂજે છે, તે સ્મિત વદનવાળી દેવાંગનાઓના લોચનો વડે પૂજાય છે. જે એક જ વાર શ્રી જિનરાજને ભાવપૂર્વક નમે છે, તે ત્રણે જગત વડે નિરંતર વંદન કરાય છે. જે ગુણ-બહુમાનના ભાવથી શ્રી જિનરાજની આ લોકમાં સ્તુતિ કરે છે, તે પરલોકમાં ઇન્દ્રોના સમુદાય વડે સ્તુતિ કરાય છે. શ્રી જિનેશ્વરદેવનું મનથી ધ્યાન કરે છે. તે સમસ્ત કર્મનો અંત કરનારો બની યોગી પુરુષો વડે પણ ધ્યાન કરાય છે.

ઉક્ત કથનમાં જેઓને અતિશયોક્તિ લાગતી હોય અથવા શ્રદ્ધા ન બેસતી હોય, તેઓએ શ્રી જિનેશ્વર દેવોના અનંત ગુણની ગણનામાં મન પરોવવું જોઇએ.

શ્રી જિનેશ્વરદેવો અનંત ગુણના પુંજ છે. સર્વ ગુણોના પ્રકર્ષને પામેલા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ, શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય, દાન, શીલ, તપ, ભાવ, દર્શન, જ્ઞાન, ચારિત્ર ધૈર્ય, સ્થૈર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્ય, સૌજન્ય અને ઔદાર્ય આદિ સ્વપરોપકારક જેટલા ગુણો આ જગતમાં સંભવિત છે, તે સર્વ ગુણોનું પાલન શ્રી જિનેશ્વર દેવોએ સ્વયં કર્યું છે, અન્ય પાસે કરાવ્યું છે, તેમજ તે ગુણોનું નિરંતર પાલન થતું રહે તેવા પ્રકારનું તીર્થ જગતમાં સ્થાપીને અંતે અવ્યાબાધ પદને વરેલા છે. એમનાથી અધિક ગુણવાન આ જગતમાં બીજો કોઈ છે નહિ.

એવા અનંતગુણી શ્રી જિનેશ્વર દેવના પૂજનનો અધ્યવસાય પણ અનંત ફળને આપનારો છે. તો પછી તે પૂજનની પ્રવૃત્તિ અને પ્રાપ્ત સામગ્રીના પૂજન માટેનો સદુપયોગ તો અનંત લાભને આપનારો થાય, તેમાં આશ્ચર્ય જ શું ?

અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમા, દાન આદિ અગણિત ગુણો પૈકી એકાદ ગુણના શિખરે પહોંચેલા પુરુષના સ્મરણ મનન આદિથી પણ માણસમાં તે ગુણ પ્રગટે છે અને તેનો પ્રતિપક્ષી દોષ નાશ પામે છે, એ સર્વવિદિત હકીકત ધ્યાનમાં લેનારને અનંત ગુણવાન શ્રી જિનેશ્વરદેવના સ્મરણ, મનન, વંદન, પૂજન આદિ કરવાથી ગુણ-સમૃદ્ધ જીવનની પ્રાપ્તિ બાબતમાં લેશ પણ સંશય રહે તેમ નથી.

મહાસતી સીતાજીના નામના સહારે અનેક સ્ત્રીઓએ પોતાના શીલની સુરક્ષા કર્યાના દાખલા મોજુદ છે.

રાજા હરિશ્ચંદ્રના જીવનમાંથી પ્રેરણા લઈને અનેક માનવો સત્ય પરાયણ જીવન જીવવામાં સફળ થયા છે.

દાનેશ્વરી કર્ણના દાખલાએ અનેકને દાનશૂરા બનાવ્યા છે. તો પછી શીલ, સત્ય, દાન આદિ અનંત ગુણોના પ્રકર્ષને પામેલા શ્રી જિનેશ્વર દેવની પૂજા ભક્તિ કરવાથી સમગ્ર જીવન ગુણ સમૃદ્ધ બની જાય તેમાં આશ્ચર્ય જેવું કંઇ જ નથી.

હવે કૃતજ્ઞતા ગુણની સિદ્ધિ અંગે વિચારીએ : બીજા તરફથી આ લોક સંબંધી કે પરલોક સબંધી થોડો પણ ઉપકાર પોતાના ઉપર થયો હોય, તેને ન ભૂલવો, તે કૃતજ્ઞતા ગુણ છે.

શ્રી જિનેશ્વર દેવો તરફથી ત્રણ જગતના તમામ જીવો ઉપર જે ઉપકારો થયા છે તેમજ થઈ રહ્યા છે, તે વર્ણનાતીત છે. જન્મ આપનાર માત-પિતાનો ઉપકાર, આજીવિકાનુ સાધન પૂરૂં પાડનાર સ્વામીનો ઉપકાર, લૌકિક વિદ્યા શીખવનાર વિદ્યાગુરૂનો ઉપકાર દુષ્પ્રતિકાર મનાય છે અને તેમાં પણ સદ્ધર્મને પમાડનાર સદ્દગુરૂનો ઉપકાર અત્યંત દુષ્પ્રતિકાર મનાય છે. કોઈ પણ પ્રકારે તે ઉપકારનો બદલો વાળી શકાતો નથી. જ્યારે શ્રી જિનેશ્વર દેવોનો ઉપકાર તો ઉક્ત સર્વના ઉપકારોને ટપી જાય, તેવો અસાધારણ છે.

માતા, પિતા, સ્વામી, કલાગુરૂ કે ધર્મગુરૂનો ઉપકાર તો તેમને આ જન્મમાં કે અન્ય જન્મમાં ધર્મ પામવા-પમાડવાના સંયોગ મળે તો વળી પણ શકે છે, પરંતુ શ્રી જિનેશ્વરદેવના ઉપકારનો બદલો વાળવાનો કોઈ માર્ગ નથી. કારણ કે તેઓશ્રીનો ઉપકાર, લૌકિક સર્વ ઉપકારો કરતાં અનંત ગુણો મોટો છે. સદ્ધર્મ પમાડનારા ધર્મગુરૂના ઉપકાર કરતાં પણ તેઓશ્રીનો ઉપકાર મોટો છે.

શ્રી જિનેશ્વર દેવોએ કેવળજ્ઞાન પામીને ધર્મતીર્થની સ્થાપના ન કરી હોત, તો ધર્મગુરૂ પણ સદ્ધર્મ પમાડવારૂપ ઉપકાર ન કરી શકયા હોત ! એ કારણે શ્રી જિનેશ્વરદેવો તો ગુરૂના પણ ગુરૂ છે, ત્રણે જગતમાં અજ્ઞાનરૂપી અંધકારને ટાળનાર છે, આંધળાને આંખ આપનારા ઉપકારી કરતાં પણ તેઓશ્રી મોટા ઉપકારી છે.

ત્રણે જગતને સમ્યક્ શ્રુતરૂપી ચક્ષુનું દાન કરીને તેઓશ્રીએ અનુપમ ઉપકાર કરેલો છે. મરતાને જીવન આપનારા કરતાં પણ તેઓશ્રી અનંત ગુણા ઉપકારી છે. કારણ કે મરતાને જીવાડયા પછી પણ તેનું ફરીવાર મરવાનું અટકતું નથી, જ્યારે શ્રી જિનેશ્વર દેવોએ જગતના જીવોને કદી પણ મરવું ન પડે તેવો માર્ગ પ્રકાશ્યો છે. એ માર્ગનું આસેવન કરીને અનંતાનંત આત્માઓ જન્મ-જરા અને મરણની અનંત આપત્તિને તરી ગયા છે. તરી રહ્યા છે, અને તરી જનારા છે. તેથી એમના સમાન બીજો કોઇ ઉપકારી નથી.

ત્રિજગશરણ, ત્રિભુવનબાંધવ, અકારણવત્સલ, અસંકલિપત-કલ્પવૃક્ષ, અચિન્ત્ય ચિંતારત્ન, કૃપાસિંધુ, સર્વજીવહિત ચિંતક, આંતરિક ધન દાતાર, મુક્તિપંથ પ્રદર્શક, ઘોર સંસારકૂપ સમુદ્ધર્તા, ભવાટવી સાર્થવાહ, ભવોદધિનિર્યામક, મહાગોપ અને મહા માહણાદિ અનંત ઉપમાઓથી અલંકૃત શ્રી જિનેશ્વર દેવો થાય છે.

આવા અસીમ ઉપકારી શ્રી જિનેશ્વર દેવની પૂજા કરનારો આત્મા, ઉપકારીના ઉપકારને હૃદયમાં ધારણ કરી, કૃતજ્ઞતા ગુણને દીપાવતો ધર્મ-પ્રાપ્તિને લાયક બને છે. તે સિવાય આ લાયકાત કોઈ આત્મા ભાગ્યે જ પ્રાપ્ત કરી શકે છે. અને આ લાયકાત સિવાય, કોઈ આત્મા પરમાત્મ-પદ પ્રાપ્ત કરી શકતો નથી.

શ્રી જિનપૂજાથી વિનય ગુણ પણ સિદ્ધ થાય છે.

**'विनीयते अपनीयते विलीयते वा अष्टप्रकारं कर्म येन स विनयः।'**

આઠ પ્રકારના કર્મ જેનાથી દૂર થાય, નાશ પામે, તે વિનય કહેવાય છે. તે વિનય સર્વ ગુણોનું મૂળ છે.

વિનય રહિત આત્માનો ધર્મ કે તપ નિષ્ફળ માન્યો છે, વિનયથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર, ચારિત્રથી મોક્ષ અને મોક્ષથી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે.

આ વિનયના પાંચ મુખ્ય પ્રકાર છે: જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય અને ઉપચાર વિનય.

શ્રી જિનેશ્વર દેવની પૂજામાં આ પાંચે પ્રકારના વિનય સચવાય છે અને એના ફળરૂપે અપૂર્વ જ્ઞાન, અપૂર્વ દર્શન, અપૂર્વ ચારિત્ર અને અપૂર્વ તપ આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે આવા અલૌકિક લાભને આપનારી શ્રી જિનપૂજાને વિશ્વના વિવેકી આત્માઓ પોતાના જીવનમાં અગ્રિમતા આપે છે અને તેમાં પોતાના શ્રેષ્ઠ દ્રવ્ય-ભાવ આદિનો સદુપયોગ કરે છે.

શ્રી જિનપૂજા નહિ કરવાની મતિ બંધાય છે, તો આ ત્રણ મહાન ગુણોની પ્રાપ્તિ દુર્લભ બને છે, એટલું જ નહિ. પણ તેના પ્રતિપક્ષી દોષો-ગુણદ્વેષ, કૃતઘ્નતા અને અવિનય આત્મામાં વધુ દૃઢ બને છે, તેથી આત્માનું ભવભ્રમણ વધે છે. ભવભ્રમણ વધવાથી ભવ-સંબંધી યાતનાઓ અને અશાતા વધે છે. તેથી સ્વ-પર પ્રત્યે સદ્ભાવ એકદમ ઓછો થાય છે અને વધુ નીચ ગતિના કર્મો બંધાય છે. માટે પ્રભુ પૂજાને પરમપદનો પાયો સમજીને સૌ કોઈ આલંબનો આવકારે અને આકારના આધારે નિરાકાર, અંજનના આધારે નિરંજન તેમજ રૂપના સહારે અરૂપ-દશાને વહેલી તકે સાધે એ જ એક કલ્યાણ-કામના.

# ઉપસંહારનો—ઉપદેશ

# ૨૬

'પ્રતિમા–પૂજન' નામે આ ગ્રન્થમાં પરમ પૂજ્ય શ્રી તીર્થંકર દેવની પ્રતિમાની ઉત્તમ દ્રવ્ય અને ભાવપૂર્વક પૂજા–સ્તુતિ–ભક્તિ વગેરે કરવાથી પૂજક આત્મા પણ કાળક્રમે પૂજ્યતમ પરમાત્મ- પદને પામે છે, તે શાસ્ત્રીય સત્યનું શાસ્ત્રાધારે પ્રતિપાદન કરવામાં આવ્યુ છે. મૂર્તિ-પૂજામાં થતી જણાતી સ્વરૂપ–હિંસાને આગળ કરીને જેઓ તેનાથી વિમુખ રહે છે, તેઓ પણ જીવવા માટે જરૂરી શ્વાસની લે–મૂક કરતા થતી જીવહિંસાને ટાળી શકે તેમ છે ખરા ? ના. તેમ કરવાથી ધર્મ અને મોક્ષ પુરુષાર્થ માટે મળેલો માનવ ભવ જ અસાર્થક બને છે.

જીવન પ્રત્યેનું નકારાત્મક વલણ આપણે નથી અપનાવતા, પણ હકારાત્મક વલણ અપનાવીએ છીએ. અને તેથી જ જીવનમાંનો આપણો રસ ટકેલો રહે છે.

અનંતજ્ઞાની ભગવંતો કે જેઓ દયાના સાગર હતા તેમજ છે, તેઓએ પણ જેને યથાર્થતાની મહોર મારી છે, તે મૂર્તિપૂજામાં પાપ જોવું અને માટે તેનાથી વિમુખ થવું, એ પડતા–આખડતાં ચાલતાં શીખતા બાળકને પારણામાં જ ગોંધી રાખીને સલામત રાખવા જેવુ. અહિતકારી પગલું છે.

મૂર્તિપૂજા તરફના આ જાતના નકારાત્મક વલણને ગંભીર ગણીને સુધારીને હકારાત્મક બનાવવાની સુંદર. મન નીય છણાવટ આ ગ્રન્થમાં છે.

પોતાના ઉપકારી માતા–પિતાના ફોટા તરફ નફરત દાખવનાર સુપુત્ર નથી જ ગણાતો. આખી દુનિયા તેને ભાંડે છે એ જાણવા છતાં અસીમોપકારી જિનેશ્વર દેવની પ્રતિમાના દર્શન કરવામાં પણ જેઓ પાપ માને છે. તેઓ દુનિયાની નજરમાંથી ઉતરી જાય છે. એટલું જ નહિ. પણ શ્રી જિનેશ્વરદેવની કૃપા ઝીલવાની પાત્રતાથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

જેની મૂર્તિ ન ગમે તેના વચન આદેય શી રીતે લાગે ? આ પ્રશ્નને કોઇ એક જ દૃષ્ટિકોણથી ન જોતાં–મૂલવતાં સ્યાદ્વાદ દૃષ્ટિએ જોવા-મૂલવવાથી દર્પણમાં પોતાનું મોં જોવાની જે વૃત્તિ સર્વને વળગેલી

હોય છે, તેનું ઉર્ધ્વીકરણ થઈને શ્રીજિન પ્રતિમામાં સ્વ-સ્વરૂપને નિરખવા-પારખવાનું ચલણ મનોરાજ્ય પર સ્થપાય છે.

પ્રતિમા પૂજન સંબંધી જે પ્રશ્નોત્તરી આ ગ્રન્થમાં આપવામાં આવી છે. તેનો તલસ્પર્શી અભ્યાસ કરનારને, એ એક વાત દીવા જેવી સ્પષ્ટ થાય તેમ છે કે, પ્રતિમા-પૂજન વિશ્વ જેટલું જ પ્રાચીન છે, અર્થાત્ અનાદિનું છે.

કોઇ પૂછે કે આંખનો સદુપયોગ શેમાં? તો કહેવું પડે કે. જોવા જેવા પદાર્થોને સારી રીતે જોવામાં. જોવા જેવા પદાર્થોમાં પણ ઉત્તમ પદાર્થ કયો ગણાય! જેને જોવાથી મનની ચંચળતા ઓછી થાય, વિષયોનો આવેગ મંદ પડે, કષાયના તોફાની વાયરા ઓછા થાય અને આંતરમનમાં આત્મલોકની નિર્મળ છબી પ્રતિબિંબિત થાય.

આવો પદાર્થ આ વિશ્વમાં શ્રીજિન પ્રતિમા રૂપે વિદ્યમાન છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

સાકાર શરીર વાટે નિરાકાર આત્માની સંપૂર્ણ શુદ્ધિની સાધના થઇ શકે છે, તેમ નિરાકાર પરમાત્માની સાધના તેમના નામ, દ્રવ્ય અને ભાવરૂપ નિક્ષેપાની જેમ સ્થાપના નિક્ષેપાથી પણ થઈ શકે છે.

જેમનો ભાવ-નિક્ષેપો પૂજ્ય હોય છે, તેમના બાકીના ત્રણે નિક્ષેપા પૂજ્ય હોય છે. તેમ છતાં જેઓ શ્રી તીર્થંકર પરમાત્માના ભાવ નિક્ષેપાને જ પૂજ્ય માને છે અને સ્થાપના નિક્ષેપાને પૂજવા યોગ્ય નથી માનતા તેઓ તત્ત્વતઃ શ્રીતીર્થંકર દેવની આશાતનાના ભાગી બને છે, એ હકીકતની તાત્ત્વિક તેમજ તર્કસંગત સ્પષ્ટતા આ ગ્રંન્થમાં કરાવામાં આવી છે.

અમૂર્ત પરમાત્માના પરમ મંગલકારી સ્વરૂપને મૂર્તિમાં ઉતારીને અસીમોપકારી ભગવંતોએ જે ઉપકાર ત્રિભુવન ઉપર કર્યો છે. તેનું યતૂકિંચિત્ પણ ઉપકારક મૂલ્ય બુદ્ધિગ્રાહ્ય કરવું હોય, તો ઘડી ભરને માટે એમ ચિંતવો કે-'જો જગતમાં જિન-પ્રતિમા ન હોય તો શું થાય? -તો કયાંય શ્રી જિનમંદિર ન હોય. લોક દૃષ્ટિએ ગામમાં દવાખાનું ન હોય તો ત્યાંની વસ્તીને કેવી-કેવી પરેશાની ભોગવવી પડે તે આપણે તરત સમજી શકીએ છીએ, અને તેવી સમજથી પ્રેરાઇને દવાખાના માટે સૌ કોઈ સક્રિય બને છે. આ દવાખાનું એ દેહરોગના ઇલાજનું કેન્દ્ર છે, તેમાં આત્માના રોગની કોઇ દવા નથી મળતી. એ દવા તો શ્રી જિનમંદિરમાં મળી શકે છે. તો દેહના સ્વામી એવા આત્માની

ઉપેક્ષા કરીને, કેવળ દેહને સાચવીએ તો પશુવત્ જીવનમાં ઘસડાઈ જવું પડે એવું સ્પષ્ટ જ્ઞાન ધરાવનારા સુજ્ઞ જનો ગામે-ગામમાં દવાખાનાના હિમાયતી જનોની જેમ પ્રત્યેક ગામમાં જિનાલય ઊભું કરવામાં સ્વપર શ્રેયઃ સમજીને તે કાર્યમાં ત્રિવિધે સહભાગી બને છે.

ગામમાં બગીચો પણ જોઈએ. મનોરંજન કેન્દ્ર પણ જોઈએ એવો મત ધરાવનારા જો સુમતિવાન હોય છે. તો તેમને ગામમાં પ્રાથમિક આવશ્યકતા દેવાલય તેમજ જિનાલયની લાગે જ છે. શાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે, આત્મા વગરના દેહ જેવું જિનાલય વગરનું ગામ છે. આ વાત ખૂબ જ ગંભીર રીતે સમજવાની છે. આ ગાંભીર્યને આ ગ્રંથમાં મનનીય રીતે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

શ્રી જિનમંદિરમા નિત્ય જવાના નિયમને આપણા જીવનમાં પહેલો નંબર આપવો જોઈએ. જેને શ્રી જિનાલયમાં મજા આવે છે, તે નિયમા અલ્પભવી છે, તેને સંસાર-શેરીની ધૂળમાં અકળામણ થયા સિવાય રહેતી નથી. એ પણ હકીકત છે.

ઉપકારક આ વાતોને આ ગ્રન્થમાં વણી લેવામાં આવી છે, તેનું એક ચિત્તે અધ્યયન કરવાથી શ્રી જિનપ્રતિમા તરફ શ્રી જિનરાજ તરફ હોય છે તેવોજ પરમ પૂજ્યભાવ પેદા થયા સિવાય રહેતો નથી. અને તેથી શ્રી જિનાજ્ઞાના પાલન માટે જરૂરી આત્મોલ્લાસ પણ જાગે જ છે અને કાળાં કર્મોનાં વાદળાં દૂર દૂર ભાગે છે, આત્માને એના ગુણોની જ ભૂખ જાગે છે-પરિણામે ભવદુઃખ ભાગે છે. આત્મરતિ જાગે છે. આત્મા પરમાત્માને પગે લાગે છે અને કોઈ તુચ્છ વૃત્તિને નમવાનો વ્યામોહ જડમાંથી નાબૂદ થઈ જાય છે.

માટે ફરી ફરીને એજ ભલામણ કે ત્રિજગત્પતિ શ્રી જિનરાજની પ્રતિમાની ભક્તિમાં આપણે આપણી સર્વ શ્રેષ્ઠ શક્તિનો સદુપયોગ કરવામાં કૃતનિશ્ચયી બનીએ !

સમાપ્ત

# પરિશિષ્ટ

## વર્તમાનકાળે મુંઝવતા પ્રશ્નો

(આગમાનુસારે અને તર્કબદ્ધ રીતે પ્રતિમા–પૂજનની આવશ્યકતા તથા પુરાવા આદિ પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર **શ્રી ભદ્રંકરવિજયજી** ગણિવર્યશ્રીએ કર્યા છે. તે આપણે જોઈ ગયા. અહીં વિશેષ વર્તમાન કાલમાં ઉપસ્થિત થતાં કે મુંઝવતા પ્રશ્નોનું ખુબજ સારી રીતે સમાધાન કરવામાં આવ્યું છે.)

* મંદિરો પાછળ ખર્ચ થાય છે. ગરીબો પાછળ કેમ નહીં ?
* એક જ શહેરમાં ઘણાં મંદિરો કેમ ?
* મનથી પરમાત્મ ભક્તિ કરીએ તો કેમ ?
* મંદિરો સાદા બાંધવા યોગ્ય નથી લાગતા ?
* આત્માનો ઉદ્ધાર મંદિરો જ કરી શકે? બીજો કોઈ નહિં ?
* મંદિર નિર્માણનાં ઉપદેશ કરતાં સાધર્મિક ઉત્થાનનો ઉપદેશ કેમ નથી અપાતો.

**પ્રશ્ન** –૧ આ દેશમાં મંદિરો ઘણાં છે તેમ ગરીબ પણ ઘણાં છે, તો મંદિરો પાછળ ખર્ચાતાં નાણાં ગરીબોની ગરીબી દૂર કરવા પાછળ ખર્ચાય તો શું વાંધો ?

**ઉત્તર**– ભારત એ આધ્યાત્મિક દેશ છે, સંત–મહંત–ઋષિ–મુનિયોની ભૂમિ છે, ત્યાં દેવ મંદિરો ઘણાં હોય તે સ્વાભાવિક છે. મંદિરો હજી પણ બંધતાં જ રહે છે, તેની પાછળ થતો નાણાંનો ખર્ચ એ લક્ષ્મીનો સદ્ વ્યય છે, તેથી ત્રૈલોકય પૂજ્ય–મોક્ષમાર્ગના દાતાર એવા પરમાત્માની પ્રતિમા કે મંદિરના નિર્માણ કાર્યમાં અવરોધ ઉભો કરવો, તે તો ધર્મવૃક્ષના મૂળમાં ઘા કરવા સમાન છે, પ્રભુ ભક્તિના પવિત્ર કાર્યમાં રૂકાવટ કરવા બરાબર છે,

આજે દેશમાં મંદિરો કરતાં, દવાખાનાં વધી રહ્યાં છે. રોગીની સંખ્યા વધતી જાય છે. વસતિ વધારામાં સંયમ ધર્મનો અભાવ વરતાય છે. જીવન વિલાસી અને ભૌતિક સુખ–સગવડ પાછળ પાગળ થતું જાય છે. સમજણના અભાવે જીવાતું જીવન 'ગરીબી' રૂપે ફૂલતું–ફાલતું જાય છે.

માટે આત્માનું આરોગ્ય ખીલે સંયમ–શીલ તપના ભાવની પ્રભાવના થાય, તેવાં મંદિરોના નિર્માણમાં ધન વપરાય તેજ સારૂં, તેનો વિવેક પૂર્વક વિચાર કરવાની બુદ્ધિશાળી પુરૂષો ખૂબ જ જરૂર છે.

મંદિરોની પરંપરાથી ભારતની સંસ્કૃતિ અને ધર્મ આજે પણ સજીવ છે, આજે જે સ્વરૂપમાં તેની પરંપરાઓ જોવા મળે છે, તે શ્રદ્ધાળુ ધાર્મિક આત્માઓને લઇને છે.

ગરીબોને આપવા માટેની દયા ભાવના સારી છે, પરંતુ એ દયા ધર્મના મૂળ તો ભગવાન છે, એનો આધાર નહી હોય તો દયા પણ કયાંથી ટકવાની ? વળી મંદિરો બાંધવાના કાર્યમાં પણ હજારોને રોજી મળે છે, દેશનો પૈસો દેશમાં રહે છે, પરદેશ જતો નથી.

ધર્મની ધજા ફરકાવતાં મંદિરો, અનેક આત્માઓને ભક્તિ કરવા માટે, તીર્થયાત્રા કરવા માટે પુષ્ટ આલંબન પૂરૂં પાડે છે. તેના દ્વારાજ દયા–દાનાદિ ધર્મોનાં આટલાં પરોપકારી કાર્યો ટકી રહ્યાં છે. મંદિર બંધાવનારા પૂણ્યશાળી આત્માઓ, અનેક જીવો ઉપર ઉપકારી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે. સદ્ગતિનાં મુક્તિનાં ભાથાં મેળવે છે.

આજે દેવ દ્રવ્યમાં ખર્ચ કરવાની ના પાડનારા ચલચિત્રો, ક્રિકેટ–ફેશન–ઇત્યાદિ મોજ શોખ કે રમતો પાછળ પારાવાર પૈસો ખરચતાં અટકતાં પણ નથી ! ત્યાં ગરીબ માણસો યાદ પણ આવતાં નથી ! અને ધર્મ કાર્યો પાછળ–થતાં ખર્ચાઓ માટે બૂમાબૂમ કરી મૂકવી, એ શોભાસ્પદ નથી.

આજે મનને બગાડનારાં સાધનો પ્રત્યે, અશાંતિ વધારનારાં તત્ત્વો પ્રત્યે, કે વ્યક્તિઓ પ્રત્યે પૈસો વાપરવો એ ન્યાય નથી, પણ મન જેમાં સુધરે, મનને શાંતિ મળે, વ્યક્તિનું સાચું આત્મ–સ્વાતંત્ર્ય પાંગરે એ દિશામાં દ્રવ્યનો વપરાશ –તે ન્યાય સંમત છે, કારણ કે તેમાં તન–મન અને ધન એ ત્રણેનો સદુપયોગ થવાથી એ ત્રણેય સુરક્ષિત રહે છે, બાકી દુઃખી પ્રત્યે દયા કરવાનું કાર્ય તો સમાજના સાધન સંપન્ન અગ્રણીઓ કરતા જ રહે છે, તે માટે દાનાદિનો ઉપદેશ સાધુઓ આપતા જ હોય છે,

**પ્રશ્ન**– ૨ એક ગામમાં ઘણાં મંદિરોની શી જરૂર ? કારણ કે મંદિરે જનારા ઓછા થતા જાય છે, અને પૂજા કરનારા તો ખુબ ઓછા થઈ ગયા છે, માટે વધુ મંદિરો બાંધીને દેવનું મહત્ત્વ ઘટતું અટકાવવું જોઇએ.

**ઉત્તર**– પશ્ચિમની કેળવણીના પ્રતાપે આજે ભોગ વિલાસના અનેક સાધનો વધી રહ્યાં છે ભૌતિક જીવનની સુખ સગવડો પણ વધતી જતી દેખાય છે. શરીર અને ઇન્દ્રિય સુખની રૂચીના કારણે આત્મા અને બુદ્ધિને બગાડનારાં સાધનો પ્રત્યે મનનું વલણ રહે તે સ્વાભાવિક છે.

ભારત ગામડાઓનો દેશ છે, ગામો આજે ઉજ્જડ થતાં જાય છે. ગામ ઉજ્જડ થાય એટલે મંદિરે જનારા અને પૂજા કરનારા ઓછા થાય, એ પણ દેખીતું છે.

મંદિરની પૂજા ઘટે તો શરીરની પૂજા વધે એ પણ દીવા જેવું ચોખ્ખું છે. શરીર સુખને પોષવા ધંધાર્થે લોકો શહેરો તરફ વળ્યા છે. શહેરો તરફની આંધળી દોટ એ માનવ અને માનવતાના વિનાશનું કારણ બની છે. શહેરની વસતિ ગીચોગીચ બની છે. વસવાટના પ્રશ્નો ઉભા થાય છે. કારખાનાં, યંત્રો, મીલો, ફેકટરીઓના કારણે હવા પાણી અને ખોરાક દૂષિત બની રહ્યા છે, તેથી પ્રદૂષણનો પ્રશ્ન અને ભય પેદા થવા પામ્યો છે, અનેક પ્રકારના રોગના ભોગ પ્રજા બની રહી છે. દારૂ-સટ્ટા-માંસાહાર-જુગાર વ્યાપક બનતાં જાય છે, ગ્રામીણ જીવન બગડતુ જાય છે.

શહેરી કરણ-યંત્રીકરણ-ઉદ્યોગી કરણના કારણે આજે વિશ્વભરમાં વિષાદ વ્યાપી વળ્યો છે. પારાવાર પોડાઓ ઉભરાય છે. Tension બધાના જીવનમાં દેખાય છે. અને ચિંતાઓના ખડકલા નીચે માનવ જીવન હાડપિંજરમાં ડોકાય છે.

આવા દાવાનળમાં ભડથું થઈ રહેલા માણસને ધર્મનું શીતલ જળ જ, ઠારી શકશે, મંદિરમાં રહેલા દેવ કે ઉપાશ્રયમાં રહેલા ગુરૂ જીવનનો સાચો રાહ બતાવી શકશે.

ગામડાની પ્રજામાંથી પણ આજે શહેર પ્રત્યેના મોહને કારણે, શહેરી સંસ્કૃતિના આકર્ષણને કારણે, ધર્મ અને નીતિનો લોપ થતો જાય છે. ગ્રામ જીવન કથળતું જાય છે. તેવા સમયે વિષય-વિકારો પર વિજય મેળવવા માટે, વાસના વિહોન થવા માટે, ઈચ્છાઓને નિયંત્રિત કરવા માટે, મનોવૃત્તિઓને સંયમિત કરવા માટે; મંદિરો, ઉપાશ્રયો અને સાચા ધર્મગુરૂઓની ખુબ જ આવશ્યકતા ઉભી થાય છે.

મંદિરો અને ઉપાશ્રયો એતો સાચા જીવનની શિક્ષા અને દીક્ષા આપનાર સંસ્થાઓ છે. તેના વધારા સામે આનંદ હોય. જ્યાં વિરોધ કરવાનો છે, ત્યાં આંખ પણ ઉંચી ન થાય અને જ્યાં કાર્ય કરવાનું છે, ત્યાં બૂમાબૂમ કરી મૂકાય, એજ માનવીના પરમાર્થ (ધાર્મિક) જીવનનો પરાજય છે. પાર્થિવ જીવનની જીત છે.

જ્ઞાની ભગવંતોએ બતાવેલાં આત્માના વિકાસને રૂંધતાં સાધનોને પોષવાં એતો સામે ચાલીને પોતાનો વિનાશ નોંતરવા જેવું કાર્ય છે, તેને ભાગ્યે જ કોઈ સજ્જન- સુજ્ઞ પુરૂષ સાથ સહકાર આપી શકે. જેમાં માણસને સાચા જીવન જીવવાની સૂઝ અને સમજ મળે, કર્તવ્યની કેડી પર ચાલવાનો આનંદ મળે, પ્રભુ આગળ પાપનો એકરાર કરવાનો ઉપદેશ મળે, પોતાને ઓળખવાનો અવસર મળે, અને માનવ જીવનને કૃત-કૃત્ય કરવાનો મોકો મળે, તેવા મંદિરો અને ઉપાશ્રયો ગામમાં એક કરતાં વધુ હોય તો તે સહુને ઉપકારી બને છે. સંસ્કારી

જીવનની સર્વત્ર સુવાસ ફેલાવવામાં સહાયક બને છે, પરિણામે મંદિરામાં દેવનું અને ઉપાશ્રયમાં ગુરૂનું મહત્ત્વ ઘણું જ વધી જાય છે.

**પ્રશ્ન-૩** મન મંદિરમાં આત્માને-પરમાત્માને પધરાવીને ભક્તિ કરીએ તો પછી મંદિરોની આવશ્યકતા રહે ?

**ઉત્તર** મન આધાર વિના રહી શકતું નથી- મન અસ્થિર છે, અશુદ્ધ છે. આવું મન આત્માની મૂડી (રત્નત્રય) લુંટાવનારા લુંટારા જેવું છે. જીવને 'ચિંહુ-ગતિ'ના દુઃખ દેનારું છે. જેમાં અનાદિ કાળની વાસના ઢંકાઈને સુપ્ત પડી હોય, અને જેને નિમિત્ત મળતાં જ ન કરવાનાં કામ કરવાનું મન થાય, તેવા મનમાં આત્મા કેવી રીતે ઓળખાય ? પરમાત્માનો પ્રવેશ પણ કેવી રીતે થાય ?

વ્યવહારમાં પણ કચરાવાળા મકાનમાં કોઈ રહેતું નથી, કાંકરાવાળું ભોજન પણ કોઈ લેતું નથી, મલિન વસ્ત્રને કોઈ પહેરતું નથી, તો પછી જેમાં અનાદિ-કાલીન રાગ-દ્વેષનો પારાવાર મળ પડયો હોય, તેવાં મનમાં આત્માને કે પરમાત્માને પધરાવીને ભક્તિ કેવી રીતે થાય ? ખતરનાક એવી મનની ચાલબાજી સમજાવનાર ધર્મગુરૂઓના ઉપદેશની પણ જરૂર શી ? અને

'મનડું કિમ હિ ન બાઝે ઓ કુંથુજિન મનડું કિમ હિ ન બાઝે'

'મન સાધ્યું એણે સઘળું સાધ્યું'

એવા શાસ્ત્ર વચનોની કે ભક્ત હૃદયના ઉદ્ગારની પછી તો જરૂર પણ પડે જ નહિ.........

પુષ્ટ આલંબન વિના જીવને ફાયદા થતાં નથી. મનને પુષ્ટ આલંબન આપવાની આથી જ જરૂર ઉભી થાય છે, શત્રુંજય જેવા તીર્થસ્થાનોમાં જતાં આત્મા પોતાના મનને પ્રભુ તરફ વાળે છે. પ્રભુ ભક્તિ કરતાં ધન્યતા અનુભવે છે. દર્શનાદિથી દુરિતનો ધ્વંસ કરે છે.

મનને શુદ્ધ કરવા માટે મંદિરો અને ઉપાશ્રયો, દેવ-ગુરૂ-ધર્મની સતત આવશ્યકતા ઉભી રહે છે. કારણ કે સાકાર વિના નિરાકારમાં કદી જવાતુ નથી. દેવની પ્રતિમાના દર્શન-વંદન-પૂજન-સ્તવન-સ્મરણ-ઉપદેશાદિ મનને ન-મન કરવા માટે અનિવાર્ય સાધન છે. તેથી જ શાસ્ત્રે પોકારી-પોકારીને મનને **'ચત્તારિ શરણં પવજ્જામિ'**-આ ચારના શરણે રહેવાનું કહ્યું છે.

તે દર્શાવે છે કે મનને મનમંદિર બનાવવા માટે, તેમાં આત્મા કે પરમાત્માને પધરાવવા માટે આ ચાર જ્યાં મળે, ત્યાં જવાની ખૂબ જ જરૂર છે, તેજ તેની આવશ્યકતા પૂરવાર કરે છે.

**પ્રશ્ન ૪** મંદિરો સાદા હોય તો શો વાંધો ? તેની પાછળ લાખો કરોડો ખર્ચવા તે શું ધનનો દુર્વ્યય નથી ?

ઉત્તર-સંસારી મન વિવિધ રંગી રંગબેરંગી–અને કઢંગી દુનિયામાં, દુનિયાના પદાર્થોમાં રહેવાને ટેવાયેલું છે. તેથી જ સંસારના પાંચ વિષયોનું આકર્ષણ મનને–જીવને સદા થતું રહે છે.

તાજમહેલ, ઓપેરા ફાઈવ સ્ટાર જેવી હોટેલોમાં વિષય રસ માણવા માટે મન થતું હોય છે. રેડિયો–સંગીત-ચલચિત્ર–રંગીન ટી.વી. જોવાનું, વાતાનુકુલિત સ્થાન કે જગામાં રહેવાનું, મન ઈચ્છા કરતું રહે છે. ગ્રાહકને આકર્ષવા માટે વિવિધ હોટેલો–દુકાનો કે વસ્તુઓની રંગબેરંગી સજાવટ જો અનેરા આકર્ષણ ધરાવતી હોય, તો મોહાંધ જીવોને આકર્ષણ કરવા માટે વિવિધ આકાર- ઘાટનાં મંદિરો બને એ ખૂબ જ ઇચ્છવા જોગ છે. ગગન ચુંબી ભવ્યાતિભવ્ય–મનોહર મંદિરો મનને અચુક આકર્ષે, આરાધનાનો વિષય બને, ચિત્ત ચોંટે, તેવાં હોવાં જરૂરી છે, ધર્મમંદિરની વિશાળતા તેના સ્તંભો–કમાનો–ઘુમ્મટનું ભવ્ય રૂપ, છાયા પ્રકાશની યોજના તથા રમણીય આકાર; જોનારને મુગ્ધ કરે, આનંદ આપે અને મનુષ્ય આત્મામાં કોઈ દિવ્ય પ્રકાશ–શાંતિ અને ભક્તિ ભાવનો અનુભવ કરાવે.

ભગવાનની પ્રતિમા પણ જ્ઞાન- શાંતિ–પ્રેમ–કરૂણા અને વિતરાગતા વહાવે, જોનારના જીવનમાં જીવંત બને, તે બધા પાછળ થતો લાખો–કરોડોનો ખર્ચ એ ધનનો સદ્વ્યય છે અને તે ધન શુદ્ધિનું કારણ પણ બને છે, અને જીવને પુણ્ય ઉપાર્જન કરવામાં સહાયક પણ બને છે.

આજે પણ રાણકપુરના કે દેલવાડાંનાં મંદિરો ભૂલાય તેમ નથી. આ બધા મંદિરો પાછળ ધર્મપ્રેમી આત્માઓએ કરેલો ખર્ચ એ જ ધનનો સાચો સદ્વ્યય છે.

એક પેઢી પણ સારી હોય તો વંશપરંપરાને લાભ કરે છે. આ તો પુણ્ય-રૂપી ધન કમાવવાની પેઢી છે, અને તે પુણ્ય કમાવવાની કેળવણી છે, જે આખા સંઘ અને સમાજ કે સમગ્ર લોક સમુદાયને ઉપયોગી અને ઉપકારક પણ છે.

મંદિરોની રચના ભવ્ય હશે–રમણીય હશે તો ત્યાં જવા માટે મન થશે. મનને સ્થિર અને શાંત કરવાનું સ્થાન મળશે. પ્રભુજીની આંગી પૂજા પણ ખુબ સુંદર હશે તો મનમાં ભાવની ભરતી જાગશે. વિવિધ તાલમાં–સ્વરોની સંવદિતતામાં, સંગીતની સુરાવળીમાં, નાદની વ્યવસ્થામાં પરમાત્માનાં ભાવ ભર્યાં સ્તવનોની રમઝટ હશે તો જ ચિત્ત પ્રસન્નતા પામશે, આનંદ લીન બનશે. તેથી આ બધા પાછળ થતો ખર્ચ ઊગી નીકળે છે.

આવા પ્રકારની ભક્તિ મુક્તિમાં જવા માટે સાથ આપે છે. માનવનાં જન્મો જન્મના દુઃખ દારિદ્ર અને દુર્ગતિ મટાડે છે, ટાળે છે, અને જીવને શાશ્વત સુખ તરફ વાળે છે.

જ્યારે સંસારના–શરીરના વિષય કષાયને પોષવા કોઈ પણ પ્રકારના પ્રસંગો –લગ્ન ભોજન સમારંભ–પાર્ટી–પીકનીક–મેળાવડા–શણગાર–સજાવટ–ફટાકડા ફોડવા ઈત્યાદિ પાછળ થતાં લખલુંટ ખર્ચ–એ ધનનો દુર્વ્યય છે, વિલાસ અને વિકાર તરફ જીવને ધકેલી મનની ખાના ખરાબી કરે છે, અશુભ પ્રકારનાં કર્મો બંધાવી જીવને દુર્ગતિમાં ધકેલે છે, જેનાં આકરાં પરિણામ જીવને ભોગવવા પડે છે.

**પ્રશ્ન ૫** શું મંદિર સિવાય આત્માનો ઉદ્ધાર ન થાય ?

**ઉત્તર** મંદિર, મૂર્તિ અને તેના મહત્ત્વનું જ્ઞાન અને ભાન કરાવનાર ગુરૂ કે ધર્મ વિના આત્માનો ઉદ્ધાર શકય નથી. જિન મંદિર તો ભવ્યાત્માને ભવોદધિથી તારનારૂં જબ્બર જહાજ છે. મનને સ્થિર કરવા માટેનું મહાન–પુષ્ટ આલંબન છે, દયા–દાનાદિ ધર્મોની–શુભ–કાર્યોની પવિત્ર સરવાણી ત્યાંથી ફુટે છે, વહે છે અને લાભ લેનારને લાભ કરે છે. પતિતને પણ પાવન કરે છે. અધમનો પણ ઉદ્ધાર કરે છે. જીવ માત્ર પ્રત્યે સ્નેહભાવ જગાડનાર, અથવા તો જીવ માત્ર પ્રત્યે મધુર મૈત્રીનો મેળ કરાવી આપનાર, જિન ભક્તિ તો જિન મંદિરમાં જ થાય ને......! પરમાત્માની પ્રતિમાંનું દર્શન હરહાલતમાં તેઓના સામાયિક સ્વરૂપને યાદ કરાવે, ને મોમાંથી જગતના જીવો પ્રતિ કરૂણા–કૃપા અને દયાનાં ઝરણાં વહી રહ્યાં હોય તેમ લાગે. હાથ–પગ અને હોઠની મુદ્રા એક સમર્થ યોગી પુરૂષનું જ્ઞાન કરાવે, પ્રભુજીના સમગ્ર વ્યક્તિત્વમાંથી વીતરાગતાનો ધોધ વહી રહ્યો હોય અને તે આપણને પાવન કરી જતો હોય તેવી પ્રતીતિ કરાવે, તેવાં મંદિર અને મૂર્તિથી આત્માનો ઉદ્ધાર અચુક થાય, અન્યથા નહિ.

**પ્રશ્ન ૬** મંદિરો બાંધવામાં જે જીવહિંસા થાય, તે જોતાં મંદિરો ન બાંધવાં એ દયાનું કાર્ય ન ગણાય ?

**ઉત્તર ૬** જો શ્વાસ લેવો એ પણ હિંસા થાય, તો શ્વાસ ન લેતા મોતને સ્વીકારવું એ સત્કાર્ય ન ગણાય ? દ્રવ્ય પ્રાણોને ટકાવવા માટે જેમ શુદ્ધ હવા–પાણી અને ખોરાકની જરૂર છે. તેમ તેથી પણ વધુ જરૂર તો ભાવ પ્રાણોની શુદ્ધિને ટકાવવા માટે જિનાલયોની છે, દેવ મંદિરોની છે. મંદિરમાંથી જ મનને આત્માનો ખોરાક મળે છે. અને મનની મલીનતા ટલે છે.

જેના દર્શનથી દૂરિતનો ધ્વંસ થાય છે, પાપનો નાશ થાય છે, તેવા પ્રભુજીની પ્રતિમાનું નિવાસ સ્થાન મંદિરો છે.

મકાન અને મહેલો બાંધવાથી પાપ બંધાય, જ્યારે મંદિરો બાંધવાથી જીવ પુણ્યાનુબંધી પુણ્ય પેદા કરે અને **અહિંસા એ પરમ ધર્મ છે**–એમ કહેનાર પ્રભુજીની સ્મૃતિને મંદિરો દ્વારા તાજી કરે છે.

**પ્રશ્ન. ૭** મંદિર માર્ગીઓના કાલજા પથ્થર જેવાં કઠણ હોય છે. તે સાચું છે ?

ઉત્તર. કઠણ કાળજું તો હૈયામાં દયા ધર્મ ન હોય ત્યાં જ જોવા મળે. મંદિરમાં જવાથી મંદિરે જનારાઓ ધર્મની કરણી કરે છે, દયાસાગર પ્રભુજીની પ્રતિમા એમના દિલમાં દયા કરવા પ્રેરે છે, તેથી કઠોર આત્મા પણ દયાળુ બને છે.

હંમેશાં દયાનો વાસ કોમળ હૈયામાં જ થાય છે, તેથી તેવો કોમળ આત્મા, દરેક મનુષ્ય પ્રત્યે દયાનાં–પરોપકારનાં કામ કરતો જ રહે છે.

પરંતુ ધર્મ કે ધર્મના દાતાર પરમાત્મા કરતાં પણ ધનને જ વધુ મહત્ત્વ આપનાર પૈસાની ગાંઠ કરનાર, વિષય સુખના ઈચ્છુક એવા જીવો મંદિરે જવા છતાં તેમનાં કાળજામાં કઠણુતા દેખાય તો તેમાં તે જીવની અયોગ્યતા કારણ છે.

**પ્રશ્ન ૮** જિનાલયોના નિર્માણ માટેનો ઉપદેશ અપાય છે, તો આર્થિક રીતે કમજોર જૈનોના ઉત્કર્ષ માટેનો ઉપદેશ કેમ નથી અપાતો ?

**ઉત્તર** સાત ક્ષેત્રોની સેવા કરવાનો તે માટે ધનનો સદ્‌વ્યય કરવાનો ઉપદેશ દાન ધર્મ દ્વારા અપાતો જ રહે છે, તેમાં શ્રાવક-શ્રાવિકા પણ આવી જાય છે.

સાધર્મિક ભક્તિ કરવાનું જૈન શાસન ફરમાવે જ છે, પર્વાધિરાજ પર્યુષણા પર્વનાં પાંચ મુખ્ય કર્તવ્યોમાં સાધર્મિક ભક્તિનું પણ સ્થાન, મહત્ત્વનું ગણાવ્યું છે.

શ્રી જિનશાસનનો સઘળો ઉપદેશ આત્માના ઉત્કર્ષ માટે જ છે, તે ઉપદેશનું નિરૂપણ કરનાર બધાનાં મૂળમાં મોખરે તો જિનેશ્વર ભગવાન અને તેમની ભક્તિ છે. તેમના વડે જ બાકીના છ ક્ષેત્રોનું મહત્ત્વ છે, તેથી મંદિરો માટેનો ઉપદેશ અપાય તે વ્યવહારિક છે. એ ઉપદેશનો સાથે મહાત્માઓ સાધર્મિક ભક્તિ માટે પણ સતત ઉપદેશ આપતાં હોય છે, અને તેના પ્રભાવે ઘણાં ભાવિકો–સંસ્થાઓ ગુપ્ત રીતે સાધર્મિક ભક્તિનાં ઘણાં કાર્યો અત્યારે વર્તમાનમાં કરી રહેલ છે.

**શિવમસ્તુ સર્વજગતઃ**